AL FAROOQ TOURS & TRAVELS Since 1996 IATA
દિવાળી વેકેશન ઉમરાહ દિવસ-૧૬ સ્વાનગી ૨૬ ઓક્ટોબર
ઉમરાહ સ્વાનગી ૨૭ નવેમ્બર દિવસ ૧૮ રૂા.૯૦,૦૦૦
ડાયરેક્ટ ફ્લાઈટ અમદાવાદ થી અમદાવાદ
હાજી યાકુબ મુન્શી - ૯૮૨૫૨ ૭૫૩૩૩ - ૯૮૨૫૫ ૭૫૩૩૩ - ૯૮૯૮૦ ૩૪૪૭૮
૧, સંજરી એપાર્ટમેન્ટ, શાહેઆલમ, અમદાવાદ -૨૮

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)
AHMEDABAD
SINCE-1991

ન્યુ ઝમઝમ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
હજ્જ-ઉમરાહ ડીલક્સ પેકેજ ૨૦ વર્ષના અનુભવી
શાબાન અને રમઝાન (20 દિવસ) રૂા. 1,00,000/-
દિવાળી વેકેશન 27 ઓક્ટોબર 20 દિવસ રૂા. 90,000
રમઝાન ઉમરાહ બુકિંગ ચાલુ છે 32 દિવસ રૂા.1,50,000
બુકિંગ ચાલુ છે હજ્જ-2025
ફ્લાઈટ અહમદાબાદથી અહમદાબાદ
મૌલાના સાજીદ સિદ્ધપુર 9638929480
ઐયુબભાઈ કરોડપોલ અહમદાબાદ 9825442205
જાલીવાલી મસ્જિદ સામે, લાલદરવાજા પાસે, અમદાવાદ-૦૧

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૪ અંક-૪૮ ● તંત્રી : અઝીઝ ટંકારવી ● E-mail : gujarattodaydaily@gmail.com

### ‘તમારી ‘દીદી’ આવી છે, મુખ્યમંત્રી નહીં, કામ પર પાછા ફરો, પગલાં નહીં લેવાય : CM

# મમતાની માયાળુ અપીલની ધારી અસર : વાટાઘાટોનો પ્રારંભ

## ‘આખી રાત ઊંઘી શકી નથી’, મમતા બેનરજીની ભાવુક અપીલની વિરોધ પ્રદર્શનકારી ડોક્ટરોની ‘ના’ પછી ‘હા’

## મમતા બેનરજીના વાતચીત માટેના આમંત્રણને માન આપી જુનિયર ડોક્ટરોનું પ્રતિનિધિ મંડળ મુખ્યમંત્રીના કાલીઘાટ નિવાસે પહોંચ્યું

(એજન્સી) કોલકાતા, તા.૧૪

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ શનિવારે આરોગ્ય ભવનની બહાર ઓચિંતી મુલાકાત લીધી હતી જ્યાં જુનિયર ડોકટરો આરજી કર મેડિકલ કોલેજની રેસિડેન્ટ મહિલા ડૉક્ટર પર બળાત્કાર અને હત્યાનો વિરોધ કરી રહ્યા હતા અને તેમને કામ પર પાછા ફરવા વિનંતી કરી હતી. મમતા બેનરજીએ વિરોધ કરી રહેલા ડોક્ટરોને કહ્યું કે, ‘હું તમારી મોટી બહેન તરીકે તમારી પાસે આવી છું... હું એક સહ-યોદ્ધા તરીકે વિરોધ સ્થળે આવી છું... મારા પર વિશ્વાસ કરો અને મારામાં વિશ્વાસ રાખો. મને થોડો સમય આપો.’ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ સોલ્ટ લેકમાં જુનિયર ડોકટરોના વિરોધ સ્થળની ઓચિંતી મુલાકાત લીધી હતી અને કહ્યું હતું કે તેમની સરકાર અને હડતાળ કરનારા ચિકિત્સકો વચ્ચે ૩૭ દિવસની મડાગાંઠને તોડવાનો આ તેમનો “છેલ્લો પ્રયાસ” હતો. બેનરજીએ તેમને કામ પર પરત ફરવાની વિનંતી કરતાં કહ્યું કે, “હું તમને ફરીથી મંત્રણા કરવા અને નિર્ણય લેવા વિનંતી કરીશ. આ મારો છેલ્લો પ્રયાસ છે. જો તમે બાકીનું મારા પર છોડી દો છો તો હું તમને ખાતરી આપી શકું છું કે તમને ન્યાય મળશે.” દરમ્યાન મમતા બેનરજી દ્વારા ધરણા સ્થળની મુલાકાતથી પ્રભાવિત થઈ જુનિયર ડોકટરો સરકારના આમંત્રણ પછી મુખ્યમંત્રીના કાલીઘાટ નિવાસે વાતચીત માટે પહોંચ્યા હતા. મમતા બેનરજીએ કહ્યું કે, “સુપ્રીમ કોર્ટ આ મામલે ૧૭ સપ્ટેમ્બરે સુનાવણી કરશે. હું નથી ઈચ્છતી કે તમને કોઈ નુકસાન થાય. હું ભલે મુખ્યમંત્રી હોઉં અને પાર્ટીની હોઉં પણ હું તમારી મોટી બહેન તરીકે તમારી પાસે આવી છું. હું તમારી દીદી બનીને અહીં આવી છું. હું તમને મારી વાત સાંભળવા વિનંતી કરીશ. મેં ભૂતકાળમાં પણ તમારી સમસ્યાઓ હલ કરી છે. હું તેને ફરીથી કરવાનો પ્રયાસ કરીશ. મને થોડો સમય આપો.” મુખ્યમંત્રીએ બપોરના ૧ વાગ્યાની આસપાસ ઓચિંતી મુલાકાત લીધી હોવા છતાં તેઓ પ્રથમ થોડી મિનિટો માટે બોલી શક્યા નહોતા કારણ કે હડતાળ પર આવેલા ડૉક્ટરોએ પીડિતાને ન્યાયની માંગ સાથે સૂત્રોચ્ચાર કર્યા હતા. મુખ્યમંત્રીએ વિરોધીઓને શાંત થવા અને તેમની વાત સાંભળવા વિનંતી કરવી પડી હતી. તેમણે કહ્યું “હું પણ વિદ્યાર્થીઓના આંદોલનમાંથી આવી છું અને ઘણું સહન કર્યું છે. હું પીડાને સમજું છું અને વિરોધને સમર્થન આપું છું. ગત રાત્રે ભારે વરસાદ પડ્યો હતો. તમે આખી રાત સહન કર્યું છે. હું પણ સૂઈ શકી નથી.” ડોકટરોએ સરકાર સમક્ષ મુકેલી પાંચ માંગણીઓ અંગે તેમણે કહ્યું કે, “હું તમને ખાતરી આપું છું કે તમારી માંગણીઓ વિશે હું મારા અધિકારીઓ સાથે વાત કરીશ. હું તમારી માંગણીઓને સહાનુભૂતિથી ચકાસીશ. હું એકલી સરકાર નથી ચલાવી રહી.” ” તેમણે કહ્યું કે સરકારે હોસ્પિટલોમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવાનું શરૂ કર્યું છે અને તમામ હોસ્પિટલોમાં રોગી કલ્યાણ સમિતિઓનું પુનર્ગઠન કરશે. જુનિયર ડોકટરો, સીનીયર ડોકટરો, નર્સો અને પોલીસ સમિતિઓમાં તેમના પ્રતિનિધિઓ હશે. તેમણે કહ્યું “ગુનેગારો ન તો મારા મિત્રો છે કે ન તો મારા દુશ્મન. તમારામાંથી કેટલાકને લાગે છે કે આરોપીઓમાં કેટલાક લોકો મારા મિત્રો છે. હું તેમને ઓળખતી નથી. મારી તેમની સાથે કોઈ સંબંધ નથી.” બેનરજીએ ઉમેર્યું કે, “હું ફરી એકવાર તમને નમ્રતાપૂર્વક વિનંતી કરીશ કે તમે એકબીજા સાથે ચર્ચા કરો, નિર્ણય પર આવો અને ફરીથી કામ શરૂ કરો. હું કોઈ પગલાં લઈશ નહીં. હું ઉત્તરપ્રદેશ પોલીસ જેવી નથી. તેઓએ છ મહિના માટે હડતાલ અને રેલીઓ પર પ્રતિબંધ મૂકતા આવશ્યક સેવાઓ જાળવણી કાયદો (ESMA) અમલમાં મૂક્યો છે.” બધું રાતોરાત થઈ શકતું નથી. જો તમને કોઈ ફરિયાદ હશે તો અમે તપાસ કરીશું. કોઈપણ માન્ય કારણ વિના વ્યક્તિને દંડ કરી શકાતો નથી. જુનિયર ડોકટરોએ મુખ્યમંત્રીના પગલાને આવકાર્યું અને કહ્યું કે તેઓ ગમે ત્યાં અને ગમે ત્યારે વાતચીત કરવા તૈયાર છે. વિરોધ પ્રદર્શનકારી ડોક્ટર અનિકેત મહેતોએ કહ્યું કે, “અમે આ પગલાને આવકારીએ છીએ. પરંતુ અમે પાંચ માગણીઓ વિના સમાધાન નહીં કરીએ. તેઓ બધી રીતે આવ્યા છે. તેઓ રાજ્યના રક્ષક છે. અમે ગમે ત્યાં અને ગમે ત્યારે વાતચીત કરવા માટે તૈયાર છીએ. અમે વહેલી તકે વાટાઘાટો કરવા માંગીએ છીએ.”



### જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદ છેલ્લા શ્વાસ લઈ રહ્યો છે : ડોડાથી પીએમ મોદીએ પ્રચાર શરૂ કર્યો

# જૂની સરકારોએ કાશ્મીરના લોકોને આગળ વધવા દીધા નથી, હું ખાતરી આપું છું કે આ ચૂંટણી તમારૂં ભાવિ નક્કી કરશે : મોદી

(એજન્સી) જમ્મુ, તા. ૧૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે ડોડા જિલ્લામાં એક રેલીને સંબોધિત કરીને જમ્મુ અને કાશ્મીર, હરિયાણા વિધાનસભા ચૂંટણી માટે તેમના પ્રચાર અભિયાનની શરૂઆત કરી હતી. ઉલ્લેખનીય છે કે, જમ્મુ ક્ષેત્રની ૪૨ વર્ષમાં તેમની પ્રથમ મુલાકાત છે. ભાજપના ઉમેદવારોના સમર્થનમાં રેલીને સંબોધતા મોદીએ ખાતરી આપી હતી કે, “હું તમને જમ્મુ અને કાશ્મીરના લોકોને તમામ અધિકારો પૂરા કરવાની બાંયધરી આપું છું.” ૧૮ સપ્ટેમ્બરે યોજાનારી વિધાનસભાની ચૂંટણીના પ્રથમ તબક્કા પહેલા વડાપ્રધાન દ્વારા આ પ્રથમ ચૂંટણી રેલી હતી. પોતાના સંબોધનમાં



મોદીએ આગામી ચૂંટણીના મહત્વ પર ભાર મૂક્યો અને ભારપૂર્વક જણાવ્યું કે તેઓ જમ્મુ અને કાશ્મીરનું ભવિષ્ય નક્કી કરશે. બાહ્ય હસ્તક્ષેપ અને રાજકીય રાજવંશની અસરના મુદ્દાને સંબોધતા મોદીએ યુવાનોની ઉપેક્ષા કરવા અને આતંકવાદને પ્રોત્સાહન આપવા માટે ભૂતકાળના રાજકીય પક્ષોની ટીકા કરી હતી. તેમણે ૨૦૦૦થી પંચાયત ચૂંટણીના અભાવ પર પ્રકાશ પાડ્યો હતો અને આ પક્ષો પર નવા નેતૃત્વને દબાવવા અને લોકોને ગેરમાર્ગે દોરવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે ભારપૂર્વક કહ્યું કે, “જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદ અંતિમ શ્વાસ લઈ રહ્યો છે.” મોદીએ જમ્મુ અને કાશ્મીરમાં શૈક્ષણિક તકો વધારવા માટે ભાજપ સરકારની પ્રતિબદ્ધતા પર પણ ભાર મૂક્યો હતો. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ડોડામાં લાંબા સમયથી માંગવામાં આવતી મેડિકલ કોલેજ સહિત નવી શાળાઓ અને કોલેજોનું તાજેતરનું ઉદ્ઘાટન, પ્રદેશના યુવાનો માટે શૈક્ષણિક માળખામાં સુધારો કરવા માટે સરકારનું સમર્પણ દર્શાવે છે. પીએમ મોદીએ કહ્યું કે અમે અને તમે સાથે મળીને જમ્મુ-કાશ્મીરને દેશનો સુરક્ષિત અને સમૃદ્ધ હિસ્સો બનાવીશું. આઝાદી પછી જમ્મુ અને કાશ્મીર વિદેશી શક્તિઓનું નિશાન બની ગયું અને વંશવાદી રાજકારણે આ સુંદર પ્રદેશને અંદરથી પોકળ બનાવી દીધો છે. વડાપ્રધાને કહ્યું કે રાજકીય રાજવંશોએ તેમના બાળકોને પ્રોજેક્ટ કર્યા અને નવા નેતૃત્વને આગળ વધવા દીધું નહીં. તેમણે કહ્યું કે ૨૦૧૪માં કેન્દ્રમાં અમે સત્તામાં આવ્યા પછી તરત જ તેમની સરકારે યુવા નેતૃત્વ તૈયાર કરવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું.

CELEBRATING EXCELLENCE 34 years GT

ફ્લેટ વેચવાનો છે
2 BHK, 140 વાર, પહેલો માળ, અમન એપાર્ટમેન્ટ પાછળનો ભાગ, બે ગેલેરી સાથે, ખાનપુર, જે.પી. ચોક ગુજરાત સમાચાર સામે
URGENT - 9825720928

Al-Saiyed Tours & Travels
ઓક્ટોબર ઉમરાહ
સેમીડિલક્ષ પેકેજ સ્વાનગી 19-10-2024 80,000/-
ડિલક્ષ પેકેજ સ્વાનગી 19-10-2024 90,000/-
સેમીડિલક્ષ પેકેજ સ્વાનગી 30-10-2024 93,000/-
ડિલક્ષ પેકેજ સ્વાનગી 30-10-2024 1,03,000/-
Shop No. 12, First Floor, M.K. Market, Opp. Imperial Bakery Dinbai Tower, Mirzapur Road, Ahmedabad - 380 001
Murtuza M. Saiyed - +91 97129 32965
Aamir M. Saiyed+91 97123 47472

## ‘પાણી શાહજહાંના મકબરા સુધી પહોંચી ગયું’ : આગ્રામાં ભારે વરસાદ બાદ તાજમહેલના ગુંબજમાંથી પાણી ટપકવા લાગ્યું; ASIએ સ્મારકને કોઈ નુકસાન ન થયું હોવાનો દાવો કર્યો

(એજન્સી) આગ્રા, તા.૧૪

છેલ્લા ત્રણ દિવસથી અવિરત વરસાદને કારણે તાજમહેલના મુખ્ય ગુંબજમાં પાણીનું લીકેજ જોવા મળ્યું હતું જેના કારણે પરિસરમાં આવેલ એક બગીચો પણ ડૂબી ગયો હતો. તાજમહેલ પરિસરમાં ડૂબી ગયેલા બગીચાનો કથિત વીડિયો ગુરૂવારે વાયરલ થયો હતો અને તેણે પ્રવાસીઓનું ધ્યાન ખેંચ્યું હતું. જો કે, આગ્રા સર્કલના ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI)ના વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, મુખ્ય ગુંબજમાં સીપેજને કારણે લીકેજ છે અને તેને કોઈ નુકસાન થયું નથી. તાજમહેલના મુખ્ય ગુંબજમાં લીકેજ વિશે વાત કરતા, આગ્રા સર્કલના ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (એએસઆઈ)ના અધિક્ષક વડા રાજકુમાર પટેલે કહ્યું કે, અમે તાજમહેલના મુખ્ય ગુંબજમાં લીકેજ જોયા છે. તે પછી જ્યારે અમે તપાસ કરી તો તે સીપેજને કારણે હતું અને મુખ્ય ગુંબજને કોઈ નુકસાન થયું નથી. અમે ડ્રોન કેમેરા દ્વારા મુખ્ય ગુંબજની તપાસ કરી છે. ગુરૂવારે સાંજે, ઈન્ટરનેટ પર ૨૦ સેકન્ડનો એક કથિત વીડિયો વાયરલ થયો હતો જેમાં સ્મારકનો એક બગીચો વરસાદના પાણીમાં ડૂબી ગયો હતો. તાજમહેલની મુલાકાત લેનાર ઘણા લોકોએ તેનો વીડિયો શૂટ કર્યો હતો. એક સ્થાનિક રહેવાસી સરકાર દ્વારા માન્ય પ્રવાસ માર્ગદર્શિક તરીકે કામ કરી રહ્યા છે, તેમણે જણાવ્યું હતું કે, તાજમહેલ આગ્રા અને સમગ્ર રાષ્ટ્રનું ગૌરવ છે, તે સેંકડો સ્થાનિકોને અને જેઓ પ્રવાસન ઉદ્યોગમાં કામ કરી રહ્યા છે તેમને રોજગારી પૂરી પાડે છે. આ સ્મારકની યોગ્ય કાળજી લેવી જોઈએ કારણ કે પ્રવાસન ઉદ્યોગના લોકો માટે તે એકમાત્ર આશા છે.

આગરામાં છેલ્લા ત્રણ દિવસથી અવિરત વરસાદ પડ્યો છે જેના કારણે શહેરના મોટાભાગના વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યા જોવા મળી છે. રાષ્ટ્રીય ધોરીમાર્ગ પણ વરસાદી પાણીથી ભરાઈ ગયો હતો, વરસાદી પાણીથી પાક પણ ડૂબી ગયો હતો અને શહેરના પોશ વિસ્તારોમાં સતત વરસાદને કારણે પાણી ઘુસી ગયા હતા. આગ્રા પ્રશાસને વરસાદને કારણે તમામ શાળાઓને બંધ કરવાનો આદેશ આપ્યો છે.

### ક્યા બાત હૈ ?!

બહેન આ ભાવ કિલોનો નહીં, નંગનો છે !




- જામી

ડાયાબિટીસનાં દર્દીઓ
● પગમાં ચેપ, સડો, ગેંગ્રીન થયુ છે ?
● આંગળી, પંજો, પગ કપાવવાની સલાહ મળી છે ?
તાત્કાલિક સંપર્ક કરો
પગમાં લાંબા સમયના નહીં રૂઝાતા ચાંદા
ડૉ. રૂપારેલ ની
ડાયાબિટીક ફૂટ કેર, ગેંગ્રીન ક્લિનિક
કર્ણાવતી હોસ્પિટલ એલિસબ્રીજ પાસે,અમદાવાદ.
DHS હોસ્પિટલ - સત્તાધાર પાર્ક, વસ્ત્રાપુર, અમદાવાદ.
કેર એન્ડ ક્યોર મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પિટલ સરખેજ, શાહઆલમ રોડ, મણીનગર, અમદાવાદ.
એપોઈન્ટમેન્ટ : 09825026160

WALLPAPER HUB AHMEDABAD
B-2, Neelkanth Estate, Opp. H.P. Petrol Pump, Opp. Fountain Restaurant, Tragad Gam, Chandkheda, Ahmedabad. M.: 8799034768
GRAND OPENING TODAY
દિવાળી સુધી 30% ફ્લેટ ડિસ્કાઉન્ટ

Narayana Health
નારાયણા હોસ્પિટલ અમદાવાદ
હૃદયપૂર્વક સ્વાગત કરે છે
ડૉ. ઝીશાન મનસુરી
સિનિયર ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ
MBBS, MD (Medicine), DM (Cardiology), FSCAI (USA)
હવે ફુલ ટાઈમ ઉપલબ્ધ છે
નારાયણા હોસ્પિટલ, રખિયાલ, અમદાવાદ | Take Care 89800 08130

નકલથી સાવધાન
તમારો ઊંચો સ્વાદ જ અસલી RMD ની ઓળખાણ છે
RMDની લોકપ્રિયતાનો ફાયદો ઉઠાવી ડુપ્લીકેટ RMDનું ઉત્પાદન અને વેચાણ થઈ રહ્યું છે. તમને RMDના સ્વાદમાં ફરક જણાય તો તરત જ વિક્રેતાને જાણ કરો.
નકલી RMD બનાવનાર સામે કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.
ઊંચે લોગ, ઊંચી પસંદ
RMD PAN MASALA NO TOBACCO, NO NICOTINE
MRP ₹10 2g
MRP ₹15 3.5g
વૈધાનિક ચેતવણી: પાન મસાલાનું સેવન સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. બાળકો માટે પ્રતિબંધિત.
NO TOBACCO, NO NICOTINE

# સરકાર ટૂંક સમયમાં જ હાઇવે પર સેટેલાઇટ આધારિત ટોલ કલેક્શન શરૂ કરશે; તે કેવી રીતે કાર્ય કરશે ?

### ટૂંક સમયમાં જ આ નવી સિસ્ટમ દાખલ કરવાની તૈયારી ચાલી રહી છે અને પ્રવાસના ચોક્કસ અંતરના આધારે ટોલ અથવા યૂઝર ફી નક્કી કરવામાં આવશે

(એજન્સી) તા.૧૪

ભારત સરકારે સેટેલાઇટ આધારિત ટોલ સિસ્ટમને મંજૂરી આપી દીધી છે. નવી ટોલ સિસ્ટમ સંપૂર્ણ રીતે લાગુ થયા પછી, તમારે ટોલ પ્લાઝા પર રોકવાની અને ટોલ ચૂકવવાની જરૂર રહેશે નહીં; તેના બદલે, જ્યારે તમે સેટેલાઇટની રેન્જમાં આવો ત્યારે ટોલ આપોઆપ ચૂકવવામાં આવશે. નવી ટોલ સિસ્ટમના પરીક્ષણ માટે આવતા અઠવાડિયે ઓન-બોર્ડ યુનિટ્સ (OBU) સાથે કેટલાક વાહનોની તૈયારીઓ ચાલી રહી છે. ઓન-બોર્ડ યુનિટ (OBD) યુનિટ ટ્રેકર ડિવાઇસની જેમ કામ કરશે જે તમારા વાહનના સિગ્નલને સેટેલાઇટ પર મોકલશે.

નવી ટોલ સિસ્ટમના અમલ પછી, હાલની RFID-આધારિત FASTag સિસ્ટમ સંપૂર્ણપણે નાબૂદ થઈ જશે. નવી ટોલ સિસ્ટમની મુખ્ય વિશેષતા એ છે કે વાહનોની હિલચાલ પર નજર રાખવા માટે સેટેલાઇટ અથવા સેટેલાઇટના જૂથની મદદ લેવામાં આવશે. પ્રવાસના ચોક્કસ અંતરના આધારે ટોલ અથવા યૂઝર ફી નક્કી કરવામાં આવશે. માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલયે સેટેલાઇટ-આધારિત ટોલ કલેક્શન સિસ્ટમનો ઉપયોગ કરીને ટોલ વસૂલાતને મંજૂરી આપવા માટે આ સપ્તાહની શરૂઆતમાં NH ફીના નિયમોમાં સુધારો કર્યો હતો. માહિતી અનુસાર, નવી ટોલ સિસ્ટમ લાગુ કરવા માટે ભારતીય સેટેલાઇટ NavICનો ઉપયોગ કરવામાં આવશે. હાલમાં નવી ટોલ સિસ્ટમના પરીક્ષણ માટે કેટલાક વાહનો ઓન-બોર્ડ એકમો સાથે ચલાવવામાં આવશે, પરંતુ તમારે તેને તમારા વાહનમાં ઈન્સ્ટોલ કરવું પડશે.

**ટ્રેકિંગ ઉપકરણો વાહનોમાં પ્રી-ઈન્સ્ટોલ કરવામાં આવશે :**

સેટેલાઇટ-આધારિત ટોલ સિસ્ટમ કામ કરી શકે તે માટે, વાહનોમાં ઓન-બોર્ડ યુનિટ્સ ઈન્સ્ટોલ કરવું ફરજિયાત રહેશે. આગામી થોડા વર્ષોમાં નવા વાહનો પ્રી-ફીટેડ ઓન-બોર્ડ યુનિટ સાથે આવશે. વર્તમાન વાહનોમાં ઓન-બોર્ડ એકમો સ્થાપિત કરી શકાય છે. ઓન-બોર્ડ એકમો FASTagની જેમ જારી કરવામાં આવશે અને તેનું કામ જારી કરનાર અધિકારીને સોંપવામાં આવશે. સેટેલાઇટ-આધારિત ટોલ કલેક્શન સિસ્ટમ માટેના ઓન-બોર્ડ યુનિટ્સ પહેલા ટ્રક, બસ અને જોખમી સામાન વહન કરતા વાહનોમાં સ્થાપિત કરવામાં આવશે. આગામી તબક્કામાં અન્ય પ્રકારના કોમર્શિયલ વાહનોનો સમાવેશ કરવામાં આવશે. ૨૦૨૬-૨૭માં અંતિમ તબક્કા હેઠળ ખાનગી વાહનોને નવી ટોલ સિસ્ટમમાં સામેલ કરવામાં આવશે.

**નવી સિસ્ટમ સાથે ટોલ કલેક્શન ૨૦૨૫ માં શરૂ થશે :**

સેટેલાઇટ આધારિત ટોલ સિસ્ટમ જૂન ૨૦૨૫ સુધીમાં ૨,૦૦૦ કિમીના રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર લાગુ કરવામાં આવશે. તેને નવ મહિનામાં ૧૦,૦૦૦ કિમી, ૧૫ મહિનામાં ૨૫,૦૦૦ કિમી અને બે વર્ષમાં ૫૦,૦૦૦ કિમી સુધી વધારવાનું લક્ષ્ય છે. આ માટે, કેન્દ્ર સરકારની હાઈવે માલિકીની એજન્સીઓએ લગભગ સમગ્ર રાષ્ટ્રીય ધોરીમાર્ગોની જીઓ-ફેન્સિંગ પૂર્ણ કરી છે. ટોલ ગણતરીના હેતુ માટે ચોક્કસ પ્રવેશ અને બહાર નીકળવાના સ્થળોને ચિહ્નિત કરવા માટે જીઓ-ફેન્સીંગ મહત્ત્વપૂર્ણ છે. ભારતમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગોની કુલ લંબાઈ લગભગ ૧.૪ લાખ કિમી છે, જેમાંથી લગભગ ૪૫,૦૦૦ કિમી પર ટોલ વસૂલવામાં આવે છે.

# પૃથ્વીની નજીક નવો મિની-ચંદ્ર જોવા મળશે : આ દુર્લભ અવકાશી ઘટના માટે આપણા ગ્રહનું ગુરૂત્વાકર્ષણ જવાબદાર છે

### પૃથ્વીનો નવો મિની-મૂન ગ્રહની આસપાસ ફરશે પરંતુ તે સંપૂર્ણ ભ્રમણકક્ષા પૂર્ણ કરશે નહીં

(એજન્સી) તા.૧૪

પૃથ્વી પાસે એક અસ્થાયી મિનિ-મૂન નાનો ચંદ્ર જોવા મળશે અને આ એક દુર્લભ અવકાશી ઘટના છે જે પૃથ્વીના ગુરૂત્વાકર્ષણની શક્તિને લીધે શક્ય બનશે.

આ દુર્લભ મિની-મૂન એસ્ટરોઇડ 2024 PT5ના રૂપમાં હશે. ૭ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ શોધાયેલ, આ એસ્ટરોઇડ આશરે ૧૦ મીટર (૩૩ ફૂટ)નો વ્યાસ ધરાવે છે અને ૨૯ સપ્ટેમ્બરથી ૨૫ નવેમ્બર, ૨૦૨૪ સુધી પૃથ્વીના ગુરૂત્વાકર્ષણ દ્વારા તે નજીક આવશે. આ બે મહિનાના સમયગાળા દરમિયાન, આ એસ્ટરોઇડ પૃથ્વીની આસપાસ ફરશે પરંતુ તે સંપૂર્ણ ભ્રમણકક્ષા પૂર્ણ કરશે નહીં. ૨૫ નવેમ્બર, ૨૦૨૪, પછી PT5 પૃથ્વીના ગુરૂત્વાકર્ષણ પ્રભાવથી મુક્ત થઈ જશે અને સૂર્યની પરિક્રમા કરવા તેના મુખ્ય માર્ગમાં પરત ફરશે.

અમેરિકન એસ્ટ્રોનોમિકલ સોસાયટી દ્વારા પ્રકાશિત એક પેપરમાં સંશોધકોએ આ તારણોનું વિગતવાર વર્ણન કર્યું છે. પૃથ્વીની નજીકની વસ્તુઓ (NEO) જે ઘોડાના નાળના માર્ગને અનુસરે છે, અને આપણા ગ્રહની નજીકની રેન્જ અને સંબંધિત વેગ પર પહોંચે છે, ત્યારે મિનિ-મૂન ઈવેન્ટ્સ થઈ શકે છે જેમાં તેમની ભૂકેન્દ્રીય ઊર્જા કલાકો, દિવસો અથવા મહિનાઓ માટે બને છે, અને અમુક સમયે તે પૃથ્વીની આસપાસ ફરે છે.

એસ્ટરોઇડ 2024 PT5 એ પૃથ્વીની સમાન ભ્રમણકક્ષા સાથે પૃથ્વીની નજીકની વસ્તુઓના સંગ્રહનો એક ભાગ છે. તેનો વેગ પ્રમાણમાં ઓછો અને અભિગમ પૃથ્વીના ગુરૂત્વાકર્ષણને તેના માર્ગને અસ્થાયી રૂપે બદલશે. જેના કારણે તે મિની-મૂન બની જશે. પૃથ્વી પર પહેલા પણ મિનિ-મૂન હતા. મોટા ભાગના કલાપ્રેમીઓ માટે 2024 PT5 નરી આંખે અથવા ટેલિસ્કોપથી અવલોકન કરવા માટે ખૂબ જ ધૂંધળું હશે. તે ફક્ત અદ્યતન વેધશાળાઓને જ દેખાશે. તેના નાના કદ અને ટૂંકા રોકાણ છતાં, એસ્ટરોઇડ 2024 PT5 પૃથ્વીની નજીકની વસ્તુઓની ગતિશીલતામાં મૂલ્યવાન આંતરદૃષ્ટિ આપે છે.

પૃથ્વીનું ગુરૂત્વાકર્ષણ તેના માર્ગને કેવી રીતે પ્રભાવિત કરે છે તેનો અભ્યાસ ખગોળ શાસ્ત્રીઓને ગુરૂત્વાકર્ષણ ક્રિયાપ્રતિક્રિયાના મોડલને રિફાઇન કરવામાં અને જ્યારે આપણા ગ્રહની નજીકથી પસાર થાય ત્યારે અન્ય એસ્ટરોઇડ્સ કેવી રીતે વર્તે છે તેની આગાહીઓમાં મદદ કરી શકે છે.

2024 PT5 જેવા મિની-મૂન એસ્ટરોઇડ માઈનિંગ અને અવકાશ સંશોધનના વિકસતા ક્ષેત્રોની માહિતી આપે છે. પ્રમાણમાં નજીક અને ઍક્સેસ કરવા માટે સરળ હોવાને કારણે, આ એસ્ટરોઇડ્સમાંથી સંસાધનોનો અભ્યાસ કરવાના હેતુથી આ મિશન માટે આશાસ્પદ લક્ષ્યો પ્રદાન કરે છે. 2024 PT5નો ભ્રમણ સમય પૃથ્વીના મિની-મૂન તરીકે ક્ષણિક હોઈ શકે છે, પણ તેની હાજરી નાના અવકાશી પદાર્થો સાથે આપણા ગ્રહની ક્રિયાપ્રતિક્રિયાની સતત બદલાતી ગતિશીલતાને પ્રકાશિત કરે છે.

# CBSE બોર્ડ પરીક્ષા ૨૦૨૫ : ધોરણ ૯, ૧૧ માટે નોંધણી ૧૮ સપ્ટેમ્બરથી શરૂ થાય છે; cbse.gov.in પર અરજી કરવાની રહેશે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૪

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) દ્વારા ટૂંક સમયમાં CBSE ધોરણ ૯ અને ૧૧ ના વિદ્યાર્થીઓ માટે નોંધણી પ્રક્રિયા શરૂ થશે. નવીનતમ CBSE નોટિસ મુજબ, નોંધણી ૧૮ સપ્ટેમ્બરથી કરી શકાશે અને ૧૬ ઓક્ટોબર સુધી લાઈવ રહેશે. CBSE બોર્ડના વિદ્યાર્થીઓ CBSEની સત્તાવાર વેબસાઇટ, જે cbse.gov.in છે, પર ઉપલબ્ધ પરિક્ષા સંગમ લિંકનો ઉપયોગ કરીને પોતાને નોંધણી કરાવી શકે છે. સત્તાવાર સૂચનાએ પણ જણાવે છે કે આપેલ સમયમર્યાદાનું પાલન કરીને નોંધણી ડેટા સબમિટ કરવો મહત્વપૂર્ણ છે. તેથી, શાળાઓને સલાહ આપવામાં આવે છે કે ઉમેદવારોના ડેટાને સમયસર સબમિટ કરવાનું આયોજન કરે. નોંધનીય છે કે જે વિદ્યાર્થીઓ ધોરણ ૧૦ અને ૧૨ CBSE બોર્ડ પરીક્ષા સત્ર ૨૦૨૫-૨૬ માટે તેમનું રજીસ્ટ્રેશન ફોર્મ સબમિટ કરશે તેમને જ પરીક્ષામાં બેસવાની મંજૂરી આપવામાં આવશે.

- CBSE વર્ગ ૯ અને ૧૧ નોંધણી : મહત્વપૂર્ણ તારીખો

-ધોરણ ૯ અને ૧૧ માટે નોંધણી શરૂ થાય છે (લેટ ફી વિના) : ૧૮ સપ્ટેમ્બર
- ધોરણ ૯ અને ૧૧ માટે નોંધણી સમાપ્ત થાય છે (લેટ ફી વિના) : ૧૬ ઓક્ટોબર
- ધોરણ ૯ અને૧૧ માટે નોંધણી શરૂ થાય છે (લેટ ફી સાથે) : ૧૮ ઓક્ટોબર
- ધોરણ ૯ અને ૧૧ માટે નોંધણી સમાપ્ત થાય છે (લેટ ફી સાથે) : ૨૪ ઓક્ટોબર

CBSE વર્ગ ૯ અને ૧૧ નોંધણી : નોંધણી કેવી રીતે કરવી તે અહીં છે

પગલું ૧: CBSEની સત્તાવાર વેબસાઇટ cbse.gov.in પર લોગ ઈન કરો.

પગલું ૨ : હોમ સ્ક્રીન પર, પરીક્ષા સંગ્રામ પોર્ટલ પર ક્લિક કરો.

પગલું ૩ : તમારા લૉગિન ઓળખપત્રમાં કી અને CBSE વર્ગ ૯, ૧૧ નોંધણી ૨૦૨૪-૨૫ પર ક્લિક કરો.

પગલું ૪ : ઉમેદવારોએ તમામ જરૂરી દસ્તાવેજો સ્કેન કરીને અપલોડ કરવા પડશે અને નોંધણી ફી ચૂકવવી પડશે.

પગલું ૫ : તમારૂં CBSE નોંધણી ફોર્મ સબમિટ કરો અને ભવિષ્યના રેકોર્ડ્સ માટે ફોર્મની નકલ સાચવો.

સત્ર ૨૦૨૫-૨૬ માં CBSE ધોરણ ૧૦ અને ૧૨ ની બોર્ડની પરીક્ષામાં હાજર રહેલા વિદ્યાર્થીઓએ બોર્ડની માર્ગદર્શિકા અનુસાર નોંધણી ફી ચૂકવવી જરૂરી છે. ધોરણ ૯ના વિદ્યાર્થીઓએ ૩૦૦ રૂપિયાની નોંધણી ફી સબમિટ કરવાની હોય છે. બીજી તરફ, ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓએ ૬૦૦ રૂપિયાની CBSE રજિસ્ટ્રેશન ફી સબમિટ કરવાની હોય છે. જો વિદ્યાર્થીઓ સમયમર્યાદા સુધીમાં તેમનું રજીસ્ટ્રેશન પૂર્ણ કરવામાં નિષ્ફળ જાય, તો તેમની પાસેથી ૨૩૦૦ રૂપિયાની લેટ ફી વસૂલવામાં આવશે. એ નોંધવું અગત્યનું છે કે લેટ ફી સબમિટ કરવાની છેલ્લી તારીખ ૨૪ ઓક્ટોબર છે. ફી માત્ર CBSE દ્વારા ઉલ્લેખિત ઓનલાઈન પેમેન્ટ મોડમાં જ સ્વીકારવામાં આવશે. ઑફલાઈન મોડમાં કોઈ ફી અથવા બેંક ખાતામાં સીધી ડિપોઝિટ સ્વીકારવામાં આવશે નહીં.

# માધબી બૂચે SEBIના નિયમોનું ઉલ્લંઘન કરીને લિસ્ટેડ સિક્યોરિટીઝમાં વેપાર કર્યો હતો : કોંગ્રેસનો સેબીના અધ્યક્ષ પર વધુ એક હુમલો

### જયરામ રમેશે માધબી બુચ સામે 'હિતોના ટકરાવના આક્ષેપો' તરફ ધ્યાન દોરતા દાવો કર્યો હતો કે તેણીએ સંપૂર્ણ સમયના સભ્ય તરીકે અને બાદમાં સેબીના ચેરપર્સન તરીકે રૂા. ૩૬.૯ કરોડની લિસ્ટેડ સિક્યોરિટીઝમાં વેપાર કર્યો હતો

(એજન્સી) તા.૧૪

કોંગ્રેસે સેબીના ચેરપર્સન માધબી બુચ વિરૂદ્ધ હિતોના સંઘર્ષને લઈને દાવો કર્યો હતો કે તેણીએ અપ્રકાશિત મૂલ્યની સંવેદનશીલ માહિતી સાથે લિસ્ટેડ સિક્યોરિટીઝમાં વેપાર કર્યો હતો અને તેણીએ ચીનની કંપનીઓમાં રોકાણ કર્યું છે. જયરામ રમેશે માધબી બુચ સામે 'હિતોના ટકરાવના આક્ષેપો' તરફ ધ્યાન દોરતા દાવો કર્યો હતો કે તેણીએ સંપૂર્ણ સમયના સભ્ય તરીકે અને બાદમાં સેબીના ચેરપર્સન તરીકે રૂા. ૩૬.૯ કરોડની લિસ્ટેડ સિક્યોરિટીઝમાં વેપાર કર્યો હતો. બુચ અને તેના પતિ ધવલબુચે એક સંયુક્ત નિવેદનમાં આ અયોગ્યતાના આરોપોને ખોટા, દૂષિત અને પ્રેરિત તરીકે નકારી કાઢ્યા હતા અને તેણીએ તમામ જરૂરી ખુલાસાઓ કર્યા હતા અને મહિન્દ્રા ગ્રૂપ જેવી કંપનીઓ સાથે વ્યવહારમાં તેમના પતિને નોકરી પર રાખવાની માર્ગદર્શિકાનું પાલન કર્યું હતું. આ નિવેદનમાં જણાવાયું છે કે બુચે ક્યારેય અગોરા એડવાઈઝરી અને અગોરા પાર્ટનર્સ સાથે સંકળાયેલી કોઈપણ ફાઈલ સાથે વ્યવહાર કર્યો નથી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીને પ્રશ્નો પૂછતા રમેશે પૂછ્યું કે શું તેઓ જાણે છે કે સેબીના અધ્યક્ષ અપ્રકાશિત સંવેદનશીલ માહિતી સાથે લિસ્ટેડ સિક્યોરિટીઝમાં ટ્રેડિંગ કરી રહ્યા છે. શું મોદીએ વાતથી વાકેફ છે કે માધાબીબુચે ભારતની બહાર રોકાણ કર્યું છે ? જો હા, તો આ રોકાણની તારીખ અને જાહેરાતની તારીખ શું છે?. શું મોદીને ખબર છે કે સેબીના અધ્યક્ષ એવા સમયે ચીનની કંપનીઓમાં રોકાણ કરી રહ્યા છે જ્યારે ભારત ચીન સાથે ભૌગોલિક રાજકીય તણાવનો સામનો કરી રહ્યું છે. કોંગ્રેસના મીડિયા અને પ્રચાર વિભાગના વડા પવનખેરાએ આરોપ લગાવ્યો કે ૨૦૧૭-૨૦૨૩ વચ્ચે, બુચ, સંપૂર્ણ સમયના સભ્ય તરીકે અને બાદમાં સેબીના અધ્યક્ષ તરીકે, ૩૬.૯ કરોડની લિસ્ટેડ સિક્યોરિટીઝમાં વેપાર કર્યો હતો. આ બોર્ડના સભ્યો (૨૦૦૮) માટેના હિતોના સંઘર્ષ પર સેબીના કોડની કલમ ૬નું ઉલ્લંઘન છે. ખેરાએ કહ્યું કે, અમારી પાસે માહિતી છે કે ૨૦૧૭-૨૦૨૧ વચ્ચે માધબીબુચે વિદેશી સંપત્તિઓ રાખી હતી. અમે પૂછીએ છીએ કે : તેણીએ પ્રથમ વખત વિદેશી સંપત્તિ ક્યારે અને સરકારની કઈ એજન્સીને જાહેર કરી ? શું તે સાચું છે કે સુશ્રી માધવી બુચ એગોરા પાર્ટનર્સ પીટીઈ (સિંગાપોર) માં સક્રિયપણે સામેલ હતા ? ૨૦૨૧ અને ૨૦૨૪ ની વચ્ચે યુ.એસ.માં તેના રોકાણની વિગતોની યાદી આપતા, ખેરાએ દાવો કર્યો કે તેણે વેનગાર્ડ ટોટલ સ્ટોક માર્કેટ ETF (VTI), ARK



ઈનોવેશન ETF (ARKK), ગ્લોબલ X MSCI ચાઈના કન્ઝ્યુમર (CHIQ) અને ઈન્વેસ્કો ચાઈના ટેક્નોલોજી ઈટીએફમાં રોકાણ કર્યું છે. સેબીના ચેરપર્સન, માધબી બુચ, ચાઈનીઝ ફંડ્સમાં રોકાણ કરી રહ્યા છે તે ખૂબ જ ચિંતાજનક છે કે મુખ્ય નિયમનકારી વ્યક્તિ ચીન સાથે જોડાયેલા રોકાણોમાં સામેલ છે. તેમણે કોંગ્રેસના અગાઉના આક્ષેપ તરફ ધ્યાન દોર્યું હતું કે વર્તમાન સેબીના અધ્યક્ષે ICICI બેંક અને ICICI પ્રુડેન્શિયલ પાસેથી ESOPs પર પગાર, ESOPS, TDS ના રૂપમાં રૂા. ૧૬.૮ કરોડની આવક મેળવી હતી, જ્યારે સેબી તરફથી પણ તેણીને પગાર મળ્યો હતો. સેબી આ સમયગાળા દરમિયાન ICICI અને તેની આનુષંગિકો સામેની ફરિયાદોનો પણ નિર્ણય કરી રહી હતી. ખેરાએ જણાવ્યું હતું કે, અત્યાર સુધી, ICICI એ અમારા નવા રજૂ કરેલા તથ્યોનો જવાબ આપ્યો નથી. અમે સુશ્રી જોડાયા પછી 'તત્કાલ નિષ્ક્રિય' થઈ ગઈ હતી. તેણી હજી પણ તેમાં ૯૯% હિસ્સો ધરાવે છે, અને કંપનીએ સક્રિયપણે કન્સલ્ટન્સી/સલાહકાર સેવાઓ પૂરી પાડી છે. વધુમાં, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાએ સ્પષ્ટતા કરવી જોઈએ કે શું તેઓએ ધવલ બુચ અને તેની સંયુક્ત કન્સલ્ટન્સી, અગોરા એડવાઈઝરી પ્રાઈવેટ લિમિટેડ બંનેને મોટી રકમ ચૂકવી છે, જેમાં માધબીબુચ ૯૯% હિસ્સો ધરાવે છે. જો હા, તો શું મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા KYC કરવામાં નિષ્ફળ ગઈ હતી ? ખેરાએ જણાવ્યું હતું કે, જો ધવલ બુચને રૂા. ૪.૭૮ કરોડ વ્યક્તિગત રૂપે ચૂકવવામાં આવ્યા હતા, તો તેઓએ અગોરા એડવાઈઝરી પ્રાઈવેટ લિમિટેડને રૂા. ૨.૫૯ કરોડની ચૂકવણીની પણ સ્પષ્ટતા કરવી પડશે, જે માનવામાં આવતી 'નિષ્ક્રિય' કંપની છે. હિંડનબર્ગ રિસર્ચ દ્વારા બુચ વિરૂદ્ધ આક્ષેપ કરવામાં આવ્યો હતો કે તેણી અને તેના પતિ અદાણી મની સિફનિંગ કૌભાંડમાં ઉપયોગમાં લેવાતા ગેરકાયદેસર ઓફશોર ફંડ્સમાં હિસ્સો ધરાવે છે.

# રાજસ્થાન અને દિલ્હીમાં ૨૭ જેટલી શાળાઓને પ્રવેશ તથા હાજરીના નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ સીબીએસઈ દ્વારા નોટિસ

### સરકારે જાહેર અને વિશિષ્ટ કરેલી નીતિ અને નિયમોનો ભંગ કરવા બદલ નોટિસ અપાઈ : એ પહેલા આ શાળાઓની થયેલી અચાનક ચકાસણી દરમિયાન પ્રવેશ તેમજ બાળકોની હાજરી અને માળખાકીય સુવિધાઓ અંગેના અનેક પ્રશ્નો સામે આવ્યા બાદ લેવાયું પગલું

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૪

દિલ્હી અને રાજસ્થાનની ૨૭ જેટલી શાળાઓને પ્રવેશ પ્રક્રિયા તેમજ હાજરી અને માળખાકીય સુવિધાઓના અભાવ જેવા અનેક પ્રશ્નો બાબતે સીબીએસઈ દ્વારા શોખોઝ નોટિસ ફટકારવામાં આવી છે અને વધુ કડક પગલાં લેવાની ચેતવણી પણ આપવામાં આવી છે આ ૨૭માંથી ૨૨ શાળાઓ દિલ્હીમાં છે અને પાંચ શાળાઓ અજમેર વિસ્તારમાં છે. તાજેતરમાં આ તમામ શાળાઓમાં અચાનક સરપ્રાઈઝ ચેકિંગ કરવામાં આવ્યું હતું અને નિરીક્ષણ દરમિયાન બાળકોની હાજરીથી માંડીને પ્રવેશ પ્રક્રિયાને લગતા તમામ નીતિ નિયમો અને ગાઈડલાઈનનો અનેક સ્થળે ભંગ થયાનું જાણવા મળ્યું હતું. બોર્ડનું નિવેદન જણાવે છે કે કેટલીક શાળાઓમાં ધોરણ ૧૧ અને ૧૨માં હાજર કરતા વધુ સંખ્યામાં વિદ્યાર્થીઓ બતાવવામાં આવ્યા હતા. હકીકત આ વિદ્યાર્થીઓ કદી શાળાના વર્ગખંડોમાં હાજરી આપતા જ નહોતા. તદ્દુપરાંત હાજરીના રેકોર્ડમાં પણ અનેક વિસંગતતાઓ જોવા મળી હતી તેના કારણે આ શાળાઓ સીબીએસઈ દ્વારા નક્કી કરાયેલા નિયમન માળખાને અનુસરતી ન હોવા અંગે ચિંતા ઊભી થઈ હતી. શાળાકીય ઈન્સ્પેક્શનમાં માલુમ પડ્યું હતું કે, કેટલીક શાળાઓ દ્વારા માળખાકીય સુવિધા અંગે બોર્ડ દ્વારા નક્કી કરવામાં આવેલી જરૂરિયાતો મુજબ પણ સુવિધાઓ ઊભી કરવામાં આવી નહોતી




જેના કારણે શિક્ષણની ગુણવત્તા ઉપરાંત વિદ્યાર્થીઓની સુરક્ષા ઉપર પણ ગંભીર અસર પડતી હતી. શાળાકીય સ્તરે શૈક્ષણિક ઉચ્ચ ધોરણ જાળવી રાખવાનો નિર્ધાર વ્યક્ત કરીને cbse દ્વારા નિવેદનમાં એવી ખાતરી આપવામાં આવી છે કે આ શાળાઓનું સતત નિરીક્ષણ ચાલુ રાખવામાં આવશે જેથી તમામ ગાઈડ લાઈન નો ઉપયોગ કરવામાં આવે એ માટે સતત મોનિટરિંગ કરાશે.

સુત્રો જણાવે છે કે, મોટી સંખ્યામાં એવા વિદ્યાર્થીઓ છે જે એન્જિનિયરિંગ કે તબીબી પ્રવેશ પરીક્ષાઓની તૈયારી કરતા હોય છે ત્યારે એવા વિદ્યાર્થીઓ મોટાભાગે ડમી સ્કૂલમાં પ્રવેશ લેતા હોય છે જેથી નિયમિત ક્લાસમાં હાજરી આપવા માંથી બચી શકાય અને આવા વિદ્યાર્થીઓની સંખ્યા મોટી છે જે માત્ર પરીક્ષા વખતે જ ઉપસ્થિત થતા હોય છે.

# જ્યુસમાં પેશાબ ભેળવવા બદલ ગાઝિયાબાદના દુકાનદારને સ્થાનિકોએ ફટકાર્યો, ધરપકડ

### પોલીસને જાણ કર્યા બાદ તેઓએ જ્યુસના સ્ટોલમાં તપાસ હાથ ધરી હતી અને પેશાબથી ભરેલું પ્લાસ્ટિકનું કેન મળી આવ્યું હતું

(એજન્સી) ગાઝિયાબાદ, તા.૧૪

ઉત્તરપ્રદેશના ગાઝિયાબાદમાં ગ્રાહકોને પેશાબ મિશ્રિત ફળોનો રસ પીરસવા બદલ ગુસ્સે ભરાયેલા સ્થાનિકો દ્વારા એક દુકાનદારને માર મારવામાં આવ્યો હતો. બાદમાં પોલીસે ખુશી જ્યુસ કોર્નરના માલિક આમિર ખાનની ધરપકડ કરી હતી અને તેના સગીર સહાયકની અટકાયત કરી હતી. કેટલાક લોકોએ દુકાનદારને ફળોના રસમાં પીળાશ પડતા પ્રવાહી ભેળવતા જોયા બાદ આ મામલો પ્રકાશમાં આવ્યો હતો. થોડી જ વારમાં મોટી ભીડ એકઠી થઈ ગઈ અને તેઓએ દુકાન માલિકને માર મારવાનું શરૂ કર્યું. પોલીસને જાણ કર્યા બાદ તેઓએ જ્યુસના સ્ટોલમાં તપાસ હાથ ધરી હતી અને પેશાબથી ભરેલું પ્લાસ્ટિક કેન મળી આવ્યું હતું. વરિષ્ઠ પોલીસ અધિકારી ભાસ્કર વર્માએ જણાવ્યું હતું કે, પોલીસ આ કૃત્ય પાછળનો હેતુ શોધવાનો પ્રયાસ કરી રહી છે. વર્માએ જણાવ્યું હતું કે, દુકાનમાં પેશાબની હાજરી અંગે દુકાનદાર કોઈ સંતોષકારક જવાબ ન આપી શક્યા બાદ ધરપકડ કરવામાં આવી હતી. વર્માએ કહ્યું કે, ૧૩ સપ્ટેમ્બરના રોજ માહિતી મળ્યા પછી પોલીસ



તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી અને દુકાનના એક ડબ્બામાંથી અંદાજે ૧ લીટર શંકાસ્પદ પેશાબ મળી આવ્યો. પોલીસે આમિર ખાનની ધરપકડ કરી છે. એફઆઈઆર નોંધવામાં આવી છે અને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. તપાસ ચાલુ છે. કેનની સામગ્રી વિશ્લેષણ માટે મોકલવામાં આવી છે. આ વર્ષની શરૂઆતમાં તેલંગાણાના કુલ્ફી અને આઈસ્ક્રીમ વિક્રેતાની કથિત રીતે હસ્તમૈથુન કર્યા બાદ ફાલુદા ધરાવતા કન્ટેનરમાં વીર્ય ભેળવવા બદલ ધરપકડ કરવામાં આવી હતી. સ્થાનિકોએ વિક્રેતાને રંગે હાથે પકડીને પોલીસને હવાલે કર્યો હતો.

# પીએમ મોદી ત્રીજીવાર વડાપ્રધાન બન્યા ત્યારથી કાશ્મીરમાં આતંકવાદ વધ્યો : કોંગ્રેસ

(એજન્સી) નવી દિલ્હી, તા. ૧૪

કોંગ્રેસે શનિવારે કેન્દ્ર સરકાર પર આરોપ લગાવ્યો હતો કે, જમ્મુ-કાશ્મીરમાં તે આતંકવાદનો અંત લાવવામાં નિષ્ફળ ગયું છે અને દાવો કર્યો કે, કેન્દ્રશાસિત પ્રદેશમાં આતંકવાદ મજબૂત થઈને બહાર આવ્યો છે જ્યાં તેમણે તેને સમાપ્ત કરવાનો દાવો કર્યો હતો. એક પત્રકાર પરિષદને સંબોધતાં પાર્ટીના પ્રવક્તા સુપ્રિયા શ્રીનાટેએ કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી ત્રીજીવાર શપથ લઈને આવ્યા ત્યારબાદથી ૯૮ દિવસમાં જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદની ૨૫ ઘટનાઓ બની છે. તેમણે કહ્યું કે, ૨૦૧૯ બાદ મોટા દાવા કરાયા હતા કે કાશ્મીરમાં શાંતિ પુનઃસ્થાપિત થશે. હું ૨૦૧૪ અને ૨૦૧૯ વચ્ચેના સમયની વાત કરીશ નહીં પરંતુ મોદી જ્યારથી ત્રીજીવાર વડાપ્રધાન બન્યા તેના ૯૮ દિવસની અંદર કાશ્મીરમાં આતંકવાદની ૨૫ ઘટનાઓ બની છે જેમાં સલામતી દળોના ૨૧ જવાનો શહીદ થયા છે જ્યારે અન્ય ૨૮ જવાનો ઘાયલ થયા છે.

શ્રીનાટેએ કહ્યું કે, આ સમયગાળા દરમિયાન કેન્દ્રશાસિત પ્રદેશમાં ૧૫ સામાન્ય નાગરિકોએ પોતાના જીવ ગુમાવ્યા જ્યારે ૪૭ લોકો ઘાયલ થયા હતા. કોંગ્રેસ નેતાએ શુક્રવારે જમ્મુના કિશ્તવાડમાં આતંકવાદીઓ સાથેના એન્કાઉન્ટરમાં શહીદ થયેલા જવાનોને શ્રદ્ધાંજલિ પણ આપી હતી. તેમણે કહ્યું કે, આ મોત માટે કોણ જવાબ આપશે ? જમ્મુ પહેલાં પણ શાંત હતું ત્યાં ઉગ્રવાદનો અંત આવી ગયો હતો પરંતુ હવે આપણે જમ્મુના ડોડા, રીયાસી અને અન્ય વિસ્તારોમાં પણ આતંકવાદનો સામનો કરી રહ્યા છીએ. તેમણે આરોપ લગાવ્યો કે, ૨૦૧૯થી વડાપ્રધાન મોદી શહીદ થયેલા સૈનિકોને શ્રદ્ધાંજલિ આપી રહ્યા નથી. તેમણે આરોપ લગાવ્યો કે, પીએમ નાના મુદ્દા પર ટ્વિટ કરે છે, વિશ્વના નકશા પર નવા દેશોમાં ફરવા જાય છે અને લોકોને જન્મદિવસની શુભકામના આપે છે પરંતુ ૨૦૧૯થી વડાપ્રધાન મોદીએ સૈનિકોને શ્રદ્ધાંજલિ આપી નથી. આપણા અધિકારીઓ અને સૈનિકો ત્યાં જીવ ગુમાવે છે પણ મોદી તેમની સહાનુભૂતિ માટે એક પણ શબ્દ ઉચ્ચારતા નથી.

# કોલકાતામાં એસએન બેનરજી રોડ પર ધડાકો થતાં કચરો વીણતા એક વ્યક્તિને ઈજા; એનઆઈએની તપાસ માંગતો ભાજપ

### કોલકાતા પોલીસ કહે છે તપાસ ચાલી રહી છે, બનાવની જાણ થતાં જ સત્વરે સ્થળ પર પહોંચી ગઈ હતી પોલીસ ટીમ, બોમ્બ ડિસ્પોઝલ ટીમ પણ ઘટનાસ્થળે

(એજન્સી) કોલકાતા, તા.૧૪

કોલકાતાના એસએન બેનરજી રોડ પર બ્લોચ માન સ્ટ્રીટના સર્કલ પર ક્રોસિંગ પાસે ભેદી રીતે ધડાકો થયો હતો જેના કારણે એ સ્થળ પર કચરો વીણી રહેલા એક વ્યક્તિને ઈજા થઈ હતી. ઘટના બાદ પોલીસનો કાફલો સ્થળ પર પહોંચી ગયો હતો અને બોમ્બ ડિસ્પોઝલ કોડ પણ સ્થળ પર પહોંચી ગઈ હતી અને તુરંત જ શંકાસ્પદ બેગ અને પદાર્થની તપાસ શરૂ કરવામાં આવી હતી. લગભગ બપોરે ૧:૪૫ વાગ્યાના સોમવારે ઘટના બની હતી તેમ પોલીસે જણાવ્યું હતું. વધુ તપાસ ચાલી રહી છે. કેન્દ્રીય મંત્રી અને ભાજપના નેતા સુકાનતા મજૂમદારે આ ઘટનાની એનઆઈએને તપાસ સોંપવા કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહને અનુરોધ કર્યો છે. ગૃહ મંત્રીને પાઠવેલા પત્રમાં તેમણે રજૂઆત કરી છે કે આ ઘટનાની તમામ દૃષ્ટિ કોણથી સઘન અને ઊંડી તપાસ થાય તે માટે કેન્દ્રીય એજન્સી અથવા તો એનઆઈએને તપાસ સોંપવામાં આવે તેવો મારો અનુરોધ છે. કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે આવો ધડાકો એ ચિંતાની બાબત છે અને ઊંડી તપાસ સઘન રીતે થવી જોઈએ અને એ માટે એનઆઈએની જરૂર છે. કોલકાતા પોલીસ પાસે આ ઘટનાની તપાસ કરવા જેટલી વ્યવસાયિક ક્ષમતા હોય એવું હું માનતો નથી કેમકે આ ઘટના એક ગૃહમંત્રી તરીકે મમતા બેનરજીની નિષ્ફળતાનો સંકેત છે જો રાજયમાં કાયદો અને વ્યવસ્થાની આવી પરિસ્થિતિ હોય તો એમણે રાજીનામું આપવું જોઈએ એટલે જ ભાજપ તેમના રાજીનામાની માંગણી કરી રહ્યો છે કારણ કે કાયદો અને વ્યવસ્થા સંપૂર્ણપણે કથડી ગયા છે. કોલકાતા પોલીસે જણાવ્યું હતું કે ધડાકાની જાણ થતા જ પોલીસની ટીમ સુરત જ સ્થળ પર પહોંચી ગઈ હતી નળાકારને કારણે કચરો વીણવા ત્યાં નીકળેલા ૫૮ વર્ષના બપ્પી દાસને ઈજા થઈ હતી નજરે જોનારા એક સાક્ષીએ કહ્યું હતું કે ત્યાં પડેલી એક બેગમાં ધડાકો થયો હતો. ફોરેન્સિક વિભાગ દ્વારા પણ તપાસ શરૂ કરવામાં આવી છે અને સમગ્ર વિસ્તારને કોર્ટન કરીને તપાસ કરવામાં આવી રહી છે. સમગ્ર વિસ્તારની તપાસ બાદ ટ્રાફિક ફરીથી શરૂ કરી દેવામાં આવ્યો હતો.

# દિલ્હીમાં તિહાર જેલમાંથી મુક્તિ બાદ સીએમ કેજરીવાલના નિવાસસ્થાન બહાર ફટાકડા ફોડવામાં આવતા પોલીસે દાખલ કરી એફઆઈઆર

### મુખ્યમંત્રીના નિવાસની બહાર તેમની મુક્તિની ઉજવણી કરવા માટે આતશબાજી થઈ હતી તેના પગલે દિલ્હી પોલીસે નોંધી એફઆઈઆર

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૪

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની તિહાર જેલમાંથી મુક્તિ થયા બાદ તેમના નિવાસસ્થળની બહાર ટેકેદારોએ જોરદાર આતશબાજી કરતા દિલ્હી પોલીસે એફઆઈઆર દાખલ કરી છે. તેમ અધિકારીઓએ જણાવ્યું હતું. સુપ્રીમ કોર્ટે સીબીઆર દ્વારા નોંધાયેલા લિકર નીતિના ભ્રષ્ટાચારના કેસમાં કેજરીવાલને ગુરૂવારે જામીન પર મુક્ત કર્યા હતા. અને મુક્તિ થતાં ટેકેદારોએ સીએમ નિવાસની બહાર ફટાકડા ફોડ્યા હતા. પરંતુ દિલ્હી સરકારે આ પહેલાથી જ શિયાળુ વાયુ પ્રદુષણ રોકવા માટે દિલ્હીમાં ફટાકડાનો ઉત્પાદન વેચાણ અને તેના ઉપયોગ પર પ્રતિબંધ મુકેલો છે. શુક્રવારે સાંજે સીએમ નિવાસ પાસે ફટાકડા ફોડવામાં આવ્યા હતા આથી ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૨૩ મુજબ દિલ્હી પોલીસે ફાયર દાખલ કરી છે. દિલ્હી ભાજપના પ્રમુખ વીરેન્દ્ર સચ દેવાએ જણાવ્યું હતું કે જ્યારે પણ દિવાળી હોય કે કોઈ ભારતીય હિન્દુ તહેવારો હોય ત્યારે આપના નેતાઓ જાહેરાતો કરતા હોય છે ગઈકાલે પણ ફટાકડા ફોડવા પર પ્રતિબંધ જાહેર કરવામાં આવ્યું હતું અને સીએમના નિવાસની સામે જ ફટાકડા ફોડવામાં આવ્યા હતા. આ તપ આ રીતે તમામ પ્રતિબંધો માત્ર સનાતન ધર્મ માટે છે. હકીકતે અદાલતે તો ગ્રીન ફટાકડા ફોડવાની છૂટ આપેલી જ છે.

# 'જો ગૌ સંરક્ષણ યાત્રા કાઢવામાં આવશે તો અમે 'બીફ' ડીશની ઉજવણી કરીશું' : મેઘાલયમાં TURની ધમકી

(એજન્સી) તા.૧૪

મેઘાલયની સંસ્થા થમા યુ રંગલી જુકી (TUR) એ મેઘાલયની વૈવિધ્યસભર ખાદ્ય પરંપરાઓની ઉજવણી કરવા માટે "શાંતિપૂર્ણ પિકનિક"ના આયોજન વિશે ચેતવણી જારી કરી છે અને કહ્યું છે કે તેમાં ગૌમાંસની વાનગીઓનો સમાવેશ થાય છે. એક નિવેદનમાં, TUR એ જાહેર કર્યું કે જો રાજ્ય સરકાર હિંદુ જૂથ દ્વારા આયોજિત ગાય સંરક્ષણ કૂચ પર પ્રતિબંધ મૂકવાની કાર્યવાહી નહીં કરે તો તેમની આ પિકનિક તે સ્થાન પર જ થશે જ્યાં હિન્દુ જૂથ 'ગૌધ્વજ' સ્થાપિત કરવા માંગે છે. બ્રમચારીમુકુન્દાનંદ દ્વારા આયોજિત અને જ્યોતિર્મઠના શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદસરસ્વતી સાથે સંકળાયેલા હિંદુ જૂથે શિલોંગમાં ૨ ઓક્ટોબરના રોજ 'ગૌધ્વજ સ્થાપના ભારત યાત્રા'ની જાહેરાત કરી છે. આ યાત્રાનો ઉદ્દેશ્ય ગાયને "રાષ્ટ્ર માતા" તરીકે જાહેર કરવાનો છે. TURના સભ્ય એન્જેલા રંગાડેએ આ આયોજિત યાત્રાની ટીકા કરી છે અને તેને ભારત અને મેઘાલયની બહુલવાદી અને બિનસાંપ્રદાયિક સંસ્કૃતિ પર હિંદુ બહુમતીવાદી સાંપ્રદાયિક હુમલો ગણાવી છે. તેણીએ કહ્યું છે કે મેઘાલયના સમુદાયો, જેમાં સ્વદેશી જૂથો પણ શામેલ છે, તેઓ વિવિધ સાંસ્કૃતિક અને પવિત્ર કારણોસર ગાયોનું સેવન કરે છે અને બલિદાન આપે છે. TUR એ મેઘાલયની બહુમતીવાદી સંસ્કૃતિને નબળી પાડવા અને ભારતમાં ફાસીવાદી બહુમતીવાદી સંસ્કૃતિનું વર્ચસ્વ સ્થાપિત કરવાના પ્રયાસ તરીકે ગૌ સંરક્ષણ કૂચની નિંદા કરી છે. આ સંગઠને રાજ્યની વૈવિધ્યસભર અને બિનસાંપ્રદાયિક પરંપરાઓ પર ધાર્મિક મૂલ્યોને નષ્ટ કરવાના પ્રયાસ માટે સખત વિરોધ વ્યક્ત કર્યો છે.

# પીએમ મોદી જમ્મુ-કાશ્મીરમાં વધતા જતા આતંકવાદથી લોકોનું ધ્યાન ભટકાવી રહ્યા છે : ઓમર અબ્દુલ્લાહ

(એજન્સી) તા.૧૪

જમ્મુ-કાશ્મીરમાં ડોડામાં શનિવારે ચૂંટણી રેલી દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા અબ્દુલ્લાહ અને મુફતી પરિવાર પરના હુમલા પર તીખી પ્રતિક્રિયા આપતા નેશનલ કોન્ફરન્સના નેતા ઓમર અબ્દુલ્લાએ કહ્યું કે, વડાપ્રધાને તેમના ભાષણને માત્ર બે પરિવારોની ટીકા કરવા સુધી મર્યાદિત રાખ્યું પરંતુ તેઓ કિશ્તવાડમાં આતંકવાદીઓ સાથેની અથડામણમાં સેનાના બે જવાનો શહીદ થવા કે બારામુલ્લામાં ચાલુ ફાયરિંગની ઘટનાઓ વિશે એક પણ શબ્દ બોલ્યા ન હતા. વડાપ્રધાન કાશ્મીરી પરિવારોની વાત કરીને લોકોનું ધ્યાન મુખ્ય મુદ્દાઓ પરથી હટાવી રહ્યા છે. કુલગામમાં ચૂંટણી રેલીથી અલગ ઓમરે કહ્યું કે, કલમ ૩૭૦ નાબૂદ થયાને પાંચ વર્ષથી વધુ સમય વીતી ગયો છે, તેમ છતાં આતંકવાદી હુમલાઓ થતા રહે છે.



ઓમરે કહ્યું, "જ્યારે ભાજપને આ પરિવારો (અબ્દુલ્લા અને મુફતી)ની મદદની જરૂર હતી, ત્યારે જમ્મુ અને કાશ્મીરના વિનાશ માટે અમને જવાબદાર ઠેરવવામાં આવ્યા ન હતા. જમ્મુ અને કાશ્મીરમાં જ્યારે પીડીપી તેમની સાથે ગઠબંધનમાં હતી ત્યારે તેમને તેમાં કંઈ ખોટું લાગ્યું નહોતું.

ઓમરે કહ્યું, "ચૂંટણી દરમિયાન તેઓને અમારામાં બધું ખોટું લાગે છે." જો આવતીકાલે બીજેપી પાસે સીટોની અછત રહેશે અને પીડીપી તેમને મદદ કરવાનું નક્કી કરશે, તો ફરી એકવાર તેમને પીડીપીમાં કંઈ ખોટું નહીં લાગે. આ બધું સમય સમયની વાત છે." ઓમરે લોકોને ૨૦૧૪ની ભૂલોનું પુનરાવર્તન ટાળવા વિનંતી કરી, જ્યાં એક પક્ષ કે જેણે ભાજપને દૂર રાખવાનું વચન આપ્યું હતું તેની સાથે જોડાણ કર્યું. તેઓ પીડીપીનો ઉલ્લેખ કરી રહ્યા હતા. તેમણે લોકોને એવી અંધાધૂંધી યાદ અપાવી કે જે પીડીપીએ ભાજપ સાથે હાથ મિલાવ્યા હતા. ઓમરે આ જ છેતરપિંડીનો શિકાર ન થવાની ચેતવણી આપતાં કહ્યું કે, "આજે આ પક્ષો તમને છેતરવા માટે અલગ-અલગ વેશમાં આવી રહ્યા છે. અમને ફરીથી મૂર્ખ બનાવી શકાય નહીં. તે મહત્ત્વનું છે કે આપણે આ વખતે સમજી વિચારીને અને સમજદારીપૂર્વક પસંદગી કરીએ."

# કોલકાતા બળાત્કાર કેસમાં નવો વળાંક, TMCના કુણાલ ઘોષે ડોક્ટરો પર હુમલાના 'ષડ્યંત્ર' દાવો કર્યો, ઓડિયો ક્લિપ પોસ્ટ કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૪

સીપીઆઈ(એમ)ના નેતા કલાતન દાસગુપ્તા સહિત બે લોકોની કથિત રીતે કોલકાતાના સોલ્ટ લેક ખાતે સ્વાસ્થ્ય ભવનની બહાર જુનિયર ડોક્ટરો પર હુમલો કરવાનું કાવતરૂં ઘડવા બદલ ધરપકડ કરવામાં આવી હતી જેઓ આર.જી. કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં તાલીમાર્થી ડોક્ટર પર બળાત્કાર અને હત્યાનો વિરોધ કરી રહ્યા હતા. તૃણમૂલ કોંગ્રેસના નેતા કુણાલ ઘોષે રાજ્યમાં મમતા બેનરજી સરકારને બદનામ કરવા માટે વિરોધ કરી રહેલા ડોક્ટરો પર હુમલો કરવા માટે રાજકીય કાવતરૂં ઘડવામાં આવ્યું હોવાનો આક્ષેપ કરીને એક ફોન કોલની ઓડિયો ક્લિપ બહાર પાડ્યાના એક દિવસ બાદ ધરપકડ કરવામાં આવી છે.

દાસગુપ્તાને સેક્ટર-પાંચમા સ્વાસ્થ્ય ભવનની બહાર વિરોધ સ્થળેથી રાખવામાં આવ્યો હતો જ્યારે અન્ય આરોપી, સંજીવ દાસ તરીકે ઓળ થઈ છે તેની શુક્રવારે રાત્રે દક્ષિણ કોલકાતાના હલ્ટુમાંથી ધરપકડ કરવામાં આવી હતી એમ અહેવાલમાં જણાવાયું હતું. કોલકાતા પોલીસે ઓડિયો



ક્લિપના સંબંધમાં સુઓમોટુ કેસ પણ દાખલ કર્યો છે.

**શું કહ્યું ઓડિયો ક્લિપમાં ? :**

કૃણાલ ઘોષ દ્વારા પ્રેસ બ્રીફિંગમાં શેર કરવામાં આવેલી ઓડિયો ક્લિપમાં બે વ્યક્તિઓ કથિત રીતે ડોક્ટરો પર હુમલાની યોજના બનાવતા સાંભળી શકાય છે જ્યારે એક ટીમ ગુરૂવારે સાંજે મમતા બેનરજીને મળવા નાબન્ના (રાજ્ય સચિવાલય) ગઈ હતી. આ બંને માણસો શાસક ટીએમસી પર હુમલા માટે જવાબદાર હોવાનું પણ સાંભળી શકાય છે. અહેવાલમાં સ્વતંત્ર રીતે ઓડિયો ક્લિપની અધિકૃતતા ચકાસી શકાઈ નથી. ક્લિપમાં એક વ્યક્તિ બીજાને કહે છે કે, તેને વિરોધ સ્થળ પર હુમલો કરવા માટે 'સાહેબ' તરફથી સૂચનાઓ મળી હતી. આ માટે બીજો માણસ તેને તે કરવા વિનંતી કરે છે. જવાબમાં પહેલો માણસ કહે છે કે, જ્યારે તે વર્ષોથી આવી વસ્તુઓ કરી રહ્યો છે ત્યારે તેનો અંતરાત્મા તેને તેમના પર હુમલો કરવાની મંજૂરી આપતો નથી કારણ કે, તેઓ ડોક્ટર છે. જો કે, બીજા માણસને પ્રથમ માણસને સમજાવવાનો પ્રયાસ કરતા સાંભળી શકાય છે કે, તેણે તેમને 'સમાપ્ત' કરવાની જરૂર નથી પરંતુ માત્ર 'તેમના પર હુમલો' કરવાનો છે તેમ અહેવાલમાં કહેવાયું છે. પાછળથી પ્રથમ વ્યક્તિ કહે છે કે, 'બાપ્પડા' નામના કોઈએ તેને હુમલો કરવા અને ટીએમસી પર દોષારોપણ કરવા કહ્યું હતું. ઓડિયો ક્લિપ બાદ કુણાલ ઘોષે ભારપૂર્વક કહ્યું કે, પાર્ટી પાસે 'વિશ્વસનીય માહિતી' છે કે, કેટલાક ડાબેરી અને અતિ-ડાબેરી પક્ષો વિરોધીઓની હરોળમાં ઘૂસણખોરી કરવા અને ટીએમસી તથા મમતા બેનરજી સરકારને બદનામ કરવા માટે હુમલો કરવાનું કાવતરૂં કરી રહ્યા છે. દરમિયાન ક્લિપ રિલીઝ થયા પછી વિરોધ સ્થળ પર ૧૨થી વધુ સ્થળોએ ઘણા સીસીટીવી કેમેરા સ્થાપિત કરવામાં આવ્યા હતા અને પોલીસ કર્મચારીઓની તૈનાતી ૨૫૦થી વધારીને ૫૦૦ આસપાસ કરવામાં આવી હતી.

# રાજકોષીય સંઘવાદ પર ચર્ચા માટે સિદ્ધારમૈયા દ્વારા ૮ મુખ્યમંત્રીઓને આમંત્રણ આપવામાં આવ્યું

(એજન્સી) બેંગ્લુરૂ, તા.૧૪

કર્ણાટકના મુખ્યપ્રધાન સિદ્ધારમૈયાએ કેન્દ્ર દ્વારા કરના અન્યાયી વિનિમય અંગે બેંગ્લુરૂમાં એક કોન્ફરન્સ માટે ઉચ્ચ આવકનું યોગદાન આપનારા રાજ્યોના મુખ્યપ્રધાનોને આમંત્રણ આપ્યું છે. આ પગલાથી કર્ણાટકમાં સિદ્ધારમૈયાની સ્થિતિને મજબૂત કરવામાં મદદ મળશે અને તેમને કોઈપણ આંતરિક જોખમોથી સુરક્ષિત કરવામાં મદદ મળશે. સિદ્ધારમૈયાએ પંજાબ, તમિલનાડુ,



તિરૂવનંતપુરમમાં ગુરૂવારે પાંચ રાજ્યોના નાણા પ્રધાનોના કોન્કલેવમાં, કર્ણાટકના મહેસૂલ પ્રધાન અને ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST) કાઉન્સિલમાં રાજ્યના પ્રતિનિધિ ક્રિષ્ના બાયરે ગૌડાએ જણાવ્યું હતું કે, રાજકીય સંઘવાદની ચર્ચા કરવાની જરૂરિયાત મહત્ત્વપૂર્ણ છે. જો આગામી વસ્તી ગણતરી અનુસાર સીમાંકન થાય છે, તો તે સંભવ છે કે, આપણે બધા સંસદમાં અમારૂં પ્રતિનિધિત્વ ગુમાવીશું. સિદ્ધારમૈયા બે વખત

## ઉચ્ચ આવક ધરાવતા રાજ્યો પંજાબ, તમિલનાડુ, આંધ્ર, તેલંગાણા, મહારાષ્ટ્ર, ગુજરાત, હરિયાણા, કેરળના મુખ્યમંત્રીઓને આમંત્રણ આપવામાં આવ્યું છે, કર્ણાટકના મુખ્યમંત્રી મોદી સરકાર દ્વારા રાજ્યને કરવામાં આવેલા 'અન્યાય'નો ઉલ્લેખ કરતા રહ્યા છે

આંધ્રપ્રદેશ, તેલંગાણા, મહારાષ્ટ્ર, ગુજરાત, હરિયાણા અને કેરળના તેમના સમકક્ષોને આ પરિષદ માટે આમંત્રિત કર્યા છે, જેમાં નાણાકીય સંઘવાદના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે અને વૃદ્ધિ અને યોગ્ય ટેક્સ એકત્રીકરણ માટે પણ ચર્ચા કરવામાં આવશે. મોદી સરકાર સામે કર્ણાટકના મુખ્યપ્રધાનની દલીલ એ છે કે, સારી કામગીરી અને પ્રગતિ માટે રાજ્યોને સજા આપવામાં આવી રહી છે અને ઉચ્ચ GSDP (ગ્રોસ સ્ટેટ ડોમેસ્ટિક પ્રોડક્ટ) રાજ્યોમાંથી એકત્ર કરાયેલ ભંડોળ રાજકીય લાભ મેળવવા માટે ઉત્તરપ્રદેશ અને બિહાર જેવા વધુ વસ્તીવાળા રાજ્યોને આપવામાં આવે છે. કર્ણાટક અને અન્ય રાજ્યો માથાદીઠ ઉચ્ચ GSDP ધરાવતા રાજ્યોને તેમની આર્થિક કામગીરી માટે દંડ કરવામાં આવે છે, તેઓને અપ્રમાણસર રીતે ઓછી કર ફાળવણી પ્રાપ્ત થાય છે. ભોપાલ સ્થિત જાગરણ લેકસિટી યુનિવર્સિટીના મનોવિજ્ઞાની અને વી.સી. સંદીપ શાસ્ત્રીએ જણાવ્યું હતું કે, સિદ્ધારમૈયાએ ઉચ્ચ આવક ઉત્પન્ન કરનારા અને આવકમાં ફાળો આપનારા રાજ્યોના મુખ્યમંત્રીઓને આમંત્રણ આપ્યું હતું. કર્ણાટકમાં સિદ્ધારમૈયાના કોંગ્રેસ પક્ષના સભ્યો પણ સ્વીકારે છે કે, આ દલીલ અર્થશાસ્ત્રની બહાર છે કારણ કે, તે રાજકોષીય સંઘવાદ વિશે જ નહીં પણ રાજકીય સંઘવાદ વિશે પણ છે. કેરળના (૨૦૧૩થી ૨૦૧૮ અને ૨૦૨૩થી) કર્ણાટકના સીએમ રહી ચૂક્યા છે અને આ બંને ટર્મમાં ૭૭ વર્ષીય મુખ્યપ્રધાન મોદીની આગેવાની હેઠળની ભારતીય જનતા પાર્ટી (BJP) દ્વારા કર્ણાટકની વસ્તીના 'અન્યાય' પર ભાર મૂક્યો છે. ઓગસ્ટ ૧૯૮૩માં હેગડેએ કેન્દ્ર-રાજ્ય સંબંધો પર એક પરિષદને સંબોધિત કરી જેનું આયોજન તેમણે રાજ્યપાલોની કચેરી દ્વારા કેન્દ્ર સરકારની દખલગીરી માટે કર્યું હતું. સિદ્ધારમૈયા હિન્દીને ભાષા તરીકે લાદવાનો અને હિન્દી દિવસની ઉજવણીનો વિરોધ કરવામાં પણ મોખરે રહ્યા છે, તેઓ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP)ને રાજ્યની શિક્ષણ નીતિ સાથે બદલીને 'ત્રણ-ભાષાની નીતિ'નો વિરોધ કરી રહ્યા છે, કર્ણાટકની ડેરી નંદિની સહકારી મંડળીને ગુજરાત સ્થિત અમૂલ સાથે મર્જ કરવાના પ્રયાસોને નકારી કાઢ્યા છે અને મોદી સરકાર પર કર્ણાટકની ઓળખ મિટાવવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો છે. કર્ણાટકમાં ભાજપે MUDA કૌભાંડ વિરુદ્ધ પદયાત્રા કાઢીને રાજ્યના કોંગ્રેસ એકમમાંના વિખવાદનો લાભ લેવાનો પ્રયાસ કર્યો છે અને રાજ્ય સંચાલિત કર્ણાટક મહર્ષિ વાલ્મિકી અનુસૂચિત જનજાતિ નિગમમાંથી ભંડોળના કથિત ફેરફાર અંગે સરકારને ઘેરી છે. કર્ણાટક ભારતમાં સૌથી ઝડપથી વિકસતિ અને સૌથી મોટી અર્થવ્યવસ્થાઓમાં સામેલ છે. શાસ્ત્રીના મતે ભારતની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવાનો શ્રેય કેન્દ્ર તેમજ રાજ્યોને જાય છે. જો કે, રાષ્ટ્રના દરેક વહીવટી એકમ-તાલુકા, જિલ્લા અને રાજ્યમાં સ્પષ્ટ અસમાનતાઓ છે. અર્થશાસ્ત્રીઓ કહે છે કે, કર્ણાટક, ખાસ કરીને બેંગ્લુરૂ, દેશની સોફ્ટવેર નિકાસમાં લગભગ ૪૦ ટકા હિસ્સો ધરાવે છે પરંતુ આ નાણાં કેન્દ્રમાં જાય છે. GST પછીના યુગમાં રાજ્યો પાસે આબકારી, સ્ટેમ્પ્સ અને નોંધણી, ઈંધણ પર સેસ, પરિવહન અને કેટલાક અન્ય જેવા કેટલાક આવકના પ્રવાહો જ બાકી રહ્યા છે. તેમના ૨૦૨૪ના બજેટ ભાષણમાં સિદ્ધારમૈયાએ જણાવ્યું હતું કે, GSTના અવૈજ્ઞાનિક અમલીકરણને કારણે કર્ણાટકને ૫૯,૦૦૦ કરોડ રૂપિયાથી વધુનું નુકસાન થયું છે અને ૧૫મા નાણાપંચ હેઠળની નવી ગણતરીને કારણે કેન્દ્રીય કરના વિનિમય હેઠળ રૂા.૬૨,૦૦૦ કરોડથી વધુનું નુકસાન થયું છે. કેન્દ્રીય કરમાં કર્ણાટકનો હિસ્સો લગભગ ૪.૭ ટકાથી ઘટીને લગભગ ૩.૬ ટકા થઈ ગયો છે. કર્ણાટક રાજ્યમાં આવકના અપ્રમાણસર હિસ્સા પર કેન્દ્રનું ધ્યાન દોરવાનો પ્રયાસ કરી રહ્યું છે. સિદ્ધારમૈયાના જણાવ્યા અનુસાર કર્ણાટકને કેન્દ્રીય તિજોરીમાં ફાળો આપતા પ્રત્યેક રૂપિયા માટે લગભગ ૧૫ પૈસા પાછા મળે છે.



**મુંબઈ એરપોર્ટ પર કસ્ટમ દ્વારા ઝડપાયું દાણચોરીનું મોટું કૌભાંડ : રૂ.૫.૧ કરોડના ૭.૪૬૫ કિ.ગ્રા. સોનાના ઝવેરાતનો દલ્લો જપ્ત**

# UP : આગ્રામાં તાજમહેલ પરિસરની અંદર બે પુરૂષોએ સરેઆમ પેશાબ કર્યો; આઘાતજનક વીડિયો

## તાજમહેલના દરેક ખૂણામાં CISF અને ASI જવાનો તૈનાત છે, જો કે, હેરિટેજ સાઈટમાં ચુસ્ત સુરક્ષા હોવા છતાં આ લોકો તાજમહેલની અંદર પેશાબ કરવામાં સફળ રહ્યા હતા

(એજન્સી) આગ્રા, તા.૧૪

ઉત્તરપ્રદેશના આગ્રામાં પ્રખ્યાત તાજમહેલના પરિસરમાં પેશાબ કરતા બે શખ્સો કેમેરામાં કેદ થયા છે. તાજમહેલની અંદર શૌચાલયની ઉપલબ્ધતા હોવા છતાં ખુલ્લામાં પેશાબ કરતા બે વ્યક્તિઓનો વીડિયો ઈન્ટરનેટ પર સામે આવ્યો છે અને સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં એક માણસ બગીચાની એક તરફ પેશાબ કરતો જોઈ શકાય છે જ્યારે બીજો તે જ બગીચામાં થોડે દૂર પેશાબ કરે છે. આ શરમજનક ઘટનાએ દેશના સૌથી પ્રખ્યાત પર્યટન સ્થળોમાંના એકની સુરક્ષા પર સવાલો ઊભા કર્યા છે.

તાજમહેલના દરેક ખૂણામાં CISF અને ASI જવાનો તૈનાત છે. જો કે, હેરિટેજ સાઈટમાં ચુસ્ત સુરક્ષા હોવા છતાં આ લોકો તાજમહેલની અંદર પેશાબ કરવામાં સફળ રહ્યા હતા. તેઓ પેશાબ કરવામાં સફળ થયા અને સ્થળ છોડી ગયા અને શરમજનક કૃત્ય કરતા તેમને રોકવા માટે કોઈ હાજર નહોતું. તાજમહેલની અંદર પેશાબ કરતા બે વ્યક્તિઓનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે અને ઈન્ટરનેટ યુઝર્સ તેમના શરમજનક કૃત્ય



માટે તેમની નિંદા કરી રહ્યા છે.

વિદેશીઓ સહિત હજારો પ્રવાસીઓ દરરોજ સ્મારકની મુલાકાત લે છે. આવી ઘટનાઓ જો આ મુલાકાતીઓ દ્વારા જોવામાં આવે, તો તે નિઃશંકપણે વૈશ્વિક મંચ પર દેશની પ્રતિષ્ઠાને કલંકિત કરશે. આવી વર્તણૂક અટકાવવી જોઈએ અને આ શરમજનક પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા કોઈપણ વ્યક્તિ પર ભારે દંડ લાદવાની સાથે કડક સજા કરવી જોઈએ.

અગાઉ તાજમહેલની સામે પાણી ભરાયું હતું. આગ્રામાં અવિરત વરસાદને કારણે તાજમહેલનો બગીચો તળાવમાં ફેરવાઈ ગયો હતો. તળાવમાં પરિવર્તિત થયેલા બગીચાનો પ્રવાસીઓએ વીડિયો બનાવીને સોશિયલ મીડિયા પર વાયરલ કર્યો હતો. એવા પણ અહેવાલો છે કે, પ્રદેશમાં ભારે વરસાદને કારણે તાજમહેલના મુખ્ય ગુંબજમાં લીકેજની જાણ થઈ હતી.



**ટ્રાયલ રન દરમ્યાન દુર્ગ-વિઝાગ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન પર પથ્થરમારો : પાંચની ધરપકડ**

# NEETની સફળતાની વાર્તા : ખેતમજૂરની પુત્રીએ અત્યંત ગરીબીમાં જીવન વિતાવ્યું, અંતે અખિલ ભારતીય ક્રમાંક ૬૩૧ સાથે મેડિકલ પરીક્ષા પાસ કરી હતી



(એજન્સી) નવી દિલ્હી, તા.૧૩

નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ (NEET) એ ભારતની સૌથી અઘરી પ્રવેશ પરીક્ષાઓમાંની એક ગણવામાં આવે છે, પરંતુ એક અસાધારણ યુવતીએ ટોપ પરફોર્મર બનવાની મુશ્કેલીઓને પાર કરી છે. ચારૂલ હોનિયારિયાની NEETની સફળતાની સફર ખરેખર દ્રઢતા અને નિશ્ચયની પ્રેરણાદાયી વાર્તા છે. ઉત્તર પ્રદેશના બિજનૌર જિલ્લાના કરતારપુર ગામની ચારૂલે ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો. તેના પિતા, એક નાના પાયે ખેડૂત,૮,૦૦૦ રૂપિયાની નજીવી માસિક આવક પર સાત જણના પરિવારનું ભરણપોષણ કરવા માટે સંઘર્ષ કરતા હતા. આ નાણાંકીય અવરોધો છતાં,માત્ર ૧૮ વર્ષની ઉંમરે, ચારૂલ તેના બાળપણના ડૉક્ટર બનવાના સ્વપ્ન પર અડગ રહી અને તેના માટે અથાગ મહેનત કરી. જોકે તેને શરૂઆતમાં અંગ્રેજી સાથે સંઘર્ષ કરવો પડ્યો હતો, ચારુલે ધોરણ માં તેની ભાષા કૌશલ્યમાં સુધારો કરવાનું શરૂ કર્યું. શિક્ષણ પ્રત્યેની તેની પ્રતિબદ્ધતાથી પ્રેરિત, તેણે ધોરણ ૧૦ માં NEET પરીક્ષાની તૈયારી કરવાનું શરૂ કર્યું. નાણાંકીય મર્યાદાઓનો સામનો કરીને, તેણે શિષ્યવૃત્તિ માટે અરજી કરી, જેના લીધે તેને એક પ્રતિષ્ઠિત NEET કોચિંગ સેન્ટરમાં પ્રવેશ મેળવવાની તક મળી. બે વર્ષની સખત તૈયારી પછી, ચારૂલે તેની ધોરણ ૧૨ ની પરીક્ષામાં ૯૩ ટકા માર્ક્સ સાથે ઉત્કૃષ્ટ દેખાવ કર્યો, અને તે તેના જિલ્લામાં ટોચના વિદ્યાર્થીઓમાંની એક બની. જો કે, તેનો અંતિમ ધ્યેય NEET પરીક્ષા પાસ કરવાનો અને દેશની પ્રીમિયર મેડિકલ કોલેજ, AIIMS નવી દિલ્હીમાં પ્રવેશ મેળવવાનો હતો. ૨૦૧૯ માં NEET પરીક્ષામાં ચારૂલનો પહેલો પ્રયત્ન તેની અપેક્ષાઓ મુજબ રહ્યો નહોતો, પરંતુ તે અડગ રહી. NEET ૨૦૨૦માં તેના બીજા પ્રયાસમાં, તેણે ૭૨૦ માંથી ૬૮૦ નો નોંધપાત્ર ગુણ મેળવ્યો, અને અખિલ ભારતીય ક્રમાંક ૬૩૧ હાંસલ કર્યો અને AIIMS નવી દિલ્હીમાં સ્થાન મેળવ્યું. ચારૂલની સફળતા તેના ડૉક્ટર બનવાના સ્વપ્નને સાકાર કરવા માટે તેના અતૂટ સમર્પણ અને નિશ્ચયનો પુરાવો છે.

# પ્રથમ પ્રયત્નમાં UPSC પાસ કરવા માટે મેડિકલ કારકિર્દી છોડનાર મહિલા અખિલ ભારતીય ક્રમાંક ૭૩૫ સાથે IPS અધિકારી બની

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૪

ઘણી વાર સ્વ-નિર્મિત મહિલાઓની સફળતાની વાર્તા સૌથી પ્રેરણાદાયી હોય છે, જે સખત મહેનત, દ્રઢતા અને દ્રઢતાનું પ્રતીક છે. આવી જ એક અદ્‌ભુત વાર્તા નવજોત સિમીની છે, જે એક ડૉક્ટર છે જે IPS અધિકારી બની છે.

૨૧ ડિસેમ્બર,૧૯૮૭ના રોજ પંજાબના ગુરદાસપુરમાં જન્મેલી નવજોતે બાબા જસવંત સિંહ ડેન્ટલ હોસ્પિટલ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, લુધિયાણામાંથી બેચલર ઑફ ડેન્ટલ સર્જરી (BDS) પૂર્ણ કરી. UPSC પરીક્ષાની તૈયારી કરવાનું નક્કી કરતાં પહેલાં તેણે શરૂઆતમાં દંત ચિકિત્સક તરીકે કામ કર્યું હતું.

દિલ્હીની એક પ્રતિષ્ઠિત સંસ્થામાંથી કોચિંગ મેળવ્યા



પછી, તેણે ૭૩૫નો અખિલ ભારતીય ક્રમાંક મેળવીને UPSC પરીક્ષા પાસ કરી હતી. તેને ભારતીય પોલીસ સેવા (IPS)ના બિહાર કેડરમાં સોંપવામાં આવી હતી અને હાલમાં તે પટનામાં ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ ઑફ પોલીસ (DSP) તરીકે સેવા આપી રહી છે. IPS અધિકારી તરીકેની તેની ભૂમિકામાં નવજોતે અપરાધ અટકાવવા, મહિલાઓ અને બાળકોની સુરક્ષા અને સામાજિક કલ્યાણને પ્રોત્સાહન આપીને મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. તે ઈન્સ્ટાગ્રામ અને ટ્વિટર જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પણ સક્રિય છે, જ્યાં તેણે મોટી સંખ્યામાં ફોલોઅર્સ મેળવ્યા છે.

નવજોત ભારપૂર્વક જણાવે છે કે,UPSC પરીક્ષામાં સફળતા માટે સમર્પણ અને પ્રેરણા નિર્ણાયક છે. તે ઈચ્છુકોને સલાહ આપે છે કે તેઓ શા માટે સિવિલ સેવાઓમાં જોડાવા માંગે છે અને તે દ્વારા તેઓ શું પ્રાપ્ત કરવાની આશા રાખે છે તેની સ્પષ્ટ દૃષ્ટિ ધરાવે. નવજોતના લગ્ન પંજાબના IAS અધિકારી તુષાર સિંગલા સાથે થયા છે, જેણે ૨૦૧૫માં UPSC પરીક્ષામાં અખિલ ભારતીય ક્રમાંક ૮૬ મેળવી પરીક્ષા પાસ કરી હતી. હાલમાં તે બિહારમાં બાંકાના જિલ્લા મેજિસ્ટ્રેટ તરીકે ફરજ બજાવે છે.




# નડિયાદ સહિત ખેડા જિલ્લામાં ઈદે મિલાદના પર્વની ઉજવણીને લઈ ધાર્મિક સ્થળો પર રોશની

## ઈદે મિલાદના જુલૂસની તડામાર તૈયારીઓ



નડિયાદ, તા.૧૪

નડિયાદ સહિત ખેડા જિલ્લામાં ઈદે મિલાદના પર્વની ઉજવણીને લઈ મુસ્લિમ બિરાદરોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે સોમવારના દિવસે જિલ્લાના વિવિધ ગામ શહેરોમાં ઈદ-એ-મિલાદનું ભવ્ય જુલૂસ નીકળશે હાલમાં મુસ્લિમ વિસ્તારમાં રોશની કરવામાં આવી છે તેમજ ધાર્મિક સ્થળોને પણ રોશનીતી સજાવામાં આવ્યા છે.

નડિયાદ મહુધા કઠલાલ કપડવંજ મહેમદાબાદ ખેડા માતર સંધાણા રતનપુર ડભાણ, વસો નરસંડા મિત્રાલ ચકલાસી ડાકોર ઠાસરા અંગાડી કાલસર રાજનગર સેવાલિયા સહિતના નાના-મોટા ગામમાં ઈદે મિલાદના પર્વને લઈ મુસ્લિમ વિસ્તારમાં રોશની કરવામાં આવી છે તોરણ તેમજ ઝંડા લગાવવામાં આવે છે અને ધાર્મિક સ્થળોને સજાવવામાં આવ્યા છે સાથે સાથે છેલ્લા ઘણા દિવસથી મસ્જિદોમાં મિલાદના કાર્યક્રમો પણ યોજાઇ રહ્યા છે જેમાં મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો હાજરી આપી રહ્યા છે

ખેડા જિલ્લામાં આ દિવસે ભવ્ય જુલૂસ નીકળે છે તેની પણ તૈયારીઓ ચાલી રહી છે શાંતિના વાતાવરણ વચ્ચે આ જુલૂસ કાઢવા માટે મુસ્લિમ બિરાદરો એ આયોજન હાથ ધર્યું છે આ ઉજવણીના ભાગરૂપે નાના બાળકોના ધાર્મિક પ્રોગ્રામ પણ વિવિધ ગામ શહેરમાં યોજાઇ રહ્યા છે

અત્રે નોંધનીય છે કે, ખેડા જિલ્લા પોલીસ અધિક્ષક દ્વારા ઈદે મિલાદનું જુલૂસ શાંતિના વાતાવરણ વચ્ચે નીકળે તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત જિલ્લામાં ગોઠવી દેવામાં આવ્યો છે આ ઉપરાંત પર્વ પૂર્વે જિલ્લાના તમામ પોલીસ સ્ટેશન દ્વારા હિન્દુ મુસ્લિમ આગેવાનોને બોલાવીને શાંતિ સમિતિની બેઠકનું પણ આયોજન કર્યું હતું અને જેમાં જરૂરી માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું.

# બોડેલીમાં મોબાઈલ ચોર પકડાયો

## ચોરીના ૧૬ મોબાઈલ, બાઈક કબજે કરાઈ



(સંવાદદાતા દ્વારા)

બોડેલી, તા.૧૪

બોડેલીમાં મોબાઈલની દુકાનમાં થયેલ ચોરીમાં છોટાઉદેપુર લોકલ ક્રાઇમ બ્રાન્ચે એક ઈસમને ચોરીના મોબાઇલ ફોન સાથે પકડી પાડ્યો હતો. ચોર પાસેથી મોબાઈલ નંગ ૧૬ અને મોટરસાયકલ જપ્ત કરી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. છોટાઉદેપુર જિલ્લા લોકલ ક્રાઇમ બ્રાન્ચનો સ્ટાફ બોડેલી પોલીસ સ્ટેશનના વિસ્તારમાં પેટ્રોલીંગ હતો. ત્યારે ખાનગી રાહે બાતમી હકીકત મળેલ.કે બોડેલી પોલીસ સ્ટેશન મોબાઈલની દુકાનનું તાળું તોડી મોબાઈલ ચોરી કરનાર ગુનાના કામે ચોરાયેલ મુદ્દામાલ બે ઈસમો કુંદનપુર વસાહતથી નિકળી ચલામલી તરફ વેચવા જતા હોવાની હકીકત આધારે મોજે ચલામલી ગામે ફેરકુવા ત્રણ રસ્તા પાસે વોચ નાકાબંધી કરતા બાતમી હકીકત મુજબના વર્ણનવાળા બે કે ઈસમો મોટરસાયકલ લઈને આવતા તેઓને હાથ વડે ઈશારો કરી મોટરસાયકલ ઉભી રખાવી કોર્ડન કરી પકડી લઈને ઈસમો પૈકી મોટરસાયકલ ચાલકનું નામ પુછતા અરવિંદભાઈ ભીલ (ઉં.વ.૨૧) હોવાનું જણાવેલ તેમજ પાછળ બેસેલ બાળ કિશોર હોય તેઓ પાસેથી એક વજનદાર ચિજવસ્તુ ભરેલ બેગ મળી આવેલ જે બેગ ખોલી જોતા અલગ અલગ કંપનીના મોબાઇલ ફોન હતા. તેઓને મોબાઇલ ફોનના બીલ તથા માલીકી અંગેના આધાર પુરાવા માંગતા તેઓએ પોતાની પાસે કોઇ બીલ કે આધાર પુરાવા રજુ કરેલ નહી જેથી તેઓને વિશ્વાસમાં લઇ યુક્તિ પ્રયુક્તિથી પુછપરછ કરતા તેઓ બન્ને જણાવેલ કે આજથી થોડાક દિવસ પહેલા ગઇ તા. ૨૯/૦૮/૨૦૨૪ના રોજ બપોરે રેકી કરવા આવેલ અને રાત્રીના હું અને અરવિંદ મોટરસાઇકલ લઇને બોડેલી ટાઉનમાં આવેલ અને અમે નક્કી કરેલ મોબાઇલની દુકાનનું શટર તોડી મોબાઈલોની ચોરી કર્યાની કબુલાત કરતા તેઓ પાસેથી અલગ-અલગ કંપનીના ૧૬ મોબાઈલ ફોન, એક મોટરસાયકલ અને ૧૨ હજાર રોકડા રૂપિયા જપ્ત કરાયા હતા.

### આપ (સ.અ.વ.)ની શાનમાં ગુસ્તાખી કરનાર

# મહારાષ્ટ્રના કટ્ટરવાદી રામગીરી મહારાજની ધરપકડ કરવા આવેદન

## ડભોઈ મુસ્લિમ સમાજ દ્વારા નાયબ કલેક્ટરને આવેદન પાઠવાયું



ડભોઇ, તા.૧૪

ઈસ્લામ ધર્મના મહાન પયગમ્બર હઝરત મુહમ્મદ (સ.અ.વ.) સાહેબની વિરૂદ્ધ અભદ્ર ભાષાનો પ્રયોગ બદલ કટ્ટરવાદી રામગીરી મહારાજ સામે ડભોઇ મુસ્લિમ સમાજ દ્વારા નાયબ કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું. રામગીરી મહારાજને તાત્કાલિક અસરથી જેલના સળિયા પાછળ ધકેલવા માંગ કરી હતી. તા.૧૫/૦૮/૨૦૨૪ આપણાં ૭૮મા સ્વાતંત્ર્ય પર્વના પવિત્ર દિવસે મહારાષ્ટ્રના નાસિક જિલ્લામાં કટ્ટરવાદી મહંત રામગીરી મહારાજે પોતાના જાહેર પ્રવચન દરમ્યાન ઈસ્લામ ધર્મના મહાન પયગમ્બર હઝરત મુહમ્મદ (સ.અ.વ.) સાહેબની વિરૂદ્ધ અશોભનીય અને અપશબ્દો બોલ્યા જેનાથી દેશના સૌ મુસ્લિમ સમાજની ધાર્મિક લાગણી દુભાઈ છે. મુસ્લિમ સમાજ દ્વારા કટ્ટરવાદી રામગીરી મહારાજ વિરૂદ્ધ કડક કાર્યવાહીની માગણી સાથે દેશના જુદા-જુદા જિલ્લાઓમાં વહીવટી તંત્રને "આવેદન પત્ર" તેમજ પોલીસ એફ.આઈ.આર. નોંધીને વિરોધ દર્શાવવામાં આવી રહ્યો છે. મહંત રામગીરી મહારાજ વિરૂદ્ધ મહારાષ્ટ્રના ઘણાં જિલ્લાઓમાં પોલીસ વિભાગ દ્વારા ભારતીય ન્યાય સંહિતા (બી.એન.એસ.) ૨૦૨૩ની કલમ ૧૯૬(૧) (એ), ૨૨૯, ૩૦૨, ૩૫૩(૨), ૩૫૩(૩), ૩૫૬ સહિતની કલમો સાથે એફ.આઈ.આર. નોંધવામાં આવી છે. પરંતુ સૌ "આશિકે રસુલ" એવા મુસ્લિમ સમાજને સરકાર દ્વારા હજુ સુધી આવા પાખંડી મહંત રામગીરી મહારાજની પોલીસ દ્વારા હજુ સુધી ધરપકડ ન કરવામાં આવતા સમગ્ર દેશના મુસ્લિમ સમાજમાં આક્રોશ જોવા મળી રહ્યો છે. આ કાર્યક્રમમાં મુસ્લિમ સમાજના આગેવાન ડભોઇ શહેર કાઝી શૈફુદ્દિન સાહબ, સૈયદ તાહીર હુસૈન કાદરી બાપુ, વકીલ જાવેદભાઈ પઠાણ, ઐયુબભાઈ ખલીફા, યુસુફભાઈ દિવાન, ઐયુબભાઈ મન્સૂરી, ઈબ્રાહીમભાઇ ખત્રી, યાકુબભાઈ ઘાંચી સાથે મોટી સંખ્યામાં મુસ્લિમ સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# ખેડા જિલ્લામાં ઈદે મિલાદ તેમજ ગણેશ વિસર્જનને લઈ પોલીસનો ચાંપતો બંદોબસ્ત

(સંવાદદાતા દ્વારા)

નડિયાદ, તા.૧૪

ખેડા જિલ્લામાં આગામી ૧૬ અને ૧૭ તારીખે આવનાર હિન્દુ-મુસ્લિમના પર્વને લઈ ખેડા જિલ્લા પોલીસ એલર્ટમાં આવી ગઈ છે જિલ્લા પોલીસ અધિક્ષકે ગણેશ વિસર્જન વખતે નદી કે કેનાલમાં પ્રજાએ જાતે ના ઉતરવું તેમજ ત્યાં હાજર તરવૈયાઓ પાણીમાં ઉતરશે જેથી કરીને કોઈ ઘટના ન બને તેવી પણ અપીલ કરી છે તેમજ ગાઈડલાઈન મુજબ જ વિસર્જન યાત્રા કરવી તેવી પણ ખાસ અપીલ કરી છે.

ખેડા જિલ્લા પોલીસ દ્વારા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને ગણેશ વિસર્જન તથા ઈદે મિલાદ તહેવારને ધ્યાને રાખી બન્ને કોમના લોકો શાંતીથી તહેવાર મનાવી શકે અને શાંતિપુર્ણ માહોલમાં તહેવારોની ઉજવણી થાય અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ખેડા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશન દ્વારા ૧૬૦ જેટલી શાંતિ સમિતિ તથા મહોલ્લા મિટીંગો યોજવામા આવી હતી જે બેઠકમા હિંદુ તથા મુસ્લિમ સમાજના આગેવાનો હાજર હતા તથા ખેડા જિલ્લા પોલીસ દ્વારા સંપુર્ણ આયોજનબદ્ધ તૈયારીઓ કરી એકશન પ્લાન બનાવી જિલ્લામા નવિન અને અધ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરી ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવેલ છે. જેમાં આગામી ૧૬મી તારીખે ઈદે મિલાદ જુલૂસ તથા ૧૭મી તારીખે ગણપતિ વિસર્જન અનુસંધાને જિલ્લામા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવેલ છે. જેમાં૪૫ પોલીસ અધિકારીઓ તથા ૯૫૦થી વધુ પોલીસકર્મી તથા ૧૨૦૦ જેટલા હોમગાર્ડ/જી.આર.ડી સભ્યો બંદોબસ્તમાં રહેશે.

પોલીસ દ્વારા અલગ-અલગ જગ્યાએ ધાબા પોઈન્ટ દ્વારા ચાંપતી નજર રખાશે. જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચની ૩ ટીમો બંદોબસ્તમાં તૈનાત રહેશે. જિલ્લા એસ.ઓ.જીની ૩ ટીમ બંદોબસ્તમાં તૈનાત રહેશે. તેમજપેરોલ ફર્લોની ૧ ટીમ બંદોબસ્તમા તૈનાત રહેશે.

### સાવલીના ગોઠડા ગામે આવેલ ચૌહાણ વગામાં

# હિન્દુ-મુસ્લિમોના ટોળા ભેગા થયા છે, પોલીસને ગેરમાર્ગે દોરનાર દારૂડિયા સામે ગુનો દાખલ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૪

વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના ગોઠડા ગામમાં આવેલા ચૌહાણ વગામાં ગઈ રાત્રે હિન્દુ અને મુસ્લિમોના ટોળા ભેગા થયા છે તેમજ ઝઘડો થાય તેવું વાતાવરણ સર્જાયું છે તેવી પોલીસને એક મોબાઇલ ફોન દ્વારા માહિતી મળતા પોલીસ સ્થળ પર દોડી ગઈ હતી. વાતાવરણ બગડે તેવો કોઈ માહોલ જોવા મળ્યો ન હતો. દરમિયાન પોલીસને ગેરમાર્ગે દોરનાર શખ્સની શોધખોળ કરી તપાસ હાથ ધરતા તેનું નામ કલ્પેશ ઉર્ફે રૂપેશ લાલાભાઇ પરમાર અને સલીમ ઠાકોરભાઈ ચૌહાણ જાણવા મળ્યું હતું. આ બંનેએ ચિક્કાર દારૂ પીને ગણેશ ઉત્સવ તેમજ ઈદે મિલાદના તહેવારમાં ગામનું વાતાવરણ બગડે તેવું કૃત્ય કર્યું હતું. જેના પગલે પોલીસે બંને સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### કચ્છના બુઝુર્ગ આલિમ રૂહાની પેશ્વા અને કોમી એકતાના હિમાયતી

# પીર સૈયદ ડો. હાજી જહાંગીરશા બાવાની વિદાય, કચ્છ મુસ્લિમ સમાજ માટે ન પૂરાય તેવી ખોટ : હાજી જુમા રાયમા




અંજાર, તા.૧૪

કચ્છ જિલ્લના વિઝાંણના વતની મુફતીએ કચ્છ સૈયદ હાજી અહમદશાબાવા (ર.અ.) ના નાના ભાઈ ડો. સૈયદ હાજી જહાંગીરશા બાવાનો ઈન્તેકાલ કચ્છ મુસ્લિમ સમાજ માટે ન પૂરાય તેવી ખોટ છે ડો. સૈયદ હાજી જહાગીરશા બાવા ઈસ્લામી સ્કોલર હતા વ્યવસાયે આયુર્વેદી ડો. હતા કચ્છ મુસ્લિમ સમાજમાં કુરીવાજો દૂર કરવા તથા દીને ઈસ્લામનો સંદેશ ઘર ઘર સુધી પહોચાડવામા તથા કચ્છની તમામ મુસ્લિમ સંસ્થાઓમા તેમનુ મોટુ યોગદાન હતું આજે તેમની વિદાયથી કચ્છ મુસ્લિમ સમાજે એક રૂહાની પેશ્વા ગુમાવ્યા છે તેવુ મુસ્લિમ અગ્રણી હાજી જુમા રાયમા એ જણાવેલ છે અહમદાબાદ જમાલ પુરના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા તથા માજી. ધારાસભ્ય ગ્યાસુદીન શેખે તેમની સેવાઓને બીરદાવી હતી તેમણે જણાવેલ કે કચ્છના મુસ્લિમ સમાજે એક ધાર્મિક સામાજિક વિદ્વાન માર્ગદર્શક ગુમાવ્યા છે સમાજને તેમની ખોટ હમેશા રહેશે આ દુ:ખની ઘડીમા પરીવાર જનો પ્રત્યે સંવેદના વ્યકત કરી હતી હાજી જુમા રાયમા એ જણાવેલ કે કચ્છ જિલ્લાના નામવર આલિમે દીન પીરે તરીકત યાદગારે અસલાફ નમુનએ સલ્ફ વ ખલ્ફ કમરે કાદીરિયત આબરૂ એ અહેલે સુન્નત કૌમી એકતાના હિમાયતી પીર સૈયદ ડો. જહાગીરશા બાવા અલયહીર્રહમા આ દુનિયા છોડી અમારી વચ્ચે થી વિદાય અતિ દુખદ છે કચ્છના મુસ્લિમ સમાજ માટે મુફતિએ આઝમ કચ્છ પીર સૈયદ હાજી અહમદશા બાવા (ર.અ.) ની વિદાય પછી કચ્છ મુસ્લિમ સમાજ માટે બીજો મોટો આઘાત છે અલ્લાહ પોતાના હબીબે પાકના સદકે તેમને જન્નતુલ ફીરદોસ મા આલા મકામ અતા કરે તેમના દરજાતને બુલંદ કરે અને તેમના પરિવાર જનોનો સબ્રે જમીલ અતા કરે તેવી દુઆ ગુજારી હતી.

### તળાજાના ગાધેસર ગામે

# વાડીના પાળે માલઢોર ચરાવવા બાબતે બે જૂથ વચ્ચે સશસ્ત્ર અથડામણ

ભાવનગર, તા.૧૪

તળાજા તાલુકાના ગાધેસર ગામના વાડી વિસ્તારમાં વાડીના પાળે માલઢોર ચરાવવા બાબતે બે જૂથ વચ્ચે સશસ્ત્ર અથડામણ થતાં બંને જૂથના મળી પાંચ વ્યક્તિને નાનીમોટી ઈજા પહોંચી હતી. મારામારીની આ ઘટના અંગે દાઠા પોલીસે બંને જૂથના મળી ૧૦ વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. આ બનાવ અંગે પ્રાપ્ત વિગત મુજબ તળાજા તાલુકાના ગાધેસર ગામની સીમમાં ગોપનાથ જવાના રસ્તા પર આવેલી હાલુ ગોલણભાઈ કામળિયાની વાડીના પાળા પાસે બોડકી ગામના જીવા બોઘાભાઈ ભાદરકાના માલઢોર ચરતા હોવાથી માલઢોરને હાકવાનું કહેતા બંને વચ્ચે બોલાચાલી થતા જીવાભાઈએ ફોન કરીને અન્ય લોકોને બોલાવતા બંને જૂથ વચ્ચે લોખંડનો સળિયો, પાઈપ, તલવાર, ધોકા વડે અથડામણ થઈ હતી. આ જૂથ અથડામણમાં હાલુ ગોલણભાઈ કામળીયા તેમજ તેમના ભાઈ સુરંગ કામળિયાને ઈજા થઈ હતી, જ્યારે સામાપક્ષે બોઘા નાજાભાઈ ભાદરકા, જીવા બોઘાભાઈ ભાદરકા અને કાંધા જેઠરભાઈને ઈજા પહોંચતા તમામને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ અંગે બોઘા નાજાભાઈ ભાદરકાએ હાલુ ગોલણ કામળિયા, સુરિંગ ગોલણભાઈ કામળિયા, મહિપત ગોલણભાઈ કામળિયા અને હરપાલ મધુભાઈ કામળિયા (રહે. તમામ ગાધેસર તા.તળાજા) વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે. જયારે સામાપક્ષે હાલુ ગોલણભાઈ કામળિયાએ જીવા બોઘાભાઈ ભાદરકા, બોઘા નાજાભાઈ ભાદરકા, દેવાયત બોઘાભાઈ ભાદરકા, કાંધા જેઠુરભાઈ, ગીગા વિહાભાઈ ભાદરકા અને ખોડા હાજુભાઈ ભાદરકા (રહે. તમામ બોડકી, તા. તળાજા) વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા દાઠા પોલીસે સામસામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢમાં રેસ્ટોરન્ટ માલિક સહિત ત્રણ શખ્સોનો યુવક પર હુમલો

જૂનાગઢ, તા.૧૪

જૂનાગઢ શહેરના ચીતાખાના ચોકમાં આવેલ રેસ્ટોરન્ટના માલિક સાથે ૩ શખ્સોએ ઉધાર ન આપવા બાબતે બોલાચાલી કરી ધારદાર વસ્તુઓ વડે હુમલો કર્યાની ફરિયાદ બી ડિવિઝન પોલીસ મથકે નોંધાઈ છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર અતીક હસનભાઈ મહીડાએ સોયબ ફારૂકભાઈ વડગામા તથા અન્ય બે અજાણ્યા શખ્સો વિરૂદ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, ફરિયાદીને આરોપી સોયબ વડગામાએ ઉધાર ન આપવા બાબતે બોલાચાલી કરી અજાણ્યા શખ્સો લોખંડના સળિયા વડે વાસાના ભાગે મારી દીધેલ અને ઢીકાપાટુનો માર મારેલ સાથે આરોપી સોયબ વડગામાએ હાથ રહેલ ગાડીની ચાવી જેવી કોઈ ધારદાર વસ્તુથી ડાબી આંખ નજીક મારી દેતા સારવાર અર્થે ખસેડાયેલ. આ બનાવ અંગે બી ડિવિઝન પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# વડોદરામાં જૂનીગઢીની શ્રીજીની વિસર્જન યાત્રા શાંતિપૂર્ણ રીતે સંપન્ન થતાં તંત્રમાં હાશકારો

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૪

શહેરના જૂનીગઢી ખાતે બિરાજમાન ગણપતિની પ્રતિમાની શુક્રવારે સાતમા દિવસે વિસર્જન યાત્રા યોજાઇ હતી તેના આગલા દિવસે શહેર પોલીસે દ્વારા સમગ્ર રૂટમાં ફૂટમાર્ચ યોજ્યું હતું શુક્રવારે સાંજે જૂનીગઢી યુવક મિત્ર મંડળ દ્વારા સ્થાપિત શ્રીજીની વિસર્જનયાત્રા પહેલાં ભાજપ શહેર પ્રમુખ ડો.વિજય શાહ, ગુજરાત વિધાનસભાના મુખ્ય દંડક અને રાવપુરાના ધારાસભ્ય બાળુભાઈ શુકલ, ભાજપના શહેર મહામંત્રી સત્યેન કુલાબકર, મ્યુનિ. કાઉન્સિલર હેમિષાબેન ઠક્કર, પૂર્વ કાઉન્સિલર તથા અન્ય આગેવાનો દ્વારા આરતી કરવામાં આવી હતી ત્યારબાદ લોખંડી પોલીસ બંદોબસ્ત વચ્ચે જૂનીગઢીના શ્રીજીની વિસર્જનયાત્રા નિકળી હતી જેમાં હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા હતા. શ્રીજીનું ઠેરઠેર ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. વિસર્જનયાત્રા દરમિયાન પૂર્વ મેયર સુનિલ સોલંકી સહિતના ભાજપના આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતાં.

સાંજે સાત વાગ્યાની આસપાસ જૂનીગઢીના શ્રીજીની વિસર્જન યાત્રા ભદ્રકચેરીથી પાણીગેટ દરવાજા ત્યાંથી જમનાબાઇ હોસ્પિટલ થઇ માંડવી ખાતે શાંતિપૂર્ણ રીતે પસાર થઇ હતી. સંવેદનશીલ વિસ્તારમાંથી શાંતિપૂર્ણ રીતે જૂનીગઢી શ્રીજીની યાત્રા પસાર થતાં પોલીસ તથા પ્રશાસને રાહતનો શ્વાસ લીધો હતો. શહેર પોલીસ દ્વારા ભદ્રકચેરીથી પાણીગેટ માંડવી વચ્ચેના સંવેદનશીલ વિસ્તારમાં ધાબા પોઇન્ટ્સ, પતરાની આડાશો ગલીઓમાં કરી હતી પોલીસ દ્વારા બોડીવોર્મ કેમેરા તથા ચાંપતો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો જેથી સુરત જેવી કોઇ ઘટના બને નહીં. શહેર પોલીસ કમિશનર તથા શહેરના ચાર ઝોનના ડીસીપી સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ ખાસ આ વિસર્જનયાત્રા દરમિયાન ખડેપગે રહ્યાં હતાં. ત્રણ વાગ્યા બાદ આ રૂટ પરના ટ્રાફિકને ડાયવર્ટ કરવામાં આવ્યો હતો. જૂનીગઢીથી શ્રીજીની વિસર્જન યાત્રા નિકળી હતી જે ભદ્રકચેરી, પાણીગેટ, માંડવી થઇ લહેરીપુરાથી ન્યાયમંદિર પત્થરગેટ થઇ રાજમહેલરોડથી નવલખી કૃત્રિમ તળાવ ખાતે શ્રીજીનું વિસર્જન રાત્રે થશે.

# મેઘરજ પોલીસ સ્ટેશનના બે પોલીસ કર્મી સામે ગાળો આપી ધાકધમકી આપ્યાનો આક્ષેપ

## માતા-પુત્રીએ જિલ્લા પોલીસ વડાને લેખિત અરજી આપી ન્યાયની માંગ કરી




મોડાસા, તા.૧૪

અરવલ્લી જિલ્લામાં મેઘરજ પોલીસ સ્ટેશનના બે પોલીસકર્મીઓ વિરૂદ્ધ સ્થાનિક મહિલા દ્વારા ગંભીર આક્ષેપ કરવામાં આવ્યા છે. ડુંગરાગોડ ગામની રહેવાસી રાધાબેન રમણભાઈ ખાંટે આરોપ લગાવ્યો છે કે જમાદાર કરણશિહ અને રાકેશભાઈએ તેમના અને તેમના પરિવાર સાથે બિભસ્ત વર્તન કર્યું, ગંદી ગાળાગાળી કરી, અને ખોટી ફરિયાદ દાખલ કરી જેલમાં મૂકવાની ધમકી આપી હતી.

આ ઘટનાની શરૂઆત ત્યારે થઈ હતી જયારે રાધાબેનના બળદના મૃત્યુ પછી, પાડોશી લોકોએ મૃત બળદના નિકાલ કહ્યું રાધાબેને આ મામલે પોલીસને જાણ કરી હતી, પરંતુ તેમના મતે મેઘરજ પોલીસ સ્ટેશનમાં તેમની ફરિયાદ નોંધવામાં ન આવી. આ અંગે તેઓએ અરવલ્લી પોલીસ વડા પાસે લેખિત રજૂઆત કરી હતી. રાધાબેનના જણાવ્યા અનુસાર, ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ જ્યારે તેઓ તેમના માતા અને બહેન સાથે મેઘરજ પોલીસ સ્ટેશનમાં પહોંચ્યા, ત્યારે તેઓને બપોરથી સાંજ સુધી સ્ટેશનની બહાર બેસાડવામાં આવ્યા. ત્યારબાદ, જમાદાર કરણશિહ અને રાકેશભાઈએ તેમને સ્ટેશનની ઉપરની રૂમમાં લઈ જઈને ગાળો બોલી, ધમકાવ્યા કે તેમની ઉપર ખોટી ફરિયાદ દાખલ કરી જેલમાં મૂકવામાં આવશે.આ કેસમાં વધુમાં રાધાબેને જણાવ્યું કે તેમની સામે રૂપિયા ૩,૦૦૦ની માગણી પણ કરવામાં આવી હતી. આ સમગ્ર મામલે ન્યાયની માંગણી સાથે તેમણે પોલીસ વડાને લેખિત અરજી આપી છે અને મહત્ત્વની સાક્ષી તરીકે સ્ટેશનના સીસીટીવી ફૂટેજનો ઉલ્લેખ કર્યોછે. હવે તપાસ અર્થે વધુ કાર્યવાહી કરવામાં આવી રહી છે.

# સંતરામપુર નજીક ૪.૫૦ લાખના ડ્રગ્સ સાથે ચાર શખ્સો ઝડપાયા

(સંવાદદાતા દ્વારા)

લુણાવાડા, તા.૧૪

ગુજરાતમાં દિવસેને દિવસે ડ્રગ્સની ઘૂસણખોરી વધી રહી છે ત્યારે પોલીસ દ્વારા આવા ડ્રગ્સ ઘૂસાડનારાઓને ઝડપી પાડી કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. ત્યારે મહીસાગર જિલ્લામાંથી પણ આજે પોલીસે શંકાસ્પદ ડ્રગ્સ ઝડપી પાડ્યું છે. મહીસાગર જિલ્લા પોલીસે ડ્રગ્સના જથ્થા સાથે ચારની અટકાયત કરી છે. સંતરામપુર તાલુકાના વાંકાનાડા પાસે શંકાસ્પદ MD ડ્રગ્સનો જથ્થો લઈ મધ્ય પ્રદેશથી સંતરામપુર તરફ ચાર શખ્સો કાર લઈને આવી રહ્યા હતા. જેમને પોલીસે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ પાસેથી મળતી માહિતી અનુસાર ૪.૫ ગ્રામ ડ્રગ્સનો જથ્થો મળી આવ્યો છે. જેની અંદાજીત કિંમત ૪.૫૦ લાખ થાય છે. હાલ પોલીસ દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

## ધાર્મિક કાર્યક્રમ

### ભાવનગર

ભાવનગર શહેરમાં ખદીજતુલ કુબ્રા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા તા.૧૫/૯/૨૦૨૪ને રવિવારે સાંજે મગરિબની નમાઝ બાદથી વહેલી સવારે ફઝરની નમાઝ સુધી જશ્ને ઈદે મિલાદુન્નબી નિમિત્તે શેલારસા હોલમાં જુદા-જુદા ધાર્મિક કાર્યક્રમો યોજાશે.

સૈયદ હમ્ઝા અશરફ અશરફી કિછૌછવી પોતાની નુરાની ઝબાનમાં ઈદે મિલાદની શાનમાં ઈસ્લાહી તકરીર ફરમાવશે તેમજ સૈયદ ઈમરાન મુસ્તુફા હુસૈની (ન્આતખ્વાં ઓફ હૈદરાબાદ) અને તેમની ટીમ નાતશરીફ પેશ કરશે તેમજ સૈયદ સકલૈન અશરફ અશરફી કિછૌછવી તેમજ સૈયદ વસીમ અહેમદ અશરફી (પેશ ઈમામ જુમ્મા મસ્જિદ ભાવનગર) સહિતના મશહુર આલીમ સાહેબો, મૌલાના સાહેબો, ન્આતખ્વા તેમજ સમસ્ત મુસ્લિમ સમાજના મહાનુભાવો આ કાર્યક્રમમાં ખાસ હાજરી આપશે.

આ કાર્યક્રમમાં રાત્રે ઈશાની નમાઝ બાદ ખત્મે દરૂદ શરીફ, ન્આતશરીફનો પ્રોગ્રામ, ન્યાઝ શરીફ, કસીદા-એ-બુર્દાશરીફ તેમજ વહેલી સવારે બાલમુબારકના દિદાર સલાતો સલામ, સામૂહિક દુવાઓ સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાશે.

### ત્રણ દિવસથી લાપતા બન્યો હતો

# ચોટીલામાં કૂવામાંથી શંકાસ્પદ હાલતમાં યુવકનો મૃતદેહ મળ્યો

## હત્યા થઈ હોવાની આશંકા



(સંવાદદાતા દ્વારા)

સુરેન્દ્રનગર, તા.૧૪

ચોટીલાના મોટી મોલડી વિસ્તારમાં અવાવરૂ જગ્યાએ કૂવામાંથી એક પુરૂષની લાશ મળી આવી છે. ઓળખ કરવામાં આવતા આ લાશ નાની મોલડીમાં રહેતા ભુપત ખાચરની હોવાનું જાણવા મળ્યું છે. મળતી માહિતી પ્રમાણે છેલ્લા ત્રણ દિવસથી ભૂપત ખાચર લાપતા હતા. જે અંગે તેમના પરિવારજનોએ પોલીસ મથકે પણ જાણ કરી હતી. બીજી તરફ અવાવરૂ જગ્યાએ આવેલા એક કૂવામાં કોઈની લાશ તરતી હોવાની બાતમી મળતાં ચોટીલા પોલીસ તાબડતોબ સ્થળ પર પહોંચી ગઈ હતી. અને કૂવામાંથી ભુપતભાઈના મૃતદેહને બહાર કાઢવામાં આવ્યો હતો. ભૂપતભાઈના માથા પર ઈજાના નિશાન પણ જોવા મળ્યા છે. જેને લઈને માથામાં ઈજા પહોંચાડી ભૂપતભાઈની હત્યા કરવામાં આવી હોવાની આશંકા સેવાઈ રહી છે અને હત્યા કર્યા બાદ એ લાશ કૂવામાં ફેંકી દીધી હોવાનું જણાઈ આવે છે. ચોટીલા પોલીસે લાશનો કબજો લઈને આ ઘટના અંગે ગુનો નોંધી હત્યારાઓની શોધખોળ હાથ ધરી છે.

# ઈઝરાયેલ ગેરકાયદેસર રીતે કબજાવાળા વેસ્ટ બેંકમાં દર બે દિવસે એક પેલેસ્ટીની બાળકને મારી નાખે છે

(એજન્સી) તા.૧૪

ડિફેન્સ ફોર ચિલ્ડ્રન ઈન્ટરનેશનલ દ્વારા બહાર પાડવામાં આવેલા નવા અહેવાલમાં જણાવાયું છે કે ૨૦૦૦થી પૂર્વ જેરૂસલેમ સહિત ગેરકાયદેસર રીતે કબજાળા વેસ્ટ બેંકમાં ૨૦ ટકા પેલેસ્ટીની બાળકો મૃત્યુ પામ્યા છે એટલે કે દર બે દિવસે એક બાળકની હત્યા કરવામાં આવી. ‘ટાર્ગેટિંગ બાળપણ : ઈઝરાયેલી દળો દ્વારા મૃત્યુ પામેલા પેલેસ્ટીની બાળકો અને વેસ્ટ બેંકના વસાહતીઓ’ શીર્ષક ધરાવતા અભ્યાસમાં ૭ ઓક્ટોબર, ૨૦૨૩થી ૩૧ જુલાઈ, ૨૦૨૪ સુધીના સમયગાળાને આવરી લેવામાં આવ્યો છે. તેણે પૂર્વ જેરૂસલેમ સહિત વેસ્ટ બેંકના ૧૪૧ પેલેસ્ટીની બાળકોના મૃત્યુનું દસ્તાવેજીકરણ કર્યું છે, જેમાં બાળકોને ઈરાદાપૂર્વક લક્ષ્ય બનાવવા અને ઈજાગ્રસ્ત સગીરોને તબીબી સંભાળના વ્યવસ્થિત ઈન્કાર અંગે ગંભીર ચિંતાઓ વ્યક્ત કરવામાં આવી છે. ઈઝરાયેલ ગાઝા પર તેના લશ્કરી હુમલામાં ૧૮,૦૦૦થી વધુ બાળકોની હત્યા કરી ચૂક્યું છે. ઈન્ટરનેશનલ કોર્ટ ઑફ જસ્ટિસ (ICJ)એ સંભવિત નરસંહાર તરીકે વર્ણવેલ ઈઝરાયેલના હુમલાથી મૃત્યુઆંક વધીને ૪૧,૦૦૦થી વધુ થયો છે, જેમાં મોટાભાગની મહિલાઓ અને બાળકો છે. ડીસીઆઈપીના ડાયરેક્ટર જનરલ ખાલેદ કુઝમારે જણાવ્યું કે, ‘ઈઝરાયેલી દળો સમગ્ર કબજા હેઠળના પેલેસ્ટીની વિસ્તારમાં ગણતરીપૂર્વકની ક્રૂરતા અને નિર્દયતાથી પેલેસ્ટીની બાળકોને મારી રહ્યા છે.’ ‘આંતરરાષ્ટ્રીય સમુદાયે પેલેસ્ટીની બાળકોના જીવનની સુરક્ષા માટે શસ્ત્ર પ્રતિબંધ અને પ્રતિબંધો લાદવા માટે તાત્કાલિક પગલાં લેવા જોઈએ.’

રિપોર્ટના તારણો પરિસ્થિતિનું ગંભીર ચિત્ર દોરે છે. DCIP અનુસાર ઈઝરાયેલી સુરક્ષા દળો અને વસાહતીઓએ પૂર્વ જેરૂસલેમ સહિત વેસ્ટ બેંકમાં ૧૧૬ પેલેસ્ટીની બાળકોની ગોળી મારીને હત્યા કરી હતી. વધુમાં ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં બળના અપ્રમાણસર ઉપયોગને પ્રકાશિત કરતા હવાઈ હુમલાઓએ ૨૫ પેલેસ્ટીની બાળકોના જીવ લીધા.



ખાસ કરીને ચિંતાજનક બાબત એ છે કે ૪૩ ટકા કિસ્સાઓમાં ઈઝરાયેલી દળોએ ઈરાદાપૂર્વક ઘાયલ પેલેસ્ટીની બાળકોને તબીબી સંભાળ મેળવવાથી અટકાવ્યા છે, જે આંતરરાષ્ટ્રીય માનવતાવાદી કાયદાના પાલન અને તબીબી સહાયતાના મૂળભૂત અધિકાર વિશે ગંભીર પ્રશ્નો ઉભા કરે છે. અહેવાલમાં પેલેસ્ટીની શરણાર્થી શિબિરોમાં તીવ્ર ઘૂસણખોરીને પણ પ્રકાશિત કરવામાં આવી છે, જે દરમિયાન ઓછામાં ઓછા ૪૯ પેલેસ્ટીની બાળકો મૃત્યુ પામ્યા. આવા ઓપરેશનો, ઘણીવાર ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં કરવામાં આવે છે, જેના પરિણામે મોટી સંખ્યામાં નાગરિક જાનહાનિ અને વ્યાપક વિનાશ થાય છે. આ દુર્ઘટનાને વધુ જટિલ બનાવતા ઈઝરાયેલી સત્તાવાળાઓએ ૧૮ પેલેસ્ટીની બાળકોના મૃતદેહ જપ્ત કર્યા છે, જે આંતરરાષ્ટ્રીય માનવતાવાદી અને ફોજદારી કાયદાનું ઉલ્લંઘન કરે છે. આ અધિનિયમ માત્ર પરિવારોને તેમના પ્રિયજનોને યોગ્ય રીતે શોક કરવાના અધિકારને નકારે છે, પરંતુ આ મૃત્યુના સંજોગોમાં સ્વતંત્ર તપાસને પણ અવરોધે છે. DCIPના એકાઉન્ટબિલિટી પ્રોગ્રામ ડાયરેક્ટર, અય્યાદ અબુ ઈક્તાશે, જવાબદેહીના અભાવ પર પ્રકાશ પાડતા જણાવ્યું કે, ‘આ બાળકોની હત્યા માટે એક પણ વ્યક્તિને જવાબદાર ઠેરવવામાં આવી નથી, જે ઈઝરાયેલી સૈન્યને મુક્તિ સાથે હત્યા ચાલુ રાખવા માટે પ્રોત્સાહન મળી રહ્યું છે.’

દિવાળી વેકેશનને કારણે ટ્રેનની ટિકિટ ૪ મહિના પહેલા કન્ફર્મ કરાવવી પડશે
જો તમારી પાસે ટિકિટ હોય તો, અમારી પાસે ડાયરેક્ટ પેકેજ પણ ઉપલબ્ધ છે.
OCT 20-27 NOV 10-17 | JAN-5-12 કાશ્મીર શ્રીનગર-સોનમર્ગ પહેલગાંવ 18,500/-
NOV-1-4-8 DEC-8-15 ગોવા 7,500/-
NOV-9 DEC-15 | JAN-18 કેરાલા ઠેકડી - મુન્નાર - કન્યાકુમારી 22,500/-
સુવિધા ટુરિઝમ યાસીન બિસોરા
M: 9974040880 | 9909029072
નગીના મસ્જિદ, નાડીયાવાડ, જમાલપુર, અમદાવાદ

આશા હોસ્પિટલ 9426173332 8849019737
જમાલપુર રોડ, વૈશ્યસભા ચાર રસ્તા, અમદાવાદ
● પ્રસૂતિ/કસુવાવડ ● સંતાન પ્રાપ્તિ
● ગર્ભપાતથી બચવાના ઉપાય
● ગર્ભાશય ઓપરેશન (ટાંકા વગર)
● કાયા સંકોચન (ડિલિવરી પછી ઢીલું શરીર ટાંકા દ્વારા અથવા દવાથી)
● સ્તન ગાંઠ/કેન્સર નિદાન અને સારવાર
● સોનોગ્રાફી સિઝેરિયન ઓપરેશન
● ગર્ભાશયની ગાંઠ/કેન્સર નિદાન
સ્ત્રી અને પુરૂષ બંનેમાં ગુપ્ત તકલીફની સમસ્યા અલ્પશુક્રાણુ AZOOSPERMIA ગુપ્ત રોગોના કારણે માનસિક તણાવ
સોનોગ્રાફી રાહત દરે (૫૦% ડિસ્કાઉન્ટ)
HYMENOPLASTY (કૌમાર્ય પાછું મેળવો)
ખત્ના કોઈ પણ ઉંમરે દુખાવા વગર
જોઈએ છે લેડી ડો. BAMS-BHMS-DHMS સ્ટાફ/સફાઈ કામદાર

એ.એન. ફારૂકી જ્વેલર્સ
916 હોલમાર્ક દાગીના માટે વિશ્વાસ પાત્ર સ્થળ
બંગલાવાલા માર્કેટ દુકાન નં :- 8 મોટા બમ્બા, નાળીયાવાડ, જમાલપુર અમદાવાદ- 9265947354
ઇસરાફીલભાઇ 9879301694

# પોપ ફ્રાન્સિસે ઈઝરાયેલ બોમ્બ વિસ્ફોટમાં ગાઝાના બાળકોના મૃત્યુની ટીકા કરી

(એજન્સી) તા.૧૪

પોપ ફ્રાન્સિસે શુક્રવારે ગાઝામાં ઈઝરાયેલી સૈન્ય હુમલામાં પેલેસ્ટીની બાળકોના મૃત્યુની ટીકા કરી અને હમાસના પ્રતિકાર જૂથો પર હુમલો કરવાની ‘ધારણા’ પર શાળાઓ પર બોમ્બ વિસ્ફોટને ‘ધિક્કારપાત્ર’ ગણાવ્યું હતું. સિંગાપુરથી રોમ પરત ફરતી વખતે પોપે શંકા વ્યક્ત કરી કે અગિયાર મહિનાના યુદ્ધમાં ફસાયેલા ઈઝરાયેલ અથવા હમાસ સંઘર્ષને સમાપ્ત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. પોપે જણાવ્યું કે, ‘મને આ કહેતા દુઃખ થાય છે. પરંતુ મને નથી લાગતું કે તેઓ શાંતિ સ્થાપવા માટે પગલાં લઈ રહ્યા છે.’ ફ્રાન્સિસ દક્ષિણપૂર્વ એશિયા અને ઓશેનિયાની ૧૨ દિવસની વ્યસ્ત યાત્રા બાદ પત્રકારો સાથેની પ્રેસ કોન્ફરન્સમાં બોલી રહ્યા હતા. તેમણે જણાવ્યું કે તે ગાઝામાં કેથોલિક પેરિશના સભ્યો સાથે ‘દરરોજ’ ફોન પર વાત કરે છે અને ‘તેઓ મને હલકી વસ્તુઓ, મુશ્કેલ વસ્તુઓ કહે છે.’ મહેરબાની કરીને જ્યારે તમે હત્યા કરાયેલા બાળકોના મૃતદેહો જુઓ છો, જ્યારે તમે જુઓ છો કે, કેટલાક ગેરીલાઓ છે એવી ધારણા હેઠળ, શાળામાં બોમ્બ વિસ્ફોટ કરવામાં આવે છે, તે કદરૂપું છે. ‘તે હલકી છે,’ ૮૭ વર્ષીય પોપે જણાવ્યું. પોપે જેમણે સંઘર્ષમાં યુદ્ધવિરામ અને હમાસ દ્વારા રાખવામાં આવેલા ઈઝરાયેલી બંધકોની મુક્તિ માટેના કોલને ટેકો આપ્યો છે, તેમણે જણાવ્યું કે, ‘ક્યારેક મને લાગે



છે કે આ યુદ્ધ ખૂબ વધારે છે.’ ઈઝરાયેલ-પેલેસ્ટીન યુદ્ધ ૭ ઓક્ટોબરના રોજ હમાસ દ્વારા કરવામાં આવેલા હુમલાથી શરૂ થયું હતું, જ્યારે ઈઝરાયેલના આંકડાઓ અનુસાર, સમૂહે લગભગ ૧,૨૦૦ લોકોની હત્યા કરી હતી અને લગભગ ૨૫૦ લોકોને બંધક બનાવ્યા હતા. પરિણામી ઈઝરાયેલી લશ્કરી અભિયાને સ્ટ્રીપને કાટમાળમાં ઘટાડી દીધી છે અને ૪૧,૦૦૦થી વધુ પેલેસ્ટીનીઓના જીવ લીધા છે, પ્રદેશના આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર. જો કે, હારેટ્ઝે પછી જાહેર કર્યું કે ઈઝરાયેલના લશ્કરી હેલિકોપ્ટર અને ટેંકોએ હકીકતમાં ૧,૧૩૯ સૈનિકો અને નાગરિકોમાંથી ઘણા મૃત્યુ પામ્યા હતા જેમનો ઈઝરાયેલે દાવો કર્યો હતો કે પેલેસ્ટીની પ્રતિકાર દ્વારા મૃત્યુ પામ્યા છે. યુનાઈટેડ નેશન્સે ગુરૂવારે જણાવ્યું કે યુદ્ધે ગાઝાની અર્થવ્યવસ્થાને ‘બરબાદ’ કરી દીધી છે. ૪૦ મિનિટની પ્રેસ કોન્ફરન્સ દરમિયાન પોપે અન્ય ઘણા મુદ્દાઓ પર સ્પર્શ કર્યો. તેમણે પૂર્વ યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને વાઈસ પ્રેસિડેન્ટ કમલા હેરિસની નીતિઓની ટીકા કરી હતી અને જણાવ્યું કે અમેરિકન કેથલિકોએ નવેમ્બરમાં મતદાન કરતી વખતે ‘ઓછી અનિષ્ટ પસંદ કરવી’ પડશે, પરંતુ તેણે વિસ્તૃત માહિતી આપી ન હતી.

# ગાઝામાં હુમલો કરાયેલ શાળામાં હમાસની સંડોવણીના ઈઝરાયેલના દાવાને સમર્થન આપવા માટે ‘કોઈ પુરાવા નથી’ : સંયુક્ત રાષ્ટ્ર

(એજન્સી) તા.૧૪

યુનાઈટેડ નેશન્સે ગુરૂવારે સમર્થન કર્યું કે, ઈઝરાયેલના દાવાને સમર્થન આપતા કોઈ પુરાવા નથી કે યુએન એજન્સી ફોર પેલેસ્ટીન રેફ્યુજીસ (યુએનઆરડબ્લ્યુએ) સુવિધાઓ હમાસ દ્વારા ચલાવવામાં આવે છે.

અમારી પાસે કોઈ પુરાવા નથી, યુએનના પ્રવક્તા સ્ટેફન દુજારિકે યુએનઆરડબ્લ્યુએ સંચાલિત અલ-જૌની શાળામાં પેલેસ્ટીની પ્રતિકાર સમૂહની સંડોવણીના ઈઝરાયેલના દાવા અંગેના પ્રશ્નના જવાબમાં જણાવ્યું હતું. ૧૨,૦૦૦ વિસ્થાપિત ગઝાના લોકોએ અલ-જૌની શાળામાં આશરો લીધો છે.

બુધવારે ઈઝરાયેલી હુમલાના ૧૮ પીડિતોમાં ઓછામાં ઓછા છ UNRWA સ્ટાફનો સમાવેશ થાય છે, જેમાં આ



વિસ્તારમાં UNRWA આશ્રયસ્થાનના મેનેજરનો સમાવેશ થાય છે.

દુજારિકે જણાવ્યું કે, યુએન અમારા સ્ટાફને સુરક્ષિત રાખવા અને ગાઝામાં નાગરિકોને ખૂબ જ જરૂરી માનવતાવાદી સહાય પહોંચાડવા વચ્ચે સંતુલન જાળવવા માટે અમે શક્ય તેટલું સખત મહેનત કરી રહ્યા છીએ અને યુએન સ્ટાફની સુરક્ષા અને ઓપરેશનલ પડકારોથી વાકેફ હશે ચિંતા વ્યક્ત કરવા માટે ઈઝરાયેલી સરકારના ઉચ્ચતમ સ્તરોનો સંપર્ક કર્યો.

સંયુક્ત રાષ્ટ્રમાં ઈઝરાયેલના રાજદૂત ડેની ડેનને હુમલામાં મૃત્યુ પામેલા UNRWA કામદારોને ‘આતંકવાદી’ સમૂહ હોવાનો આરોપ મૂક્યો હતો.

જવાબમાં દુજારિકે જણાવ્યું કે, અમે આનું સમર્થન કે નકારવાની સ્થિતિમાં નથી. અમારૂં ધ્યાન માનવ સ્વાસ્થ્ય પર છે. તમામ પક્ષોએ હુમલા કરવા અથવા લક્ષ્યાંક કરવા માટે નાગરિક સાઈટ્સનો ઉપયોગ કરવાથી દૂર રહેવું જોઈએ તેના પર ભાર મૂકતા દુજારિકે જણાવ્યું કે, શાળા UNRWA દ્વારા સંચાલિત આશ્રયસ્થાન છે અને જો કોઈ તેનો દુરૂપયોગ કરી રહ્યું છે, તો અમે શોધીશું.

# ન્યૂયોર્ક સિટીના મ્યુઝિયમે કેફિયા પહેરવા બદલ ત્રણ કર્મચારીઓને નોકરીમાંથી કાઢી મૂક્યા

(એજન્સી) તા.૧૪

ન્યૂયોર્ક સિટીના નોગુચી મ્યુઝિયમે ગઈકાલે જણાવ્યું કે તેણે તેના ત્રણ કર્મચારીઓને કેફિયેહ પહેરીને તેના અપડેટ કરેલા ડ્રેસ કોડનું ઉલ્લંઘન કર્યા પછી નોકરીમાંથી કાઢી મૂક્યા હતા. ગયા મહિને, જાપાની અમેરિકન શિલ્પકાર ઈસામુ નોગુચી દ્વારા સ્થાપિત આર્ટ મ્યુઝિયમે કર્મચારીઓને ‘રાજકીય સંદેશાઓ, સૂત્રો અથવા પ્રતીકો’ વ્યક્ત કરતી કોઈપણ વસ્તુ પહેરવા પર પ્રતિબંધ મૂકવાની નીતિની જાહેરાત કરી હતી. નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે ‘જ્યારે અમે સમજીએ છીએ કે આ વસ્ત્રો પહેરવા પાછળનો હેતુ વ્યક્તિગત વિચારો વ્યક્ત કરવાનો હતો, અમે એ પણ ઓળખીએ છીએ કે આવા અભિવ્યક્તિઓ અજાણતાં અમારા વિવિધ મુલાકાતીઓના એક વર્ગને અલગ કરી શકે છે. બરતરફ કરાયેલી ત્રણ ગેલેરી પરિચારિકાઓમાંથી એક નતાલી કેપેલિનીએ ઈન્સ્ટાગ્રામ પર જણાવ્યું કે મ્યુઝિયમનું નેતૃત્વ પેલેસ્ટીની કારણ સામે ‘રાજકીય’ શબ્દને હથિયાર બનાવી રહ્યું છે. મ્યુઝિયમના નિર્ણયને પગલે, ૫૦ થી વધુ કર્મચારીઓએ એક પિટિશન મોકલીને નેતૃત્વને ‘કેફિયેહ પરના તેમના અચાનક પ્રતિબંધ’ને પાછો ખેંચવા જણાવ્યું હતું. તેણીએ જણાવ્યું કે આ પગલું ‘મ્યુઝિયમમાં રંગીન લોકો સામે બદલો લેવાની પ્રથા ચાલુ રાખે છે.’ તેમણે અહેવાલ આપ્યો કે કેફિયેહ



પર પ્રતિબંધ મૂકવાના નિર્ણયની જાહેરાત કરતી મીટિંગ ‘આંસુ સાથે સમાપ્ત થઈ ગઈ. [અને] સંગ્રહાલયમાંથી અચાનક બહાર નીકળ્યા’. જવાબમાં, કાર્યકરોએ #PalestineInTheMuseum હેશટેગ શરૂ કર્યું, જેના હેઠળ લોકો કેફીયેહ પહેરીને સંગ્રહાલયમાં પહોંચ્યા અને સંસ્થાનવાદનો અંત લાવવા માટેના સંકેતો સાથે આવ્યા.

# ઈઝરાયેલી વસાહતીઓએ પેલેસ્ટીનીના ફાર્મ પર ૫૦થી વધુ ઘેટાંને મારી નાખ્યા

(એજન્સી) તા.૧૪

ચરમપંથી ઈઝરાયેલી વસાહતીઓએ આજે અધિકૃત વેસ્ટ બેંકમાં જેરીકોના ઉત્તરપશ્ચિમમાં, અરબ અલ-મલિહતના બેદુઈન સમુદાયના બે પેલેસ્ટીની ભાઈઓના ડઝનેક ઘેટાંને ઝેર આપીને મારી નાખ્યા. અલ-બદર સંસ્થાના જનરલ સુપરવાઈઝર હસન મલીહતના જણાવ્યા અનુસાર, ઈઝરાયેલી ઈમિગ્રન્ટ્સે ઘેટાંના પીવાના પાણીને દૂષિત કર્યું, જેના પરિણામે સુલેમાન અને મોહમ્મદ મલિહતના ૫૦ ઘેટાં મૃત્યુ પામ્યા. મલિહતે ભારપૂર્વક જણાવ્યું કે આ હુમલો પેલેસ્ટીની હિંસાની વ્યાપક પેટર્નનો એક ભાગ છે જેનો હેતુ પેલેસ્ટીની ખેડૂતોને તેમની જમીન છોડવા માટે દબાણ કરવાનો છે. તાજેતરનો હુમલો યહૂદી વસાહતીઓએ નજીકની ગેરકાયદેસર ચોકીઓ પરથી ઘઉં અને જવના ખેતરોમાં આગ લગાડ્યાના દિવસો પછી આવ્યો છે. ગયા અઠવાડિયે, ઈઝરાયેલી વસાહતીઓએ તેમાં કચરો નાખીને અલ-ઓજા ધોધને પ્રદૂષિત કર્યો, સ્થાનિક પેલેસ્ટિનીઓને પીવાના શુદ્ધ પાણીથી વંચિત કર્યા. મલિહતે વાફાને જણાવ્યું કે સ્થાનિક પેલેસ્ટીની સમુદાય ઈઝરાયેલી વસાહતીઓ દ્વારા દરરોજ વધતા હુમલાઓનો સામનો કરે છે. જેરીકોના ઉત્તર-પશ્ચિમ વિસ્તારમાં વસાહતી ચોકીઓના વિકાસ સાથે એકરૂપ આ



ઉશ્કેરણી તાજેતરમાં વધી છે. અધિકૃત વેસ્ટ બેંકમાં૧૬૪ વસાહતો અને ૧૧૬ ચોકીઓમાં આશરે ૭,૦૦,૦૦૦ ગેરકાયદેસર યહૂદીઓ રહે છે. આંતરરાષ્ટ્રીય કાયદા અનુસાર, અધિકૃત પેલેસ્ટીની પ્રદેશોમાં બાંધવામાં આવેલી તમામ વસાહતો અને ચોકીઓ ગેરકાયદેસર છે. જો કે, ઈઝરાયેલ બંને વચ્ચે તફાવત કરે છે, દાવો કરે છે કે વસાહતો કાયદેસર છે, જ્યારે ચેકપોઈન્ટ કોઈપણ યોગ્ય પ્રક્રિયા વિના સ્થાપિત કરવામાં આવી છે.

# ‘ઐતિહાસિક ક્ષણ’ જ્યારે પેલેસ્ટીનને સંયુક્ત રાષ્ટ્રમાં કાયમી સીટ મળી

(એજન્સી) તા.૧૪

મંગળવારે ન્યુયોર્કમાં સંયુક્ત રાષ્ટ્ર જનરલ એસેમ્બલીનું ૭૯મું સત્ર શરૂ થયું, જેમાં પેલેસ્ટીની મૂળાક્ષરોના ક્રમમાં સભ્ય દેશોની સાથે બેઠું હતું. પેલેસ્ટીનની હાજરી યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી દ્વારા ૧૦ મેના રોજ અપનાવવામાં આવેલા ઠરાવ દ્વારા શક્ય બની હતી, જે સમર્થન કરે છે કે પેલેસ્ટીન સંયુક્ત રાષ્ટ્રના સંપૂર્ણ સભ્યપદ માટે પાત્ર છે. પરિવર્તનના પરિણામે, પેલેસ્ટીન મધ્ય પૂર્વીય મુદ્દાઓ પર ચર્ચામાં અને સુધારાઓ અને ઠરાવો રજૂ કરવા માટે વક્તાઓની સૂચિમાં તેના પ્રતિનિધિઓનો સમાવેશ કરવામાં સક્ષમ છે. જો કે, પેલેસ્ટીન એક નિરીક્ષક રાજ્ય છે અને તેને સામાન્ય સભામાં મતદાનનો અધિકાર નથી. વધુમાં તે સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાઓ અને એજન્સીઓમાં વિવિધ હોદ્દાઓ માટે તેના પ્રતિનિધિઓને નોમિનેટ કરી શકતું નથી. મંગળવારે ૭૯મી જનરલ એસેમ્બલી સત્રની શરૂઆત વખતે, કેમેરૂનના પૂર્વ વડા પ્રધાન ફિલેમોન યાંગે સત્રના અધ્યક્ષની ભૂમિકા લીધી. મેના ઠરાવને ૧૪૩ સભ્ય દેશોએ તરફેણમાં મતદાન કર્યું હતું.




યુ.એસ. તેનો વિરોધ કરનારા નવ દેશોમાંનો એક હતો, જ્યારે અન્ય ૨૫ દેશો દૂર રહ્યા હતા. પેલેસ્ટાઈને ૨૦૧૧માં સંયુક્ત રાષ્ટ્ર સંપૂર્ણ સભ્યપદ માટે અરજી કરી હતી, પરંતુ યુએસ વીટોને કારણે સુરક્ષા પરિષદ તરફથી જરૂરી સમર્થન મળ્યું ન હતું. જો કે, ૨૦૧૨માં તેને “કાયમી નિરીક્ષકનો દરજ્જો” મળ્યો.

# ગાઝામાં એક ગાયનેક ડોક્ટર

(એજન્સી) તા.૧૪

નુર મવાનીસ એક ૨૭ વર્ષીય ગાયનેક અત્યારે પણ અલ-અવદા આરોગ્ય કેન્દ્રના પ્રસવ રૂમમાં એક મહિલા સાથે હતી જે સવારે પ્રસવ માટે પહોંચી હતી. શિફ્ટ મેનેજરે જણાવ્યું કે તેને બાળકના જન્મ, સાફ-સફાઈ તેમજ રૂમ તેમજ ઉપકરણોને જંતુમુક્ત કરવામાં લગભગ અડધો કલાક લાગશે. બહાર નવજાત શિશુના દાદા-દાદી અને કાકા ઉત્સવી વાતાવરણમાં બાળકને લઈને ફરી રહ્યા હતા.

**ફર્શ પર જન્મ થયો**

નુરે એક ગાયનેક બનવાનું સ્વપ્ન જોયુ હતું. જેથી તે મહિલાઓને સુરક્ષિત રીતે પ્રસવ કરાવવામાં મદદ કરી શકે અને નવા પરિવારોમાં ખુશીઓ લાવી શકે. ત્રણ વર્ષ સુધી તે આ જ કરતી રહી પરંતુ ઓક્ટોબરમાં ગાઝા પર ઈઝરાયેલના યુદ્ધની શરૂઆતથી તેના સ્વપ્ન વિખરાઈ ગયા. તેમણે જણાવ્યું કે, “મેં પોતાના જીવનમાં એવા દિવસો ક્યારેય જોયા નથી. મધ્ય ગાઝામાં નુસરત શરણાર્થી શિબિરમાં મોટી સંખ્યામાં લોકો આવ્યા હતા, જે દક્ષિણ તરફ જઈને ઈઝરાયેલના બોમ્બથી બચવાનો પ્રયાસ કરી રહ્યા હતા. તેમણે જણાવ્યું કે “યુદ્ધના પ્રથમ ત્રણ મહિનામાં અમે દરરોજ ૬૦થી ૭૦ બાળકોનો પ્રસવ કરાવતા હતા તેમજ માત્ર છ લોકોની સાથે અમને રાત-દિવસ કામ કરવું પડ્યું હતું. તે ત્રણ મહિના સુધી ઘર જઈ શકે નહીં. લેબર રૂમમાં આટલી સંખ્યામાં પ્રસવ થઈ શકતા ન હતા. અમારે કેટલાક પ્રસવ જમીન પર કરાવવા પડ્યા હતા.

**ખુશીના સ્થાને નુકસાનના આંસુ**

યુદ્ધના ત્રીજા મહિના ડિસેમ્બરમાં નુર એક ડિલિવરીમાં હતી જ્યારે તેણે સાંભળ્યું કે તેના ભાઈને લાવવામાં આવ્યો છે જે ઈઝરાયેલી બોમ્બમારામાં ગંભીર રીતે ઘાયલ થયો હતો.

હું લગભગ તૂટી ગઈ હતી કારણ કે મેં પોતોના પરિવારને મહિનાઓથી જોયો ન હતો. હું હોસ્પિટલમાં ભાગતી રહી, બૂમો પાડતી રહી જ્યાં સુધી હું તેની પાસે ના પહોંચી ગઈ. તેના આખા શરીર પર ઈજા હતી. હું અનિયંત્રિત થઈ રહી હતી.

પરંતુ તેમનો ભાઈ જીવિત હતો અને અંતે તે સ્વસ્થ થઈ ગયો.

નુરે જણાવ્યું કે બધા પરિવારોની જેમ મારો પરિવાર મારા માતા-પિતા અને નવ ભાઈ-બહેનને યુદ્ધ દરમ્યાન એક સ્થાનથી બીજા સ્થાને જવા માટે વિવશ થવું પડ્યું.

નુરે એક મહિલાને યાદ કરી જેને તે જ દિવસે પ્રસવ પીડા થઈ જે દિવસ તેના પતિની હત્યા થઈ હતી. આઘાતમાં તે જન્મ દરમ્યાન રડી રહી હતી કારણ કે તેને એક નવા જીવનનું સ્વાગત કરવાનું હતું જ્યાં તેના બાળકની પિતાની હત્યા થઈ હતી.



**મૃત્યુમાંથી જીવન**

નુરે જણાવ્યું કે બાળકને જન્મ આપવો હવે નવા જીવનનો હર્ષોલ્લાસપૂર્ણ સ્વાગત નથી રહી ગયું.

એક વખત પાડોશીઓ દ્વારા એક ૮ મહિનાની ગર્ભવતી મહિલાને લાવવામાં આવી જે બોમ્બમારાથી ભણતા સમયે પહોંચેલી ઈજાઓના કારણે ઘણું લોહી વહી રહ્યું હતું. મેડિકલ ટીમે તેમને બચાવવાનો પણ પ્રયાસ કર્યો પરંતુ મા અને બાળકને બચાવી શક્યા નહીં. તેમણે પાંચ એવા અવસર પણ જોયા જ્યાં બોમ્બ વિસ્ફોટોમાં માતાઓ મૃત્યુ પામી અને ડોક્ટરોને શિશુઓને બચાવવા માટે ઘણો સંઘર્ષ કરવો પડ્યો પરંતુ તે માત્ર બે વખત જ સફળ થઈ શક્યા.

**મને ટાંકા ના લગાવો**

નુરે જણાવ્યું કે કેટલીક મહિલાઓ અમારી પાસે ભીખ માંગે છે કે બાળકને જન્મ આપ્યા પછી તેમના ઘા પર ટાંકા ના લગાવો. તે કહે છે હું બાથરૂમ વિનાના ટેંટમાં રહું છું, મને ટાંકા ના લગાવો. લગભગ તમામ વિસ્થાપિત મહિલાઓ પાસે સ્વચ્છ પાણી અથવા પાણીને ઉકાળવા માટે તેને જંતુમુક્ત કરવા માટે ગેસ ઉપલબ્ધ નથી.

**રોગ, કુપોષણ અને શિશુ**

ગાઝાના નવજાત શિશુ પણ પોતાની માતાઓની સાથે થઈ રહેલી ઘટનાઓથી અછૂતા નથી, કારણ કે જન્મના સમયે તેમના વજનમાં લગભગ ૩૦ ટકાનો ઘટાડો થાય છે તેમજ તેમનું સામાન્ય આરોગ્ય પણ પ્રભાવિત થાય છે.

તેમણે જણાવ્યું કે, “અમારી પાસે હિપેટાઈટીસથી પીડિત એક મહિલા હતી અમે તેને બચાવવાનો ઘણો પ્રયાસ કર્યો, પરંતુ તે મરી ગઈ. જેમ-જેમ યુદ્ધ આગળ વધી રહ્યું છે હોસ્પિટલમાં પ્રસવ પીડાથી પીડિત મહિલાઓની સંખ્યા ઘટીને ૧૫ રહી ગઈ છે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

# ઔરંગઝેબે હિંદુ મંદિરોને જાળવવા (અને બિન-મુસ્લિમ ધાર્મિક નેતાઓને બચાવવા) શું કર્યું ?

## ઈતિહાસકાર ઓડ્રે ટ્રુશકેનું નવું પુસ્તક ભારતના વસાહતી નિયમો દ્વારા લાદવામાં આવેલી અનુકૂળ માન્યતાઓમાંથી એકની તપાસ કરે છે

### ઐતિહાસિક વારસો

**- ઓડ્રે ટ્રુશકે**



હિન્દુ અને જૈન મંદિરો ઔરંગઝેબના સામ્રાજ્યની જમીન પર પથરાયેલા છે. આ ધાર્મિક સંસ્થાઓ મુઘલ રાજ્યના રક્ષણ માટે હકદાર હતી, અને ઔરંગઝેબે સામાન્ય રીતે તેમની સુખાકારી સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કર્યો હતો. એ જ સંકેત દ્વારા, મુઘલ પરિપ્રેક્ષ્યમાં, જ્યારે વિશિષ્ટ મંદિરો અથવા તેમના સહયોગીઓ શાહી હિતોની વિરુદ્ધ કાર્ય કરે ત્યારે તે સદ્‌ભાવનાને રદ કરી શકાય છે.તદ્નુસાર, સમ્રાટ ઔરંગઝેબે તેના સમગ્ર શાસન દરમિયાન લક્ષિત મંદિરના વિનાશ અને અપવિત્ર કરવાને અધિકૃત કર્યું.

ઘણા આધુનિક લોકો ચોક્કસ મંદિરોને નુકસાન પહોંચાડવાના ઔરંગઝેબના આદેશોને હિંદુઓ સામેના મોટા વેરના લક્ષણ તરીકે જુએ છે. આવા મંતવ્યોનું મૂળ વસાહતી-યુગના વિચારોની પેદાશ છે, જ્યાં અવિરત હિન્દુ-મુસ્લિમ વૈમનસ્ય દર્શાવવું એ વિભાજન અને જીતની બ્રિટિશ વ્યૂહરચનાનું મૂર્ત સ્વરૂપ છે. આજે બહુવિધ વેબસાઈટ્‌સ હિંદુઓ સામે ઔરંગઝેબના "અત્યાચારો" (સામાન્ય રીતે તથ્યો સાથે ઝડપી અને પાયાવિહોણી માહિતી ફેલાવે છે) અને સાંપ્રદાયિક આગને વેગ આપે છે.

જો કે, ઔરંગઝેબ હિંદુઓને નફરત કરતા હોવાથી મંદિરોને તોડી પાડતા હોવાના વિચારમાં અસંખ્ય છીંડાં છે.

સૌથી વધુ સ્પષ્ટ રીતે, ઔરંગઝેબની સત્તા હેઠળ હજારો હિંદુ મંદિરો હતા અને તેમ છતાં, વધુમાં વધુ, થોડા ડઝનનો તેણે નાશ કર્યો. જો આપણે ઔરંગઝેબના એક કાર્ટૂન ધર્માંધ તરીકેના વિઝનને વળગી રહીએ તો આ અસંગતતાનો કોઈ અર્થ નથી, ભારતને હિંદુ ધર્મસ્થાનોમાંથી મુક્ત કરવાના એક જ વિચારસરણીના એજન્ડા દ્વારા ચલાવવામાં આવે છે. ઔરંગઝેબના ઐતિહાસિક રીતે કાયદેસરના દૃષ્ટિકોણને સમજાવવું જોઈએ કે તેણે હિંદુ મંદિરોને તોડી પાડવા કરતાં વધુ વખત તેમનું રક્ષણ શા માટે કર્યું.

ઔરંગઝેબે બિન-મુસ્લિમ ધાર્મિક નેતાઓ અને સંસ્થાઓને રક્ષણ આપવા માટે ઈસ્લામિક કાયદાનું પાલન કર્યું. ઈન્ડો-મુસ્લિમ શાસકોએ આઠમી સદીથી હિંદુઓને ઈસ્લામિક કાયદા હેઠળ સંરક્ષિત વર્ગ તરીકે ગણ્યા હતા, અને હિંદુઓ આ રીતે અમુક અધિકારો અને રાજ્ય સંરક્ષણ માટે હકદાર હતા. તેમ છતાં, ઔરંગઝેબ હિંદુ અને જૈન ધાર્મિક સમુદાયો પ્રત્યેના તેમના વર્તનમાં ઈસ્લામિક કાયદાની જરૂરિયાતોથી આગળ વધી ગયા હતા. તેના બદલે, ઔરંગઝેબ માટે, રક્ષણ અને, કેટલીકવાર, મંદિરોને તોડી પાડવાથી સમગ્ર મુઘલ સામ્રાજ્યમાં બધા માટે ન્યાય સુનિશ્ચિત કરવામાં આવ્યો.

ઔરંગઝેબની ન્યાયની કલ્પનામાં ધર્મની સ્વતંત્રતાના ચોક્કસ માપદંડનો સમાવેશ થતો હતો, જેના કારણે તે હિંદુ પૂજાના મોટા ભાગના સ્થળોનું રક્ષણ કરી શક્યો. આઘાતજનક રીતે, તેમના પોતાના ધાર્મિક વિચારો અને વલણને અનુસરવા માટે, તે યુગના ઘણા યુરોપિયન સાર્વભૌમ દ્વારા સ્થાપિત કરાયેલા કઠોર પગલાંની તુલનામાં સામાન્ય રીતે મુઘલ શાસકોએ તેમની પ્રજાને ખૂબ છૂટ આપી હતી.

તેમ છતાં, રાજ્યના હિતોએ મુઘલ ભારતમાં ધાર્મિક સ્વતંત્રતા પર પ્રતિબંધ મૂક્યો હતો, અને ઔરંગઝેબ ધાર્મિક સંસ્થાઓ અને નેતાઓ કે જેને તે રાજદ્રોહ અથવા અનૈતિક માનતા હતા તેમની સામે સખત પ્રહાર કરતા અચકાતા ન હતા. પરંતુ આવી ચિંતાઓની ગેરહાજરીમાં, ઔરંગઝેબની પોતાની જાતને તમામ ભારતીયોના એક સમાન શાસક તરીકે જોવાની દૃષ્ટિએ તેમને મંદિરો સુધી રાજ્ય સુરક્ષા વિસ્તારવા માટે પ્રેરિત કર્યા.

ઔરંગઝેબે ૧૬૫૪માં મેવાડના હિંદુ રાજપૂત શાસક રાણા રાજસિંઘને મોકલેલા શાહી હુકામનામામાં રજવાડામાં મંદિરો અને અન્ય બિન-મુસ્લિમ ધાર્મિક સ્થળો સાથે સારા રાજાઓએ કેવી રીતે વર્તવું જોઈએ તેનું વિઝન રજૂ કર્યું હતુંઃ "કારણ કે મહાન રાજાઓની વ્યક્તિઓ ઈશ્વરના પડછાયા છે, આ ઉચ્ચ વર્ગનું ધ્યાન, જેઓ ઈશ્વરના દરબારના આધારસ્તંભ છે, તેનું ધ્યાન આ તરફ સમર્પિત છેઃ વિવિધ સ્વભાવ અને વિવિધ ધર્મોના માણસો (મઝાહિબ) શાંતિની ખીણમાં રહે અને સમૃદ્ધિના દિવસોમાં તેમનું જીવન પસાર કરવું જોઈએ અને કોઈએ બીજાની બાબતોમાં દખલ ન કરવી જોઈએ."

જ્યારે આપણે ઔપચારિક પર્શિયનની શૃંગારવાળી શૈલીને દૂર કરીએ છીએ ત્યારે ઔરંગઝેબનો મુદ્દો આ છે : રાજાઓ પૃથ્વી પર ભગવાનનું પ્રતિનિધિત્વ કરે છે અને તેથી તેઓ ધાર્મિક સમુદાયોમાં શાંતિ સુનિશ્ચિત કરવા માટે બંધાયેલા છે.

એ જ રજવાડાના ક્રમમાં ઔરંગઝેબે કોઈપણ રાજાને "જેણે ધર્માંધતા (તાસસુબ)નો આશરો લીધો" તેને "ભગવાનની સમૃદ્ધ રચનાઓને તોડી પાડવા અને દૈવી પાયાનો નાશ કરવા" માટે દોષિત ગણાવ્યો. ઔરંગઝેબે સિંહાસન પર આરોહણ કર્યા પછી આવી બિન-ઈસ્લામિક પ્રથાઓથી પીઠ ફેરવવાનું વચન આપ્યું હતું અને તેના બદલે તેના "મહાન પૂર્વજો"ની "આદરણીય પ્રથાઓ અને સ્થાપિત નિયમો"ને અનુસરીને "ચારે બાજુ, વસવાટ કરતા વિશ્વ પર ચમક લાવવાનું" વચન આપ્યું હતું. ઔરંગઝેબની નજરમાં ઈસ્લામિક ઉપદેશો અને મુઘલ પરંપરાએ તેમને હિંદુ મંદિરો, તીર્થસ્થાનો અને પવિત્ર પુરુષોનું રક્ષણ કરવા આદેશ આપ્યો હતો.

ઔરંગઝેબ પાસે મુઘલ સામ્રાજ્યમાં ધાર્મિક સહિષ્ણુતા કેળવવાના તેમના રજવાડા વચનને સાકાર કરવા ઓગણચાલીસ વર્ષનો સમય હતો, અને તેમણે મજબૂત શરૂઆત કરી.

સમ્રાટ તરીકેના તેમના પ્રારંભિક કાર્યોમાંના એકમાં, ઔરંગઝેબે બનારસ ખાતે સ્થાનિક મુઘલ અધિકારીઓને એક શાહી આદેશ (ફરમાન) જારી કર્યો હતો, જેમાં તેમને સ્થાનિક મંદિરોની બાબતોમાં કોઈપણ પ્રકારની દખલગીરી રોકવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો.

૧૬૫૯ના ફેબ્રુઆરીમાં લખતાં ઔરંગઝેબે જણાવ્યું હતું કે તેમને જાણવા મળ્યું હતું કે "ઘણા લોકોએ બનારસ અને નજીકના સ્થળોના હિંદુ રહેવાસીઓને પરેશાન કર્યા છે, જેમાં બ્રાહ્મણોના જૂથનો સમાવેશ થાય છે જેઓ ત્યાંના પ્રાચીન મંદિરોનો હવાલો સંભાળે છે." પછી રાજાએ તેના અધિકારીઓને આદેશ આપ્યોઃ "તમારે જોવું જોઈએ કે કોઈપણ ગેરકાયદેસર રીતે બ્રાહ્મણોને ખલેલ પહોંચાડે નહીં અથવા તે પ્રદેશના અન્ય હિંદુઓને, જેથી તેઓ તેમના પરંપરાગત સ્થાને રહી શકે અને સામ્રાજ્ય જાળવી રાખવા માટે પ્રાર્થના કરી શકે.

૧૬૫૯ના બનારસ ફરમાનનો અંત એ ઔરંગઝેબ દ્વારા લખવામાં આવેલા ઘણા શાહી આદેશોમાં એક સામાન્ય પ્રતિબંધ બની ગયો હતો જે મંદિરો અને તેની સંભાળ રાખનારાઓને સુરક્ષિત કરે છેઃ તેમને એકલા છોડી દેવા જોઈએ જેથી બ્રાહ્મણો મુઘલ રાજ્યના લાંબા આયુષ્ય માટે પ્રાર્થના કરી શકે.

તેમના સમગ્ર શાસનકાળ દરમિયાન ઔરંગઝેબની મૂળભૂત નીતિ હિંદુ ધાર્મિક સંસ્થાઓ અને તેમના નેતાઓની સુખાકારી સુનિશ્ચિત કરવાની હતી.

તેમણે ડઝનબંધ આદેશો જારી કર્યા જેમાં અધિકારીઓને મંદિરોને અનિચ્છનીય દખલગીરીથી બચાવવા, હિંદુ સમુદાયોને જમીન આપવા અને હિંદુ આધ્યાત્મિક વ્યક્તિઓને સ્ટાઈપેન્ડ આપવાનો નિર્દેશ આપ્યો હતો.

દાખલા તરીકે, તેમના શાસનના નવમા વર્ષમાં ઔરંગઝેબે આસામમાં ગુવાહાટી ખાતે ઉમાનંદ મંદિરમાં એક ખેડૂતને અગાઉની જમીનની અનુદાન અને મહેસૂલ એકત્રિત કરવાના સંબંધિત અધિકારની પુષ્ટિ કરી હતી. ૧૬૮૦માં તેમણે નિર્દેશ આપ્યો કે બનારસમાં ગંગાના કિનારે રહેતા હિંદુ તપસ્વી ભગવંત ગોસાઈને ઉત્પીડનથી મુક્ત રાખવામાં આવે.

૧૬૮૭માં, સમ્રાટે બનારસમાં એક ઘાટ પર થોડી ખાલી જમીન રામજીવન ગોસાઈનને આપી હતી જેથી કરીને "પવિત્ર બ્રાહ્મણો અને પવિત્ર ફકીરો" માટે ઘરો બાંધવામાં આવે. ૧૬૯૧માં ઔરંગઝેબે બાલાજી મંદિરને ટેકો આપવા માટે ચિત્રકૂટના મહંત બાલક દાસ નિર્વાણીને આઠ ગામો અને કરમુક્ત જમીનનો મોટો હિસ્સો આપ્યો હતો. ૧૬૯૮માં તેમણે મધ્ય ભારતમાં પૂર્વ ખાનદેશમાં નેક ભટ્ટના પુત્ર રંગ ભટ્ટ નામના બ્રાહ્મણને ભાડા વિનાની જમીન ભેટમાં આપી. સૂચિ આગળ વધે છે અને તેમાં અલ્હાબાદ, વૃંદાવન, બિહાર અને અન્ય સ્થળોએ મંદિરો અને વ્યક્તિઓનો સમાવેશ થાય છે.

ઔરંગઝેબે હિંદુ ધાર્મિક સમુદાયોની તરફેણ કરવામાં તેમના પૂર્વજોની પરંપરાઓનું પાલન કર્યું, જે શૈવ જૂથ, જંગમ સાથેના તેમના વ્યવહાર દ્વારા રેખાંકિત સાતત્ય છે. જંગમને અકબર હેઠળ શરૂ થયેલા મુઘલ આદેશોથી ફાયદો થયો, જેમણે ૧૫૬૪માં જમીન પરના તેમના કાયદેસરના અધિકારોની પુષ્ટિ કરી. તે જ જંગમને ઔરંગઝેબ પાસેથી ઘણા ફરમાન મળ્યા જેણે અન્યાયી રીતે જપ્ત કરવામાં આવેલી જમીન (૧૬૬૭) પુનઃસ્થાપિત કરી, તેમને વિક્ષેપિત સ્થાનિક મુસ્લિમ (૧૬૭૨)થી સુરક્ષિત કર્યા અને ગેરકાયદેસર રીતે વસૂલેલું ભાડું પરત કર્યું (૧૬૭૪). આવા પગલાઓ સુનિશ્ચિત કરે છે કે ધર્મનિષ્ઠ વ્યક્તિઓ તેમની ધાર્મિક પ્રવૃત્તિઓ ચાલુ રાખી શકે છે, જે ઔરંગઝેબના ન્યાયની દૃષ્ટિનો એક ઘટક છે.

ઔરંગઝેબે જૈન ધાર્મિક સંસ્થાઓ પ્રત્યે સમાન રીતે અનુકૂળ નીતિઓ ઘડી હતી. અકબરના ઉદાહરણને અનુસરીને, ઔરંગઝેબે શત્રુંજય, ગિરનાર અને માઉન્ટ આબુ - ગુજરાતમાં તમામ જૈન યાત્રાધામો - ૧૬૫૦ના દાયકાના અંતમાં ચોક્કસ જૈન સમુદાયોને જમીન આપી. તેમણે લાલ વિજય, એક જૈન સાધુને, સંભવતઃ ૧૬૮૧ પહેલાનો એક આશ્રમ (પોશાળા) આપ્યો અને ૧૬૭૯માં આરામગૃહ (ઉપાશ્રય) માટે રાહત આપી.

૧૭૦૩ના અંતમાં, ઔરંગઝેબે લોકોને જૈન ધર્મગુરુ જીના ચંદ્ર સૂરીને હેરાન કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો. આવી ક્રિયાઓને જોતાં, તે આશ્ચર્યજનક નથી કે આપણને આ સમયગાળાની સ્થાનિક જૈન કૃતિઓમાં સમ્રાટના પ્રશંસનીય વર્ણનો જોવા મળે છે, જેમ કે, "ઔરંગઝેબ શાહ એક બહાદુર અને શક્તિશાળી રાજા છે" (મર્દાનો ઔર મહાબલી ઔરંગાસાહી નારંદા)

**(ઔરંગઝેબઃ ધ મેન એન્ડ ધ મિથ, ઓડ્રે ટ્રુશકે, વાઈકિંગ, પેંગ્વિન રેન્ડમ હાઉસ ઈન્ડિયાની પરવાનગી સાથેના અવતરણો.**

**(સૌ. : સ્ક્રોલ.ઈન)**

### એસીયુ સ્થાનિક લીગને લઈ ચિંતિત

# ભ્રષ્ટાચારીઓ આવી રીતે ક્રિકેટમાં ઘૂસણખોરી કરવા માંગે છે : માર્શલ

નવી દિલ્હી, તા.૧૪

આઈસીસીની એન્ટીકરપ્શન યુનિટના વિદાય લઈ રહેલા પ્રમુખ એલેક્સ માર્શલે કહ્યું કે ટોચના સ્તરનું ક્રિકેટ સુરક્ષિત અને સ્વચ્છ છે પણ સંભવિત ભ્રષ્ટાચારીઓની નજર સ્થાનિક ક્રિકેટ સંસ્થાઓ દ્વારા સંચાલિત થનારી ટી-૨૦ લીગ દ્વારા આ રમતમાં ઘૂસણખોરી કરવાની છે. બ્રિટનના પૂર્વ પોલીસ અધિકારીએ એ જણાવ્યું નહીં કે શું તે કોઈ વિશેષ સ્થાનિક લીગ અથવા દેશના સંદર્ભમાં આ વાત કહી રહ્યા હતા. માર્શલે ઈએસપીએન ક્રિકઈન્ફોને કહ્યું કે હું પુરા વિશ્વાસ સાથે કહી શકું કે તમે જે ક્રિકેટ જોઈ રહ્યા છો તે સુરક્ષિત અને સ્વચ્છ છે. તેમણે કહ્યું કે પણ હું પુરા વિશ્વાસ સાથે આ પણ કહી રહ્યો છું કે ભ્રષ્ટાચારીઓ આ રમતની અંદર ઘૂસવાનો રસ્તો શોધી રહ્યા છે. તેઓ નીચલા સ્તરની ફ્રેન્ચાઈઝી લીગ દ્વારા ઘૂસણખોરી કરવાની ફિરાકમાં છે. રમત માટે ખતરો એ છે કે ભ્રષ્ટાચારી દૂર જશે નહીં કારણ કે તેમનો એકમાત્ર ઉદ્દેશ પૈસા કમાવવાનો હોય છે અને આના માટે તે પૂરી વ્યવસ્થાની નબળી કડી દ્વારા અંદર ઘૂસવાનો પ્રયાસ કરશે. માર્શલે કહ્યું કે તેમને આ વાતની ખુશી છે કે વધુથી વધુ ખેલાડી આઈસીસી એસીયુને લોભામણી ઓફરોનો રિપોર્ટ કરી રહ્યા છે. મને ગર્વ છે કે આવા રિપોર્ટ કરનારા ખેલાડીઓની સંખ્યામાં ઉલ્લેખનીય વધારો થયો છે.

### ભારતનો સતત પાંચમો વિજય

# પાકિસ્તાનને ૨-૧થી હરાવી ભારત એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીની સેમીફાઈનલમાં




હુલુનબુઈર, તા.૧૪

એશિયન હોકી ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારતે કટ્ટર હરીફ પાકિસ્તાનને ૨-૧થી હરાવી પોતાનું વિજયી અભિયાન જાળવી રાખ્યું છે. પાંચ મેચમાં પાંચ જીત સાથે ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારત પોઈન્ટ ટેબલમાં ટોચના સ્થાને યથાવત્ છે. પહેલાં જ સેમિફાઈનલમાં પહોંચી ચૂકેલી પેરિસ ઓલિમ્પિકની બ્રોન્ઝ મેડલિસ્ટ ભારતીય ટીમે આ પહેલાં ચીનને ૩-૦થી, જાપાનને ૫-૧, મલેશિયાને ૮-૧ જ્યારે કોરિયાને ૩-૧થી હરાવ્યું છે. બીજી બાજુ મહાન ફોરવર્ડ તાહિર ઝમાનના માર્ગદર્શનમાં રમી રહેલી પાકિસ્તાનની ટીમે મલેશિયા અને કોરિયા સામેની મેચ ૨-૨થી ડ્રો રમી. જ્યારે તેણે જાપાનને ૨-૧ અને ચીનને ૫-૧થી હરાવ્યું. હવે તેને ભારત સામે પરાજયનો સામનો કરવો પડ્યો છે. મેચમાં પ્રથમ ગોલ પાકિસ્તાન તરફથી આઠમી મિનિટમાં થયો. ફિલ્ડ ગોલ સાથે નદીમ અહેમદે પોતાની ટીમને ૧-૦થી લીડ અપાવી દીધી પણ ત્યારબાદ ભારતે કોઈ તક આપી નહીં. કપ્તાન હરમનપ્રીતસિંહે થોડી જ વારમાં મળેલા પેનલ્ટી કોર્નરને ગોલમાં ફેરવી દીધો. પ્રથમ ક્વાર્ટર બાદ સ્કોર ભલે ૧-૧થી બરાબર હતો પણ બીજા ક્વાર્ટરની શરૂઆતમાં ભારતને વધુ એક પેનલ્ટી કોર્નર મળ્યો. આને પણ ભારતીય ખેલાડીએ ગોલ કરી લીડ ૨-૧થી કરી દીધી હતી.

### દુલીપ ટ્રોફીમાં ત્રીજા દિવસે ત્રણ સદી બની

# તિલક વર્મા, અભિમન્યુ ઈશ્વરન અને પ્રથમસિંહે શાનદાર સદી ફટકારી

નવી દિલ્હી, તા.૧૪

દુલીપ ટ્રોફી ૨૦૨૪માં શનિવારે ઓલરાઉન્ડર તિલક વર્મા, બેટ્‌સમેન અભિમન્યુ ઈશ્વરન અને પ્રથમસિંહે સદી ફટકારી છે. ટુર્નામેન્ટમાં ઈન્ડિયા-એનો હિસ્સો તિલકે બીજી ઈનિંગમાં ઈન્ડિયા-ડીના બોલરોની ધોલાઈ કરી. તેણે ૧૯૩ બોલમાં ૧૧૧ રનની અણનમ ઈનિંગ રમી. આ ફર્સ્ટ ક્લાસ કારકિર્દીમાં તેની પાંચમી સદી છે. તિલક પહેલાં ઈન્ડિયા-એ માટે ઓપનર પ્રથમસિંહે સદી ફટકારી. રેલવેના આ બેટ્‌સમેને અનંતપુર ક્રિકેટ ગ્રાઉન્ડ પર ૧૮૯ બોલમાં ૧૨ ચોગ્ગા અને એક સિક્સરની મદદથી ૧૨૨ રનની ઈનિંગ રમી. ૩૨ વર્ષીય પ્રથમે દુલીપ ટ્રોફીમાં પહેલીવાર સદી ફટકારી છે. બીજી બાજુ ઈન્ડિયા-બીના કપ્તાન અને ઓપનિંગ બેટ્‌સમેન અભિમન્યુ ઈશ્વરનો ઈન્ડિયા-સી વિરુદ્ધ પ્રથમ ઈનિંગમાં શાનદાર બેટિંગ કરી. તેણે મુશ્કેલ પરિસ્થિતિમાં સદી ફટકારી. આ તેની ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં ૨૪મી સદી છે. ઈન્ડિયા-સીએ પ્રથમ ઈનિંગમાં ૫૨૫ રનનો વિશાળ સ્કોર બનાવ્યો. ઈશ્વરને પોતાની ટીમને સારી શરૂઆત અપાવી. તેણે જગદીસન (૭૦) સાથે પ્રથમ વિકેટ માટે ૧૨૯ રનની ભાગીદારી કરી હતી.

# વર્લ્ડકપના કારણે ભારતીય અર્થતંત્રને ૧૩૯ કરોડ ડૉલરનો ફાયદો થયો : ICC

નવી દિલ્હી, તા.૧૪

આઈસીસીએ એક રિપોર્ટ જાહેર કરી જણાવ્યું છે કે, આઈસીસી વન-ડે વર્લ્ડકપ ૨૦૨૩ની યજમાની કરવાના કારણે ભારતીય અર્થતંત્રને રૂા.૧૧,૫૯૦ કરોડનો ફાયદો થયો હતો. વર્લ્ડકપથી વિવિધ ઉદ્યોગો પર થયેલી અસરનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. આઈસીસીના અધિકારીએ કહ્યું કે, વન-ડે વર્લ્ડકપ ૨૦૨૩ના કારણે ભારતને ૧૩૯ કરોડ ડૉલરનો આર્થિક લાભ થયો છે. આઈસીસીનો રિપોર્ટ જણાવે છે કે, પ્રવાસન ક્ષેત્રને અંદાજે ૮૬ કરોડ ડૉલરનો ફાયદો થયો છે. ભારતમાં યોજાયેલ વર્લ્ડકપને રેકોર્ડ ૧૨.૫ લાખ દર્શકોએ નિહાળ્યો હતો. ભારતમાં વર્લ્ડકપ જોવા આવેલા વિદેશી પ્રવાસીઓએ વિવિધ પર્યટન સ્થળોની મુલાકાત લીધી હતી, જેનાથી ભારતીય અર્થતંત્રને ૨૮ કરોડ ડૉલરની હકારાત્મક આર્થિક અસર થઈ છે. આઈસીસી વન-ડે વર્લ્ડકપના કારણે ૪૮,૦૦૦ જેટલી હંગામી રોજગારીની તકો સર્જાઈ હતી.

### વીરેન્દ્ર સેહવાગનો રેકોર્ડ ખતરામાં

# રોહિત શર્મા બનશે સૌથી વધારે સિક્સર ફટકારનાર બેટ્‌સમેન

નવી દિલ્હી, તા.૧૪

ભારત અને બાંગ્લાદેશ વચ્ચે ૧૯ સપ્ટેમ્બરથી બે મેચની ટેસ્ટ સિરીઝ શરૂ થવાની છે. આ સિરીઝમાં રોહિત શર્મા પાસે વીરેન્દ્ર સેહવાગનો સૌથી વધારે સિક્સર ફટકારવાનો રેકોર્ડ તોડવાની તક હશે. ભારતીય કપ્તાન રોહિત શર્મા જો બાંગ્લાદેશ વિરુદ્ધ આગામી ટેસ્ટ સિરીઝમાં પાંચ સિક્સર ફટકારવામાં સફળ થશે તો તે ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધારે સિક્સર ફટકારનાર ભારતીય બની શકે છે. હાલ આ રેકોર્ડ વીરેન્દ્ર સેહવાગના નામે છે. સેહવાગે ૧૦૪ મેચમાં ૯૧ સિક્સર ફટકારી છે. રોહતે ૫૯ મેચમાં ૮૭ સિક્સર ફટકારી છે. આ લિસ્ટમાં ત્રીજો ભારતીય ધોની છે. જેણે ૯૦ મેચોમાં ૭૮ સિક્સર ફટકારી છે. રોહિત જો આગામી ટેસ્ટ સિરીઝમાં ૧૩ સિક્સર ફટકારવામાં સફળ થશે તો તે ૧૦૦ ટેસ્ટ સિક્સર ફટકારનાર પ્રથમ ભારતીય બની જશે. ભારતને બાંગ્લાદેશ વિરુદ્ધ બે અને ન્યુઝીલેન્ડ વિરુદ્ધ ત્રણ ટેસ્ટ મેચ રમવાની છે. ત્યારબાદ ઓસ્ટ્રેલિયા સામે પાંચ મેચોની સિરીઝ રમવાની છે. ભારતીય ટીમ જો આ ૧૦ ટેસ્ટ મેચમાંથી પાંચમાં જીત મેળવશે તો સતત ત્રીજીવાર વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશીપની ફાઈનલમાં પહોંચી શકે છે. આ સિરીઝ વિશ્વ ટેસ્ટ ચેમ્પિયનશીપ ચક્રનો હિસ્સો છે.

# પુરાના કિલ્લાનું નિર્માણ કોણે કર્યું હતું; હુમાયુ, શેરશાહ કે પાંડવોએ ? : દિલ્હીના કિલ્લાઓની વાર્તા અંગે ૩ ઈતિહાસકારો

## વિક્રમજીત રૂપરાઈનું પુસ્તક 'દિલ્હી હેરિટેજ ટોપ ૧૦ ફોર્ટ્‌સ', શહેરના કિલ્લાઓ માટે એક સરળ માર્ગદર્શિકા છે

સો વર્ષ પહેલાં, જ્યારે દરિયાગંજના બાળકો દિલ્હીના કોટવાળા શહેરની કિનારે દોડતા હતા, ત્યારે તેઓ યમુના નદી સુધી જોઈ શકતા હતા. આ ઈમેજને કેપ્ચર કરવી અને દિલ્હીની સ્કાયલાઈન પર સમય પસાર કરવો એ વિક્રમજીત સિંહ રૂપરાઈના પુસ્તક "દિલ્હી હેરિટેજ ટોપ ૧૦ ફોર્ટ્‌સ" પાછળનો ઉદ્દેશ્ય હતો, જે શહેરના હેરિટેજ પર નિયોગી બુક્સની શ્રેણી છે. ૩૧ ઓગસ્ટના રોજ ઈન્ડિયા ઈન્ટરનેશનલ સેન્ટર ખાતે લોન્ચ કરાયેલ, આ પુસ્તક શહેરના કિલ્લાઓ માટે એક સરળ માર્ગદર્શિકા છે. ઈતિહાસકાર નારાયણી ગુપ્તાએ લોન્ચિંગ વખતે વાત કરતા દિલ્હીના ભૂતકાળનું આબેહૂબ ચિત્ર દોર્યું હતું, તેમણે ધ્યાન દોર્યું હતું કે દિલ્હી શહેરમાં બહુવિધ ભૂતકાળ છે. અને શહેરના વિવિધ કિલ્લાઓ આ સ્તરોના અવશેષો છે. ૯૦ મિનિટના સમયગાળા દરમિયાન, પેનલમાં રૂપરાઈ, ગુપ્તા અને ઈતિહાસકાર અને કાર્યકર્તા સોહેલ હાશ્મીએ આ કિલ્લાઓની વ્યાખ્યાથી લઈને તેમની પાછળના વિવિધ ઐતિહાસિક વિવાદો સુધીની દરેક બાબતની ચર્ચા કરી. અને દિલ્હીના કિલ્લાઓ પર ૧૨૦ પ્રેક્ષકો માટે ક્વિઝ પણ હતી. રૂપરાઈના સંશોધનમાં તેમને પાંચ વર્ષ લાગ્યા અને તમામ પ્રકારના આર્કાઈવ્સનો અભ્યાસ કર્યો. ટોચના ૧૦મા ચોક્કસ કિલ્લાઓનો સમાવેશ કરવાનો નિર્ણય તમામ પરિમાણોના વિશ્લેષણાત્મક મેટ્રિક્સ દ્વારા લેવામાં આવ્યો હતો. ગુપ્તાએ કહ્યું કે, હું આશા રાખું છું કે આ પુસ્તક દિલ્હીના સદીઓના સામૂહિક વારસા સાથેના યુવા દિલ્હીવાલાને નવીન માહિતી આપશે.

**પુરાણ કિલ્લો કોણે બંધાવ્યો હતો ?** રૂપરાયે હાશ્મીને એક સુસંગત પ્રશ્ન સાથે પેનલ ચર્ચાની શરૂઆત કરી કેઃ તેઓ કિલ્લાને કેવી રીતે વ્યાખ્યાયિત કરે છે ? હાશમીએ હસતાં હસતાં કહ્યું કે કિલ્લાની સૌથી સામાન્ય સમજણની વ્યાખ્યા એ કિલ્લેબંધીવાળી જગ્યા છે જ્યાંથી શાસક શાસન કરે છે. પરંતુ એવી ઘણી બધી રચનાઓ છે જે કિલ્લાઓ જેવી લાગે છે પરંતુ કિલ્લાઓ નથી. દિલ્હીના વિજયનો ઈતિહાસ તેના કિલ્લાઓ દ્વારા શ્રેષ્ઠ રીતે કહેવામાં આવે છે, હાશ્મીએ સમજાવ્યું કે, રાજાઓ પોતાના માટે કિલ્લેબંધી કરવાનો આદેશ આપતા હતા.

પુરાના કિલા એક ઐતિહાસિક વિવાદના કેન્દ્રમાં છે. શું તે હુમાયુ અને શેરશાહ સૂરી દ્વારા બનાવવામાં આવ્યું હતું, અથવા તે પાંડવો દ્વારા હજારો વર્ષ પહેલાં બનાવવામાં આવ્યું હતું ?

આગ્રાના કિલ્લા અને લાહોરના કિલ્લા અંગે સમાન વિવાદ હોવાનું જણાવતાં હાશ્મીએ પુરાણા કિલા બનાવવા માટે વપરાતી ટેક્નોલોજીનું વિગતવાર વિશ્લેષણ કર્યું. ચૂનાના પત્થર અને મોર્ટાર સાથે બંધાયેલ કાટમાળ સાથે પુરાણા કિલાનું નિર્માણ કરવામાં આવ્યું હતું અને તે ૧૨મી સદીના ઉત્તરાર્ધમાં જ ભારતમાં નિર્માણ કરવામાં આવ્યું હતું. જ્યાં સુધી પાંડવોનો સંબંધ છે, પહેલા આપણે એ સ્થાપિત કરવું પડશે કે તે ઈતિહાસ છે અને તે ક્યારે બન્યું હતું. હું એ માનવા તૈયાર નથી કે તેઓ ૫,૦૦૦ વર્ષ પૂર્વે ૩૦૦૦ બીસીમાં અસ્તિત્વમાં હતા, મને નથી લાગતું કે તેઓ ૧૨મી સદીમાં ઉપયોગમાં લેવાતી સમાન તકનીકનો ઉપયોગ કરી રહ્યા હતા.

આ કિલો હુમાયુએ કે શેર શાહ સૂરીએ બનાવ્યો ? તેનો જવાબ બંને છે. હુમાયુએ કિલ્લાનું બાંધકામ શરૂ કર્યું અને દિલ્હીને લૂંટી લીધા પછી સુરીએ પોતાના કબજામાં લીધું અને ૧૫ વર્ષ પછી હુમાયુએ તેને ફરીથી કબજે કર્યો. ખજુરાહો અને રામેશ્વરમ જેવા ભારતમાં અન્ય પ્રાચીન બાંધકામો બનાવવા માટે વપરાતી ટેક્નોલોજી તરફ ધ્યાન દોરતા હાશ્મીએ જણાવ્યું હતું કે, કાટમાળથી બનેલા માળખા પાંડવો દ્વારા બનાવવામાં આવ્યા ન હતા.

હાશ્મી અને ગુપ્તા બંનેએ દિલ્હીમાં તેમના બાળપણની વાત કરી અને તેમના જીવનની પૃષ્ઠભૂમિ તરીકે ઉપયોગમાં લેવાતા સ્મારકોને આવરી લેતા મહાનગરને જોવાની તેમની યાદો વિશે વાત કરી હતી. ગુપ્તાએ કહ્યું કે, હું ૧૯૫૦ના દાયકામાં ચિરાગ દિલ્લી તરફ જોતો હતો તે યાદ કરી શકું છું. તે એક મજબૂત દિવાલોવાળો કિલ્લો હતો અને તેના ઊંચા દરવાજા હાથીના હૂકથી જડેલા હતા. ૧૭મી સદીમાં મુશ્કેલીના સમયે ગામલોકોએ દિવાલવાળા કિલ્લામાં વસવાટ કર્યો હશે. હાશ્મીએ કહ્યું કે, દુર્ભાગ્યવશ અમને ક્યારેય સાર્વજનિક સંપત્તિની ભાવના ન હતી. ગુપ્તા અને હાશ્મી બંનેએ તેમના હેરિટેજ વોક અને હવે, તેમના હેરિટેજ પુસ્તકો દ્વારા દિલ્હીના વારસામાં રસ પુનઃજીવિત કરવાના રૂપરાઈના પ્રયાસોની પ્રશંસા કરી હતી.

આ પુસ્તક રૂપરાઈના તેમના હેરિટેજ ફોટોગ્રાફી ક્લબ અને યુથ ફોર હેરિટેજ ફાઉન્ડેશન જેવી અનેક પહેલ દ્વારા દિલ્હીના ઐતિહાસિક સ્થળોનું દસ્તાવેજીકરણ કરવાનો પ્રયાસ કરી રહેલા વ્યાપક કાર્યનું પરિણામ છે. રૂપરાયે કહ્યું કે લોકોને હેરિટેજ સાથે જોડવામાં મદદ કરવી એ હંમેશા પડકાર રહ્યો છે અને તેને આશા છે કે તેનું પુસ્તક જે લોકો ઈચ્છે છે તેમના માટે માર્ગદર્શક તરીકે કાર્ય કરશે.

**(સૌ.ધ પ્રિન્ટ.ઈન)**

**હદીસ બોધ**

એકબીજા સાથે ભલાઈથી વર્તો, એથી ભાઈચારો પેદા થશે.
(હદીસ બોધ)

**બોધ વચન**

જે માણસ ક્રોધમાં પણ મોંમાંથી ખોટા કે ખરાબ શબ્દો કાઢતો નથી તે જ સાચો બુદ્ધિમાન કહેવાય.
-શેખ સાઅદી (રહ.)

**આજની આરસી**

૧૫ સપ્ટેમ્બર રવિવાર ૨૦૨૪
૧૧ રબીઉલ અવ્વલ હિજરી ૧૪૪૬
ભાદરવા સુદ બારસ સંવત ૨૦૮૦

| | |
|---|---|
| સુબ્હ સાદિક | ૫-૦૭ |
| ખત્મે ઝવાલ | ૧૨-૩૫ |
| તુલૂએ આફતાબ (સૂર્યોદય) | ૬-૨૬ |
| ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) | ૬-૪૪ |

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. - વ્યવસ્થાપક

# રાજસ્થાન : આદિવાસીઓને લાકડીઓથી મારવાના અને તેમના ઘર સળગાવવાના વાયરલ ઓડિયો પર ઉદયપુરના સાંસદે શું કહ્યું તે જાણો...

(એજન્સી) જયપુર, તા.૧૪

દક્ષિણ રાજસ્થાનમાં બે આદિવાસી સાંસદો વચ્ચે અણબનાવ છે. ભારત આદિવાસી પાર્ટીના બાસવાડાના સાંસદ રાજકુમાર રોત અને ઉદયપુરના ભાજપના સાંસદ ડૉ. મન્નાલાલ રાવત વચ્ચેની કડવાશ વધી રહી છે. આ વખતે અણબનાવનું કારણ એક વાયરલ ઓડિયો ક્લિપ છે જેમાં એક ભાજપ નેતા તેના એક સમર્થક સાથે બાપને સમર્થન આપતા આદિવાસી લોકોના ઘર સળગાવવાની અને લાકડીઓ વડે મારવાની વાત કરતા સાંભળવા મળે છે. બાપના સાંસદ રાજકુમાર રોતે આરોપ લગાવ્યો છે કે, ઓડિયોમાં સંભળાયેલો એક અવાજ ઉદયપુરના સાંસદ મન્નાલાલ રાવતનો છે જેઓ પોતે આદિવાસી હોવાને કારણે પોતાના જ સમુદાયના લોકોના ઘર બરબાદ કરવાની વાત કરી રહ્યા છે અને આ વિચાર કોઈપણ આતંકવાદી કરતા વધુ ખતરનાક છે. સાંસદ રાજકુમાર રોતે સોમવારે ઉદયપુરમાં પ્રતિકાત્મક ધરણાં કર્યા બાદ પોલીસ અધિકારીઓને મળ્યા હતા અને ઓડિયો ક્લિપની તપાસની માંગ કરી હતી અને ચેતવણી આપી હતી કે જો ૧૦



દિવસમાં પગલાં લેવામાં નહીં આવે તો આદિવાસીઓ બસવારા અને ઉદયપુરના રસ્તાઓ પર ઉતરી આવશે. મંગળવારના રોજ સાંસદ ડૉ. મન્નાલાલ રાવત આ મુદ્દાને લઈને મીડિયાને મળ્યા હતા, જ્યાં તેમણે ઓડિયોમાં અવાજ તેમનો જ હોવાનું સીધું સ્વીકાર્યું ન હતું, પરંતુ તેનો ઈક્રાર પણ કર્યો ન હતો. રાજકુમાર રોતના આરોપોના જવાબમાં રાવતે કહ્યું કે, ભારત આદિવાસી પાર્ટી બહારના લોકોને બોલાવીને પ્રતાપગઢના ધારિયાવાડ વિસ્તારમાં ૧૦૦૦ વીઘા જંગલો સાફ કરાવી રહી છે અને તેના પર ગેરકાયદે કબજો કરી રહી છે. આ અંગે ફરિયાદ થતાં કલેક્ટરે ફોરેસ્ટ અને પોલીસની ટીમ સાથે સ્થળ પર દરોડો પાડી કાર્યવાહી કરી હતી અને તેનો અહેવાલ રાજ્ય સરકારને મોકલી આપ્યો હતો. રાવતે કહ્યું, આ વાસ્તવિકતા અને સત્ય સામે આવ્યા બાદ રાજકુમાર રોત ગભરાટમાં બકવાસ વાતો કરી રહ્યા છે. મીડિયાના પ્રશ્નોના જવાબ આપતી વખતે, રાવતે તેના પિતા અને સાંસદ રાવત પર આદિવાસી સમાજને ગેરમાર્ગે દોરવાનો, અલગતાવાદ ફેલાવવાનો, બહારના લોકોની મદદથી સ્થાનિકોને ધમકાવવા અને આતંકિત કરવાનો આરોપ લગાવ્યો. જ્યારે સાંસદ રાવતને પૂછવામાં આવ્યું કે વાયરલ ઓડિયોમાં અવાજ તેમનો હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે, તો તેનો સીધો ઈનકાર કરવાને બદલે સાંસદે કહ્યું કે, જો સીતામાતા અભ્યારણની આસપાસના સેંકડો એકરનું જંગલ સાફ કરવામાં આવ્યું હોય તો ગ્રામજનોમાં આક્રોશ સ્વાભાવિક છે. મારા ઘરની નજીકનું જંગલ સાફ કરવામાં આવ્યું છે, આદિજાતિની ઓળખ પર્યાવરણ અને વૃક્ષોનું રક્ષણ કરવાની છે, આવી સ્થિતિમાં જો બહારના લોકો તેમના ઘર અને જંગલોનો નાશ કરે, ગુંડાગીરી બતાવે અને ગોફણ વડે માર મારીને ભગાડી જાય, તો પછી શું તેઓ પોતાનો આક્રોશ વ્યક્ત નહીં કરે, શું તેઓ બદલો નહિ લે. સાંસદ મન્નાલાલ રાવતે કહ્યું કે, રાજકુમાર રોતે ભીલો માટે અનામત અંગે સુપ્રીમ કોર્ટના ૧મી ઓગસ્ટના નિર્ણય પર ખોટી પ્રતિક્રિયા આપી હતી, જેણે સમાજને પણ ખોટી સમજ આપી હતી. રાવતે કહ્યું, રોત ભીલો માટે બંધારણીય અધિકારો ઈચ્છતા નથી. રાંચીનું કેથોલિક ચર્ચ આદિવાસીઓ માટે અલગ ધર્મ સંહિતતા ની માંગ કરી રહ્યું છે, તેઓ ચર્ચના એજન્ડાને આગળ ધપાવી રહ્યા છે. રાવતે વધુમાં જણાવ્યું હતું કે, રોત કહે છે કે આદિવાસીઓને આઈપીસી લાગુ પડતી નથી પરંતુ બીજી તરફ તેઓ કેસ નોંધવા માટે પોલીસ સ્ટેશનની બહાર ધરણા પર બેસી જાય છે. તેમનું કહેવું છે કે આદિવાસીઓ હિંદુ નથી અને જેઓ સિંદૂર મંગલસૂત્ર પહેરે છે તે માતાઓ અને બહેનોનું અપમાન કરે છે. રાવતે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, બાપે ભ્રમનું જાળું ફેલાવ્યું હતું પરંતુ સત્ય બહાર આવ્યા પછી તેઓ ગભરાટમાં પડી રહ્યા છે. ભારત આદિવાસી પાર્ટી પર સવાલ ઉઠાવતા રાવતે કહ્યું, પહેલા તે BTP હતી, પછી BAP બની અને ભવિષ્યમાં BTC બનશે. ક્યારેક તેઓ રાષ્ટ્રપતિની ચૂંટણીનો બહિષ્કાર કરે છે તો ક્યારેક રાજ્યસભા માટે કોંગ્રેસ સાથે હાથ મિલાવે છે. તેઓ વિકાસની વાત નથી કરતા પરંતુ અલગતા ફેલાવવાનું કામ કરે છે. રાવતે BA અને રાજકુમાર રોત પર આદિવાસી વિસ્તારોમાં બેરોજગારી વધારવા અને યુવાનોને હિંસક પ્રવૃત્તિઓ સાથે જોડવાનો સીધો આરોપ લગાવ્યો હતો. રાવતે કહ્યું, તેઓ આઈપીસીનું પાલન કરતા નથી પરંતુ કાકરી ડુંગરીમાં અશાંતિ ફેલાવીને સમાજના ૭.૫ હજાર યુવાનો સામે કેસ નોંધાયા છે. ૫ અને ૮ પાસ યુવાનોને રોજગાર આપવાની વાત કરે છે પરંતુ શું તેઓ તેમને રોજગારી આપશે. રાવતે કહ્યું કે, રોત અને તેમની પાર્ટીના કારણે ડુંગરપુરમાં તમામ સંપત્તિ સર્જકો સ્થળાંતર કરી ગયા, લગભગ ૩૫૦ એકમો જે સ્થાનિક લોકોને રોજગારી પૂરી પાડતા હતા, તે બધા બાકી હતા અને આ વિસ્તારમાં બેરોજગારી વધી હતી.

# કર્ણાટક : ઉચ્ચ જાતિના યુવાનો વિરૂદ્ધ બળાત્કારની જાણ કરવા બદલ દલિતોનો બહિષ્કાર

(એજન્સી) બેંગ્લુરૂ, તા.૧૪

બેંગ્લુરૂમાં શુક્રવારના રોજ પ્રકાશમાં આવેલી એક આઘાતજનક ઘટનામાં રાજ્યના યાદગીર જિલ્લામાં એક સગીર દલિત છોકરી પર બળાત્કારની જાણ કરવા બદલ કર્ણાટકના એક ગામમાં એક દલિત પરિવારનો બહિષ્કાર કરવામાં આવ્યો હતો.



પીડિત, સગીર દલિત છોકરીના પરિવારે આગળ વધીને પ્રિવેન્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સ (POCSO) એક્ટની જોગવાઈઓ હેઠળ પોલીસ ફરિયાદ નોંધાવ્યા પછી ઉચ્ચ જાતિના સમુદાયમાં આક્રોશ હતો.

યાદગીર જિલ્લાના હુનાસાગી તાલુકા પાસેના એક ગામમાં ઉચ્ચ જાતિના યુવકે એક સગીર છોકરી પર બળાત્કાર ગુજાર્યો હતો. ૧૫ વર્ષની પીડિતાએ ગર્ભ ધારણ કર્યો હતો અને પરિવારને આ ઘટનાની જાણ ત્યારે થઈ જ્યારે બાળકી ગર્ભાવસ્થાના પાંચમા મહિનામાં હતી. ત્યારબાદ પરિવારે ૧૨ ઓગસ્ટે નારાયણપુરા પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

ઉચ્ચ જાતિના સમુદાયના નેતાઓએ સંદેશવાહક મોકલીને દલિત પરિવારને સમાધાન કરવા કહ્યું હતું. જો કે, દલિત પરિવારે આ રજૂઆત નકારી કાઢી હતી અને આરોપીઓ સામે પોલીસ કાર્યવાહી કરવાનો આગ્રહ રાખ્યો હતો.

આ પછી, ઉચ્ચ જાતિના નેતાઓએ ગામમાં દુકાન માલિકોને દલિતોનો બહિષ્કાર કરવાનો આદેશ આપ્યો. દુકાનદારો હવે દલિત સમુદાયના બાળકોને પેન, નોટબુક અને પેન્સિલ જેવી મૂળભૂત સ્ટેશનરી વસ્તુઓ વેચવાનો ઈનકાર કરી રહ્યા છે. દલિત પરિવારોને ગામડાઓમાં દુકાનો દ્વારા રોજનું રાશન વેચવામાં આવતું નથી અને તેઓને દૂરના સ્થળેથી લાવવાની ફરજ પડે છે.

ગામના દલિતો પરિણામને લઈને ભયમાં જીવી રહ્યા છે અને અધિકારીઓ પાસે મદદ માંગી છે. દલિત સંગઠનોએ આ ઘટના પર ચિંતા વ્યક્ત કરી છે અને દોષિતો સામે કાર્યવાહી કરવાની માંગ કરી છે. પોલીસ અને જિલ્લા વહીવટીતંત્ર સમુદાયો વચ્ચે શાંતિ બેઠક યોજવાનો પ્રયાસ કરી રહ્યા છે. ઘટના અંગે હજુ વધુ વિગતો બહાર આવવાની બાકી છે.

યાદગીર કર્ણાટકના સૌથી પછાત જિલ્લાઓમાંનો એક છે અને અન્ય પ્રદેશોની સરખામણીએ તેના સામાજિક સૂચકાંકો ચિંતાજનક રીતે ઓછાં છે.

# મધ્યપ્રદેશ : સાગરમાં દલિત યુવતી પર સામૂહિક બળાત્કાર; મહિલા કોંગ્રેસ દ્વારા વહીવટી નિષ્ક્રિયતા સામે વિરોધ




(એજન્સી) ભોપાલ, તા.૧૪

મધ્યપ્રદેશના સાગર જિલ્લામાં એક આઘાતજનક ઘટનામાં એક યુવાન દલિત છોકરી પર આદિવાસી છોકરાઓની છાત્રાલયમાં સામૂહિક બળાત્કાર થયો હોવાના અહેવાલ છે. અપરાધીઓએ કથિત રીતે છોકરીને હોસ્ટેલમાં લલચાવી હતી, જ્યાં તેઓએ બદલામાં તેના પર હુમલો કર્યો હતો. પોલીસ અને વહીવટીતંત્ર બંનેના ધીમા પ્રતિભાવ અંગે ગંભીર ચિંતા સાથે આ ઘટનાએ આક્રોશ ફેલાવ્યો છે.

જો કે કેસ નોંધવામાં આવ્યો છે અને બે શંકાસ્પદોની ધરપકડ કરવામાં આવી છે, તપાસની ધીમી ગતિ અને અધિકારીઓના મૌનથી સ્થાનિકોમાં રોષ ફેલાયો છે.

રવિવારના રોજ બનેલી આ ઘટનાની વ્યાપક નિંદા થઈ છે. પીડિતાના પરિવાર અને વિવિધ સમુદાયના જૂથો પોલીસ અને વહીવટીતંત્ર પર કેસને દબાવવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવે છે, અને ગુનેગારો સામે ઝડપી અને નિર્ણાયક કાર્યવાહીની માંગ કરે છે. કથિત નિષ્ક્રિયતાના જવાબમાં મહિલા કોંગ્રેસે, તેના પ્રદેશ પ્રમુખ વિભા પટેલની આગેવાની હેઠળ, મોટા પાયે વિરોધ પ્રદર્શન કર્યું હતું. ગુરૂવારના રોજ સાગર કલેક્ટર કચેરીની સામે એક મજબૂત વિરોધ થયો, જેમાં પીડિતા માટે ન્યાયની માંગણી કરતી મહિલાઓનું નોંધપાત્ર મતદાન જોવા મળ્યું.

વિભા પટેલે ભારપૂર્વક જણાવ્યું હતું કે, આ માત્ર એક દલિત છોકરી સાથે સંકળાયેલી એક અલગ ઘટના નથી, પરંતુ સમાજમાં પ્રવર્તતી જાતિ અને લિંગ આધારિત હિંસાના મોટા મુદ્દાનું પ્રતીક છે. તેમણે વહીવટી નિષ્ક્રિયતા અને પોલીસ તપાસની ધીમી ગતિના પ્રકાશમાં આ મુદ્દા પર મજબૂત અવાજ આપવા માટે મહિલા કોંગ્રેસની પ્રતિબદ્ધતાની પુષ્ટિ કરી. વિરોધ દરમિયાન કલેક્ટરને આવેદનપત્ર પાઠવી ગુનેગારો સામે કડક કાર્યવાહી કરવાની માંગણી કરી હતી. મહિલા કોંગ્રેસે સમાજમાં પ્રવર્તતા અન્યાય સામે આંદોલનનું નેતૃત્વ કરવાની પ્રતિજ્ઞા લીધી છે.


## ગુજરાત ટુડે ટચુકડી જાહેર ખબર

### જોઈએ છે

**વોચમેન/લિફ્ટમેન જોઈએ છે**
મે-રોઝ ટાવર-કોચરબ, કાગદીવાડ, સશક્ત, ૩૦થી ૬૦ વર્ષના તા.૧૫-૯-૨૪ રવિવારે સવારે ૧૦થી ૧૨માં આધારકાર્ડ સાથે રૂબરૂ મળવું

**જોઈએ છે**
વોચમેન, અમન એપાર્ટમેન્ટ જે.પી. ચોક, ખાનપુર મળો રૂબરૂ 9825720928

**સેલ્સમેન જોઈએ છે**
અનુભવી/બિનઅનુભવી, ત્રણ દરવાજા વિસ્તારમાં 9824617398

**માણસ જોઈએ છે**
પરચૂરણ કામ માટે, પાર્ટ ટાઈમ, સિલ્વર આર્ટ પ્રિન્ટર્સ શાહઆલમ 9898264507

### વેચવાનું છે

**ફ્લેટ વેચવાનો છે**
3 BHK અકીબા હાઈટ્સ TP 85 સરખેજ ટાઈટલ ક્લિયર લોન પેપર અવેલેબલ મો. 9723249176

**દુકાન વેચવાની છે**
ઢાલગરવાડ માર્કેટમાં M. 9714092444

**મકાન વેચવાનું છે**
(ફક્ત મુસ્લિમ) ફર્સ્ટ ફ્લોરથી આકાશ સુધી, દસ્તાવેજવાળું, કાર્પેટ 125 વાર, બાંધકામ 200 વાર દિલ્હી દરવાજા 8141264631

**ડુપ્લેક્ષ વેચવાનો છે**
3 BHK જાવેદપાર્ક-૧ જુહાપુરા 9824437209

**2 BHK FLAT વેચવાનો છે**
ખાનપુર જે.પી. ચોક દલાલ માફ 9825863838

**3 BHK ફ્લેટ વેચવાનો છે**
ઝમ ઝમ ફ્લેટ જુહાપુરા, પ્રાઈમ લોકેશન 9898611992

**આલ્ફા રો-હાઉસમાં મકાન વેચવાનું છે**
9824071136

**Office For Sale**
580 sq.ft. Sun west bank Ashram Road Broker 9825415296

**ફ્લેટ વેચવાનો છે**
A-1-1004 ઈમાદ હાઈટ્સ અંબર ટાવરની સામે, 2 BHK સેમી ફર્નિશ્ડ સરખેજ મો.9979005236 નિશારહુસૈન એમ. શેખ

**પ્લોટના ભાવે બંગલો વેચવાનો છે**
૨૮૦ વારનો, પર્સનલ બોર, નીચે જ ૩ રૂમ, (વધારાની જગ્યા બાંધકામ કરી શકાશે) મેમણ હોલ રોડ, જુહાપુરા 9687750295

**મકાન વેચવાનું છે**
શામિયાના સોસાયટી, સોનલ સિનેમા રોડ મો. 9824548735

### મકાન અને જમીન ભાડે-વેચાણ

www.yourpropertysolution.in Sell, Buy, Rent Any properties. (Online - Offline) urgent Contact WhatsApp +919327646982 (જગ્યા તમારી બાંધકામ અમારૂં ઈન્ટરેસ્ટેટ હોય તો કોલ કરવો સ્કીમ માટે.)

**સાયન હિલ્સમાં ફ્લેટ ભાડે આપવાનો છે**
૧૧૦ વાર, બેડરૂમ, હોલ, કિચન, ગાર્ડન, પ્રાઈમ લોકેશન, સારણી મસ્જિદ પાસે, જુહાપુરા 9227200413

**પ્લોટ વેચાણથી આપવાનો છે**
૪૬૧ વારના દસ્તાવેજ નરીમનપુરા, ગઝાલી ગ્રીન 8200784325

**ત્રિપ્લેક્ષ વેચાણ આપવાનું છે**
૪ રૂમ રસોડું, ૧૧૫ વાર બાંધકામ દસ્તાવેજ સાથે, દાણીલીમડા, પટેલ મેદાન, મદની મસ્જિદની આગળ, અમીઝા રેસિડેન્સી 7600704064

**બે માળની દુકાન વેચાણ અથવા ભાડે આપવાની છે**
દાણીલીમડા BRTS સામે, નાગોરી કોમ્પ્લેક્ષની બાજુમાં અર-રહમાન કોમ્પ્લેક્ષ 7600704064

**ફ્લેટ વેચાણ આપવાનો છે**
2 BHK રોયલ રેસિડેન્સી નવરંગ સ્કૂલ સામે, દાણીલીમડા બેરલ માર્કેટ 7600704064

**ફ્લેટ વેચાણ આપવાનો છે**
1 BHK હાજીબાવા પાર્ક જુહાપુરા 9099932355

જુહાપુરા સરખેજ વિસ્તારમાં દુકાન-જમીન-મકાન ફ્લેટ-બંગલો લે-વેચ-ભાડે માટે મળો 9825434705 ફિરોજખાન

**ફ્લેટ ભાડે/વેચાણ આપવાના છે**
1/2/3/4 બેડના ફર્નિશ્ડ, અનફર્નિશ્ડ, નવરંગપુરા, પાલડી, ખાનપુર, જુહાપુરા 9825677586

**ભાડે/વેચાણ**
2/3/ BHK ફ્લેટ, પાલડી પ્રિન્સ બ્રોકર 96621976776

**ભાડે આપવાનું છે**
2 BHK બંગ્લોઝ 240 વાર પ્લોટમાં કમ્પાઉન્ડ ખુલ્લી જગ્યા, અનવર પાર્ક 8141837313 ગુલુચાચા

**ભાડે આપવાનું છે**
1 રૂમ રસોડું અને મોટી ગેલેરી સરખેજ રોજા પાસે, હાજી જમાલનગર ૧લે માળે ૭ હજાર ભાડું 8141837313 ગુલુચાચા

જમીન-પ્લોટ-ગોડાઉન-દુકાન-બંગ્લોઝ-ટેનામેન્ટ-ફ્લેટ-ડુપ્લેક્ષ ભાડે-લે-વેચ 8141837313 ગુલુચાચા

**ગોડાઉન ભાડે આપવાનું છે**
સનાથલ રોડ ટચ 3500 સ્કે.ફૂટ મો. 9824389901

### લગ્ન વિષયક

**મુસ્લિમ લગ્ન વિષયક**
Doctor/Engineer/ C.A./Ph.D./M.Phill/ Master Graduate/ Government Employee/NRI/ Business Family ના મુસ્લિમ યુવક-યુવતીઓના 6000થી વધુ Biodata જોવા અને વાલીઓને રૂબરૂ મળવા સંપર્ક કરો. યુનિવર્સલ મુસ્લિમ મેરેજ બ્યુરો 9825091851 www.ummbonline.com

**અગત્યની સૂચના**
લગ્ન વિષયકની તેમજ અન્ય કોઈપણ યોજનાની જાહેરખબરમાં વિજ્ઞાપન દાતાએ આપેલી માહિતી ઉપર વિશ્વાસ મૂકતાં પહેલા વાચકે પૂરતી ચકાસણી કરી લેવી. જેની ખાસ નોંધ લેવી. - વ્યવસ્થાપક

38 વર્ષની M.com ફક્ત 4 મહિનામાં ડાયવર્સી યુવતી માટે જેને સંતાન ના હોય તેવા વ્યક્તિના વાલી સંપર્ક કરે મોબાઈલ 7600651866

36 વરસની M.com કુંવારી યુવતી માટે યોગ્ય યુવકના વાલી સંપર્ક કરે. ડાયવોર્સીએ સંપર્ક કરવો નહીં. મોબાઈલ 9327041866

**નિકાહ નેટવર્ક્સ મુસ્લિમ મેરેજ બ્યુરો**
લોકલ તથા NRI હાઈ પ્રોફાઈલ એજ્યુકેટેડ અનએજ્યુકેટેડ રિશ્તા માટે સંપર્ક કરો 9825215334 9904969895

VIP Muslims Marriage Bureau Since 2009 (Online - Offline) www.vipmuslimsmarriagebureau.com NRI, Business Class Families, Doctor, Highly Educated Can Contact to us Only. (Age 18 to 55) Urgent WhatsApp 9327071001

**રિશ્તા મેચ મેકર્સ**
પર્શનલાઈઝડ સર્વિસ રિશ્તો ન થાય ત્યાં સુધી મેમ્બરશીપ ફક્ત 2000/- (મો.) 7802036661

### વ્યવસાયીલક્ષી/અન્ય

**ગાયનું ઘી**
અમે ગાયના ઘીનું છૂટક તથા જથ્થાબંધ વેચાણ કરીએ છીએ 7575084819

**પદનું નામ : ફાર્મ હાઉસ અને રિસોર્ટ સંભાળનાર**
૧. બાંધકામની જાળવણી, લેન્ડસ્કેપ અને સિંચાઈની દેખરેખ રાખવી.
૨. ચાલી રહેલ બાંધકામની દેખરેખ રાખવી અને સમયસર પૂર્ણ થાય તેની ખાતરી કરવી.
૩. મિલકતની જાળવણી, સુંદરતા જાળવવી અને છોડને દરરોજ પાણી આપવું.
Contact Number 9313312469 9227230935

**અટક બદલેલ છે**
જૂનું નામ : પીરાણાવાળા અબરારઅલી ઝાકીરઅલી નવું નામ : સૈયદ અબરારઅલી ઝાકીરઅલી સરનામું : ઘર નં.૨, રસુલાબાદ સોસાયટી, મોગલ પાર્ક સામે, શાહેઆલમ, અમદાવાદ-૩૮૦૦૨૮

મારૂં નામ સૈયદ ખાલીદશાહ બડામિયાંથી બદલી સૈયદ ખાલીદસાબ બડાસાબમિયાં રાખેલ છે. ૩૦૬, આર.બી. હાઉસ, ઈટાલિયન બેકરીની પાછળ, ખારૂનાલા, અમદાવાદ.

**ગુજરાત ટુડે**
આપની ટચૂકડી જાxખ નીચેના સેન્ટર ઉપર પણ આપી શકો છો

**ગુજરાત ટુડે બ્યુરો સીટી ઓફિસનું સરનામું**
ઉસ્માની મંઝીલ, ખાનપુર ચકલા, અમદાવાદ

**કિસ્મત બુક સ્ટોર :** ૧૯૦/એ/૩, બાવરચી એસ્ટેટ, બુખારીસાહબ દરગાહ, જમાલપુર ક્રોસ રોડ, અમદાવાદ. મો.૯૮૨૫૦૭૫૬૮૯

**જુહાપુરા ઓફિસ :** ફિરદોસ સિમેન્ટ બેંક ઓફ બરોડાની સામે, સરખેજ જુહાપુરા રોડ, મો.9998880330

# વડાપ્રધાન મોદી ભારતમાં અને વિદેશમાં પ્રવાસની યોજના બનાવી રહ્યા છે, પરંતુ તેઓ મણિપુર જવાનું ઈરાદાપૂર્વક ટાળી રહ્યા છે : કોંગ્રેસ

## કોંગ્રેસના સાંસદ જયરામ રમેશે મણિપુર હિંસાની તપાસ પંચમાં થતાં વિલંબની ટીકા કરી હતી

(એજન્સી) તા.૧૪

કોંગ્રેસે મણિપુરની સ્થિતિ અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આકરી ટીકા કરી હતી અને કહ્યું હતું કે તેઓ દેશના અન્ય ભાગોમાં અને વિદેશમાં મુસાફરી કરવાની યોજનાઓ બનાવી રહ્યા છે, પરંતુ દેશના સૌથી વધુ મુશ્કેલીગ્રસ્ત રાજ્યની મુલાકાત લેવાનું તેઓ ટાળી રહ્યા છે. કોંગ્રેસના સાંસદ અને મહાસચિવ (સંચાર) જયરામ રમેશે જણાવ્યું હતું કે ૩ મે ૨૦૨૩ના રોજ, મણિપુરમાં હિંસા શરૂ થઈ હતી અને ૪ જૂન ૨૦૨૩ના રોજ, હિંસા અને રમખાણોના કારણોની તપાસ કરવા માટે ત્રણ સભ્યોના તપાસ પંચની રચના કરવામાં આવી હતી. તેનો રિપોર્ટ સબમિટ કરવા માટે આ સમિતિને છ મહિનાનો સમય આપવામાં આવ્યો હતો. હજુ સુધી કોઈ રિપોર્ટ સબમિટ કરવામાં આવ્યો નથી. કમિશનને હવે ૨૪ નવેમ્બર, ૨૦૨૪ સુધીનો સમય આપવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે, તે દરમિયાન, મણિપુરના લોકોની વેદના વધી રહી છે અને બિન-જૈવિક વડાપ્રધાન દેશના અન્ય ભાગોમાં અને વિદેશમાં પ્રવાસ કરવાની યોજનાઓ બનાવે છે, પરંતુ તેઓ ઈરાદાપૂર્વક આ સૌથી વધુ મુશ્કેલીગ્રસ્ત રાજ્યની મુલાકાત લેવાનું ટાળે છે. મણિપુરમાં અત્યાર સુધીમાં ૨૨૦થી વધુ લોકોના મોત થયા હોવાનો દાવો કરવામાં આવ્યો છે અને શ્રેણીબદ્ધ હિંસાની ઘટનાઓની તેની તપાસ અંગેનો અહેવાલ સબમિટ કરવા માટે તપાસ પંચને ૨૦ નવેમ્બર સુધીનો સમય કેન્દ્ર દ્વારા આપવામાં



આવ્યો છે. ગૌહાટી હાઈકોર્ટના પૂર્વ મુખ્ય ન્યાયાધીશ અજય લામ્બાના નેતૃત્વ હેઠળના પંચની સ્થાપના ૪ જૂન ૨૦૨૩ના રોજ કરવામાં આવી હતી. નિવૃત્ત IAS અધિકારી હિમાંશુ શેખર દાસ અને નિવૃત્ત IPS અધિકારી આલોકા પ્રભાકરનો પણ આ પેનલમાં સમાવેશ થાય છે અને આ પેનલને ૩ મે, ૨૦૨૩થી મણિપુરમાં વિવિધ સમુદાયોના સભ્યોને નિશાન બનાવતી હિંસા અને રમખાણોના કારણોના સંદર્ભમાં તપાસ કરવાનું કામ આપવામાં આવ્યું હતું. ગયા વર્ષે મે મહિનાથી ઈમ્ફાલ ખીણ સ્થિત મેઈટીસ અને નજીકના પહાડી-આધારિત કુકી-ઝો જૂથો વચ્ચે વંશીય હિંસામાં ૨૨૦થી વધુ લોકો માર્યા ગયા છે અને હજારો લોકો બેઘર થયા છે.

# રામ મંદિરની સફાઈ કર્મચારીનો વારંવાર સામૂહિક બળાત્કારનો આરોપ, અયોધ્યામાં આઠ લોકોની ધરપકડ

## યુવતીએ જે વિસ્તારોને ગુનાના સ્થળો તરીકે ઓળખાવ્યા છે તે મંદિર નગરમાં ઉચ્ચ સુરક્ષા ઝોન છે. યુવતીએ સ્થાનિક પત્રકારોને જણાવ્યું કે તે પહેલા ૨૬ ઓગસ્ટના રોજ પોલીસ પાસે ગઈ હતી પરંતુ તેનો કેસ નોંધવામાં આવ્યો ન હતો

(એજન્સી) તા.૧૪

અયોધ્યામાં કોલેજની વિદ્યાર્થિની પર કથિત સામૂહિક બળાત્કારના આરોપમાં આઠ લોકોની ધરપકડ કરવામાં આવી હતી, જે રામ જન્મભૂમિ મંદિરમાં સફાઈ કર્મચારી પણ છે.

પીડિતાએ પોલીસમાં કરેલી ફરિયાદમાં જણાવ્યું છે કે અયોધ્યા જિલ્લાના સહદતગંજના રહેવાસી વંશ ચૌધરીએ તેને વચન આપ્યું હતું કે તે તેને "મનોરંજન માટે" જિલ્લાના સ્થળોએ લઈ જશે.

તેણે પોતાની જાતને અયોધ્યા નગરની ડિગ્રી કોલેજમાં બીએના ત્રીજા વર્ષની વિદ્યાર્થી તરીકે ઓળખાવતા જણાવ્યું કે, "તે મને ૧૬ ઓગસ્ટે એક ગેસ્ટ હાઉસમાં લઈ ગયો અને ત્યાં મને બંધ કરી દીધો. તેણે, તેના અન્ય બે મિત્રો સાથે મળીને, મારા પર સામૂહિક બળાત્કાર કર્યો અને પછી આઘાતજનક રીતે વધુ ત્રણ મિત્રોને આમંત્રણ આપ્યું," તે રામ જન્મભૂમિ મંદિરમાં સફાઈ કર્મચારી તરીકે પણ કામ



કરે છે. તેણે અન્ય બે આરોપીઓ – વિનયકુમાર અને મોહમ્મદ શારિકની ઓળખ કરતા કહ્યું કે, "ગેસ્ટ હાઉસમાંથી, તેઓ મને બનવીરપુરના બેરેજમાં લઈ ગયા અને ફરીથી મારી સાથે દુર્વ્યવહાર કર્યો. તેઓએ મને ૧૮ ઓગસ્ટના રોજ છોડી દીધી."

તેણે પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે, "મને મારા પરિવારના સભ્યો અને મારા જીવ માટે ડર હતો કારણ કે તેઓએ અમને બધાને મારી નાખવાની ધમકી આપી હતી આથી, હું પોલીસ પાસે ગઈ ન હતી. પરંતુ ૨૫ ઓગસ્ટે હું મંદિર જઈ રહી હતી ત્યારે વંશે ફરી મારું અપહરણ કર્યું હતું. તેની સાથે ઉદિતકુમાર, સતરામ ચૌધરી અને બે અજાણ્યા લોકો હતા. તેઓએ કારમાં મારી પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો પરંતુ કાર ડિવાઈડરમાં ઘૂસી ગઈ અને મને તેમની ચુંગાલમાંથી ભાગી જવાનો સમય મળ્યો." યુવતીએ જે વિસ્તારોને ગુનાના સ્થળો તરીકે ઓળખાવ્યા છે તે મંદિર નગરમાં ઉચ્ચ સુરક્ષા ઝોન છે. યુવતીએ સ્થાનિક પત્રકારોને જણાવ્યું કે તે પહેલા ૨૬ ઓગસ્ટના રોજ પોલીસ પાસે ગઈ હતી પરંતુ તેનો કેસ નોંધવામાં આવ્યો ન હતો. અયોધ્યાના કેન્ટ પોલીસ સ્ટેશનના પ્રભારી અમરેન્દ્રસિંહે કહ્યું: "અમે તપાસ બાદ ૨ સપ્ટેમ્બરે કેસ નોંધ્યો હતો અને આખરે તમામ આઠ આરોપીઓની ધરપકડ કરી હતી. તેઓને કોર્ટમાંથી જેલમાં મોકલી દેવામાં આવ્યા હતા." અધિકારીએ કહ્યું કે યુવતીએ વંશ પર વિશ્વાસ કર્યો કારણ કે તે તેને છેલ્લા ચાર વર્ષથી ઓળખતી હતી.

# દુષ્કર્મ વિરોધી કાયદાને શાળાના અભ્યાસક્રમમાં સામેલ કરાશે ? : સુપ્રીમકોર્ટે કેન્દ્રનો જવાબ માગ્યો

(એજન્સી) તા.૧૪

શાળાના બાળકોને દુષ્કર્મ વિરૂદ્ધ બનેલા દેશના અને રાજ્યોના કાયદાઓ વિશે શીખવવું જોઈએ અને તેને અભ્યાસક્રમનો ભાગ બનાવવો જોઈએ. આ પ્રકારની માંગણી કરતી અરજી શુક્રવારે સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવી છે. આ અંગે સુનાવણી કરતા ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડની અધ્યક્ષતાવાળી બેન્ચે નોટિસ જારી કરી હતી. પીઆઈએલમાં કહ્યું કે રાષ્ટ્રીય સ્તરે નિર્ભયા કાયદો છે, પોક્સો એક્ટ હેઠળ કડક જોગવાઈઓ છે. આ પછી પણ મહિલાઓ પર બળાત્કાર સહિતની હિંસક ઘટનાઓમાં કોઈ ઘટાડો થયો નથી. આ સિવાય બંગાળ, આંધ્રપ્રદેશ અને મહારાષ્ટ્ર જેવા રાજ્યોએ કડક કાયદા બનાવ્યા છે અને મૃત્યુદંડની પણ જોગવાઈ કરી છે. આ પછી પણ ઘટનાઓમાં કોઈ ઘટાડો થયો નથી. તેનું કારણ એ છે કે કડક કાયદા છે, પરંતુ ગુનાઓ આચરતા તત્ત્વોને તેની જાણ નથી. તેથી આને શાળાના અભ્યાસક્રમમાં જ શીખવવું જોઈએ અને જ્યારે લોકોને સંપૂર્ણ માહિતી મળશે, ત્યારે તેઓ આવી ઘટનાઓને અંજામ આપવાનો ડર અનુભવી શકે છે. વરિષ્ઠ એડવોકેટ આબાદ પોંડા દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં કહેવામાં આવ્યું હતું કે માત્ર કડક કાયદા બનાવવાથી ઉકેલ નથી. આબાદ પોંડાએ અરજીમાં જણાવ્યું હતું કે સમાજના તમામ વર્ગો સુધી માહિતી પહોંચી નથી કે મહિલાઓ વિરૂદ્ધના ગુનાઓ માટે શું સજા થઈ શકે છે. તેથી, દરેકને જાગૃત કરવા માટે તે જરૂરી છે કે માહિતી પહોંચાડવામાં આવે અને બાળકો



કિશોરાવસ્થાથી જ તેમના વિશે જાણતા હોય. આબાદ પોંડાએ કહ્યું કે માત્ર કડક કાયદા બનાવવાથી સમસ્યાનો ઉકેલ નહીં આવે પરંતુ તેના મુખ્ય કારણને ખતમ કરવું પડશે. આ જ કારણ છે, સમાજની વિચારસરણી. સમાજ ખોટો વિચારે તો બદલવો પડશે. આ ફેરફારો ત્યારે જ થશે જ્યારે શાળાના અભ્યાસક્રમમાં જ જાગૃતિ ફેલાવવામાં આવશે. બળાત્કાર વિરોધી કાયદા વિશે વિસ્તૃત માહિતી આપવી જોઈએ. એટલું જ નહીં, અરજદારે કહ્યું કે કડક કાયદો બનાવવાથી પણ કંઈ થશે નહીં. તેનાથી લોકોને ખોટા કેસોમાં ફસાવવાની સમસ્યામાં વધારો થઈ શકે છે. આવી પરિસ્થિતિને ટાળવા માટે, પહેલું પગલું જે ઉઠાવવું જોઈએ તે ગુનાઓના વાસ્તવિક મૂળને નાબૂદ કરવાનું છે. દેશમાં પુરૂષોની માનસિકતા બદલવી પડશે. માત્ર કાયદાના ડરથી બધું નહીં થાય.

# J&K એન્કાઉન્ટર : કિશ્તવાડમાં ૩ આતંકવાદીઓ ઠાર, ડ્રોન ફૂટેજમાં છેલ્લી ક્ષણો કેદ

(એજન્સી) કિશ્તવાડ, તા.૧૪

ટોચના લશ્કરી અધિકારીઓએ મીડિયાને જણાવ્યું હતું કે, જમ્મુ અને કાશ્મીરના કિશ્તવાડમાં એન્કાઉન્ટર દરમિયાન ત્રણ આતંકવાદીઓ માર્યા ગયા છે. આ ઓપરેશનમાં, જેમાં કિશ્તવાડના ચત્રુમાં પિંગનલ દુગડ્ડા આસપાસનો વિસ્તાર પણ સામેલ છે, બે સૈનિકો- નાયબ સુબેદાર વિપિનકુમાર અને સિપાહી અરવિંદસિંઘના મૃત્યુ થયા હતા, જ્યારે અન્ય બે સૈનિકો ઘાયલ થયા હતા.

એન્કાઉન્ટરના ડ્રોન ફૂટેજમાં એક આતંકવાદીની છેલ્લી ક્ષણોને કેદ કરીને



## આ ઓપરેશનમાં નાયબ સુબેદાર વિપિન કુમાર અને સિપાહી અરવિંદસિંહ એમ બે સૈનિકોના મૃત્યુ પણ થયા છે જ્યારે અન્ય બે સૈનિકો ઘાયલ થયા છે

નિર્ણાયક પુરાવા મળ્યા છે. ડ્રોન કેમેરાની મદદથી લાશ શોધી કાઢવામાં આવી હતી, જો કે સર્ચ ઓપરેશન હજુ ચાલી રહ્યું છે કારણ કે દળો બાકી રહેલા આતંકવાદીઓને શોધી રહ્યા છે.

આ એન્કાઉન્ટર ત્યારે શરૂ થયું જ્યારે આતંકવાદીઓએ ભારતીય સેના અને જમ્મુ અને કાશ્મીર પોલીસની સંયુક્ત ટીમ પર ગોળીબાર કર્યો જે વિસ્તારમાં શોધખોળ કરી રહી હતી. અહેવાલો સૂચવે છે કે કેટલાક આતંકવાદીઓ હજુ પણ જંગલમાં છુપાયેલા હોઈ શકે છે, જેના પગલે વધુ સૈન્ય તૈનાત કરવામાં આવ્યું છે.

આ એન્કાઉન્ટર સમગ્ર પ્રદેશમાં આતંકવાદી પ્રવૃત્તિઓમાં તાજેતરના વધારાને અનુસરે છે. આ ઓપરેશનના આગલા દિવસોમાં, સુરક્ષા દળોએ ઉધમપુર જિલ્લામાં બે આતંકવાદીઓને ખતમ કરી દીધા હતા. ૧૮ સપ્ટેમ્બરે ચૂંટણી નજીક આવી રહી છે, ત્યારે કિશ્તવાડ, ડોડા અને રામબન જિલ્લામાં સુરક્ષા પગલાં સઘન કરવામાં આવ્યા છે. ગીચ વસ્તીવાળા વિસ્તારો અને મતદાન મથકોને સુરક્ષિત કરવા વધારાના દળો તૈનાત કરવામાં આવ્યા છે, જ્યારે સર્ચ ઓપરેશન ચાલુ છે. ડોડા, ઉધમપુર અને કઠુઆ જિલ્લામાં થયેલા હુમલાઓ સહિતની હિંસામાં તાજેતરના ઉછાળાને પરિણામે બે આર્મી કેપ્ટન અને સાત સૈનિકો સહિત લગભગ એક ડઝન લોકોનાં મોત થયા છે. આતંકવાદી પ્રવૃત્તિમાં આ વધારો વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રદેશની આયોજિત મુલાકાતના થોડા કલાકો પહેલા થયો છે.

# જ્ઞાનવાપી મસ્જિદ વિવાદ : ભોંયરાની છત પર નમાઝ રોકવાની અરજી કોર્ટે ફગાવી

(એજન્સી) તા.૧૪

ઉત્તર પ્રદેશની વારાણસી કોર્ટે શુક્રવારે જ્ઞાનવાપી કેસમાં હિન્દુ પક્ષની અરજીને ફગાવી દીધી હતી. અરજીમાં માગણી કરવામાં આવી હતી કે મુસ્લિમોને વ્યાસજીના ભોંયરાની છત પર નમાઝ પઢવા પર પ્રતિબંધ મૂકવામાં આવે. વ્યાસજીના ભોંયરાના મકાનની છત નબળી હોવાથી કોઈપણ સમયે નુકસાન થવાની દલીલ કરી હતી. વ્યાસજીના ભોંયરામાં હિન્દુઓ પૂજા અર્ચના કરે છે જ્યારે મુસ્લિમ સમુદાય છત પર નમાઝ અદા કરે છે. આવી સ્થિતિમાં આ જગ્યા બંને સમુદાયો માટે આસ્થાની સાથે સાથે કાયદાકીય લડાઈનો અખાડો બની ગયો છે. જ્ઞાનવાપી મુદ્દે મુસ્લિમોને વ્યાસજીના ભોંયરાની છત પર એકઠા થવાથી રોકવાની માંગ કરતી અરજીને ફગાવી દીધી હતી. સિવિલ જજ હિતેશ અગ્રવાલે આ કેસમાં દલીલો સાંભળ્યા બાદ ફાઈલ અનામત રાખી હતી. હિન્દુ પક્ષે કહ્યું કે, અરજી તો ફગાવી દીધી પરંતુ જો ક્યારેય પણ છતને નુકસાન થયું અને જીવલેણ દુર્ઘટના ઘટી તો જવાબદાર કોણ હશે ? કાનપુરની આકાંક્ષા તિવારી, દીપક પ્રકાશ શુક્લા, અમિત કુમાર અને



લખનૌના સુવિદ પ્રવીણે ૧૬ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ કોર્ટમાં અરજી કરી હતી કે, વ્યાસજીનું ભોંયરૂં ઘણું જૂનું અને જર્જરિત છે. તેના થાંભલા પણ નબળા છે. અહીં નમાજીઓની અવરજવરને પગલે ગંભીર અકસ્માત થવાની સંભાવના રહેલી છે. જે જીવલેણ પણ સાબિત થઈ શકે છે. મુસ્લિમ સમુદાયના લોકોને અહીં આવવા અને નમાઝ પઢતા અટકાવવામાં આવે તે ખૂબ જ જરૂરી છે. આ કેસમાં વાદીઓએ વ્યાસજીના ભોંયરાની જર્જરિત છતની મરામત કરવા અને ભોંયરાની છત પર મુસ્લિમોને એકઠા થતા રોકવા માટે અરજી આપી હતી. તેના પર અંજુમન ઈન્તેજામિયા મસ્જિદે વાંધો ઉઠાવ્યો હતો. બંને પક્ષકારોની દલીલો સાંભળ્યા બાદ અને ફાઈલોનો અભ્યાસ કર્યા બાદ કોર્ટે વાદીની અરજી ફગાવી દીધી હતી.

# સઉદી અરેબિયામાં વિશ્વનું પ્રથમ સંપૂર્ણ રોબોટિક હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ ઓપરેશન કરવામાં આવ્યું

## અંતિમ તબક્કામાં હૃદયની નિષ્ફળતાથી પીડાતા ૧૬ વર્ષના દર્દી પર આ ટ્રાન્સપ્લાન્ટ ઓપરેશન કરવામાં આવ્યું હતું

(એજન્સી) રિયાધ, તા.૧૪

વૈશ્વિક સ્તરે એક ભવ્ય સિદ્ધિ મેળવતા, સઉદી અરેબિયાની રાજધાની રિયાધમાં કિંગ ફૈઝલ સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલ એન્ડ રિસર્ચ સેન્ટર (KFSHRC)એ સફળતાપૂર્વક વિશ્વનું પ્રથમ સંપૂર્ણ રોબોટિક હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ ઓપરેશન કર્યું છે. ગુરુવાર, ૧૨ સપ્ટેમ્બરના રોજ અંતિમ તબક્કામાં હૃદયની નિષ્ફળતાથી પીડાતા ૧૬ વર્ષના દર્દી પર ટ્રાન્સપ્લાન્ટ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.

સઉદી પ્રેસ એજન્સી (SPA)એ કહ્યું છે કે, FSHRC ખાતે રોબોટિક્સ એન્ડ મિનિમલી ઈન્વેસિવ સર્જરી પ્રોગ્રામના ડાયરેક્ટર અને કાર્ડિયાક સર્જરીના વડાની આગેવાની હેઠળની અસાધારણ તબીબી ટીમ દ્વારા અઢી કલાકનું ઓપરેશન કરવામાં આવ્યું હતું. અઢી કલાક ચાલેલી આ સર્જરીનું નેતૃત્વ જાણીતા સઉદી કાર્ડિયાક સર્જન ડો.ફેરાસ ખલીલે કર્યું હતું.

આ ઓપરેશનની ચોકસાઇ સુનિશ્ચિત કરવા અને સંભવિત જોખમોને ઘટાડવા માટે વિગતવાર સૈદ્ધાંતિક આયોજન સાથે આ પ્રક્રિયા કરવામાં આવી હતી. આ તબીબી ટીમે દર્દીની છાતી ખોલ્યા વિના હૃદય સુધી પહોંચવા અને ટ્રાન્સપ્લાન્ટ કરવા માટે સર્જીકલ અભિગમ અપનાવ્યો હતો. આ અભિગમની અસરકારકતા સુનિશ્ચિત કરવા માટે, આ તબીબી ટીમે ઓપરેશન કરતાં પહેલા ત્રણ દિવસમાં વર્ચ્યુઅલ રીતે સાત વખત આ પ્રક્રિયાનો અભ્યાસ કર્યો હતો. સફળ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ ઓપરેશન એ ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રગતિ છે, જેમાં પરંપરાગત રીતે છાતીને ખોલવાની પ્રક્રિયાઓ કરવામાં આવતી નથી કારણ કે તેનાથી દર્દીને સાજા થવામાં લાંબા સમયની જરૂર પડે છે.

આ અગ્રણી સિદ્ધિ, અને આવી પ્રક્રિયાઓ સાથે સંકળાયેલા નોંધપાત્ર તબીબી પડકારો સાથે, આરોગ્યસંભાળમાં સઉદી અરેબિયા એક અગ્રણી નેતૃત્વ બની ગયું છે અને KFSHRCની આ તબીબી પદ્ધતિઓમાં નવીનતા લાવવાની ક્ષમતાને દર્શાવે છે. KFSHRCના સીઈઓ ડૉ. માજિદ અલ ફૈયાદે ૧૯૬૦ના દાયકામાં ઐતિહાસિક પ્રથમ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ બાદ હાર્ટ



ટ્રાન્સપ્લાન્ટેશનમાં નોંધપાત્ર પ્રગતિ તરીકે આ સિદ્ધિની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે, વિશ્વના પ્રથમ રોબોટિક હાર્ટ ટ્રાન્સપ્લાન્ટની સફળતા માત્ર અમારી સંસ્થા માટે જ નહીં, પરંતુ સઉદી વિઝન ૨૦૩૦ના અનુસંધાનમાં, સઉદી અરેબિયાની વૈશ્વિક નેતૃત્વ તરફની સફર માટે પણ પરિવર્તનકારી સિદ્ધિ દર્શાવે છે.

તેમણે કહ્યું કે, આ નોંધપાત્ર સિદ્ધિ રાજ્યના સ્વપ્નદૃષ્ટા નેતૃત્વના અવિશ્વસનીય સમર્થન વિના શક્ય ન હોત, જેમણે આરોગ્યસંભાળ ક્ષેત્રના વિકાસને પ્રાથમિકતા આપી છે, આરોગ્યસંભાળ સેવાઓમાં પરિવર્તનશીલ ફેરફારો માટે તેઓએ માર્ગ મોકળો કર્યો છે, સ્થાનિક અને વૈશ્વિક સ્તરે દર્દીઓ માટે જીવનની ગુણવત્તાને ઉન્નત કરવાની નવી શક્યતાઓ ખોલી છે.

સપ્ટેમ્બર ૨૦૨૩ માં, KFSHRCએ ૬૬ વર્ષીય સઉદી પુરુષ પર વિશ્વનું પ્રથમ સંપૂર્ણ રોબોટિક લિવર ટ્રાન્સપ્લાન્ટ કર્યું હતું. આ દર્દી નોન-આલ્કોહોલિક ફેટી લિવર (NASH) અને હેપેટોસેલ્યુલર કાર્સિનોમા (HCC)થી પીડિત હતો.

# ૨૦ દુષ્કર્મ અને હત્યાનો આરોપી મધ્યપ્રદેશમાં વર્ષો સુધી મુક્ત રીતે ફરતો રહ્યો

(એજન્સી) ઈન્દોર, તા.૧૪

મધ્યપ્રદેશમાં ઈશ્વર ભીલ અને તેની ટોળકીએ ઈન્દોર નજીક મહેંદી કુંડ, પાતાલપાની અને બામણિયા કુંડ જેવા જોવાલાયક સ્થળોની મુલાકાત લેતા યુગલોને આતંકિત કર્યા હતા અને ત્રણ વર્ષમાં ૨૦થી વધુ મહિલાઓ પર બળાત્કાર કરીને તેમની ઘાતકી હત્યાઓ કરી હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે. નવેમ્બર ૨૦૧૭માં હિમાંશુ અને તેની મિત્ર મહેંદી કુંડની મુલાકાત લેવા ગયા હતા ત્યારે ભીલ અને તેના સાથીઓએ તેમને નાકોડી કુંડ પાસેના એકાંત વિસ્તારમાં ફસાવ્યા હતા. ત્યાં તેઓને લૂંટી લેવામાં આવ્યા હતા અને એક સાથે સામૂહિક બળાત્કાર કરવામાં આવ્યો હતો અને બંનેને ખાડામાં ધકેલી દીધા હતા અને પથ્થરોથી તેમના માથા




કચડીને હત્યા કરી હતી. આ કેસ ૨૦૧૮માં પ્રકાશમાં આવ્યો હતો જ્યારે પોલીસે સતપાલ નિનામા નામના એક નાનકડા ચોરની ચાર બોરી ચણાની ચોરી કરવા બદલ ધરપકડ કરી હતી. આકસ્મિક રીતે ભીલનો એક સાથીદાર બલરામ પણ આ જ ગુનામાં લોકઅપમાં હતો. બંને વચ્ચે ઝઘડો થવા લાગ્યો, દરેક બીજાને દોષ આપવાનો પ્રયાસ કરી રહ્યા હતા. જેના કારણે પોલીસને બે હત્યાઓની વિગતો જાણવા મળી અને આખરે તેઓ ભીલ પહોંચ્યા. ઈન્દોર ભાગી ગયા પછી ભીલે ગોવામાં તેની ગુનાહિત પ્રવૃત્તિઓ ચાલુ રાખી, જ્યાં તેની કોલવા બીચ પર ૨૦૧૮ ગેંગરેપ માટે ધરપકડ કરવામાં આવી. જો કે, તબીબી તપાસ માટે લઈ જવામાં આવતા તે કસ્ટડીમાંથી ભાગી ગયો હતો અને હજુ પણ ફરાર છે. ભીલ ગોવામાં ટ્રેન સ્ટેશનો અને દરિયાકિનારા પર પ્રવાસીઓને લૂંટવામાં, સ્થાનિક રીતરિવાજો અને ભાષા શીખવા અને સ્થાનિક સમુદાયમાં ભળવામાં પણ સામેલ હતો. સત્તાવાળાઓએ તેની ધરપકડ તરફ દોરી જનાર માહિતી માટે ઈન્દોર પોલીસ દ્વારા ૩૦,૦૦૦ રૂપિયા અને ગોવા પોલીસ દ્વારા બળાત્કારના કેસમાં તેની સંડોવણી બદલ ૧ લાખ રૂપિયા ઈનામ જાહેર કરાયું હતું.

સમાજ માટે લાલબત્તી સમાન કિસ્સો

# જૂનાગઢમાં સગીરાને પ્રેમજાળમાં ફસાવી પ્રેમીએ દુષ્કર્મ આચરી દેહવિક્રયના ધંધામાં ધકેલી દીધી

જૂનાગઢ, તા.૧૪

જૂનાગઢમાં શહેરમાં સુખનાથ ચોક વિસ્તારની એક સગીરાને પ્રેમજાળમાં ફસાવી અને બાદમાં સગીરાના કથિત પ્રેમીએ તેની પર દુષ્કર્મ ગુજાર્યા બાદ સગીરાને મિત્રના હવાલે કરી દીધી હતી અને દેહવિક્રયના ધંધામાં ધકેલી અલગ-અલગ હોટેલમાં ગ્રાહકો બોલાવી સગીરા ઉપર દુષ્કર્મ આચર્યું હોવાની વિગતોનો કિસ્સો બહાર આવતા ચકચાર જાગી છે. આ બનાવમાં ૧૪ શખ્સોના નામ ખુલવા પામતા પોલીસે બે શખ્સોની ધરપકડ કરી અને વધુ તપાસ હાથ ધરી છે. આ બનાવ અંગે જૂનાગઢના ડીવાયએસપી હિતેશ ધાંધલિયાએ આપેલી વિગત અનુસાર જૂનાગઢ શહેરમાં રહેતી સગીર વયની તરૂણી ગત તા.૨૦ ઓગસ્ટના રોજ ઘરેથી કોઈને કહ્યા વિના ગુમ થઈ હતી અને જે અંગે તેના પિતા દ્વારા તેમની દીકરીનું અપહરણ થયા અંગે તા.૨૪ ઓગસ્ટે કલમ ૧૩૭ અંતર્ગત અજાણ્યા શખ્સ સામે એ-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આ બનાવ અંગે પી.આ.ઈ. બી.બી. કોળી સહિતના સ્ટાફે ટેક્નિકલ સર્વેલન્સ અને બાતમીના આધારે તપાસ કરતા આ સગીરા રાજકોટ ખાતેથી મળી આવી હતી. બાદમાં સગીરાનું કાઉન્સેલિંગ કરતા ચોંકાવનારી વિગતો સામે આવી હતી. પૂછપરછમાં સગીરાના જણાવ્યા અનુસાર આ બાળાને અરબાજ મુલતાની નામના શખ્સ સાથે પ્રેમ હોય તેની ઉપર જૂનાગઢમાં અલગ-અલગ હોટેલમાં દુષ્કર્મ આચર્યું હોવાનું પણ સામે આવ્યું હતું તેમજ રિહાન ઉર્ફે રેહાન યુનુસ નામક યુવક સાથે છેલ્લા ત્રણેક મહિનાથી તેણી સંપર્કમાં આવી હતી અને બાદમાં તેણી રાજકોટ પહોંચી હતી અને ત્યાં તેણીને રાજકોટની અલગ-અલગ હોટેલમાં દુષ્કર્મ ગુજારી બાદમાં તેને દેહવિક્રયમાં ધકેલી દેવામાં આવી હતી. અલગ-અલગ હોટેલમાં તેના મિત્રો અને

## ૧૪ શખ્સોના નામ ખુલ્યા, બે નરાધમની ધરપકડ

ગ્રાહકોને બોલાવી સગીરા પાસે ધંધો કરાવવામાં આવતો હોવાની ચોંકાવનારી વિગતો બહાર આવી હતી. આ બનાવમાં પોલીસે વધુ તપાસ હાથ ધરી અને ઊંડાણપૂર્વકની પૂછપરછ કરતા ચાર અજાણ્યા શખ્સો સહિતના ૧૪ શખ્સોના નામ સામે આવ્યા હતા. જેમાં રેહાન યુનુસ, અરબાજ મુલતાની, હાર્દિક સિંધી, અયાન મુલતાની, આકાશ, સત્યમ, સત્યમનો મિત્ર અંશુ સહિતના આરોપીઓના નામ સામે આવ્યા હતા. પોલીસે આ બનાવના અનુસંધાને રેહાન યુનુસ અને કિરણ બીસ્ટ નામના બે શખ્સોની ધરપકડ કરી અને કોર્ટમાં રિમાન્ડ મેળવવા રજૂ કરવામાં આવતા આ બંને આરોપીના ૪ દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા છે. આ બનાવના અનુસંધાને પોલીસે અપહરણના ગુનામાં સેક્શન ૬૪-૬૫ અને પોક્સોની કલમનો ઉમેરો કરીને અન્ય આરોપીને ઝડપી લેવા ચક્રો ગતિમાન કરાયા છે. આ ઉપરાંત રાજકોટમાં જે-જે હોટેલમાં તેના પર દુષ્કર્મ ગુજારવામાં આવ્યું હતું તે હોટેલના સીસીટીવી ફૂટેજ કબજે કરીને પુરાવાઓ એકત્રિત કરવાની કામગીરી કરવામાં આવી રહી છે. બીજી તરફ સગીરાએ તેના માતા-પિતાના ઘરે જવાની ના પાડતા હાલ તેને શિશુમંગલ ખાતે મોકલી દેવામાં આવેલ છે. જૂનાગઢમાંથી ૨૦ ઓગસ્ટના રોજ લાપતા બનેલી સગીરાના અપહરણ અને ત્યારબાદ તેના પ્રેમીએ દુષ્કર્મ ગુજારી અને બાળાને મિત્રોના હવાલે કરી દીધી એટલું જ નહીં ત્યારબાદ તેણીને દેહવિક્રયના ધંધામાં પણ ધકેલી દેવામાં આવ્યાના બનાવને પગલે ચકચાર જાગી છે. બાળા ગુમ થયા બાદ પોલીસની ઊંડાણપૂર્વકની તપાસમાં આખરે બાળાની ભાળ મળી જતાં તેણી રાજકોટની એક હોટેલમાંથી મળી આવી હતી અને આ હોટેલમાંથી સગીરા રાજકોટના રણછોડનગરમાં આવેલ શ્રીરામ કોમ્પ્લેક્ષના ગ્રાઉન્ડમાં રહેતો કિરણ કાલુસિંઘ બીસ્ટ સાથે મળી આવી હતી. સગીરાની પૂછપરછમાં આ બનાવ અંગેની ચોંકાવનારી વિગતો બહાર આવી હતી. તેના અનુસંધાને પોલીસે સગીરા પર અવાર-નવાર શરીર સંબંધ બાંધી અને દુષ્કર્મ આચરવા સબબ આરોપી વિરૂદ્ધ જૂનાગઢ એ-ડિવિઝન પોલીસે ભારતીય ન્યાયસંહિતા ૨૦૨૪ની કલમ ૬૪(૨) (આઈ), ૬૪(૨)(એમ), ૬૫(૧), ૯૯ તથા પોક્સો એક્ટની કલમ (૪) (૫) (એલ) (૬) (૮) (૧૨) મુજબની કલમનો ઉલ્લેખ કરી ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

સુરતમાં મંગળવારે ગણેશ વિસર્જન

# પોલીસ અધિકારીઓ સહિત ૧૬ હજારથી વધુ જવાનો તૈનાત રહેશે

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૪

સુરતના વિવિધ વિસ્તારોમાં પ્રસ્થાપિત ૮૫ હજારથી વધુ ગણપતિની નાની-મોટી પ્રતિમાની વિસર્જન યાત્રા આગામી મંગળવારે નીકળશે ત્યારે તે નિર્વિઘ્ને સંપન્ન થાય તે માટે સુરત પોલીસે ચાંપતો બંદોબસ્ત ગોઠવ્યો છે.૧૬ હજારથી વધુ પોલીસ જવાનો સાથે એસઆરપીની ૧૧ કંપની તહેનાત રહેશે.વીતેલા વર્ષની જેમ પોલીસ મોટી મૂર્તિઓમાં જીપીએસ સિસ્ટમ રાખી તેને ટ્રેક કરશે.

સૈયદપુરા વિસ્તારમાં ગણેશ મંડપ પર પથ્થરમારાની ઘટના બાદ આગામી મંગળવારે યોજાનારી ગણેશ વિસર્જન યાત્રા નિર્વિઘ્ને સંપન્ન થાય તે માટે સુરત પોલીસે ચાંપતો બંદોબસ્ત ગોઠવ્યો છે. વિસર્જન યાત્રા અંગે માહિતી આપતા સુરતના પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌતે જણાવ્યું હતું કે સુરત પોલીસના કમિશનર, એક સ્પેશ્યલ પોલીસ કમિશનર, ત્રણ જોઈન્ટ પોલીસ કમિશનર, ૧૬ ડીસીપી, ૩૪ એસીપી, ૧૩૦ પીઆઈ, ૩૨૦ પીએસઆઈ, શહેર પોલીસના ૬૮૦૦ જવાનો, ૭૦૦૦ હોમગાર્ડના જવાનો, ૧૬૦૦ ટીઆરબીના જવાનો મળી કુલ ૧૫૯૦૫ પોલીસકર્મી તૈનાત રહેશે. તેમની મદદમાં એસઆરપીની ૧૧ કંપની રહેશે. પાંચ ફૂટ સુધીની મૂર્તિનું વિસર્જન અલગ અલગ ઝોન દીઠ ૨૧ કૃત્રિમ તળાવોમાં અને પાંચ ફૂટથી વધુ ઊંચાઈની મૂર્તિનું વિસર્જન હજીરા, મગદલ્લા અને ડુમસમાં ત્રણ કુદરતી ઓવારા ઉપર કરવામાં આવશે. પોલીસે વિસર્જન યાત્રા માટે ૩૨૦ ધાબા પોઈન્ટ, ૪૦૦ ડીપ પોઈન્ટ બનાવ્યા છે. પોલીસ ૭ ડ્રોન કેમેરા, ૧૨૫ વિડીયો કેમેરા, ૯૦૦ બોડીબોર્ન કેમેરાથી વિસર્જન યાત્રા ઉપર ચાંપતી નજર રાખશે. કોઈપણ સ્થિતીને પહોંચી વળવા માટે ૭ કવીક રીસ્પોન્સ ટીમ, ૧૦ ક્રાઈમ બ્રાન્ચની ટીમ, ૪ એસઓજીની ટીમ તૈયાર કરવામાં આવી છે. ૭ વ્રજ વાહનો અને એક વરુણ વાહન પણ સ્ટેન્ડ બાય રહેશે.આ વર્ષે ૧૫ ફૂટથી વધુ ઊંચાઈની અંદાજીત ૧૫૦ મૂર્તિઓ હોય તેમના વિસર્જન માટે રૂટ પર અડચણ છે કે નહીં તેની ચકાસણી કરવામાં આવી છે.

# સુરત મનપાના ફાયલેરિયા વિભાગના કૌભાંડમાં શંકાનો લાભ આપી ૧૪ આરોપીને છોડી મૂકતી કોર્ટ

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૪

સુરત મહાનગરપાલિકાના ફાઈલેરિયા વિભાગના ચકચારીત લીલ વેલ પ્રકરણમાં દાખલ થયેલા લાંચ, ઠગાઈ અને કુટલેખનના ગુનામાં ૨૮ વર્ષે ચાલેલી કાનની લડત બાદ બીજા એડિશનલ સેશન્સ જજ અને સ્પેશિયલ એસીબી કોર્ટના જજ આર. આર. ભટ્ટે ચુકાદો સંભળાવ્યો હતો. ફરિયાદ પક્ષે થયેલા પુરાવા શંકાસ્પદ વિરોધાભાષી અને નબળા જણાઈ આવતા કોર્ટ દ્વારા પાલિકાના ૧૪ કર્મચારીને શંકાનો લાભ આપી છોડી મૂકવામાં આવ્યા છે. આ કાનૂની કાર્યવાહી દરમિયાન ૩ આરોપીનું મૃત્યુ નિપજ્યું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર આ કેસની વિગત એવી છે કે, ૧૯૯૯માં સુરત મહાનગર પાલિકા તરફથી સુરત પૂર્વ ઝોન વિસ્તારની દુષિત ખાડીઓમાંથી લીવ વેલ વોટર હાઈટ સૌઠ અને અન્ય ન્યુસન્સ દુર કરવાના કામ લેબર કોન્ટ્રાક્ટર પદ્ધતિથી કરાવવા નક્કી થયું હતું. આરોપીઓએ એકબીજાના મેળાપણામાં આ કામ મેળવી આર્થિક લાભ મેળવવાના ઈરાદે ગુનાહિત કાવતરૂં રચ્યું હતું અને ફરજના ભાગરૂપે પોતાની સત્તાનો દુરૂયોગ કર્યો હતો. તેમજ નિયમો વિરૂદ્ધ ટેન્ડર નોટિસ પ્રસિદ્ધ કરાવી કે, પી. એન્ડ કંપની અને એલો પટેલ નામની કાલ્પનીક વ્યક્તિના નામથી પેઢી બનાવી બંને બોગસ પેઢીના નામથી ટેન્ડર ભરી પોતાની ફરજના ભાગ રૂપે સત્તાનો દુરૂપયોગ કર્યો હતો. કેપી એન્ડ કંપનીનો ટેન્ડર ભરી સગવડ કરી આપી હતી. બીજા ટેન્ડરો છળકપટથી નામંજુર કરી કાલ્પનીક વ્યક્તિના નામે ખોટા કરારો કરી ખોટા દસ્તાવેજો કરી બેંકમાં ખોટા ખાતા ખોતાવી લીવ વેલ વોટર હાઈટ સૌઠ (જળકુંભી) અને બીજા ન્યુસન્સ દુર કરવાની કામગીરી પોતાની બોગસ પેઢીને મળે અને તમામ કામો કોના થયા છે તે કાગળ પર દર્શાવ્યા હતાં. તા.૧૪-૧-૧૯૯૯થી ૧-૧-૧૯૯૭ સુધીમાં કુલ રૂા.૮૯.૨૧ લાખના બિલો મંજુર કરાવીને અલગ-અલગ બેંકમાં ખાતાઓ ખોલાવી તેમા આ નાણા જમા કરીને ઉચાપત કરી હતી. આ મસમોટી રકમ પોતાના અંગત કામમાં વાપરી નાંખી પાલિકા સાથે ઠગાઈ આચરી હતી. આ સમગ્ર પ્રકરણ બહાર આવતા પાલિકાના કાયદા અધિકારી નવીન ચૌહાણે પાલિકાના ફાઈલેરિયા તેમજ હેલ્થ વિભાગના ત્રણ અધિકારી સહિત ૧૭ કર્મચારીઓ સામે ઠગાઈ, કુટલેખન અને લાંચનો ગુનો નોંધવામાં આવ્યો હતો. આ કેસની ઈન્સાફી કાર્યવાહી સુરત કોર્ટમાં ચાલી રહી હતી. આ ઈન્સાફી કાર્યવાહી દરમિયાન ૬૨ સાહેદો અને ૭૩ જેટલા દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ૧૭ પૈકી ત્રણ અધિકારીના મોત થયા હતા. આ કેસમાં ફરિયાદ પક્ષ કેસ પુરવાર કરવામાં નિષ્ફળ જતા કોર્ટે તમામ આરોપીઓને શંકાનો લાભ આપી છોડી મૂક્યા હોવાનું જાણવા મળે છે.

તસ્કરોએ નવરાત્રિની તૈયારી શરૂ કરી દીધી !!

# વડોદરામાં તસ્કરો દુકાનમાંથી ૩૦૦ નંગ ચણિયાચોળી ચોરી કરી ગયા

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૪

વડોદરા શહેરના લાખો લોકોની સાથે તસ્કરોએ પણ નવરાત્રિની તૈયારી શરૂ કરી દીધી છે. જેતલપુરની એક દુકાનમાંથી તસ્કરો ચણિયા ચોળી ચોરી ગયા હતા. ગણપતિના બંદોબસ્તમાં પોલીસ વ્યસ્ત હોય તસ્કરોને મોકળું મેદાન મળી ગયું હતું. જેતલપુર રોડ પર આવેલી કપડાની દુકાનમાંથી રોકડા ૪૫ હજાર અને ૩૦૦ જેટલી ચણિયાચોળીની ચોરી કરીને તસ્કરો ફરાર થઈ ગયા હતા. ચોરી કરવા આવેલા ત્રણ તસ્કર સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયા હતા. જયારે વાઘોડિયા રોડ વિસ્તારના મકાનમાંથી સોના ચાંદીના દાગીના મળી ૯૨ હજાર મતાની ચોરી થઈ હતી. ગઈકાલે ઐતિહાસિક જૂનીગઢીના ગણપતિનું સાતમા દિવસે વિસર્જન હતું. આ વિસર્જન યાત્રા અતિ સંવેદનશીલ વિસ્તારમાંથી પસાર થવાની હોય કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેના માટે વિવિધ પોલીસ સ્ટેશનનો સ્ટાફ પણ ત્યાં ખડકી દેવામાં આવ્યો હતો. ત્યારે પોલીસ બંદોબસ્તમાં વ્યસ્ત હોય તસ્કરોએ તેનો લાભ ઉઠાવ્યો હતો. પ્રથમ બનાવમાં વડોદરા શહેરના જેતલપુર રોડ પર માનસી કોમ્પ્લેક્સમાં આવેલી કાપડની દુકાનમાં તસ્કરો ત્રાટક્યા હતા. તસ્કરો તાળું તોડ્યા બાદ શટર ઊંચું કરીને દુકાનમાં ઘૂસ્યા હતા અને ચોરી કરી ફરાર થઈ ગયા હતા. બાજુમાં દુકાન ધરાવતા પડોશીએ દુકાન માલિક પર ફોન કરી તમારી દુકાનના તાળા તૂટ્યા છે તેમ કહેતા તેઓ દુકાને પહોંચ્યા હતા. ત્યારે વેપારીને આપવાના રોકડા ૪૫ હજાર તથા ૨૦૦ થી ૩૦૦ નંગ ચણિયાચોળી પણ તસ્કરો ચોરી ગયા હતા. વેપારીએ દુકાનમાં લગાવેલા સીસીટીવી કેમેરા ચેક કરતા ચોરી કરવા માટે આવેલા ત્રણ તસ્કર કેદ થયેલા જોવા મળ્યા હતા. જેથી વેપારીએ પોલીસ ફરિયાદ કરવાની તજવીજ હાથ ધરી છે. બીજા બનાવમાં વાઘોડિયા રોડ પર આવેલી નટરાજ સોસાયટીમાં રહેતો પરિવાર રાત્રીના જમીને ઊંઘી ગયો હતો. દરમિયાન મોડી રાત્રિના પાછળના દરવાજાનું તાળું ખોલી તસ્કરો ઘરમાં પ્રવેશ્યા હતા અને તિજોરી માંથી સોના ચાંદીના દાગીના મળી ૯૨ હજાર મતાની ચોરી કરીને ફરાર થઈ ગયા હતા. નિવૃત વૃદ્ધે પાણીગેટ પોલીસ સ્ટેશનમાં ચોરીની ફરિયાદ નોંધાવી છે.

# વડોદરામાં સગીરા પર દુષ્કર્મ આચરનાર આરોપીને ૨૦ વર્ષની સખત કેદની સજા

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૪

વડોદરા શહેરના માંજલપુર પોલીસ સ્ટેશનમા ગત તા.૨૫ નવેમ્બર ૨૦૨૧ના રોજ નોંધાયેલ ફરીયાદ અનુસંધાને સગીરા સાથે દુષ્કર્મ, છેડતી અને ધમકી આપવાના ગુનામાં વડોદરા પોક્સો કોર્ટે આરોપીને ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી છે.

ફરિયાદ મુજબ આરોપી દિનેશ ઈશ્વરભાઇ પરમાર (રહે. રાધવનગર વુડા, અટલાદરા)એ સગીરાને લગ્નની લાલચ આપીને પોતાના ઘરમાં બોલાવીને અને ફરવા લઈ જઈને અનેક વખત સગીરાની મરજી વિરૂદ્ધ શારીરિક સંબંધો બાંધ્યા હતા અને દિનેશે સગીરાના વાંધાજનક ફોટા પાડીને તેને વાયરલ કરી દેવાની ધમકી આપી હતી.

ઉપરાંત સગીરાને એવી ધમકી આપી હતી કે "જો તું આ વાત તારા ઘરના સભ્યોને કહીશ, તો તને તથા તારા પરિવારને જાનથી મારી નાખીશ." ગુનાની તપાસ દરમ્યાન જાણવા મળ્યું હતું કે આરોપી ૩૫ વર્ષનો દીનેશ પરમાર પરણિત છે અને બે સંતાનોનો બાપ છે.

આ કેસ સ્પેશ્યલ પોક્સો કોર્ટમાં ચાલી જતાં સરકાર તરફે એડી.પી.પી.એ ચૌહાણે કરેલી દલીલો અને પોલીસ દ્વારા રજૂ કરવામા આવેલા પુરાવાઓને ધ્યાને રાખીને સ્પે.પોક્સો જજ અને ચોથા એડીશનલ સેસન્સ જજ પ્રિયંકા અગ્રવાલએ આરોપી દિનેશ પરમારને દોષિત ઠરાવી ૨૦ વર્ષ સખ્ત કેદની સજા તથા ૧૦,૦૦૦ દંડની સજા ફટકારી છે. જ્યારે ભોગ બનનાર સગીરાને વળતર પેટે રૂ.૬ લાખની રકમ ચૂકવવાનો આદેશ કર્યો છે.

# સુરતના પૂણા વિસ્તારમાં ૪ વર્ષના બાળકનું બે દિવસની માંદગી બાદ મોત : પરિવારમાં માતમ

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૪

સુરત સહિત સમગ્ર રાજયમાં માસૂમોના માંદગીમાં થતાં મોતને લઈને ચિંતાનો માહોલ છે. ત્યારે સુરતના પુણા વિસ્તારમાં રહેતા ૪ વર્ષના બાળકને બે દિવસથી તાવ આવતો હોવાથી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. બાળકને તાવ આવ્યા બાદ વધુ તબિયત લથડતા તેને સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં બાળકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. વ્હાલસોયા દીકરાના મોતને લઈને પરિવારમાં શોકની કાલીમા છવાઈ જવા પામી છે. પુણાગામ વિસ્તારમાં સંદિપભાઈ ચૌહાણ પરિવાર સાથે રહે છે. તેમના ૪ વર્ષના દીકરા રૂદનને છેલ્લા બે દિવસથી તાવ આવતો હતો. જેને કારણે તબીયત બગડતા તેને પરિવારજનો દ્વારા બે દિવસથી ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ પણ સારૂં ન થતાં તેને સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. જયાં ટુંકી સારવાર બાદ બાળકનુ મોત નિપજયું હતું. સારવાર દરમિયાન બાળકના મોતને લઈને પરિવારે ભારે રોકકળ કરી મૂકી હતી. આ અંગે ચૌહાણ સંદિપભાઈએ જણાવ્યું હતું કે મારા દીકરાને પહેલા પ્રાઈવેટમાં લઈ ગયા હતાં. બે દિવસથી તાવ આવતો હતો. બે ઉલટી લોહીની થઈ હતી. પ્રાઈવેટમાંથી અમને સિવિલ લઈ જવા કહેવાયું હતું. સિવિલમાં મૃત જાહેર કરવામાં આવ્યો છે. તેને કોઈ જ બિમારી નહોતી. આ બે દિવસથી જ તે બિમાર હતો.

# સુરતમાં વિદ્યાર્થીઓને જીવના જોખમે લઈ જતાં રિક્ષાચાલકો : વીડિયો વાયરલ

### વરાછા-મેઈન રોડ પર જતી રિક્ષામાં લટકતી હાલતમાં બાળકો જોવા મળ્યા

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૪

સુરતમાં વિદ્યાર્થીઓને શાળાએ લઈ જવા અને લઈ આવવા માટે વાલીઓ દ્વારા રિક્ષા કે વાન બંધાવી દેવામાં આવતી હોય છે. જોકે આ રિક્ષા ચાલકો આરટીઓના નિયમોને તો દોળીને પી ગયા હોય તેવું જોવા મળે છે. સાથે જ નાના બાળકોના જીવને પણ જોખમમાં મુકતા હોય તેવા દશ્યો સામે આવ્યા છે.વરાછા મેઈન રોડ પર જતી રિક્ષામાં ઠાંસી ઠાંસીને બાળકોને ભરી દેવામાં આવ્યા હોવાનો વીડિયો વાયરલ થયો છે. વરાછા મેઈન રોડ પર જતી રિક્ષામાં ઠાંસી ઠાંસીને બાળકોને ભરી દેવામાં આવ્યા હતા. જેથી અમુક બાળકો રિક્ષામાં ન સમાતા દફતરની જેમ બહાર લટકતા પણ જોવા મળ્યા હતા. ડ્રાઈવરની આસપાસ પણ બાળકોને બેસાડી દેવામાં આવ્યા હતા. આ સમગ્ર વીડિયો હાલ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે બાળકોને પશુઓની જેમ ભરીને રિક્ષામાં શાળાએ લઈ જવાતા હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા લોકોએ આરટીઓ અને પોલીસની કામગીરી સામે સવાલો ઉઠાવ્યા છે. બેદરકાર તંત્રના કારણે કોઈ માસૂમનો જીવ જોખમાય ત્યારબાદ તંત્ર પગલાં લેશે કે, કેમ તેવા સવાલો પણ ઉઠાવવામાં આવ્યા હતા. હાલ શહેરની દરેક શાળાના મોટા ભાગના વેન ચાલકો અને રિક્ષા ચાલકો પોતાનો સમય અને ગેસ બચાવવા માટે વાહનોમાં ઠાંસી ઠાંસીને બાળકોને બેસાડવામા આવી રહ્યા છે.

# ભાવનગરના હિરેન મહેતાને એક વર્ષની સજા રૂા. ૪.૭૧ લાખ વળતર ચૂકવવા હુકમ

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૪

સુરતમાં કરાર નોટરાઈઝડ ન હોવાની બચાવ પક્ષની દલીલ ફગાવી દઈને અત્રેની કોર્ટે ચેક રીટર્નનાં કેસમાં ભાવનગરના હિરેન મહેતાને એક વર્ષની સજા ફટકારી છે. સાથે ચેકની રકમ રૂા. ૪.૭૧ લાખ વળતર તરીકે ફરિયાદીને ચૂકવી આપવા પણ કોર્ટે હુકમ કર્યો છે. પોલીસ સુત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર અડાજણ-પાલના સિધ્ધશિલા રેસીડેન્સી ખાતે રહેતા રાધેશ્યામ ત્રિવેદી ટુર્સ એન્ડ ટ્રાવેલસના કામકાજ સાથે સંકળાયેલા છે. તેમની ઓફિસમાં આરોપી હિરેન યોગેશભાઈ મહેતા (રહે. મેઈન બજાર, મોણપર, તા. મહુવા, જિ. ભાવનગર) બુકિંગ કલેક્શનનુ કામ કરતો હતો. આરોપીએ વર્ષ ૨૦૧૯ના અરસામાં બુકિંગ કલેક્શનના નાણા અંગત કામમાં વાપરી ઉચાપત કરી હતી. દરમિયાન આરોપીએ નાણાં પરત આપવાની જવાબદારી સ્વીકારી રૂા. ૪,૭૧,૦૦૦નો સમાધાન કરાર લખી આપ્યો હતો અને તેટલી જ રકમનો ચેક પણ આપ્યો હતો. જે ચેક રીટર્ન થતા ફરિયાદીએ એડવોકેટ મારફતે નેગો. ઈન્સ્ટ્રૂમેન્ટ એક્ટની કલમ-૧૩૮ મુજબ નોટિસ આપી અત્રેની કોર્ટમાં ફરિયાદ દાખલ કરી હતી. જેમાં ટ્રાયલ દરમિયાન બચાવપક્ષે એવી દલીલ કરી હતી કે, ફરિયાદપક્ષે રજૂ કરેલો હસ્ત લિખિત કરાર નોટરાઈઝ્ડ થયેલો નથી, જેથી તેને પુરાવામાં ગ્રાહ્ય રાખી શકાય નહીં. બીજી બાજુ ફરિયાદ પક્ષે એડવોકેટએ દલીલ કરી હતી કે, કરાર ઉપરાંત ચેકમાં પણ આરોપીની સહી છે અને નેગો. ઈન્સ્ટ્રૂમેન્ટ એક્ટની કલમ-૨૦ મુજબ ચેક પર સહિત હોય તો કાયદેસરની જવાબદારી પેટે ચેક આપેલ છે, તેવુ માની લેવાનુ હોય છે. બંને પક્ષકારોને સાંભળ્યા બાદ કોર્ટે આરોપીને તકસીરવાર ઠેરવી ૧ વર્ષની સાદી કેદની સજા તથા રૂ. ૪.૭૧ લાખ ફરિયાદીને વળતર તરીકે ચૂકવવાનો હુકમ કર્યો હતો. વળતર ન ચૂકવે તો વધુ ૬ માસની સજાનો હુકમ કરવામાં આવ્યો હતો. વધુમાં કોર્ટે ચૂકાદામાં ટાક્યુ હતું કે, કરાર જોવામાં આવે તો તે કરારમાં બે સાક્ષીની સહી છે તે બંને સાક્ષીઓને આરોપીપક્ષે કોર્ટમાં સોગંદ પર તપાસેલ નથી, તે સંજોગોમાં કરારમાં જણાવેલ વિગતો સાચી હોવાનું માની શકાય તેમ છે. તે સંજોગોમાં કરાર નોટરાઈઝ્ડ ન હોવાની તકરાર ગ્રાહ્ય રાખવાપાત્ર નથી.

# વડોદરા : શેર માર્કેટમાં રોકાણ કરવાના નામે રૂા.૧૦.૬૭ લાખ પડાવનાર બે ઝડપાયા

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૪

વડોદરાના તરસાલી વિસ્તારમાં રહેતા એકાઉન્ટન્ટને શેર માર્કેટમાં ઈન્વેસ્ટમેન્ટ કરવાનું કહી રૂપિયા ૯.૨૪ લાખ નો ચુનો ચોપડનાર બે ઠગોને સાયબર ક્રાઈમ પોલીસે ઝડપી પાડ્યા હતા. બંનેના બે દિવસના રિમાન્ડ પુરા થતા જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી અપાયા છે. વડોદરા શહેરના તરસાલી નોવિનો રોડ પર આવેલી રવિ પાર્ક સોસાયટીમાં રહેતા પ્રશાંત ધનંજય માથને પ્રાઈવેટ કંપનીમાં એકાઉન્ટન્ટ તરીકે ફરજ બજાવે છે. દરમિયાન સોશિયલ મીડિયા પરથી સંપર્કમાં આવેલા ભેજાબાજોએ શેર માર્કેટમાં રોકાણ કરશો તો સારૂં એવું વળતર મળશે તેવી લાલચ આપી હતી. જેથી તેઓ તેમના ઝાંસામાં ફસાઈ ગયા હતા અને ઈન્વેસ્ટમેન્ટના બહાને વિવિધ આઈપીઓ ખરીદ કરાવડાવી રૂા.૧૦.૬૭લાખ વિવિધ એકાઉન્ટોમાં ટ્રાન્સફર કરાવડાવ્યા હતા. જેથી તેમની ઓનલાઈન વેબસાઈટમાં પ્રોફિટ સાથેના રૂપિયા બતાવતા હોય શરૂઆતમાં તેઓએ ડ્રો કરેલા ૧.૪૩ લાખ તેમના વિશ્વાસ કેળવવા માટે ઠગોએ ઉપાડી આપ્યા હતા. પરંતુ બાકીના ૯.૨૪ લાખ માટે વારંવાર ફોન કરી રૂપિયા પરત આપવા માટે કહ્યું હોવા છતાં ભેજાબાજો આપતા ન હતા જેથી એકાઉન્ટન્ટે સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ઠગાઈની ફરિયાદ નોંધાવી હતી. જેથી સાયબર ક્રાઈમ પોલીસે ટેકનીકલ તથા હ્યુમન સોર્સીસના આધારે તપાસ શરૂ કરતાં બંને વ્યક્તિ વડોદરાના હોવાની માહિતી મળી હતી. જેથી પોલીસે લોકેશનના આધારે બે ઠગ અહેમદ રઝા દરોગા (ઉ.વ. ૨૪,) તથા અબ્દુલ રહેમાન શેખ (ઉ.વ. ૩૧,)ને ઝડપી પાડ્યા હતા. સાયબર ક્રાઈમ એ બંનેની ધરપકડ કર્યા બાદ વધુ પૂછપરછ માટે કોર્ટમાંથી બે દિવસના રિમાન્ડ મંજૂર કરાવડાવ્યા હતા. દરમિયાન રિમાન્ડ પુરા થયા બાદ બંનેને પોલીસે જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપ્યા છે.

# શહેરાના મુસ્લિમ વિસ્તારોમાં રોશનીનો ઝગમગાટ : સોમવારે જુલૂસ નીકળશે

શહેરા, તા.૧૪

આગામી આવનાર તારીખ ૧૬ને સોમવારે ઈસ્લામ ધર્મના મહાન પયગમ્બર (સા.અ.વ.)સાહેબના જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે શહેરામાં મુસ્લિમ બિરાદરો દ્વારા પર્વની તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. જેમાં શહેરા નગરના મુસ્લિમ વિસ્તારોમાં રોશનીની ઝગમગાટ જોવા મળી રહી છે. ઉજવણીને લઈને શહેરા નગરના હુસેની ચોક, નગીના મસ્જિદ, લીંબડી ચોક, કુવા વાળા ફળિયું, દરગાહ શરીફ મસ્જિદ સહિત જેવા વિસ્તારોમાં રોશનીનો ઝગમગાટ જોવા મળી રહ્યો છે. શહેરા કાનુગા બાવાના આસ્તાના ખાતેથી બપોરે ૨:૦૦ વાગ્યાના અરસામાં મુસ્લિમ બિરાદરો દ્વારા ખૂબ મોટી સંખ્યામાં ભવ્ય જુલૂસ મુસ્લિમ બિરાદરો દ્વારા નીકળશે અને નગરના વિવિધ વિસ્તારો ફરી પરત કાનુગા બાવાના આસ્તાને સમાપ્ત થશે. આ જુલૂસમાં મુસ્લિમ બિરાદરો નિયાઝનું આયોજન કરવામાં આવનાર છે. આ પર્વને લઈને ગત દિવસોથી શહેરાના હુસેની ચોકમાં વાએઝના કાર્યક્રમ થઈ રહ્યા છે.

## અમરેલી : સ્વચ્છતા સેવા, સેવા સેતુ અને એક પેડ કે નામ અભિયાન અંતર્ગત કાર્યક્રમ

અમરેલી, તા.૧૪

સ્વચ્છતા સેવા, સેવા સેતુ કાર્યક્રમ અને એક પેડમાં કે નામ અભિયાન અંતર્ગત અમરેલી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજન કરવામાં આવ્યું છે, અમરેલી જિલ્લા કલેકટર અજય દહિયાના અધ્યક્ષસ્થાને પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી. કલેકટર અજય દહિયાએ જણાવ્યુ કે, તા.૨ ઓક્ટોબર - મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિએ ભારત અને રાજય સરકાર દ્વારા સ્વચ્છતા હી સેવા અભિયાન હાથ ધરવામાં આવશે. સ્વચ્છતા માટે નાગરિકોમાં એક આદત કેળવી શકાય અને કચરા નિકાલ માટે યોગ્ય વ્યવસ્થાપન થાય તે માટે ખાસ ઝુંબેશ શરૂ થશે. જિલ્લામાં આગામી તા.૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૪ થી સેવા સેતુ કાર્યક્રમના ૧૦માં તબક્કાનો પ્રારંભ થશે, જે તા.૩૧ ઓક્ટોબર, ૨૦૨૪ સુધી કાર્યરત રહેશે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા દીઠ ૦૩ કાર્યક્રમ અને શહેરી વિસ્તારમાં પણ મહાનગરપાલિકા તથા નગરપાલિકા દીઠ ૦૨ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

CHANGE OF NAME
I have Changed my old Name from KANUGA ALTAFHUSAIN MOHAMMED To New Name KANUGA ALTAFHUSEN MOHAMMEDHUSEN & i will be Known a new Name which Please note.
ADDRESS. KANUGA ALTAFHUSEN MOHAMMEDHUSEN, B-682 DUMVAD SONARI MAHEL. BHARUCH.

CHANGE OF NAME
I have Changed my old Name from PATEL SHABANABANU RIZWAN ABDULLAH MUSA To New Name PATEL SHABANABANU RIZWAN & I Will Be known as new Name which Please Note.
Address : Wadi Street, Near Dabar Palace, At.Po.Karmad, Tal.Dist.Bharuch - 392160

CHANGE OF NAME
I have Changed my old Name from KATARYA JAINULABEDIN ABBAS ALI To New Name PATEL ZAINULABEDIN ABBAS ALI & I Will Be known as new Name which Please Note.
Address : A/79/2, Ahmed Nagar Society, Ahmed Nagar Society, Manubar Road, Bharuch-392001

CHANGE OF NAME
I have Changed my Minor Daughter old Name from IJARDAR ZEBA TANVIR To New Name ZEBA MAHAMMEDTANVIR IJARDAR & She Will Be known as new Name which Please Note.
Sd/- MAHAMMEDTANVIR IJARDAR
Address : D-1200, Muslim Kharvawad, Vejalpur, Pase, Bharuch - 392001

નામ બદલેલ છે
મારૂ જુનું નામ પંચાલ પ્રવીણચંદ્ર બાલુભાઈ હતુ જે બદલીને નવું નામ પંચાલ પ્રવીણભાઈ બાલુભાઈ કરેલ છે જેની સર્વેએ નોંધ લેવી.
સરનામું : ૩૭૧/૧, આંબલીવાદ, સારસપુરા ચાર રસ્તા પાસે, સારસપુરા, અમદાવાદ શહેર,અમદાવાદ-૩૮૦૦૧૮.

# દિલ્હીની શાન સમાન અત્યંત જૂના અને પ્રાચીન પ્રતિષ્ઠિત ઉર્દૂ બજાર હવે મરણ પથારી પર, અહીં મિર્ઝા ગાલિબ અને સઆદત હસન મંટો નહીં પરંતુ મુગલાઈ વેચાય છે

## ઉર્દૂ ભાષાની અધોગતિ અને અવદશાની કરૂણ ગાથા અને જીવંત તસવીર



(એજન્સી) નવી દિલ્હી, તા.૧૪

જૂની દિલ્હી એટલે એક જમાનાની અભૂતપૂર્વ તેમજ લાજવાબ એવી નગરી જ્યાં તમે પસાર થાવ એટલે તમને તરત જ અહેસાસ થઈ જાય કે આ વિસ્તાર જ્ઞાનનો અને તેમાય ખાસ કરીને અદબની મીઠી ભાષા ઉર્દૂઓનું કેન્દ્ર છે અને ઉર્દૂનું મથક છે ઉર્દૂ સાહિત્યની જ્યાં લાડ સાથે જાળવણી થતી હતી એ જૂની દિલ્હીની ઉર્દૂ બજારની આજે એવી અવદશા થઈ ગઈ છે કે સાહિત્ય રસિક લોકો અને ખાસ કરીને ઉર્દુ ભાષાના પ્રેમીઓને હૃદયમાં ઊંડો આઘાત લાગે છે. ૫૦ વર્ષથી જેમની આ વિસ્તારમાં ઉર્દુના પુસ્તકોની દુકાન છે એવા શકીલ અંજુમ દહેલવી આરામથી બેઠા રહે છે અને માખીઓ ઉડાડતા રહે છે કેમકે કોઈ ગ્રાહક તો છે જ નહીં. જમાનો હતો ઉર્દૂ ભાષાના પુસ્તકો લેવા અને વાંચવા માટે દિવસ પર ઘસારો થતો રહેતો હતો અને સાહિત્ય રસિકો આવતા રહેતા હતા જેના કારણે તેમની દુકાનમાં ૧૦ માણસો કામ કરતા હતા પરંતુ આજે પુસ્તકો છે પણ મૌન દશામાં હાલ મારીઓમાં ગોઠવાયેલા છે અને પોતાની હાલત ઉપર મૌન અશ્રુ સારી રહ્યા છે તમામ અલમારીઓ અને લાકડાના પુસ્તક સાચવવાના કઠેડા પુસ્તકોથી તો ભરાયેલા છે પણ એમને વાંચવા વાળું કોઈ નથી. ઉર્દૂ બજાર એક જમાનામાં સાહિત્યનું શાનદાર કેન્દ્ર હતું ત્યાં આજે ઉર્દૂ ભાષા ના મહાન નામો મનટો કે ગાલિબ નહીં પરંતુ મુગલાઈ વધુ વેચાય છે. અહીં આવનારો લોકોની કમી નથી ભરચક બજાર છે લોકોની પણ જબરી અવર-જવર હોય છે પણ પુસ્તકની દુકાનમાં શકીલભાઈ એકલા બેઠા રહે છે કારણ કે આવનારા બધા કબાબની દુકાનમાં બેસી જાય છે અને નોનવેજના રેસ્ટોરમાં બેસીને જયાપત માણતા હોય છે અને અહીં દુકાનમાં મંટો અને ગાલિબ એમના પુસ્તકોમાં સચવાયેલા શાંતિથી તેમના ભવ્ય ભૂતકાળને યાદ કરતા રહે છે. આજે એમને વાંચવા વાળું કોઈ નથી. જયારે આવી હસ્તીઓ દિલ્હીમાં હતી ત્યારે ઉર્દૂ ભાષાનો એ સુવર્ણ કાળ હતો. પરંતુ આજે એ જ દિલ્હીમાં કે જ્યાં દિલ્હીમાં અમીર ખુશરૂ જેવી હસ્તીએ ઉર્દૂ અને હિન્દુસ્તાની ખડી બોલીને જન્મ આપ્યો તેને લોકપ્રિય બનાવી એ જ ઉર્દૂ આજે એકલવાયું બની ગઈ છે અને એક ખૂણામાં આશ્રમ સારી રહી છે અને તેનો ભવ્ય ભૂતકાળ યાદ કરીને ઉર્દૂ ભાષા નિસાસા નાખી રહી છે. શકીલભાઈ કહે છે લોકો તો મોટી સંખ્યામાં આવે છે પણ તેઓ મટન બિરયાની અને મુગલાઈ ચિકન માટે આવે છે મન તો તેમ જ મિર્ઝા ગાલિબ માટે નથી આવતા. ૪૦ વર્ષ પહેલા અહીં મહિનામાં લાખો ઉર્દૂ પુસ્તકો વેચાઈ જતા હતા ઉર્દૂ સાહિત્ય ઉર્દૂ શાયરી ઉર્દુના નિબંધો પૂરર્તુના ઈતિહાસ અંગેના લેખો અને નવલકથાઓના પુસ્તકો માર્કેટમાં આવતાં જ ચપોચક વેચાઈ જતા હતા. આજે મુઠ્ઠીભર એવી દુકાનો છે અને એ પણ રેસ્ટોરાના ભારે લાઈટિંગ વાળા મોટા મોટા બોર્ડ અને ટ્રાવેલ એજન્સીના પ્રકાશથી જગમગતા બોર્ડની પાછળ અંધકારમાં છુપાયેલી સંકોચાઈને બેઠેલી જોવા મળે છે અને ગ્રાહકોની રાહ જુએ છે કે કોઈ એક તો પુસ્તક લેવા આવે !! અહીં જે થોડી ઘણી ઉર્દૂ પુસ્તકોની દુકાન છે તેઓ પણ હવે ડરવા લાગ્યા છે કે ઉર્દૂ સાહિત્ય હવે સાવ મરણ પથારીએ છીએ અને લાગે છે કે તેનો સાવ અંત આવી જશે. ૬૫ વર્ષના શકીલ દહેલવે કહે છે કે એક જમાનામાં ઉર્દૂ બજારમાં સાહિત્યકારો તથા શાયરો અને ઉર્દૂ ભાષાના વિદ્યાર્થીઓ સંશોધકો તેમજ પ્રોફેસરોનો જમેલો રહેતો હતો પણ હવે એ દૃશ્યો ભૂતકાળ બની ગયા છે આ ઉર્દૂ બજાર હવે ખાના બજાર થઈ ગયું છે એટલે કે ખાણીપીણીની બજાર થઈ ગઈ છે. ઉર્દૂ બજાર વિખ્યાત જામા મસ્જિદની સામે અને ગેટ નંબર એકની બાજુમાં જ છે. અહીં તમને આસાનીથી અલભ્ય ઉર્દૂ ભાષાના તથા હિન્દી ફારસી તથા અંગ્રેજી ભાષાના પુસ્તકો પણ મળી જાય છે પણ હવે આ તમામ દુકાનદારો અસ્તિત્વનો જંગ ખેલી રહ્યા છે. લગભગ ૫૦થી વધુ દુકાન હતી તે હવે ઘટીને માત્ર પાંચ થઈ ગઈ છે અહીં જૂનામાં જૂનો ઉર્દૂ ભાષાનો બુક સ્ટોર કુતુબખાના અંજુ મને તરક્કીયે નામનું આવેલો છે જે ગમે ત્યારે તેના દરવાજા બંધ થઈ શકે છે આ બુક સ્ટોર હજુ ચાલુ છે એ સારી વાત છે પરંતુ ત્યાં સુધી રહેશે એ નક્કી નથી આ સ્ટોરની બરાબર સામેની જગ્યા એક કબાબ વાળાએ રોકી લીધી છે અહીંની વિખ્યાત અન્ય ઉર્દૂ ભાષાની દુકાન લજપત ખાન એન્ડ સન્સ તથા કુતુબખાના હમીદિયા તેમજ ઈલ્મી કુતુબખાના અને કુતુબખાના રસીદ જેવા બુક સ્ટોર બાકી રહ્યા છે બાકીના બંધ થઈ ગયા છે. કુતુબ ખાના રહીબિયાના થ્રીજી પેઢીના માલિક શાહિદુલ રહેમાન કહે છે કે માત્ર દિલ્હી નહીં પણ દેશભરમાં ઉર્દૂ પુસ્તકોના વાચકોની સંખ્યા અમારી દુકાનના બોર્ડની જેમ દિવસે દિવસે નાની અને નાની થતી જાય છે. એટલે એવું કહી શકીએ કે આ ઉર્દૂ બજાર અદૃશ્ય થઈ રહ્યું છે એવું નથી અદૃશ્ય થઈ ચૂક્યું છે એવું કહી શકાય. મક્કા બે જામિયાના મોહમ્મદ મોઇનુદ્દીન કહે છે કે ૯૦ ના દાયકા સુધી અમે ૫૦,૦૦૦ થી વધુ પુસ્તકો પ્રકાશિત કરતા હતા અને વેચતા હતા ક્યારેક તો એ સંખ્યા મહિનામાં લાખ સુધી પહોંચી જતી હતી પરંતુ હવે તો મહિનામાં ૫૦૦૦ પુસ્તકો પણ વેચાતા નથી અને એનાથી પણ ઓછા વેચાય છે. ઉર્દૂ સાહિત્ય તથા શાયરીના શોખીનો અને સાહિત્યકારો તથા ઉર્દૂના મહાન પ્રકાંડ પંડિતો આ બજારને કિતાબ બજાર અને ક્યારે ઉર્દૂ મંદિર પણ કહેતા હતા. કેમકે આ સ્થળ એક જમાનામાં ઉર્દૂ સાહિત્યકારો તેમજ શાયરી અને ઉર્દૂના મહાન વિદ્વાનોનું મિલન સ્થાન હતું જ્યાં સાહિત્યના નવા નવા પ્રકારોના અને વિચારોના આપ લેનું આ કેન્દ્ર હતું. દુકાનદારો કહે છે કે હવે ડિજિટલનો જમાનો છે એટલે લોકો મોબાઈલમાં અથવા તો ઈન્ટરનેટ મારફત તેમના લેપટોપ અથવા તો કમ્પ્યુટરમાં બધું જોઈ શકે છે એટલે પુસ્તકો લેવાનું કે વાંચવાનો કોઈને સમય નથી હવે જમાનો બદલાઈ ગયો છે. ઉર્દૂ ભાષા અને જે એક જમાનામાં સત્તાવાર સમર્થન અને પ્રોત્સાહન મળતા હતા એવું સરકારી પ્રોત્સાહન મળવાનું બંધ થઈ ગયું છે એ પણ ઉર્દૂ ભાષાની અવ દશા અને ઔધોગતિ પાછળનું એક મુખ્ય કારણ છે એવું કેટલાક જૂના દુકાનદારો કહે છે અને આ વિશે ખૂબ ન્યૂયોર્ક ટાઈમ્સમાં એક સમયે એવો અહેવાલ આવ્યો હતો કે હિન્દુત્વ વાઘના ઉદય અને મુસ્લિમ વિરોધી જ લાગણીઓ બળવત્તર બની હોવાથી ઉર્દૂની ભયંકર રીતે અવગણના થઈ છે. જે સાહિત્ય માટે મોટો ફટકો છે. ઉર્દૂ એટલે દિલ્હીની સાહિત્ય અને સંસ્કૃતિની ઓળખ જેવી ભાષા છે એટલે તેનું પતન થાય તો દિલ્હીની ઓળખ અને સંસ્કૃતિ પણ નાશ પામી શકે છે એવી બીક સાહિત્ય પ્રેમીઓ વ્યક્ત કરી રહ્યા છે. દહેલવી કહે છે કે ઉર્દૂ ભાષા રાજકારણનો ભોગ બની છે અને ઉર્દૂને માત્ર એક મજબ સાથે સંકળાયેલી ભાષા ગણાવીને તેની ઈરાદાપૂર્વક અવગણના કરવામાં આવી છે જેના કારણે ઉર્દૂનું આજનું સ્થાન સાવ બિચારૂં બની ગયું છે. ઉર્દૂ ભાષા એક મહાન અને ખૂબ જ સમૃદ્ધ મીઠી ભાષા છે જે વિવેક અને અદબની ભાષા છે તેનું પતન થશે તો એક આખા યુગનો અંત આવશે અને એક સંસ્કૃતિનો અંત આવશે. આને કહેવાય સમય સમય બલવાન હૈ પરંતુ ઉર્દૂ એક એવી ભાષા છે જે માત્ર લેંગ્વેજ નથી પણ એક સંસ્કૃતિ છે એક અભૂતપૂર્વ ગૌરવશાળી ઈતિહાસ છે એટલે તેની અવગણના કરવી એટલે તમારા ગૌરવશાળી ઈતિહાસને કચરાપેટીમાં નાખી દેવા બરાબર ગણાશે એટલે ઉર્દૂને ટકાવી રાખવી અને તેને જાળવી રાખવી એ અત્યંત જરૂરી અને આવશ્યક છે જે આજની પેઢીને સમજાવવાની જરૂર છે. કેમકે ઉર્દૂનો અંતએ સાહિત્યના એક ગૌરવશાળી અંગને કાયમ માટે પંગુ કરી શકે છે. સમગ્ર રીતે તમામ પ્રકારની સંસ્કૃતિ અને તમામ ધર્મો માટે ખોટ સમાન ગણાશે. (સૌ : ધપ્રિન્ટ. ઈન)

# નોઈડાના જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા 'પપ્પુ' કટાક્ષ પછી આક્રોશ, ડિલીટ કરવામાં આવેલ ટ્વિટ માટે FIR નોંધવામાં આવી

## રાહુલ ગાંધી પર 'અયોગ્ય' પોસ્ટને લઈને કોંગ્રેસે નોઈડાના DMની આકરી ટીકા કરી છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૪

કોંગ્રેસે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી પર નિર્દેશિત ગૌતમબુધ નગર જિલ્લા મેજિસ્ટ્રેટના સત્તાવાર એક્સ હેન્ડલ પરથી સોશિયલ મીડિયા પોસ્ટમાં કથિત રીતે કરવામાં આવેલ 'અસ્વીકાર્ય ટિપ્પણી' માટે આ અધિકારી સામે કાર્યવાહીની માંગ કરી હતી. આ ટીકા પછી જિલ્લા મેજિસ્ટ્રેટ મનીષ વર્માના એક્સ હેન્ડલ પર એક નિવેદન પોસ્ટ કરવામાં આવ્યું હતું, જેમાં કહેવામાં આવ્યું હતું કે, કેટલાક અસામાજિક તત્ત્વોએ તેમના આઈડીનો દુરૂપયોગ કર્યો હતો અને ખોટી ટિપ્પણી પોસ્ટ કરી હતી. આને ગંભીરતાથી લઈને તરત જ એફઆઈઆર નોંધીને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે અને સાયબર સેલ દ્વારા ખોટી ટ્વિટ/ટિપ્પણીની તપાસ કરવામાં આવી રહી છે.

આ હેન્ડલ પર એફઆઈઆરની નકલ પણ પોસ્ટ કરવામાં આવી હતી.

કોંગ્રેસના જનરલ સેક્રેટરી ઈન્ચાર્જ કોમ્યુનિકેશન્સ જયરામ રમેશે જણાવ્યું હતું કે, ઉત્તરપ્રદેશના ગૌતમબુધ નગર જિલ્લા મેજિસ્ટ્રેટના એક્સ હેન્ડલે લોકસભામાં વિપક્ષના નેતા પર સંપૂર્ણપણે અયોગ્ય અને અસ્વીકાર્ય ટિપ્પણી પોસ્ટ કરી હતી.



આ કોઈ નવી વાત નથી; છેલ્લા ૧૦ વર્ષોમાં ભારતની અમલદારશાહી અને અન્ય બિન-રાજકીય અધિકારીઓનું વધુને વધુ રાજનીતિકરણ થયું છે. સિવિલ સર્વિસ પર દબાણ લાવવા અને તેને નિષ્ક્રિય બનાવવાના ઘણા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે, જેને સરદાર પટેલ એક સમયે ભારતની સ્ટીલ ફ્રેમ કહેતા હતા. આ પ્રકારના કિસ્સાઓ તેનું નવીનતમ ઉદાહરણ છે. રમેશે જણાવ્યું હતું કે, આ અધિકારી સામે તાત્કાલિક પગલાં લેવા જોઈએ જેમણે તમામ નિયમો અને ધોરણોનું ઉલ્લંઘન કર્યું છે. કોંગ્રેસના પ્રવક્તા સુપ્રિયા શ્રીનાતે X પર ઈતિહાસકાર સાથેની તેમની વાતચીતની ક્લિપ પોસ્ટ કરી હતી, જેમાં તેમણે કહ્યું હતું કે, ઈતિહાસ બને છે અને બદલી શકાતો નથી. નરેન્દ્ર મોદી જાણે છે કે, ઈતિહાસ તેમને કેવી રીતે યાદ રાખશે અને તેથી જ તેઓ ચિંતિત છે. એના જવાબમાં ગૌતમબુદ્ધ નગર જિલ્લા મેજિસ્ટ્રેટના સત્તાવાર એક્સ હેન્ડલ પરથી એક પોસ્ટ (જે પાછળથી કાઢી નાખવામાં આવી હતી) તેમાં હિન્દીમાં કહ્યું હતું કે, તમારે તમારા અને તમારા પપ્પુ વિશે વિચારવું જોઈએ. શ્રીનાતે આ ડિલીટ કરાયેલી પોસ્ટનો સ્ક્રીનશોટ પોસ્ટ કર્યો અને કહ્યું કે, આ નોઈડાના DM છે, તેઓ સમગ્ર જિલ્લા માટે જવાબદાર છે. દેશના વિપક્ષી નેતા રાહુલ ગાંધી વિશે તેમની ભાષા અને વિચારો આપણે જોવા જોઈએ. તે સ્પષ્ટ છે કે, વહીવટી સ્ટાફમાં સંઘના કાર્યકરો ભરેલા છે અને હવે તેઓ બંધારણીય હોદ્દા પર બેસીને નફરત ફેલાવી રહ્યા છે. કોંગ્રેસના મીડિયા અને પ્રચાર વિભાગના વડા પવન ખેરાએ કહ્યું કે, શું IAS અધિકારીઓને હવે ભાજપના શાસનમાં આવી રાજકીય ટિપ્પણી કરવાનો આદેશ આપવામાં આવ્યો છે ? @myogiadityanath @HMOIndia. ગૌતમબુદ્ધ નગર જિલ્લા મેજિસ્ટ્રેટનું સત્તાવાર હેન્ડલ છે.

# રાહુલ ગાંધી જાણતા નથી કે તેમનો જન્મ મુસ્લિમ કે ખ્રિસ્તી પરિવારમાં થયો છે; તેની તપાસ થવી જોઈએ : કર્ણાટક ભાજપના ધારાસભ્યે વિવાદ ઊભો કર્યો

(એજન્સી) તા.૧૪



કર્ણાટકના બીજેપી ધારાસભ્ય બસનગૌડા પાટીલ યત્નાલે વિરોધ પક્ષના નેતા (LoP) રાહુલ ગાંધીની જાતિ અને તેઓ કયા સમુદાયના છે તેના પર પ્રશ્નો ઉઠાવીને નવો વિવાદ ઊભો કર્યો છે અને કહ્યું છે કે તે મુસ્લિમ છે કે ખ્રિસ્તી છે તેની તપાસ થવી જોઈએ. રાજ્યના બીજાપુર સિટી વિધાનસભા મતવિસ્તારના ભાજપના ધારાસભ્યએ કોંગ્રેસના નેતાના વંશને શોધવા માટે તપાસની માંગ કરી છે.

તેમણે કહ્યું કે, રાહુલ ગાંધી અમેરિકા જાય છે અને રાષ્ટ્ર વિરોધી નિવેદનો કરે છે. તેઓ જાતિ સર્વેક્ષણ કરવા માંગે છે,

## કર્ણાટકના બીજાપુર સિટી વિધાનસભા મતવિસ્તારના બીજેપી ધારાસભ્યએ કોંગ્રેસના નેતાના વંશને શોધવા માટે તપાસ કરવાની માંગ કરી હતી

પરંતુ તેઓ એ પણ જાણતા નથી કે તેઓ કઈ જાતિમાં જન્મ્યા છે. તેઓ જાણતા નથી કે તેઓ મુસ્લિમો કે ખ્રિસ્તીઓમાં જન્મ્યા છે. તેની તપાસ થવી જોઈએ. જો તે બ્રાહ્મણ હોવાનો દાવો કરે છે, તો તે કયા બ્રાહ્મણ છે ? શું તે બ્રાહ્મણ છે જે જનોઈ (ધાર્મિક પવિત્ર દોરો) પહેરે છે ? તે કેવા બ્રાહ્મણ છે ?" તેમણે કહ્યું કે, કોંગ્રેસના આ સાંસદ 'કન્ટ્રી પિસ્તોલ'ની જેમ છે, ભારતમાં તમારી પાસે દેશી પિસ્તોલ છે, અને રાહુલ ગાંધી દેશી પિસ્તોલની જેમ છે, તે સફળ થશે નહીં.

રાહુલ ગાંધી રાષ્ટ્રવ્યાપી જાતિ ગણતરીના કટ્ટર સમર્થક રહ્યા છે, આ વચન આ વર્ષે લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસના ઢંઢેરામાં પણ સામેલ હતું. લોકસભા ચૂંટણીના પ્રચાર દરમિયાન, રાહુલ ગાંધીએ જ્ઞાતિઓ, પેટાજાતિઓ અને તેમની સામાજિક-આર્થિક પરિસ્થિતિઓની ગણતરી કરવા માટે રાષ્ટ્રવ્યાપી સામાજિક-આર્થિક જાતિ વસ્તી ગણતરી હાથ ધરવાનું વચન આપ્યું હતું.

જુલાઈમાં સંસદના ચોમાસુ સત્ર દરમિયાન, ભાજપના સાંસદ અનુરાગ ઠાકુરે પણ જાતિની વસ્તી ગણતરીના મુદ્દે કોંગ્રેસ અને રાહુલ ગાંધીની આકરી ઝાટકણી કાઢી હતી. હિમાચલ પ્રદેશના બીજેપી નેતાએ કહ્યું હતું કે જે પોતાની જાતિ જાણતા નથી તે વસ્તી ગણતરીની વાત કરે છે. લોકસભામાં ઠાકુરના આ ભાષણ પછી ઈન્ડિયા બ્લોકના સહયોગી ભાગીદારોએ તેમની ટીકા કરી હતી. દરમિયાન, પાટીલનું નિવેદન વિવાદાસ્પદ ટિપ્પણીઓની શ્રેણીમાં નવીનતમ નિવેદન છે જેના માટે ભાજપના નેતા જાણીતા છે. ડિસેમ્બર ૨૦૨૩માં પણ પાટીલે નિવેદનો આપ્યા હતા જેમાં તેમણે કહ્યું હતું કે જવાહરલાલ નહેરૂ ભારતના પ્રથમ વડાપ્રધાન ન હતા, પણ સુભાષ ચંદ્ર બોઝ હતા. ગયા વર્ષે ઓગસ્ટમાં તેમણે કહ્યું હતું કે સત્તારૂઢ કોંગ્રેસ સરકાર ૬-૭ મહિનામાં પડી જશે. તેમણે કહ્યું કે કોંગ્રેસનું સંભવિત પતન આંતરકલહને કારણે થશે અને દાવો કર્યો કે ભાજપ રાજ્યમાં ભ્રષ્ટાચારનો મુદ્દો ઉઠાવશે. તે વર્ષની શરૂઆતમાં, બસનગૌડા પાટીલ યત્નાલે મુસ્લિમોની સરખામણી મૈસુરના ૧૮મી સદીના શાસક ટીપુ સુલતાન સાથે કરી હતી અને લોકોને મુસ્લિમ નેતાને મત ન આપવા જણાવ્યું હતું.

# વિવિધ રાજ્યોમાં ૧૫ મહિલાઓ સાથે લગ્ન કરીને પીડિતોને બ્લેકમેઈલ કરનાર ઓડિશાનો શખ્સ ઝડપાયો

(એજન્સી) ભુબંસવર, તા.૧૪

દેશભરમાં ૪૯ ભાવિ કન્યાઓને છેતરવા બદલ શહેર પોલીસ દ્વારા જાજપુરના વતની ૩૪ વર્ષીય સત્યજીત મનગોવિંદ સામલની ધરપકડ કરવામાં આવ્યાના એક મહિનાથી વધુ સમય પછી રાજ્યની ક્રાઈમ બ્રાન્ચે અલગ-અલગ રાજ્યોમાં એક ડઝનથી વધુ મહિલાઓ સાથે કથિત રીતે લગ્ન કરી તેમના વાંધાજનક વીડિયો રેકોર્ડ કરીને તેમને બ્લેકમેલ કરવાના આરોપમાં વધુ એક વ્યક્તિની ધરપકડ કરી હતી. અંગુલ જિલ્લાના ચેંદીપાડાના બિરાંચી નારાયણ નાથ (૪૩) તરીકે ઓળખાયેલા આરોપીએ ઓડિશા, રાજસ્થાન, પશ્ચિમ બંગાળ, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, હરિયાણા અને દિલ્હીમાં કથિત રીતે અપરિણીત મહિલાઓ, વિધવાઓ અને છૂટાછેડા લીધેલ મહિલાઓનો શિકાર કર્યો હતો. મોટાભાગના પીડિતો વિવિધ ક્ષેત્રોમાં નોકરી કરતા હતા. આરોપી પોતાને કેન્દ્ર સરકારના અધિકારી તરીકે ઓળખાવતો હતો. એક વરિષ્ઠ ક્રાઈમ બ્રાન્ચ અધિકારીએ નાથ વિશે જણાવ્યું હતું કે, જેણે રાજકીય વિજ્ઞાનમાં પોસ્ટ ગ્રેજ્યુએશન કર્યું હતું તેવા આરોપીએ પોતાને સંભવિત વરરાજા તરીકે દર્શાવીને 'બીજા લગ્ન' - ટેગલાઈન હેઠળ વિવિધ મેટ્રિમોનિયલ સાઈટ્સ પર તેની નકલી પ્રોફાઈલ્સ અપલોડ કરી. તેના ઘણા નામ હતા અને તેણે કેટલીકવાર રેલવે અધિકારી અથવા આવકવેરા અધિકારી અને કસ્ટમ અને કેન્દ્રીય આબકારી અધિકારી તરીકે પણ પોતાને ઓળખાવ્યો હતો. કટકની એક



મહિલાને જ્યારે તેની મોડસ ઓપરેન્ડી ખબર પડી ત્યારે તેણે ગયા અઠવાડિયે નાથ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. મહિલા જેનો પતિ ૨૦૨૨માં માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામ્યો હતો, તેણે ફરીથી લગ્ન કરવાની આશા સાથે ઓક્ટોબર ૨૦૨૩માં એક મેટ્રિમોનિયલ સાઈટ પર તેની પ્રોફાઈલ અપલોડ કરી હતી. તેને નાથ તરફથી એક પ્રસ્તાવ મળ્યો, જેણે પોતાને ઓડિશાના તાલચેર વિસ્તારના પ્રવકર શ્રીવાસ્તવ તરીકે ઓળખાવ્યો અને કહ્યું કે, તે વિશાખાપટ્ટનમમાં TTE (ટ્રાવેલિંગ ટિકિટ એક્ઝામિનર) તરીકે કામ કરે છે. નાથે કહ્યું કે, તેણે તેની પત્ની અને માતા ગુમાવી દીધી છે. ૭ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ તેણે પીડિતાના ઘરે મુલાકાત લીધી અને લગ્ન પ્રસ્તાવ સાથે આગળ વધવાની ઈચ્છા વ્યક્ત કરી. અધિકારીએ ઉમેર્યું, જ્યારે પીડિતાના પરિવારે નિર્ણય લેવા માટે થોડો સમય માંગ્યો, ત્યારે તેણે તેને વારંવાર ફોન કરવાનું શરૂ કર્યું અને તેને ભાવનાત્મક રીતે ફસાવી દીધી. અધિકારીએ ઉમેર્યું, વાસ્તવમાં નાથના માતા-પિતા, પત્ની અને બે બાળકો અંગુલમાં રહે છે. પોલીસે જણાવ્યું હતું કે, વીડિયો કોલ દરમિયાન તેણે ગુપ્ત રીતે તેનો નગ્ન વીડિયો કેપ્ચર કર્યો હતો. બાદમાં તે તેને ઓડિશાની બહાર પણ પ્રવાસ પર લઈ ગયો. લગ્ન બાદ તે પાંચ મહિના સુધી તેની સાથે તેના ઘરે રહેતો હતો. વાંધાજનક વીડિયોનો ઉપયોગ કરીને તેણે તેનું જાતીય અને આર્થિક શોષણ કર્યું. તેણે કથિત રીતે મહિલા પાસેથી આશરે રૂા.પાંચ લાખ અને ૩૨ ગ્રામ સોનું પડાવી લીધું હતું. અધિકારીએ જણાવ્યું હતું કે, તપાસ દરમિયાન અમને જાણવા મળ્યું કે, તેણે ઘણા રાજ્યોમાં અસંખ્ય અન્ય મહિલાઓ સાથે છેતરપિંડી કરી હતી. તેના ફોન રેકોર્ડ્સ દર્શાવે છે કે, લગભગ ૧૫ મહિલાઓ તેની જાળમાં ફસાયેલી છે. તે બેરહમપુર, અંગુલ, બાલાસોર, રૌરકેલા, ઢેંકનાલ અને ભૂવનેશ્વરમાં પોલીસનો વોન્ટેડ હતો.

# હરિયાણા : ફરિદાબાદમાં પાણીથી છલોછલ અંડરપાસમાં SUV ડૂબી જતાં HDFC બેંક મેનેજર, કેશિયરનું મોત

## એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે પીડિતોને દિલ્હી-એનસીઆરમાં ભારે વરસાદને કારણે અંડરપાસ જળબંબાકાર હોવાની ચેતવણી આપવામાં આવી હતી, જો કે, બંનેએ તેમાંથી પસાર થવાનો આગ્રહ રાખ્યો હતો

(એજન્સી) તા.૧૪

શુક્રવારે રાત્રે લગભગ ૧૧.૩૦ વાગ્યે જૂના ફરીદાબાદમાં ડૂબી ગયેલા અંડરપાસમાં તેમની SUV ફસાઈ જવાથી એક બેંક મેનેજર અને એક કેશિયર એમ બે લોકોના મોત થયા હતા. દિલ્હી-એનસીઆરના કેટલાક ભાગોમાં ભારે વરસાદને કારણે અંડરપાસ પાણીમાં ડૂબી ગયો હતો. પીડિતો એચડીએફસી બેંકની ગુરૂગ્રામ શાખામાં કામ કરતા હતા અને જ્યારે આ ઘટના બની ત્યારે ફરીદાબાદ જઈ રહ્યા હતા. તેમના એક સાથીદારના જણાવ્યા અનુસાર, કેશિયર બેંક મેનેજરને ગ્રેટર ફરીદાબાદના ઓમેક્સ સિટીમાં મૂકવા જઈ રહ્યો હતો. સાથીદારે દાવો કર્યો હતો કે અંડરપાસ પાસે કોઈ બેરિકેડ ન હતા, જેના કારણે પીડિતોએ તેમાંથી પસાર થવાનો પ્રયાસ કર્યો. જો કે, વરસાદી પાણી ભરાઈ જવાને કારણે તેમની કાર ફસાઈ ગઈ હતી, જેના કારણે તેઓનું મૃત્યુ થયું હતું. તેણે કહ્યું કે બેંક મેનેજરની પત્નીએ તેના પતિનો ફોન સ્વીચ ઓફ હોવાનું જાણ્યા બાદ મદદ માટે તેનો સંપર્ક કર્યો. અંડરપાસ પર પહોંચ્યા બાદ પોલીસે તેમને બે લોકોના કરૂણ મોતની જાણ કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે જો પોલીસે બેરિકેડ લગાવ્યા હોત અને નાગરિકોને અંડરપાસમાં ડૂબી જવાની માહિતી આપી



હોત તો આ ઘટના ટાળી શકાઈ હોત. જો કે, એક પોલીસ અધિકારીએ સાથીદારના દાવાને નકારી કાઢ્યા કે સ્થળ પર કોઈ બેરિકેડિંગ નહોતું. તેણે તેના બદલે કહ્યું કે પોલીસે તેમને અંડરપાસ લેવા અંગે ચેતવણી આપી હતી, પરંતુ બંનેએ તેમાંથી પસાર થવાનો આગ્રહ રાખ્યો અને બેરિકેડ્સ હટાવી દીધા. સબ-ઈન્સ્પેક્ટર રાજેશે કહ્યું કે, "રેલ્વે અંડરપાસ પાસે પોલીસ બેરિકેડિંગ અને સાવચેતીના બોર્ડ હતા. જો કે, બંનેએ બેરિકેડ્સ હટાવી દીધા હતા અને અંડરપાસમાંથી પસાર થવાનો આગ્રહ કર્યો હતો. પાણી તેમના વાહનમાં ભરાઈ ગયું અને અંડરપાસમાં લૉક થઈ ગયા પછી પ્રવેશ્યું, જેના કારણે તેમના મૃત્યુ થયા. પોસ્ટમોર્ટમ પછી જ ખબર પડશે કે બંને નશામાં હતા કે નહીં,". તેમણે લોકોને પોલીસની ચેતવણીઓ અને સૂચનાઓનું ધ્યાન રાખવા અપીલ કરી હતી. અધિકારીએ દરેકને સાવચેત રહેવા અને પોલીસ ચેતવણીઓ અને ટ્રાફિક નિયમોનું પાલન કરવાની પણ વિનંતી કરી. નોંધનીય છે કે, શુક્રવારે દિલ્હી-એનસીઆરના કેટલાક ભાગોમાં ભારે વરસાદ થયો હતો, જેના પગલે ભારતીય હવામાન વિભાગ (IMD) દ્વારા ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવી હતી. રાષ્ટ્રીય રાજધાની, હરિયાણા, ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડના ભાગોમાં સપ્તાહના અંતમાં ભારે વરસાદ થવાની સંભાવના છે.

# અરવલ્લી જિલ્લી માર્ગ-મકાન વિભાગમાં કૌભાંડ, સરકારને ૭૯ લાખનો ચૂનો

# કોન્ટ્રાક્ટરોએ કરેલ કામોમાં જેસીબી દર્શાવ્યા : આરટીઓમાં નોંધાયેલ વાહનોની તપાસમાં બાઈક, બોલેરો જીપ, ટુવ્હીલના નંબરો નીકળ્યા

## સ્થળ પર કામો થયા જ નહીં અને લાખો રૂપિયા ચૂકવાયા, જેસીબીના બદલે અન્ય વાહનો દર્શાવી અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોની મિલીભગતમાં સમગ્ર કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનો ઓડિટ રિપોર્ટમાં ખુલાસો

મોડાસા, તા.૧૪

અરવલ્લી જિલ્લામાં માર્ગ-મકાન (પંચાયત) વિભાગમાં કામો કર્યા વિના જ સરકારની તિજોરીમાંથી અધધ ૭૯ લાખ રૂપિયા એજન્સીઓને ચૂકવી દીધા હોવાનું મસમોટું કૌભાંડ પ્રકાશમાં આવતાં ભારે ખળભળાટ મચી ગયો છે.સ્થળ પર કામો થયાં જ નથી અને લાખો રૂપિયા ચૂકવાયા હોવાનો ઘટસ્ફોટ રાજ્ય પંચાયત વિભાગના ઓડિટની તપાસમાં થયો છે. જેસીબીના બદલે અન્ય વાહનો દર્શાવી અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોની મીલીભગતમાં આ સમગ્ર કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનો ઓડિટમાં ખુલાસો થયો છે.

ઓડિટ વિભાગે ખુલ્લી પાડેલી સરકારી નાણાંની ઉચાપતની અત્યંત આધારભૂત સૂત્રોમાંથી પ્રાપ્ત વિગતો મુજબ, અરવલ્લી જિલ્લામાં માર્ગ-મકાન (પંચાયત) વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૫-૨૦૧૬ તથા વર્ષ ૨૦૧૬-૨૦૧૭માં વિવિધ સ્થળોએ રોડ સાઇડના જંગલ કટીંગના, ખાડા પુરવાના, રસ્તા રિપેરિંગના સહિતના ચાલુ મરામતના કામો કરવામાં આવ્યાં હતાં. જેમાં જેસીબી દ્વારા આ કામો હાથ ધરવામાં આવ્યાં હતા તેવો દાવો કરવામાં આવ્યો હતો. જે પેટે સરકારની તિજોરીમાંથી રૂા.૭૯,૧૪,૮૫૦ જેવી મોટી રકમ જે તે સમયે એજન્સીઓને ચૂકવાઈ પણ ગઈ હતી. પરંતુ વર્ષ ૨૦૧૬-વર્ષ ૨૦૧૭ દરમિયાન ઓડિટમાં આ કૌભાંડનો ભાંડો ફૂટયો હતો. ઓડિટ વિભાગ મુજબ કોન્ટ્રાક્ટરોએ કામો માટે ઉપયોગમાં લીધેલા વાહનોના નંબર દર્શાવ્યા હતા, તેમાં માપપોથીમાં જેસીબી દર્શાવ્યાં હતાં. પરંતુ આરટીઓમાં નોંધાયેલા વાહનોની તપાસ કરી તો હીરો હોન્ડા બાઈક, બોલેરો જીપ, ઈનોવા, સુઝૂકી એક્સસ, મારૂતિ ઝેન, પીયાગો રિક્ષા, અતુલ રિક્ષા, સ્પ્લેન્ડર બાઈક, રિક્ષા, ટીવીએસવીગો, પ્લેઝર, એક્ટીવા જેવા વાહનો નીકળ્યાં હતા. આ વાહનોથી રસ્તા રિપેરિંગ, મરામતના કામો થઈ જ ન શકે. સરકારની આંખોમાં ધૂળ નાખવા માટે કાગળ પર અલગ-અલગ ૧૨ વખત જેસીબીનો ઉપયોગ કર્યો હોવાનું જણાવી લાખો રૂપિયાની રકમ સરકારમાંથી સેરવી લીધી હતી. ત્યારે ભ્રષ્ટાચારીઓની આ મોડસ ઓપરેન્ડીથી સરકાર પણ ચોંકી ઉઠી હતી. દેખીતી રીતે સરકારી નાણાંની ઉચાપત થયાનું ખૂલ્યા બાદ સરકારે કાર્યવાહી હાથ ધરી હતી. બીજી તરફ જવાબદારો સામે પગલાં ભરવાના બદલે છેલ્લા સાત-આઠ વર્ષથી સરકારી નાણાંની વસૂલાતની કામગીરી ઠેબે ચઢાવી કોન્ટ્રાક્ટરોને, એજન્સીઓને છાવરવાની પ્રવૃત્તિ ચાલી રહી હોવાની ફરિયાદો ઉઠી છે. એજન્સી-કોન્ટ્રાક્ટરોએ સ્થળ પર ઉપયોગમાં લીધેલા વાહનોના રજિસ્ટ્રેશનની ભારત સરકારની મીનીસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઈ-વે વિભાગની વેબસાઈટ પર ઓનલાઈન ચકાસણી કરતાં માપપોથી-બિલમાં નોંધેલા વાહનનો પ્રકાર અને આરટીઓ દ્વારા નોંધાયેલા વાહનના પ્રકારમાં તફાવત જણાતાં સમગ્ર કૌભાંડ ઉજાગર થયાની ઓડિટ વિભાગે નોંધ મૂકી છે. બીજી તરફ અરવલ્લી જિલ્લા પંચાયત માર્ગ-મકાન (પં.)ના કાર્યપાલક ઈજનેર મનીષ સોલંકીનો ટેલિફોનીક સંપર્ક કરાતાંતેમણે ફોન ઉપડવાનું ટાળ્યું હતું પ્રાપ્ત માહિતી અનુસાર એજન્સીઓને ત્રણ વર્ષ માટે બ્લેક લિસ્ટ કરેલી છે તેવી વાત જાણવા મળી હતી.

# નંદાસણની ડો. નાકાદાર ઈન્સ્ટિટયુટ ઓફ નોલેજમાં ઈદે મિલાદુન્નબીની ઉજવણી

નંદાસણ,તા.૧૪

ડો. નાકાદાર ઈન્સ્ટિટ્યુટ ઓફ નોલેજ નંદાસણમાં ઈદે-મિલાદુન્નબીની ઉજવણીના ભાગરૂપે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે નંદાસણ ગામના માજી સરપંચ અને માજી ઉપપ્રમુખ તાલુકા પંચાયત કડી જનાબ મીરસાબ મિયાં દીવાન મિયાં સૈયદ, શાળાના પ્રેસિડેન્ટ ડોકટર સિદ્દીક કડિયાવાલા, ટ્રસ્ટી શફીભાઈ બકરાવાલા, કેમ્પસ ડિરેકટર અમાનુલ્લા શેઠવાલા, શાળાના આચાર્ય દીવાન ઈમરાન તથા વાલીઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ સ્પર્ધામાં શાળાની આસપાસની અન્ય ૧૨ શાળાઓના ૨૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆત કુર્આનની તિલાવતથી કરવામાં આવી આ સ્પર્ધા બે વિભાગમાં કરવામાં આવી હતી. જેમાં પ્રાઈમરી વિભાગમાં ૧. નમાજ કી અહેમિયત ૨. તાલીમ કી અહેમિયત ૩. આપ સ.અ.વ. કે અખલાક વ આદાત વિષય પર અને માધ્યમિક વિભાગમાં ૧. ઓરતોકા મકામ ૨. સુન્નત ઓર સાયન્સ ૩. આપ સ.અ.વ. કી વિલાદત બા સઆદત વિષય પર વકતૃત્વ સ્પર્ધા યોજવામાં આવી જેમાં નિર્ણાયક તરીકે મૌલાના મોહમ્મદ ફલાહી હતા. આ પ્રસંગે અતિથિ વિશેષ સૈયદ મીરસાબ મિયાં દીવાન મિયાંએ કાર્યક્રમમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને રોકડ પુરસ્કારથી સન્માનિત કર્યા હતા શાળા તરફથી આ કાર્યક્રમમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામ તથા સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય, ક્રમાંક મેળવનાર વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ તથા ટ્રોફી આપવામાં આવી હતી અતિથિ વિશેષ સૈયદ મીરસાબ મિયાં દિવાન મિયાંએ તેમના વકતવ્યમાં કહ્યું હતું કે આજના યુગમાં શાળાઓની ખૂબ જ જરૂર છે આ શાળાના માધ્યમથી જ ગામના વિદ્યાર્થીઓ સરળતાથી કોલેજમાં પ્રવેશ મેળવી રહ્યા છે વિદ્યાર્થીઓ વધુમાં વધુ પ્રગતિ કરે એવી દુઆ કરી હતી. અમેરિકા સ્થિત શાળાના ફાઉન્ડર ટ્રસ્ટી ડોકટર એ.એસ. નાકાદારે વિદ્યાર્થીઓ દીન અને દુનિયા બંનેમાં તાલીમ હાંસિલ કરી ઉત્તરોતર પ્રગતિ કરે તેવી શુભેચ્છા પાઠવી હતી. સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન મુફતી શફી ઉજજમા કાસમી દ્વારા શાળાના કેમ્પસ ડિરેકટર અમાનુલ્લા શેઠવાલાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

# ધોળકામાં દાઉદી વ્હોરા સમાજ દ્વારા ઈદે મિલાદનું જુલૂસ કાઢવામાં આવ્યું



પયગમ્બર હઝરત મુહમ્મદ (સ.અ.વ) સાહેબના જન્મદિવસ જશ્ને ઈદે મિલાદુન્નબીની ઉજવણીનાં ભાગરૂપે અમદાવાદ જિલ્લાના ધોળકા ખાતે મોટી વ્હોરવાડમાથી શિસ્તબદ્ધ જુલૂસ નીકળ્યું હતું. આ જુલૂસ જનાબ આમીલ સાહેબ શેખ મુસ્તફાભાઈ ખુમુશીની અધ્યક્ષતામાં ધોળકા દાઉદી વોહરા જમાતના સભ્યોની આગેવાનીમાં અને જમાલી ઇંગ્લિશ સ્કૂલના બાળકોની ખાસ હાજરીમાં નીકળ્યું હતું. આ જુલૂસ મોહંમદી સ્કૂલ, પીરાન પીરના છીલ્લા રોડ, ટાવર બજાર, મીરાપુર થઈ પરત મોટી વ્હોરવાડમાં ફરી શાંતિપૂર્વક સંપન્ન થયેલ. આ જુલૂસ દરમિયાન બાળકો સહિતના લોકોને નિયાઝનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# અંકલેશ્વર નગરપાલિકા દ્વારા મોદીનગર બસ સ્ટેન્ડ પાસે જીવીપી પોઈન્ટના કામનું ખાતમુહૂર્ત કરાયું

અંકલેશ્વર, તા.૧૪

અંકલેશ્વર નગરપાલિકા દ્વારા મોદી નગર બસ સ્ટેન્ડ પાસે ગાર્બેજ વર્નરેબલ પોઈન્ટના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. નગર પાલિકા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં રૂા.૧૫ લાખના ખર્ચે ૧૩ જેટલા ગાર્બેજ વર્નરિબલ પોઈન્ટનું નિર્માણ કરી તમામ પોઈન્ટને સીસીટીવી કેમેરાથી સજ્જ કરી સ્વચ્છતા અંગેનું ધ્યાન રાખવામાં આવશે.ગુજરાત સરકારના નિર્મળ ગુજરાત અંતર્ગત અંકલેશ્વર નગર પાલિકા દ્વારા શહેરના અલગ અલગ વિસ્તારો માં ૧૩ જેટલા ગાર્બેજ વર્નરેબલ પોઈન્ટના નિર્માણના કામો અંગે રૂા.૧૫ લાખની ફાળવણી કરવામાં આવી છે. ત્યારે હાંસોટ રોડ ઉપર



(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

મોદીનગર બસ સ્ટેન્ડ પાસે નગર પાલિકાના પ્રમુખ લલીતાબેન રાજપુરોહોત, કારોબારી અધ્યક્ષ નિલેશ પટેલના હસ્તે ગાર્બેજ વર્નરિબલ પોઈન્ટનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું, આ ૧૩ જેટલા ગાર્બેજ વર્નરિબલ પોઈન્ટ ઉપર સ્વચ્છતા અને સુંદરતા માટે સીસીટીવી કેમેરા પણ મુકવામાં આવશે. આ પ્રસંગે નગરપાલિકાના ઉપપ્રમુખ ભાવેશ કાયસ્થ, સેનીટેશન સમિતિના ચેરમેન સુરેશ પટેલ સહિત પાલિકાના સભ્યો અને નગરપાલિકાના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



વડોદરાના પૂર્વ આંતરરાષ્ટ્રીય ક્રિકેટર ઈરફાન પઠાણ અને યુસુફ પઠાણના પિતા મેહમુદખાન પઠાણ દ્વારા સંચાલિત મેહમુદ ખાન પઠાણ પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ઈદે મિલાદુન્નબીના તહેવાર નિમિત્તે ગરીબ, વિધવા અને પૂરગ્રસ્ત હિન્દુ-મુસ્લિમ પરિવારોને અનાજ કીટની સહાય આપવામાં આવી હતી. આ પ્રસંગે ઈરફાન -યુસુફના પિતા મેઉદખાન દ્વારા જરૂરતમંદોને ૧૦૦થી વધુ અનાજ કિટ આપવામાં આવી હતી જે તસવીરમાં દ્દશ્યમાન થાય છે. (તસ્વીર : અતિક શેખ, વડોદરા)

# ભિલોડા તાલુકા મથકે ટ્રાફિકની સમસ્યા વકરતા વાહનચાલકો-દબાણકારોને નોટિસ

ભિલોડા, તા.૧૪

ભિલોડા તાલુકા મથક ખાતે દિન પ્રતિદિન વાહનો અને ગેરકાયદેસર બાંધકામો દબાણોનું પ્રમાણ વધતાં ટ્રાફિકની સમસ્યા સર્જાતા રાહદારીઓ વેપારીઓ વિદ્યાર્થીઓ અને વાહન ચાલકો હેરાન પરેશાન થઈ રહ્યા છે આ સાથે જ તમામ ગ્રામજનોને નોટિસ આપી ટ્રાફિક સમસ્યા સત્વરે હલ કરવા સંદર્ભે તેમજ ભિલોડા ઇડર શામળાજી મુખ્ય ધોરીમાર્ગોની આજુબાજુમાં અને હાર્દ સમા મેઈન બજાર વિસ્તાર પેટ્રોલ પંપ પાસે તાલુકા પંચાયત કચેરી સામે એસટી બસ સ્ટેશન પાસે મઉ ચાર રસ્તા, લાટી બજાર પાસે તેમજ અનેક વિસ્તારોમાં ટ્રાફિક સમસ્યાનું ગ્રહણ જોવા મળી રહ્યું છે અને પ્રાઈવેટ વાહનચાલકો કાયદાની એસી કી તેસી કરીને બેરોકટોક વાહનોમાં મુસાફરો ભરવા માટે મુખ્ય ધોરીમાર્ગ પર અડીંગો જમાવી દેતા વેપારીઓની દુકાને ખરીદી અર્થે આવતા ગ્રાહકો ભારે મૂંઝવણમાં મુકાઈ રહ્યા છે. બીજી બાજુ શાકભાજી ફ્રૂટ સહિત વિવિધ ચીજ વસ્તુઓ વેચતા ફરતી લારીઓ વાળા આડેધડ લારીઓ મન ફાવે ત્યાં આડેધડ ઉભી રાખીને વેપાર ધંધો કરતા હોય ત્યારે રાહદારીઓ અને વાહન ચાલકો હેરાન પરેશાન થઈ રહે છે ભિલોડામાં મુખ્ય ધોરીમાર્ગ પર સિવિલ હોસ્પિટલથી હાથમતી નદીના બ્રિજ સુધી પ્રાઈવેટ વાહનચાલકોનો અડીગો રહેતો હતો આ અડીંગો કરતા સ્ટેટ હાઈવે પર બંને બાજુએ બે બે ફૂટની જગ્યાઓ કોઈપણ લારી ગલ્લા કે અન્ય અડચણરૂપ બને તેવા કોઈ બોર્ડ કે જાહેરાત લગાવી નહીં અને વાહનો પાર્ક કરવા નહીં અને આમ આ નોટિસનું ઉલ્લંઘન કરનાર ને દંડનીય કાર્યવાહી કરવામાં આવશે.

# અંકલેશ્વરમાં ગણેશ વિસર્જનના દિવસે શોભાયાત્રા રૂટ પરનો વાહનવ્યવહાર બંધ રહેશે

અંકલેશ્વર, તા.૧૪

અંકલેશ્વર શહેરમાં તા.૧૭/૦૯/૨૦૨૪ના રોજ ગણેશ વિસર્જન હોય જે દરમિયાન જુદા-જુદા સ્થળોએ ગણપતિ મંડળોના આયોજકો દ્વારા ગણપતિની મુર્તિની સ્થાપના કરી તા.૧૭/૯/૨૦૨૪ના રોજ ગણપતિની મુર્તિઓનું જુદા-જુદા સ્થળોએ વિસર્જન કરવામાં આવનાર છે. જે ગણપતિ વિસર્જનની શોભાયાત્રા અંકલેશ્વર શહેર 'એ' ડીવીઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં તા.૧૭/૯/૨૦૨૪ના રોજ અંકલેશ્વર-હાંસોટ મેઈન રોડ ઉપર આવેલ ચૌટાનાકા ખાતે શોભાયાત્રામાં જોડાનાર તમામ ગણપતિ આયોજકો ભેગા થઈ ચૌટાનાકાથી પ્રવેશ કરી ચૌટાબજાર, હનુમાન ડેરી, બજરંગ હોટલ, સમડી ફળીયા, ચોકસી બજાર, ગોયાબજાર, દેસાઈ ફળીયા, જોષીયા ફળીયા, પંચાયતીવાડ, સાંઈ મંદિર, ભરૂચીનાકા તથા અંકલેશ્વર શહેર 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશન રોડથી ભરૂચી નાકાથી મેઈન રોડ ઉપર થઈ રામકુંડ કુત્રીમ તળાવ તથા જળકુંડ ખાતે મુતિ વિસર્જન થનાર છે. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ. એન.આર.ધાધલ દ્વારા તા.૧૭/૯/૨૦૨૪ના રોજ સવારના ૮.૦૦ કલાકથી ગણપતિ વિસર્જન થાય ત્યાં સુધી (૧) સુરત હાંસોટ તરફથી આવતા વાહનોનું ડાયવર્ઝન એશીયાડ નગરથી સર્વોદય સોસાયટી, કસ્બાતીવાડ, કાગદીવાડથી ગુજરાત ગેસ ચાર રસ્તાથી આદર્શ સ્કૂલથી પિરામણ નાકા તથા મોટા વાહનો ગામ : સાહોલ, તા.હાંસોટથી કીમ નેશનલ હાઈવે નં.૮ તરફ જઈ શકશે. (૨) રાજપીપળા ચોકડીથી આવતા મોટા વાહનો જીતાલી જકાતનાકા (ઓ.એન.જી.સી.ટાઉનશીપ)થી વાલીયા ચોકડીથી સુરત તરફ જઈ શકશે. (૩) જુના નેશનલ હાઈવે નં.૮ ઉપર અંકલેશ્વરથી ભરૂચ તરફ જતા વાહનો ગડખોલ પાટિયાથી અંદાડા, સામોર, માંડવા થઈ નેશનલ હાઈવે નં.૪૮ તરફ જઈ શકશે. આ હુકમનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરના પગલા ભરવામાં આવશે.

# સુરતમાં વિદ્યાર્થીઓને જીવના જોખમે લઈ જતાં રિક્ષાચાલકો : વીડિયો વાયરલ

## વરાછા-મેઈન રોડ પર જતી રિક્ષામાં લટકતી હાલતમાં બાળકો જોવા મળ્યા

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૪

સુરતમાં વિદ્યાર્થીઓને શાળાએ લઈ જવા અને લઈ આવવા માટે વાલીઓ દ્વારા રિક્ષા કે વાન બંધાવી દેવામાં આવતી હોય છે. જોકે આ રિક્ષા ચાલકો આરટીઓના નિયમોને તો દોળીને પી ગયા હોય તેવું જોવા મળે છે. સાથે જ નાના બાળકોના જીવને પણ જોખમમાં મુકતા હોય તેવા દ્દશ્યો સામે આવ્યા છે.વરાછા મેઈન રોડ પર જતી રિક્ષામાં ઠાંસી ઠાંસીને બાળકોને ભરી દેવામાં આવ્યા હોવાનો વીડિયો વાયરલ થયો છે. વરાછા મેઈન રોડ પર જતી રિક્ષામાં ઠાંસી ઠાંસીને બાળકોને ભરી દેવામાં આવ્યા હતા. જેથી અમુક બાળકો રિક્ષામાં ન સમાતા દફતરની જેમ બહાર લટકતા પણ જોવા મળ્યા હતા. ડ્રાઈવરની આસપાસ પણ બાળકોને બેસાડી દેવામાં આવ્યા હતા. આ સમગ્ર વીડિયો હાલ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે બાળકોને પશુઓની જેમ ભરીને રિક્ષામાં શાળાએ લઈ જવાતા હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા લોકોએ આરટીઓ અને પોલીસની કામગીરી સામે સવાલો ઉઠાવ્યા છે. બેદરકાર તંત્રના કારણે કોઈ માસૂમનો જીવ જોખમાય ત્યારબાદ તંત્ર પગલાં લેશે કે, કેમ તેવા સવાલો પણ ઉઠાવવામાં આવ્યા હતા. હાલ શહેરની દરેક શાળાના મોટા ભાગના વેન ચાલકો અને રિક્ષા ચાલકો પોતાનો સમય અને ગેસ બચાવવા માટે વાહનોમાં ઠાંસી ઠાંસીને બાળકોને બેસાડવામા આવી રહ્યા છે.

# વલ્લભવિદ્યાનગર હરીઓમ નગરમાં ભરવાડ અને માછી સમાજના ટોળા વચ્ચે અથડામણ

## બંને જૂથે સામ-સામે ફરિયાદ નોંધાવી

(સંવાદદાતા દ્વારા)

આણંદ, તા.૧૪

આણંદના વલ્લભવિદ્યાનગર ખાતે આવેલ હરીઓમનગર વિસ્તારમાં પાણીની ટાંકી સામે ગત રાત્રિના સમયે ભરવાડોના ટોળાએ ભેગાં મળીને એક યુવક ઉપર લાકડીઓ તેમજ લોખંડની પાઈપ વડે જીવલેણ હુમલો કર્યાનો બનાવ બનતા વાતાવરણ તંગ થઈ જવા પામ્યું હતું. આ ઘટનાને લઈને ભરવાડ અને માછી સમાજનાં ટોળા સામસામે આવી ગયા હતા અને ભારે પથ્થરમારો કર્યો હતો. આ હુમલામાં યુવકને ગંભીર ઈજા પહોંચતા તેને સારવાર માટે કરમસદ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. મળતી વિગતો અનુસાર વલ્લભવિદ્યાનગરમાં રહેતાં ધવલ ઉર્ફે બોબો ગોપાલભાઈ માછી પોતાના વિસ્તારમાં રહેતી એક મહિલાના ઘરે અવારનવાર જતાં ઘનશ્યામ વિઠ્ઠલભાઈ ભરવાડને ગત રાત્રિના સમયે ઠપકો આપ્યો હતો. જેથી રોષે ભરાયેલા ઘનશ્યામ ભરવાડે ફોન કરીને પોતાના સાગરીતોને ત્યાં બોલાવ્યાં હતાં. જેથી જગમલભાઈ ઉર્ફે જોરૂભાઈ આલાભાઈ ભરવાડ, તથા અન્ય પાંચેક અજાણ્યાં ઈસમો હાથમાં લાકડીઓ તેમજ લોખંડની પાઈપો લઈને તુરંત જ સ્થળ પર દોડી આવ્યાં હતાં અને ધવલ માછી સાથે ઝઘડો કર્યો હતો. ઉશ્કેરાયેલા ઘનશ્યામ ભરવાડે હાથમાંની



લોખંડની પાઈપ ધવલ માછી ના માથાના ભાગે મારી હતી. જેથી ધવલ લોહી લુહાણ હાલતમાં જમીન પર પડી ગયો હતો. તેમજ જગમલ ઉર્ફે જોરૂભાઈ આલાભાઈ ભરવાડ, ગોપાલ ઘનશ્યામભાઈ ભરવાડ, સુનીલ ઘનશ્યામભાઈ ભરવાડ અને અજય હરીભાઈ ભરવાડ પણ લાકડીઓ તેમજ લોખંડની પાઈપો વડે ધવલ માછીને બેફામ માર મારતા ધવલ માછીને માથા, છાતી તથા બરડાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. બુમાબુમ થતાં આસપાસના લોકો સ્થળ પર દોડી આવ્યાં હતાં. તે વખતે ભરવાડો તેમજ માછી સમાજનાં ટોળા સામસામે આવી જતા બન્ને સમાજનાં ટોળાએ ભારે પથ્થરમારો કર્યો હતો. સામસામે થયેલા આ પથ્થરમારામાં ત્રણ બાઈકોને નુકસાન પહોંચ્યું હતું. આ અંગે વિદ્યાનગર પોલીસે ઘનશ્યામ વિઠ્ઠલભાઈ ભરવાડ તેમજ અન્ય ઈસમો વિરૂદ્ધ ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે સામા પક્ષે જોરૂભાઈ આલાભાઈ ભરવાડે ધવલ ઉર્ફે બોબો ગોપાલભાઈ માછી, કિશન ચીમનભાઈ ઠાકોર તથા અન્ય પાંચ જેટલા શખ્સો સામે જોરૂભાઈને હાથે ઈજા કર્યાની તથા ધનશ્યામભાઈ, ગોપાલભાઈ, સુનિલભાઈ, અજયભાઈ સહિતના લોકોને પથ્થરમારામાં ઈજા પહોંચાડી હોવાની ફરિયાદ નોંધાવતા વલ્લભવિદ્યાનગર પોલીસે બંને પક્ષોની સામસામે ફરિયાદો નોંધી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# મેઘરજ રેન્જમાં ફરજ બજાવતા તત્કાલીન વનકર્મીને કોર્ટ દ્વારા ક્લીનચિટ અપાઈ

## બી સમરી મંજૂર કરતા વનકર્મી નિર્દોષ જાહેર

મોડાસા, તા.૧૪

અરવલ્લી જિલ્લાના મેઘરજ રેન્જમાં અગાઉ ફરજ બજાવતા વનકર્મી વિરૂદ્ધ ચાર વર્ષ અગાઉ ઈસરી પોલીસ મથકે એટ્રોસિટી અને છેડતીનો ગુનો નોંધાયો હતો. જે અંગે પોલીસે તપાસ કરતા પોલીસે બી સમરી ભરી હતી અને બી સમરી મંજૂરી માટે સેશન કોર્ટને મોકલતા સેશન કોર્ટે બી સમરી મંજુર કરતા વનકર્મી નિર્દોષ જાહેર થયો હતો. મેઘરજ રેન્જના જામગઢ રાઉન્ડના ફોરેસ્ટર આર.એ.વાંક વર્ષ ૨૦૨૦માં ફરજના ભાગરૂપે તપાસ અર્થે ફરિયાદીના ઘરે ગયા હતા. તે દરમિયાન બોલાચાલી થતા મામલો બીચક્યો હતો અને આ ફોરેસ્ટર સામે તપાસ કરવા ગયેલ અરજદારે છેડતી અને એટ્રોસિટી સહિતની વર્ષ ૨૦૨૦માં ઈસરી પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી હતી અને ઈસરી પોલીસે ગુ.ર.નં. ૯૨/૨૦૨૦માં વનકર્મી વિરૂદ્ધ એટ્રોસિટી અને છેડતીનો ગુનો નોંધવામાં આવ્યો હતો. જે અંગે ઈસરી પોલીસે ગુનાની તપાસ કરતા ઈસરી પોલીસને ફરિયાદમાં કરવામાં આવેલ આક્ષેપના કોઈ પુરાવા ન મળતા ઈસરી પોલીસ દ્વારા "બી" સમરી ભરવામાં આવી હતી અને આ બી સમરી મંજૂરી માટે સેશન કોર્ટમાં મોકલી આપતાં કોર્ટ દ્વારા નોટિસ પાઠવી ફરીયાદીને વાંધા રજૂ કરવા સારૂ મુદત અરજી આપેલ છતા વાંધા રજૂ કરેલ ન હતા જેથી વર્ષ ૨૦૨૪માં આંક-૪થી નોટીસ આપવામાં આવેલ છતાં ફરિયાદી કોર્ટમાં હાજર ન રહેતા સેશન કોર્ટે તારીખ : ૧૫ જુલાઈ ૨૦૨૪ના રોજ ખુલ્લી અદાલતમાં ચુકાદો સંભળાવી 'બી' સમરી મંજુર કરવા હુકમ કરતા આક્ષેપીત ફોરેસ્ટરને કોર્ટે ક્લીનચીટ આપતાં અન્ય વન્ય કર્મીઓએ કોર્ટનાં ચુકાદાને આવકાર્યો હતો.

# માંગરોળના મહુવેજની શાળામાં રોટરી ક્લબ ઓફ સુરત સીફેશ દ્વારા વિદ્યાર્થીઓમાં કિટનું વિતરણ



(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

(સંવાદદાતા દ્વારા)

કોસંબા, તા.૧૪

માંગરોળ તાલુકાના મહુવેજ ગામની ઉચ્ચતર પ્રાથમિક શાળા ખાતે રોટરી ક્લબ ઓફ સુરત સીફેશ દ્વારા શાળાના વિદ્યાર્થીઓને સ્કૂલબેગ, બુટ સહિતની ખાદ્યસામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. રોટરી ક્લબ ઓફ સુરત સીફેશ દ્વારા મહુવેજ ગામની ઉચ્ચતર પ્રાથમિક શાળા ખાતે તમામ બાળકોને સ્કૂલબેગ બુટ, મોજા, બિસ્કિટ, વેફર્સ તથા કેળાનું વિતરણ કરવામાં આવ્યું. શાળા પરિવાર દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રોટરી ક્લબ ઓફ સુરત સીફેશ.ના પ્રમુખ દ્વારા વિદ્યાર્થીઓને સ્વચ્છતા, એકતા, સમૂહભાવના તથા અન્યને મદદરૂપ થવાની ભાવના વિકસાવવાની પ્રેરણા આપવવામાં આવી હતી. આ પ્રસંગે ગામના સરપંચ સીતાબેન મેલજીભાઈ વસાવા, ઉપસરપંચ આકાશભાઈ, ગામના અગ્રણી હારૂનભાઈ શાળાના આચાર્ય રાજેન્દ્રસિંહ ચૌહાણ તથા શિક્ષકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# આણંદ જૂના બસ સ્ટેન્ડમાં બસોની અનિયમિતતાને લઈને વિદ્યાર્થીઓ દ્વારા હલ્લાબોલ કરી ચક્કાજામ

(સંવાદદાતા દ્વારા)

આણંદ, તા.૧૪

હેરંજ, જૂની અરડી, સહિત આસપાસનાં ગામોમાંથી આણંદ વિધાનગરની શાળા કોલેજમાં અનેક વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે, પરંતુ સવારે શાળા કોલેજના સમયે એસટી બસ નહી હોવાના કારણે વિદ્યાર્થીઓ શાળા કોલેજમાં સમયસર પહોંચી શકતા નથી અને જેના કારણે વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડી રહ્યો છે. જેને લઈને આજે સવારે ૯ કલાકે વિદ્યાર્થીઓએ આણંદ હેરંજ વચ્ચે સવારના સમયમાં એસટી બસ રૂટ શરૂ કરવાની માગ સાથે આણંદના જુના બસ સ્ટેન્ડમા એસટી બસો રોકી સૂત્રોચ્ચાર કરી વિરોધ પ્રદર્શન કર્યુ હતું. આણંદની શાળા કોલેજમાં અભ્યાસ કરતા જૂની અરડી, હેરંજ સહીત આસપાસનાં વિવિધ ગામોના ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે, પરંતુ સવારે ૭ વાગે શાળા કોલેજમાં જવાના



(તસ્વીર : બુરહાન પઠાણ, આણંદ)

સમયમાં એસટી બસનો રૂટ નહી હોવાના કારણે વિદ્યાર્થીઓ સમયસર શાળા કોલેજમાં પહોંચી શકતા નથી અને વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડે છે, આ અંગે ડેપો મેનેજરને અનેક રજૂઆતો કરવા છતાં હેરંજ આણંદ વચ્ચે એસટી બસ રૂટ શરૂ નહી કરવામાં આવતા તેમજ આજે કોલેજમાં પરીક્ષામાં સમયસર નહી પહોચવાના કારણે વિદ્યાર્થીઓ પરીક્ષા નહી આપી શકતા વિદ્યાર્થીઓમાં રોષ ફેલાયો હતો.આજે સવારે વિદ્યાર્થીઓએ જુના બસ સ્ટેન્ડમાં એસટી બસો રોકી ચક્કાજામ કરી સૂત્રોચ્ચાર કરી વીરોધ પ્રદર્શન કર્યુ હતું. જે ।થી આણંદ ટાઉન પોલીસે દોડી આવી મામલો થાળે પાડ્યો હતો. અને ત્યારબાદ ડેપો અધિકારીઓ દ્વારા એસટી બસનો રૂટ શરૂ કરવાની ખાત્રી આપતા મામલો સમેટાયો હતો.

# પૂર રાહત પેકેજ માટે ચાર સિવાય અન્ય પુરાવા ન આપવા કલેક્ટરનો નાગરિકોને અનુરોધ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૪

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા વડોદરાના નાના વેપારીઓ માટે ખાસ જાહેર કરવામાં આવેલા પૂર રાહત પેકેજનો લાભ લેવા માટે અઢાર જેટલા આધાર પૂરાવા માંગવામાં આવતા હોવાની અફવાનું કલેક્ટર બિજલ શાહે ખંડન કર્યું છે. તેમણે જણાવ્યું કે, નિયત ફોર્મમાં નાના દુકાનદારો માટેથી આધાર કાર્ડ, ધંધા કરતા હોવાનું કોઈ પણ એક પૂરાવો જેમાં શોપ રજિસ્ટ્રેશન, શોપ લાયસન્સ અથવા જીએસટી નોંધણી, ડીબીટીથી સહાય આપવાની હોવાથી બેંક ખાતાની વિગતો ઉપરાંત પૂર ઉતર્યા બાદ નુકસાનીના ફોટો કે વીડિયો ઓડિટના હેતુથી આપવાના રહે છે.આથી ઉક્ત ચાર જેટલા જ આધારો સાથે પૂર રાહત પેકેજનો લાભ આપવામાં આવશે. એટલે ખોટી અફવાથી ભ્રમિત ન થવા માટે કલેક્ટરે અપીલ કરી છે.

# ડીસા ખાતે ભારત કો જાનો પરીક્ષા યોજાઈ

ડીસા, તા.૧૪

ડીસા ખાતે કે .બી. અગ્રવાલ હાઈસ્કુલ, ડીસાના અધ્યક્ષ સ્થાને ભારત કો જાનો પ્રકલ્પની મૌખિક પરીક્ષા યોજવામાં આવી. જેમાં છ ટીમોએ ભાગ લીધો હતો. માધ્યમિક વિભાગમાં પ્રથમ એલ. એચ. માળી આદર્શ હાઈસ્કૂલ, માંલગઢ અને પ્રાથમિક વિભાગમાં મુડેઠા પે કેન્દ્ર શાળાની ટીમ પ્રથમ નંબર રહી હતી, જે તારીખ ૬/ ૧૦/ ૨૦૨૪ના રોજ ચાણસ્મા ખાતે ઉત્તર પ્રાંતની પ્રતિયોગિતામાં ભાગ લેશે.

### કર્મચારીઓ સામે સરકાર ફરી આવી ઘૂંટણીયે...!

# પડતર પ્રશ્નો મુદ્દે સપ્તાહમાં બેઠક યોજી ઉકેલ લાવવાની બાંયધરી આપતા હડતાળ મોકૂફ

## વડાપ્રધાન મોદીના પ્રવાસ બાદ પાંચ દિવસમાં મંત્રીઓની ટીમ બેઠક યોજશે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદી તા. ૧૫-૧૬ અને ૧૭ સપ્ટેમ્બરે ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે. ત્યારે જૂની પેન્શન યોજના સહિતના પડતર પ્રશ્નોને લઈને સરકારી કર્મચારીઓએ નરેન્દ્ર મોદીના જન્મદિવસ ૧૭ સપ્ટેમ્બરે આંદોલન કરશે એવી ચીમકી ઉચ્ચારી હતી. જેને લઈને વડાપ્રધાનના પ્રવાસ ટાણે આ રીતે વિરોધ કાર્યક્રમ પોસાય તેમ નહોઈ સરકાર દ્વા કર્મચારીઓને મનાવી લેવાના પ્રયાસો કરાતા તેને સફળતા મળી છે. મોદીના ગુજરાત પ્રવાસ બાદ પાંચ દિવસમાં સરકારી કર્મચારીઓની વાત સાંભળી યોગ્ય ઉકેલ લાવવાની સરકારે બાંયધરી આપી છે, જેને લઈને આખરે સરકારી કર્મચારી તરફથી હડતાળ મોકૂફ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

સરકારી કર્મચારીઓની હડતાળની ચીમકી સામે સરકાર ઘૂંટણિયે આવી ગઈ છે. પીએમના જન્મદિવસે આંદોલન ન કરવા સરકારે કર્મચારીઓને અપીલ કરી છે. પીએમ ગુજરાતથી રવાના થયા બાદ તમામ માગ પર સરકાર વિચારણા કરશે એવી બાંયધરી આપતા સરકારી કર્મચારીઓની હડતાળ મોકૂફ રહી છે. આવતા અઠવાડિયામાં ફરીથી સરકાર સાથે બેઠક કરવામાં આવશે તેમ નક્કી કરાયું છે. સરકાર તરફથી મંત્રી મંડળની ટીમ દ્વારા આજે કર્મચારીઓના આગેવાનો સાથે બેઠક કરાઈ હતી.

સરકારી કર્મચારીઓની જે લાગણી છે એ સરકાર અને પાંચ મંત્રીની ટીમ છે તેણે સાંભળી છે. મુખ્યમંત્રી સમક્ષ પણ બેસી સુખદ અંત આવે એ દિશામાં પ્રયાસ કરાશે. સરકારી કર્મચારીઓના અવારનવાર પ્રશ્નો આવતા હોય છે. દરેક વખતે દરેક પરિસ્થિતિ અલગ હોય છે. અલગ અલગ પ્રશ્નો આવતા હોય છે. તમામ પ્રશ્નો પર સરકાર ચર્ચા કરી રહી છે. તેમના પ્રશ્નોનો ઝીણવટભરી રીતે ઉકેલ કઈ રીતે આવી શકે તે મામલે મુખ્યમંત્રી પણ પોઝિટિવ છે. જણાવતા મંત્રી જગદિશ પંચાલે જણાવ્યું હતું કે ગુજરાત રાજ્ય સંયુક્ત કર્મચારી મોરચો, ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળ, ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા જે રજૂઆત મંત્રીમંડળના પાંચ સભ્યોની ટીમ સમક્ષ કરવામાં હતી. તે રજૂઆતોને લઈને સરકાર હરહંમેશ હકારાત્મક અને ચિંતિત છે. કર્મચારીઓની તમામ માગણીઓ મુખ્યમંત્રીના ધ્યાને મૂકવામાં આવી છે અને આગામી સપ્તાહમાં મંડળ સાથે વાટાઘાટો બાદ યોગ્ય નિર્ણય કરવા મુખ્યમંત્રીએ પણ હકારાત્મક દિશામાં આગળની પ્રક્રિયા કરવાની સૂચના આપી છે. આવનારા સમયમાં પાંચ મંત્રીઓની ટીમ આ અંગે ચર્ચા કરશે. જેમાં કેબિનેટ મંત્રી કનુ દેસાઈ, ઋષિકેશ પટેલ, કુબેર ડિંડોર અને રાજ્યમંત્રી બચુભાઈ ખાબડ અને પ્રફુલ્લ પાનશેરિયા કર્મચારી મંડળના સભ્યો સાથે પ્રશ્નોની ચર્ચા કરશે. વધુમાં મંત્રીએ ઉમેર્યું કે, કર્મચારીઓના પ્રશ્નોનો સુખદ હકારાત્મક દિશામાં વિચાર થાય તે બાબતે ફરીથી આવતા અઠવાડિયે પાંચ મંત્રીઓની ટીમ સાથે કર્મચારી મહાસંઘ શિક્ષક સંઘ સાથે ચર્ચા કરવામાં આવશે. કર્મચારીઓના પ્રશ્નોનો આખરી નિર્ણય માટે આગામી સમયમાં કર્મચારીઓના પ્રશ્નોનો હકારાત્મક રીતે તેમજ સુખદ અંત આવશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો. રાજ્ય સરકારના હકારાત્મક વલણને પરિણામે કર્મચારી મંડળ દ્વારા ૧૭મીનો પેનડાઉનનો કાર્યક્રમ હાલ પૂરતો સ્થગિત કરવાનો નિર્ણય કર્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાતના કર્મચારીઓ ૧૦ પડતર પ્રશ્નોના નિરાકરણ માટે ૧૭મી સપ્ટેમ્બરે પેનડાઉન હડતાળ પર જવાના હતા અને છઠ્ઠી ઓક્ટોબરથી ૨૭મી ઓક્ટોબર દરમિયાન ઝોન પ્રમાણે ધરણાંનો કાર્યક્રમ યોજવાના હતા. પડતર પ્રશ્નોમાં કર્મચારીઓએ જૂની પેન્શન યોજનાનો મુદ્દો ફરી ઊભો કર્યો છે. ઉલ્લેખનીય છે કે વડાપ્રધાન મોદીનો ૧૭ સપ્ટેમ્બરના રોજ જ જન્મદિવસ છે અને તેઓ ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળ દ્વારા આંદોલનના કાર્યક્રમો નક્કી થયા હતા. ૧૭મી સપ્ટેમ્બરે સમગ્ર રાજ્યમાં કર્મચારીઓ પેનડાઉન, શટડાઉન દ્વારા કામગીરીનો બહિષ્કાર કરવાની વાત હતી, જ્યારે ઓક્ટોબરમાં ચાર ઝોનમાંથી ગાંધીનગરની સત્યાગ્રહ છાવણી પર આવીને કર્મચારીઓ ધરણાં કરે એવી વાત હતી.

### ન્યાય નહીં મળે તો અહીં જ ફાંસો ખાઈ લેવાનું કર્યું રટણ

# કેવડિયાના ખેડૂતની માંગ ન સંતોષાતાં ટાવર પર ચઢી ગયો ને આપી ધમકી !

## "ચૈતર વસાવાને બોલાવો એ જ ન્યાય અપાવશે" : અસરગ્રસ્ત ખેડૂત

(સંવાદદાતા દ્વારા)

રાજપીપળા, તા.૧૪

નર્મદા જિલ્લાના ગરૂડેશ્વર તાલુકાના કેવડીયા ગામના અસરગ્રસ્ત ખેડૂત યુવક ગણપતભાઈ શંકરભાઈ તડવી પોતાની ગુમાવેલી જમીનના વળતર અને સ્થાનિકોની રોજગારી બાબતની વારંવારની રજૂઆત બાદ પણ કોઈ નિરાકરણ ન આવતા આજરોજ મોબાઈલ ટાવર ઉપર વહેલી સવારે આત્મહત્યા કરવાના ઈરાદે ચઢી ગયો હતો. આ વાતની જાણ થતાં થોડી જ વારમાં ત્યાં આજુબાજુના લોકોની ભીડ જમાં થઈ ગઈ હતી. અને પોલીસ તથા ફાયરબ્રિગેડ ટીમ પણ ત્યાં પહોંચીને ટાવર ઉપર ચઢેલા ગણપત તડવીને નીચે ઉતરવા માટે ઘણી સમજાવટ કરી હતી, પરંતુ તે નીચે ઉતારવા માટે માન્યો ન હતો.



આ ઘટનાની જાણ થતા નાંદોદના ધારાસભ્ય દર્શનાબેન દેશમુખ પણ ઘટનાસ્થળે દોડી આવતા, ત્યાં ફરજ પરના અધિકારીએ ગણપત તડવી સાથે ટેલીફોનિક વાત કરી કહ્યું કે ધારાસભ્ય દર્શનાબેન દેશમુખ આવ્યા છે ત્યારે તેણે જણાવ્યું હતું કે મારે એમની સાથે કોઈ લેવાદેવા નથી, હું ૫ વર્ષથી ધક્કા ખાઈને બહુ થાકી ગયો છું. ધારાસભ્ય ચૈતરભાઈ વસાવાને અહીં બોલાવો તો જ હું નીચે ઉતરીશ મને એજ ન્યાય અપાવશે, એવું એક જ રટણ કરી, મને જો ન્યાય ન મળ્યો તો ટાવર ઉપર જ ફાંસો ખાઈ લેવાની ચીમકી તેમણે ઉચ્ચારી હતી. ત્યારે અન્ય એક આગેવાન રણજીત તડવી પણ એની સાથે ટેલીફોનીક સંપર્ક કરતા યુવકે જણાવ્યું કે મારી વડીલોપાર્જિત જમીનો નિગમે લઈ લીધી અને હવે હોટેલો અને મોલ બનાવવા ઉદ્યોગપતિઓને ઊંચા ભાવે વેચી રહ્યા છે. એટલું જ નહિ તાજેતરમાં કેવડીયા સત્તામંડળ દ્વારા વિવિધ વિભાગોમાં ભરતી પ્રક્રિયા કરતા હોય સ્થાનિકોનો સમાવેશ કરતા નથી અને બહારના લોકોની ભરતી કરી છે અને મે સી.ઇ.ઓ એક્તા નગર સત્તામંડળને કેટલીક બાબતોની માંગ લેખિતમાં આપી હતી. પરંતુ અધિકારીઓ સ્થાનિકોની કોઈ વાત સાંભળતા નથી, જેથી અમારી જમીન અમને પાછી આપી દો નહીં તો, અમને એનું યોગ્ય વળતર આપો અને સાથે સ્થાનિકોને રોજગારી આપો, અને જો આ મારી માંગણી પુરી નહીં થાય તો હું ટાવર ઉપર ફાંસો ખાઈ લઈશ. દરમ્યાન અધિકારીઓ અને ધારાસભ્ય દર્શનાબેન દેશમુખની સમજાવટ અને તેમની દરેક માંગ પૂરી કરવાનું આશ્વાસન અપતા આખરે યુવક ગણપત તડવી ટાવર ઉપરથી સુરક્ષિત નીચે ઉતરી આવતા પોલીસ અને તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.

### દહેગામ તાલુકાની ગોઝારી ઘટના અંગે ટ્વિટ કરી વ્યક્ત કર્યું દુઃખ

# વડાપ્રધાન મોદી દ્વારા મેશ્વો નદીમાં ડુબી જનારાના પરિજનો માટે સહાય જાહેર

## મૃતકોના પરિવારજનોને રૂા.બે લાખ અને ઈજાગ્રસ્તો માટે ૫૦ હજારની સહાય

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૪

ગણેશ વિસર્જનમાં ડૂબવાથી દહેગામ તાલુકાના વાસણા સોગઠી ગામ પાસે ૮ લોકોના મોત થયા હતા. મેશ્વો નદીમાં ગણપતિ વિસર્જન કરવા ગયેલા યુવકોમાંથી ૧૦ લોકો નદીમાં ડૂબ્યા હતા. જેમાંથી ૮ લોકોના મોત થયા હતા. જે દૂર્ઘટનાના પગેલ PM મોદીએ ટ્વીટ કરી દુઃખ વ્યક્ત કર્યું હતું તેમજ મૃતકના સંબંધીને PMNRFમાંથી રૂપિયા ૨ લાખ તેમજ ઘાયલોને રૂા. ૫૦,૦૦૦ની સહાયની જાહેરાત કરી છે દહેગામ તાલુકાના વાસણા સોગઠી ગામ પાસે સર્જાયેલી આ ગોઝારી દુર્ઘટનામાં એક સાથે આઠ લોકો ડૂબી જતાં તેમને બચાવવાના ઘણા પ્રયાસો કરાયા હતા. પરંતુ સફળતા મળી ન હતી. અન્ય બે જણા જે બચાવી લેવાયા હતા. દરમિયાન વડાપ્રધાન મોદીએ ઘટના અંગે ટ્વિટ કરી દુઃખ વ્યક્ત કરતા લખ્યું હતું કે, ગુજરાતના દહેગામ તાલુકામાં ડૂબી જવાની ઘટનામાં થયેલ જાનહાનિના સમાચારથી અત્યંત દુઃખ થયું. આ દુર્ઘટનામાં જેમણે પોતાનાં સ્વજનોને ગુમાવ્યા છે એ સૌ પરિવારો સાથે મારી સંવેદના વ્યક્ત કરૂં છું. ઈશ્વર દિવંગતોને શાંતિ અર્પણ કરે એ જ પ્રાર્થના. વધુ એક ટ્વીટ કરી તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતના દહેગામમાં ડૂબી જવાની ઘટનામાં દરેક મૃતકના સંબંધીઓને પીએમ રાહત નિધિ ફન્ડમાંથી રૂપિયા ૨ લાખ તેમજ ઘાયલોને રૂા. ૫૦,૦૦૦ની સહાયની જાહેરાત કરી હતી. કેન્દ્રીય ગૃહમંત્રી અને ગાંધીનગરના સાંસદ અમિત શાહે પણ દહેગામના સોગઠી ગામે જીવ ગુમાવનારા લોકોને શ્રદ્ધાજલિં પાઠવી હતી. તેમણે ટ્વીટ કરી લખ્યું હતું કે, ગાંધીનગરના દહેગામના વાસણા સોગઠી ગામના ૮ યુવાનો નદીમાં નહાવા જતાં ડૂબી જવાથી મૃત્યુ પામવાના સમાચારથી અંત્યત દુઃખની લાગણી અનુભવુ છું. આ અણધારી વિદાયથી તેમના પરિવાર પર આવેલી આફતથી વ્યથિત છું. દિવંગતોને શાંતિ તથા તમામ પરિવારજનોને આઘાત સહન કરવાની શક્તિ આપે.

# રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી : તાપમાનમાં વધારો નોંધાયો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૪

રાજ્યમાં સાર્વત્રિક હળવા વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. રાજ્યમાં સામાન્ય કરતા ૪૭ ટકા વધુ વરસાદ વરસ્યો છે.

બીજી તરફ રાજ્યના તાપમાનમાં પણ હવે વધારો નોંધાઈ રહ્યો છે. વાતાવરણમાં ભેજના કારણે બફારો પણ અનુભવાયો છે. રાજ્યમાં હવે ધીરે ધીરે વરસાદની ગતિ ઘટી રહી છે અને મોન્સૂન વિડ્રોલ અંગે ઓબ્ઝર્વેશન પણ ચાલુ છે. અમદાવાદ, ગંધીનગરમાં તાપમાન ૩૪ ડિગ્રી રહેવાની શક્યતા હવામાન વિભાગ તરફથી વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર દેશના ઉત્તર-પશ્ચિમ વિસ્તારમાં પણ વરસાદની સંભાવના છે. દેશના ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડમાં ભારે વરસાદની શક્યતા છે તો મિઝોરમ, ત્રિપુરા, હિમાચલ પ્રદેશ અને આંદામાન અને નિકોબાર ટાપુઓમાં એક કે બે સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ સાથે થોડો ભારે વરસાદ વરસી શકે છે. હાલ રાજ્યના કેટલાક ભાગોમાં વરસાદી ઝાપટા જોવા મળી રહ્યા છે, ત્યારે ગુજરાતમાં ફરી વરસાદી રાઉન્ડ માટે તૈયાર રહેવું પડી શકે છે. કેમ કે, બંગાળની ખાડીની સિસ્ટમ વધુ મજબૂત બની છે. ડીપ ડિપ્રેશન બનતાં ભારે વરસાદના એંધાણ જોવાઈ રહ્યા છે. ડિપ્રેશનની દિશા હાલ ગુજરાત તરફ છે. જ્યારે ૧૭ સપ્ટેમ્બરથી ડિપ્રેશનની અસર શરૂ થઈ શકે છે. જેના પગલે દક્ષિણ, મધ્ય, ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદની સંભાવના જોવાઈ રહી છે.


**જાહેર નોટિસ**

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ ગાંધીનગરના સબ ડીસ્ટ્રીકટ દહેગામના મોજે ગામ વાસણા સોગઠીના સર્વે/બ્લોક નંબર ૬૩૩ જેનો જૂનો સર્વે/બ્લોક નંબર ૨૫ છે. જે કુલ ક્ષેત્રફળ ૧-૨૧-૯૮ ચોરસમીટર પૈકી ૦-૨૨-૦૦ ચોરસમીટર જૂની શરતની ખેતીની જમીન (૧) કેશીબેન પરબતજી ચૌહાણ તેઓની માલિકી કબજા ભોગવટાની તથા તમામ બોજા રહિત હોવાનું જણાવી અમારી પાસેથી સદરહુ જમીનના ટાઈટલ્સ ક્લીયરન્સ સર્ટિફિકેટની માંગણી કરેલ છે. તો સદર જમીનમાં કોઈનો હક્ક, હિત, હિસ્સો આવેલ હોય તો દિન-૭ (સાત)ની અંદર પ્રમાણિત પુરાવા સહિત રજી.એડી.થી જાણ કરવી (પુરાવા વગરના વાંધાઓ ધ્યાને લેવામાં આવશે નહી) અને જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો કોઈનો હક્ક, હિત, સંબંધ નથી અને હોય તો તે વેવ કરેલ છે તેમ માનીને ટાઈટલ ક્લીયરન્સ સર્ટિફિકેટ આપવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈ તકરાર ચાલશે નહીં

તા.૧૩/૦૯/૨૦૨૪

ધ્રુવ બી. ગોસ્વામી, એડવોકેટ
JUSTINIAN ATTORNEYS LLP
ઓફિસ : ૧૦૦૮, ૧૦મો માળ, સત્યમ ૬૪
ગુજરાત હાઈકોર્ટ સામે, સોલા, અમદાવાદ -૩૮૦૦૬૧


# ૨૭ નિર્દોષોનો ભોગ લેનાર મનસુખ સાગઠિયાના બંગલા પર ફરશે બુલડોઝર

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૪

રાજકોટ TRP ગેમ ઝોન દુર્ઘટનાનાં મુખ્ય આરોપીનો બંગલો તોડી પાડવામાં આવશે. ત્યારે ૨૭ નિર્દોષ લોકોનો ભોગ લેનાર મહાભ્રષ્ટ મનસુખ સાગઠિયા વિરૂદ્ધ રાજકોટ મહાનગર પાલિકા દ્વારા આગામી સમયમાં કાર્યવાહી હાથ ધરવામાં આવશે. યુનિવર્સિટી રોડ પર બની રહેલ બંગલો તોડી પાડવામાં આવશે. લાંચની રકમથી તૈયાર થયેલો આલિશાન બંગલો ગમે ત્યારે તોડી પાડવામાં આવશે. રાજકોટ મહાનગર પાલિકાએ બંગલો તોડવાની તૈયારીઓ પણ શરૂ કર્યાનો સૂત્રો પાસેથી જાણવા મળી રહ્યું છે. મહાનગર પાલિકા દ્વારા મનસુખ સાગઠિયાનાં



### રાજકોટ મનપા દ્વારા બંગલાની વિગતો મંગાવાઈ

આલિશાન બંગલાની વિગતો મંગાવવામાં આવી છે.

રાજકોટ ગેમઝોન અગ્નિકાંડ કેસમાં સંડોવાયેલા સસ્પેન્ડેડ મનસુખ સાગઠીયા સામે અપ્રમાણસર મિલકતનો ગુનો નોંધાયો છે. એન્ટીકરપ્શન બ્યુરોએ ફરિયાદ નોંધીને સાગઠીયા સાથે સંકળાયેલ ત્રણ સ્થળોએ દરોડા પાડ્યા હતા. જેમાં સાગઠીયા પાસેથી ૧૦ કરોડ ૫૫ લાખની વધુની અપ્રમાણસર મિલકત મળી આવી હતી. ઉલ્લેખનીય છે કે, એન્ટીકરપ્શન બ્યુરોએ સાગઠીયાની આવક ૪૧૦ ટકા વધતા દરોડા પાડ્યા હતા. રાજકોટમાં સાગઠીયાની ગેસ એજન્સી, પેટ્રોલ પંપ અને અમદાવાદમાં અદાણી શાંતીગ્રામમાં બંગલો મળી આવ્યો હતો. તો બીજી આ મુદ્દે કાર્યવાહીનો દોર ચાલી રહ્યો છે. ત્યારે હવે SITનો રિપોર્ટ પણ તૈયાર થઈ ગયો છે.

### વર્તમાન ચોમાસુ સિઝનમાં ડેમની સપાટી પ્રથમવાર સર્વોચ્ચ સપાટીએ

# નર્મદા ડેમની સપાટી ૧૩૬ મીટરને પાર, ભરૂચ સહિત બે જિલ્લાના ૪૨ ગામોને એલર્ટ

## બે વર્ષ ચાલે એટલો પાણીનો જથ્થો : રાજ્યમાં ભારે વરસાદને લઈ ૧૧૯ ડેમ ઓવરફ્લો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૪

ગુજરાતમાં ચોમાસાનો વિધિવત્ પ્રારંભ થયાને ત્રણ મહિનાનો સમય વીતી ચૂક્યો છે. રાજ્યમાં ત્રણ મહિના દરમિયાન ધોધમાર વરસાદે ડેમમાં પાણીની સ્થિતિ પણ બદલી નાખી છે. ગુજરાતમાં સરદાર સરોવર ડેમની સપાટી પહેલી વખત ૧૩૬ મીટરને પાર થઈ છે.

ઉપરવાસમાં ભારે વરસાદ ચાલુ રહેવાથી પાણીની આવકમાં સતત વધારો થતાં સરદાર સરોવરની પાણીની આવકમાં સતત વધારો થઈ રહ્યો છે. અત્યાર સુધી ઉપરવાસમાંથી લગભગ સાડા ત્રણ લાખ ક્યુસેક પાણીની આવક થઈ છે. હાલ નર્મદા નદીમાંથી કુલ ૩,૧૭,૦૧૪ ક્યુસેક પાણી છોડાઈ રહ્યું છે. ૧૩મી સપ્ટેમ્બરની સાંજે ડેમની સપાટી ૧૩૬.૦૩ મીટરે પહોંચી હતી.

રાજ્યમાં મેઘરાજાએ કેટલાક વિસ્તારોને તો વરસાદે ઘમરોળ્યું હોય તેવું લાગી રહ્યું છે. ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમની જળ સપાટીમાં નોંધપાત્ર વધારો થયો છે. ઉપરવાસમાંથી પાણીની આવક ચાલુ રહેતા જળસ્તર જાળવી રાખવા ડેમના ૧૫ દરવાજા ૨.૫૦ મીટર સુધી ખોલી નાંખવામાં આવ્યા છે.

બીજી તરફ, વડોદરા, ભરૂચ અને નર્મદા જિલ્લાના ૪૨ ગામને એલર્ટ કરાયા છે. નર્મદા ડેમની મહત્તમ સપાટી ૧૩૮.૬૮ મીટર છે. રાજ્યમાં ભારે વરસાદના કારણે ૨૦૭ ડેમમાંથી ૧૧૯ ડેમ તો ઓવર ફ્લો થઈ ચૂક્યા છે. સરદાર સરોવરમાં ૯૦ ટકા જળસંગ્રહ થઈ ચૂક્યો છે.

રાજ્યમાં સિઝનનો સરેરાશ ૧૨૪ ટકા વરસાદ વરસી ચૂક્યો છે. જેમાં સૌથી વધુ કચ્છ ઝોનમાં ૧૮૩ ટકા, સૌરાષ્ટ્ર ઝોન ૧૩૦ ટકા, દક્ષિણ ગુજરાત ઝોન ૧૨૮ ટકા, પૂર્વ-મધ્ય ગુજરાત ઝોન ૧૨૦ ટકા અને ઉત્તર ગુજરાત ઝોનમાં ૧૦૭ ટકા વરસાદ નોંધાયો છે. ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં ભારે વરસાદના કારણે ૨૦૭ ડેમમાંથી ૧૧૯ ડેમ તો ઓવર ફ્લો થઈ ચૂક્યા છે. સરદાર સરોવર ડેમમાં ૯૦ ટકા જળસંગ્રહ થઈ ચૂક્યો છે. વડોદરા જિલ્લામાં નર્મદા નદી કિનારાના શિનોર, ડભોઈ અને કરજણ તાલુકાના કુલ ૨૫ ગામોમાં તકેદારી અને સાવચેતીના પગલાં લેવામાં આવ્યા છે. આ ગામોના તલાટી અને તાલુકાના લાયઝન અધિકારીઓને અગમચેતીના પગલાં લેવા માટે સૂચનાઓ આપવામાં આવી છે. ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર, જેને લોકો નર્મદા ડેમથી પણ ઓળખે છે એમાં બે વર્ષ ચાલે એટલો પાણીનો જથ્થો આવી ચૂક્યો છે. નર્મદા ડેમમાંથી રાજ્યના ૧૭૩ શહેર અને ૯૪૯૦ ગામના અંદાજે ૨.૯૦ કરોડ લોકોને પીવાનું પાણી પૂરૂં પાડવામાં આવે છે. તો ૧૮.૪૫ લાખ હેકટરમાં સિંચાઈ માટે પણ પાણી પૂરૂં પાડવામાં આવે છે. દાહોદ, ભરૂચ અને નવસારી જિલ્લામાં આવેલા ડેમોમાં ઓની સંગ્રહક્ષમતાના ૧૦૦ ટકા પાણીનો સંગ્રહ થઈ ચૂક્યો છે. આ તમામ જિલ્લામાં હજી પણ વરસાદ વડી રહ્યો હોઈ, પાણી નદીમાં વહી રહ્યું છે. તો બીજી તરફ છોટાઉદેપુર, મહીસાગર, પંચમહાલ, સુરત, ગીર સોમનાથ, જામનગર, જૂનાગઢ, મોરબી અને રાજકોટ જિલ્લમાં આવેલા ડેમોમાં સરેરાશ ૯૦ ટકા પાણીનો સંગ્રહ થઈ ચૂક્યો છે, જ્યારે બાકી રહેતા અન્ય ડેમમાં હજી ૮૦ ટકા કરતાં ઓછું પાણી છે.

**અખબારી કાગળના ભાવમાં સતત અસહ્ય વધારો**

| તારીખ | કિલોગ્રામ દીઠ ભાવ | |
|---|---|---|
| ૫ એપ્રિલ-૨૦૧૨ | રૂા. | ૨૬.૦૦ |
| ૧૬ ડિસેમ્બર-૨૦૧૨ | રૂા. | ૨૬.૦૦ |
| ૧૫ માર્ચ-૨૦૧૩ | રૂા. | ૨૫.૦૦ |
| ૨૪ માર્ચ-૨૦૧૩ | રૂા. | ૨૫.૦૦ |
| ૧૦ જૂન-૨૦૨૧૩ | રૂા. | ૨૬.૫૦ |
| ૧૦ ઓગસ્ટ-૨૦૧૩ | રૂા. | ૨૮.૦૦ |
| ૧૯ ઓક્ટોમ્બર-૨૦૧૩ | રૂા. | ૨૮.૭૫ |
| ૨૫ માર્ચ-૨૦૧૪ | રૂા. | ૩૧.૦૦ |
| ૧૦ માર્ચ ૨૦૨૦ | રૂા. | ૩૪.૨૫ |
| ૧૬ એપ્રિલ૨૦૨૧ | રૂા. | ૪૯.૫૦ |
| ૩૦ માર્ચ ૨૦૨૨ | રૂા. | ૭૦.૦૦ |
| ૫ એપ્રિલ ૨૦૨૨ | રૂા. | ૭૨.૦૦ |
| ૩૦ ડિસેમ્બર-૨૦૨૩ | રૂા. | ૫૨.૦૦ |
| ૨૮ એપ્રિલ-૨૦૨૪ | રૂા. | ૫૨.૦૦ |
| ૧૫ સપ્ટેમ્બર-૨૦૨૪ | રૂા. | ૫૦.૦૦ |




રવિવાર મેઘધનુષ

ગુજરાત ટુડે

તા.૧૫-૯-૨૦૨૪

# વાહ..વાહ...પેરાલિમ્પિકમાં ભારતના વધુ એક ખેલાડીએ મેળવ્યો ગોલ્ડ. જાણો વામન નવદીપસિંઘની વિરાટ વાતો







## હેલ્લો સ્ટુડન્ટ્સ

- સાહેબ સોની

મિત્રો ગત રવિવારે આ કોલમમાં આપણે પેરાલિમ્પિકમાં ભારતનું ગૌરવ વધારનાર અને પોતાની તિરંદાજીની સ્ટાઈલથી વિશ્વને ચકાચોંધ અને અચંબિત કરી નાખનાર શીતલ દેવીની જ્વલંત સફળતા અને તેના જીવન વિશે વાત કરી હતી. પરંતુ શીતલ દેવીની તો પ્રતિભા જ અનોખી હતી અને તેણે જાણે કે ચમત્કાર કર્યો હતો. આજે આપણે વાત કરવી છે વામન ખેલાડી નવદીપસિંઘની કે જેણે વિરાટ કામ કરી બતાવ્યું છે. જેવલિન થ્રો એટલે કે ભાલા ફેંકમાં ભારત વતી સુવર્ણ ચંદ્રક મેળવીને દેશનું ગૌરવ વધાર્યું છે. આમ પેરાલિમ્પિક રમતોમાં દિવ્યાંગ ખેલાડીઓએ પોતાનું કૌવત સાબિત કરી દીધું છે કે નોર્મલ વ્યક્તિ કરતા પણ તેઓ જરાય કમ નથી અને સારામાં સારું પ્રદર્શન રમત-ગમત સહિત કોઈપણ કાર્યક્ષેત્રમાં કરી શકે છે. ગયા વખતે આપણે શીતલ દેવીની વાત કરી હતી ત્યારે નવદીપ સિંઘની પણ વાત કરીને તેના જીવન વિશે અને તેની સફળતા વિશે વાત કરવી જ પડે. તો ચાલો આજે આપણે વાત કરીશું નવદીપસિંઘની કારકિર્દીની સફર વિશે.

**● કોણ છે નવદીપસિંઘ. જાણો તેની સિદ્ધિ વિશે**

જો સોશિયલ મીડિયાથી વાત કરું તો આજકાલ એક વીડિયો જબરદસ્ત ટ્રેન્ડીંગમાં છે. જેમાં એક વામન યુવક તેજ ગતિએ દોડીને જોરથી ભાલો ફેંકે છે અને દૂર સુધી જાય છે. જેવો ભાલો નીચે પડે છે તે સાથે જ પ્રેક્ષકોની ચિચિયારીઓ અને આ ખેલાડી દ્વારા જુસ્સાભેર બોલાઈ રહેલા શબ્દો સંભળાઈ રહ્યા છે. ભારે ઉત્તેજના અનુભવી રહેલા ખેલાડીએ મનમાં ને મનમાં બોલાય તેવા શબ્દો ઉચ્ચાર્યા અને નવદીપસિંહની ઊંચાઈ ચાર ફુટ ચાર ઈંચ જેટલી ઓછી છે. તેમણે વિશ્વભરમાં સફળતા હાંસલ કરી છે. તેમણે વર્લ્ડ પેરા એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ-૨૦૨૩માં ૪૦.૦૫ બરછી ફેંકીને ચોથું સ્થાન હાંસલ કર્યું હતું. આ ઉપરાંત એશિયન Paralympics ૨૦૨૪માં પણ તે ચોથા ક્રમે રહ્યા હતા. તેમની પાસેથી ટોક્યોમાં મેડલ જીતવાની અપેક્ષા હતી, પરંતુ તેઓ ત્યાં પણ ચોથા સ્થાને રહ્યા હતા. જ્યારે આ વખતે તેમણે ગોલ્ડ મેડલ જીત્યો છે. નવદીપ મલિકનો પરિવાર હરિયાણાના પાણીપતના બુલાના લખુ ગામમાં રહે છે. પરંતુ, બાદમાં ગોલ્ડ જીતનાર ઈરાનના બીત સાયાહને ગેરલાયક ઠેરવવામાં આવ્યો હતો. આ પછી નવદીપની બેગમાં ગોલ્ડ મેડલ આપવામાં આવ્યો છે. આમ Paralympics ૨૦૨૪ના ઈતિહાસમાં ભારતનું અત્યાર સુધીનું આ સર્વશ્રેષ્ઠ પ્રદર્શન રહ્યું છે. આમ શીતલ દેવી, નવદીપસિંહ તથા બીજા ખેલાડીઓએ ભારતનું નામ રોશન કર્યું છે. ભૂતકાળની વાત કરવામાં આવે તો, ટોક્યો પેરાલિમ્પિક્સમાં ભારતે ૭ ગોલ્ડ સહિત કુલ ૧૯ મેડલ જીત્યા હતા.

**● નવદીપસિંહની જીવનયાત્રા**

નીરજ ચોપરાથી પ્રેરિત નવદીપે ભાલા ફેંકમાં હાથ અજમાવ્યો. આજે તેના પેશને તેને જુનિયર નીરજ ચોપરા બનાવી દીધો છે. એટલું જ નહિ સમગ્ર ભારત અને વિશ્વમાં તેની વાહ વાહ થઈ રહી છે. આ સિદ્ધિના કારણે જે લોકો તેને ચીડવતા હતા તેમના મોઢા સિવાઈ ગયા છે અને જેઓ દિવ્યાંગોની ટીખળ કરતા હોય છે તેમના માટે આ એક સબક સમાન સિદ્ધિ છે. આથી અત્યારસુધી નવદીપસિંહ સૈનીને જે તકલીફો ભોગવવી પડી છે તેનું વળતર તેની મહેનતના સહારે એક ઝાટકે મળી ગયું છે. નવદીપે પોતાનું શિક્ષણ

**નવદીપ માટે આ સફર સરળ ન હતી. શરૂઆતમાં તેને 'વામન હોવાની સમસ્યાનો સામનો કરવો પડ્યો હતો. પણ આજે તેમની ટીખળ કરનારના મોં સિવાઇ ગયા છે. હરિયાણામાં જન્મેલા નવદીપ એક સામાન્ય જાટ તોમર પરિવાર સાથે સંબંધ ધરાવે છે. તેના પિતા ખેડૂત છે અને દૂધની ડેરી પણ ચલાવે છે. નવદીપની ઊંચાઈ માત્ર ચાર ફૂટ ચાર ઈંચ છે, પરંતુ તેણે તેને અડચણ ન બનવા દીધી. નવદીપના પિતા રાષ્ટ્રીય સ્તરના કુસ્તીબાજ હતા. તેમણે તેના પુત્રને ટેકો આપ્યો અને નવદીપ બાળપણથી જ એથ્લેટિક્સનો ખૂબ શોખીન હતો. હાલમાં તેઓ બેંગલુરુમાં ઇન્કમટેક્ષ ઇન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવી રહ્યા છે. કરિયરની શરૂઆતથી જ તેમનો દેખાવ ઉજ્જવળ રહ્યો છે. જાણો નવદીપસિંઘ વિશે.**

તે લોકોને સંભળાયા. પંરતુ તે શબ્દો તેની ખુશી પ્લસ ઉત્તેજનાનું પરિણામ હતું. આથી લોકોએ ગણકાર્યા નહી પરંતુ તેની સિદ્ધિની ખૂબ જ પ્રસંશા થઈ રહી છે. કારણ કે તેણે ભારત માટે ગોલ્ડ મેડલ જીત્યો હતો. ખુદ વડાપ્રધાને પણ તેની સાથે આ પળો સાથે હળવી શૈલીમાં વાત કરી હતી. સોશિયલ મીડિયામાં આ વીડિયો જંગલમાં આગની જેમ વાઈરલ થયો છે અને ખેલાડીને અભિનંદનની વર્ષા થઈ રહી છે. આથી ચાલો આ પેરાલિમ્પિક વિશે પણ વાત કરીએ. જો રમતની શરૂઆતથી વાત કરીએ તો નવદીપે ફાઉલથી શરૂઆત કરી હતી. આ પછી તેમણે બીજા પ્રયાસમાં ૪૬.૩૯ મીટરનો થ્રો કર્યો અને ત્રીજા પ્રયાસમાં તેમણે બધાને પાછળ છોડી દીધા હતા. પરંતુ પાંચમાં પ્રયાસમાં ઈરાનના બીત સયાહ સાદેગે ૪૭.૬૪ મીટરના થ્રો સાથે નવદીપને પાછળ છોડી દીધો હતો. જો કે, બાદમાં ઈરાનના ખેલાડી બીત સયાહ સાદેગને ગેરલાયક ઠેરવવામાં આવ્યો હતો. જેથી નવદીપસિંહનો સિલ્વર મેડલની જગ્યાએ ગોલ્ડ મેડલ આપવામાં આવ્યો. પેરાલિમ્પિક ખેલાડી નવદીપની માતા તેની મેચના દિવસે વહેલી સવારે પૂજા માટે બેસે છે. એટલું જ નહીં પરંતુ નવદીપ મલિકની મેચ જોયા પછી જ તેઓ ખાવા ખાય છે. એફ ૪૧ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીતનાર તેઓ પહેલા પ્લેયર છે.

પેરિસ Paralympics ભારતે ખૂબ જ સારૂં પ્રદર્શન કર્યું છે. ભારતીય પેરા જેવલિન થ્રોઅર નવદીપસિંહે પેરિસમાં દેશનું નામ રોશન કર્યું છે. તેમણે પુરુષોની ભાલા ફેંક F૪૧ ઈવેન્ટમાં વ્યક્તિગત શ્રેષ્ઠ પ્રદર્શન કરીને ગોલ્ડ મેડલ જીત્યો છે. તેમણે ત્રીજા પ્રયાસમાં ૪૭.૩૨ મીટરનો થ્રો કર્યો હતો, જે તેમનો સર્વશ્રેષ્ઠ થ્રો હતો. અત્યાર સુધી ભારતનું પેરાલિમ્પિકમાં ઘણું સારું પ્રદર્શન રહ્યું છે. વિગતે વાત કરવામાં આવે તો, ભારતે અત્યાર સુધીમાં ૭ ગોલ્ડ, ૧૦ સિલ્વર અને ૧૩ બ્રોન્ઝ સહિત ૨૯ મેડલ જીત્યા છે. એટલું જ નહીં પરંતુ નવદીપે આ પહેલા સિલ્વર મેડલ જીત્યો હતો.

**સરળ નહોતી**

નવદીપ માટે આ સફર સરળ ન હતી. શરૂઆતમાં તેને 'વામન-વામન'ની સમસ્યાનો પણ સામનો કરવો પડ્યો હતો. હરિયાણામાં જન્મેલા નવદીપ એક સામાન્ય જાટ તોમર પરિવાર સાથે સંબંધ ધરાવે છે. તેના પિતા ખેડૂત છે અને દૂધની ડેરી પણ ચલાવે છે. નવદીપની ઊંચાઈ માત્ર ચાર ફૂટ ચાર ઈંચ છે, પરંતુ તેણે તેને અડચણ ન બનવા દીધી. નવદીપના પિતા રાષ્ટ્રીય સ્તરના કુસ્તીબાજ હતા. જ્યારે નવદીપ ૨ વર્ષનો થયો, ત્યારે ખબર પડી કે તેના પુત્રને વામનપણું છે. પરંતુ તેણે તેના પુત્રને ટેકો આપ્યો અને નવદીપ બાળપણથી જ એથ્લેટિક્સનો ખૂબ શોખીન હતો. નવદીપે ૨૦૧૭માં એશિયન યુથ પેરા ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતીને કારકિર્દીની શરૂઆત કરી હતી. તેણે રાષ્ટ્રીય સ્પર્ધામાં બંચમાં ગોલ્ડ મેડલ અને ૨૦૨૧માં વર્લ્ડ પેરા ગ્રાન્ડ પ્રિકસમાં ગોલ્ડ અને ૨૦૨૪ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં બ્રોન્ઝ જીત્યો હતો.

તેમનું ધ્યાન માત્ર રમતગમત પર જ નથી પરંતુ તેઓ ઈન્કમટેક્સ વિભાગમાં ઈન્સ્પેક્ટર તરીકે કામ કરી રહ્યા છે. હાલમાં નવદીપ બેંગલુરુમાં પોસ્ટેડ છે. યુનિક પબ્લિક સ્કૂલ અને દિલ્હી યુનિવર્સિટી ખાતે પૂર્ણ કર્યું હતું. તેણે બી.એ.નો અભ્યાસ કર્યો છે. નવેમ્બર ૧૧, ૨૦૦૦ના રોજ જન્મેલા નવદીપની રમતની સફરની શરૂઆત વર્ષ ૨૦૧૭માં થઈ હતી અને તે જ વર્ષે એશિયન યુથ પેરા ગેમ્સમાં તેણે ભાલા ફેંકમાં સુવર્ણ ચંદ્રક મેળવ્યો હતો. રાષ્ટ્રીય સ્તરે તેણે પાંચ ગોલ્ડ મેડલ જીત્યા છે. વર્ષ ૨૦૨૧માં દુબઈમાં ફઝા ઈન્ટરનેશનલ ચેમ્પિયનશીપમાં સુવર્ણ ચંદ્રક મેળવ્યો હતો.

તો મિત્રો નવદીપને જે સફળતા મળી છે તે તેનું મક્કમ મનોબળ, મહેનત, પરિવારનો સાથે અને પોતાના ઉપર આત્મવિશ્વાસનું પરિણામ છે. તો મિત્રો કોઈપણ તકલીફ આવે મનોબળ ગુમાવ્યા વગર સાચા રસ્તે ચાલશો તો તેનું સારું પરિણામ મળવાનું જ છે.

**ઉપરોક્ત કોલમ વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખી શરૂ કરવામાં આવી છે. જેમાં એજ્યુકેશનને લઈ મૂંઝવતા પ્રશ્નો પર, કારકિર્દીને લગતા પ્રશ્નોના સચોટ જવાબો આપવામાં આવશે. એજ્યુકેશન લગતા પ્રશ્નો વિદ્યાર્થીઓ ગુજરાત ટુડેના ઈ-મેઈલ પર મોકલી શકે છે.**

**E-mail:sahebtoday@gmail.com**

# ખુદના અસ્તિત્વનો બસ આટલો આધાર છે, સ્મિત સમૃદ્ધિ મને વરદાનમાં મળતી ગઈ !



## દસ્તક



હર્ષદ પંડ્યા

સાચા સંબંધનો ઉજાસ ક્યારેય ઝાંખો નથી પડતો. અંધારાએ કરેલી તીવ્ર તપસ્યાનું ફળ છે આ ઉજાસ ! તમને જે માણસમાં અંધકાર જેવું કંઈક લાગે તો એની ટીકા ન કરશો, એ અંધકાર તો ફકત આજ પૂરતો છે, એ જ અંધકારના ગર્ભમાંથી આવતીકાલનો સૂરજ ચમકવાનો છે ! કોઈએ તમને કરેલી આજની નફરત, એ માત્ર નફરત નથી, એ જ નફરતના પેટે આવતી કાલની મહોબત જન્મ લેવાની છે ! મિત્રો, કોઈનાયમાં ક્યારેય કોઈ દાગ જોવાનો પ્રયત્ન ન કરશો કેમ કે શી ખાતરી કે એ જ દાગ, ભવિષ્યમાં આપણા માટે જિંદગીનો કોઈ નવો જ અર્થ, કોઈ નવો જ સંદર્ભ લઈને આવે ! કોઈનામાંય ક્યારેય કલંક જોવાનો અટકચાળો ન કરશો, એ જ કલંક એ જ વ્યક્તિના જીવનમાં પરમ પવિત્ર કંકુ બનીને ફેલાઈ જાય, કંઈ કહેવાય નહીં !

દેખાતાં બધા જ વાદળ કંઈ છેતરામણ નથી હોતાં છેતરામણાં હોવું અને છેતરામણાં લાગવું, એમાં બહું મોટો ફરક છે સાહેબ ! ક્યારેક જે લાગે છે, એ વાસ્તવમાં હોતું નથી અને જે હોતું જ નથી, જેનું કોઈ અસ્તિત્વ જ નથી, એના હોવાપણાનું માત્ર અનુમાન કરીને આપણે આપણી જાતને તો ડિસ્ટર્બ કરતા જ હોઈએ છીએ, એ વ્યક્તિને પણ પરોક્ષપણે અન્યાય કરતા રહીએ છીએ. એટલે તો કહેવાય છે કે જે હોય છે એ દેખાતું નથી અને જે દેખાય છે એ હકીકતમાં હોતું જ નથી !

આપણા મિત્ર કે પ્રિયજનના ચહેરા પરની પ્રસન્નતાનું સ્મિત એ આપણી જિંદગીની ઝળહળતી જીત છે. તમે કોઈના જીવનનો ભાર ભલે હળવો ન કરી શકતા હો, પણ એની આંખમાં આશાનું એકાદ કિરણ ઊગે એવો કોઈ લાગણીભીનો શબ્દ કહી સંભળાવો કે પછી એને હૃદયમાંથી નીકળતા અસલી અવાજના રેપરમાં મઢીને સ્મિતનું દાન કરો તોય એ વ્યક્તિને જિંદગી જીવી લેવા જેવી લાગશે, લાગશે ને લાગશે જ ! સ્મિતમાં તાકાત છે, જાદુ છે, સંજીવની છે, ઊર્જા છે, સ્મિતથી બંને વ્યક્તિને હળવાશની અનુભૂતિ થાય છે- સ્મિત કરનારને અને એ સ્મિત ઝીલનારને !

સ્મિત તો ઈશ્વરે મનુષ્યજાતને ાપેલું શ્રેષ્ઠ વરદાન છે. ચહેરાનું આભૂષણ સ્મિત છે. સ્મિતને સંજીવની એટલા માટે જ કહેવામાં આવે છે કે એ મરવા પડેલી જિજીવિષાને, કરમાવા માંડેલી ઈચ્છાઓને અને રેગિસ્તાનમાં ફેરવાઈ ગયેલી પૂરી સ્વપ્નસૃષ્ટિને નવું જીવન આપે છે. કેટલાક માણસો ચોવીસે કલાક ઈશ્વરની ભક્તિ કરતા હોય છે- સારી વાત છે, પણ ચહેરો જ એવો માયુસી, એટલો ઉદાસ અને એટલો ગંભીર રાખીને જીવતા હોય છે કે કોઈ સામાન્ય માણસની વાત જવા દો, ખુદ ઈશ્વર એના ઘેર જતા કે એને મળવા જતાં ગભરાય છે. ભક્તિમા ગળાડૂબ રહેલી વ્યક્તિના ચહેરા પર સ્મિતનું સૌંદર્ય ન હોય તો એ ભક્તિમાં ઈશ્વર સાથેના સત્સંગની સુગંધ જન્મતી નથી. સુગંધ વગરના સત્સંગને ઈશ્વર ક્યારેય મંજૂર કરતો નથી. અહીં 'ઈશ્વર' એટલે તમારો મિત્રો, તમારો પ્રેમી, તમારી પ્રિયતમા, તમારો પતિ, તમારી પત્ની કે તમારૂં હરકોઈ પ્રિયજન છે અને 'સત્સંગ' એટલે તમારા એ પ્રિયજન પ્રત્યેનો પ્રેમ છે !

ઓફિસેથી થાક્યો પાક્યો આવેલો પતિ સાંજે ઘરમાં પ્રવેશે ત્યારે એને પત્ની તરફથી એકાદ સ્માઈલની ભેટ મળે તો તરત જ પલા પતિનો થાક માઈલો દૂર ભાગી જાય ! એ જ રતે પત્નીના હરકોઈ કાર્યને, પતિ સ્મિતની સુગંધથી વધાવી લે, તો એ પત્નીએ કરેલા આખા દિવસનો થાક અગ્નિ સામે મીણ ઓગળે એમ ઓગળી જાય. સ્મિતમાં શક્તિ છે સાહેબ ! તમે તમારા ઘરમાં હો, ઓફિસમાં હોય, વેપાર-રોજગારના કોઈપણ નાના મોટા કુરૂક્ષેત્રમાં હો, સામેની વ્યક્તિને જીતી લેવી હોય તો સ્મિત જેવું કોઈ શસ્ત્ર નથી. સ્મિત શસ્ત્ર જ નહીં, એ શાસ્ત્ર પણ એટલું જ તાકાતવાળું છે કે 'ન ગમે તેવા' દુશ્મનને પણ 'ગમે તેવા' મિત્રમાં ફેરવી નાખે છે. સ્મિતનો જાદુ જ એવો છે કે ક્યારેક એ અસ્તને પણ ઉદયમાં અને અંતને પણ આરંભમાં પરિવર્તિત કરી નાખે !

તમને કોઈએ કશુંક કાર્ય સોંપ્યું હોય, અને એ કાર્ય તમે ઉદાસ ચહેરે કરી આપો અને હસતા ચહેરે કરી આપો, એમાં ફરક નથી ? અંગતપણે હું તો એટલું જ માનું છું કે ઉદાસ ચહેરે આપેલા આશીર્વાદ કરતા, હસતાં ચહેરે આપેલો અભિશાપ ઘણો ન ઊંચો કહેવાય ! નાના બાળકને તમે સ્મિત કરતું ક્યારેક જોયું છે ? બસ, એ જ સ્મિત તમને તમારા ઈશ્વરનો અહેસાસ કરાવશે ! કહેવાય છે કે ઈશ્વર કે અલ્લાહ જ્યારે આપણા પર મહેરબાન થાય છે, પ્રસન્ન કે ખુશ થાય છે ત્યારે એ આપણને બાળકના સ્મિત દ્વારા જ મળવા આવે છે, પણ આપણે બાળકના એ સ્મિતને અવગણતા રહીએ છીએ અને નજરઅંદાજ કરીએ છીએ, પરિણામે ઈશ્વર કે અલ્લાહ છેક આપણા આંગણે જ નહીં, આપણા હૃદય સુધી, આપણી આંખો સુધી આવેલો, આપણા તરફથી આવકાર નહીં મળતાં પાછો જતો રહે છે. સ્મિત જેવો કોઈ ચમત્કાર નથી. સ્મિત જેવો કોઈ વૈભવ નથી. સ્મિત જેવી કોઈ સમૃદ્ધિ નથી. સ્મિત જેવી કોઈ શ્રીમંતાઈ નથી.

સ્મિતની સંપત્તિને વેડફી ન મરાય, એને તો હૃદયના લોકરમાં જાળવી રાખવાની હોય. કોઈને સ્મિતદાન તમે ત્યારે જ કરી શકો કે એ સામેની વ્યક્તિમાં એટલી યોગ્યતા કે પાત્રતા હોય, જે તમારા સ્મિતનું મૂલ્ય સમજી શકે. જેમ કુપાત્રને દાન ન અપાય, એમ કુપાત્રને સ્મિત પણ ન અપાય. સ્મિત આપનાર અને મેળવનાર બંનેમાં શુદ્ધ ચારિત્ર્યની ઊંચાઈ હોય, બંનેમાં એવું પોટેન્શિયલ હોય કે જેના લીધે એ સ્મિતનું માત્ર ચારિત્ર્ય જ નહીં, એનું ચરિત્ર-એનું સંપૂર્ણ જીવનચરિત્ર ઈશ્વરનો પર્યાય બની જાય !

સ્મિતની પણ એક ભાષા હોય છે, એક અવાજ હોય છે. સ્મિત એ માત્ર જોવાનો જ અવસર નથી, સાંભળવાનો પણ અવસર છે. સ્મિત સાંભળી પણ શકાય, એ માટે આપણી અનુભૂતિના કાન કેળવાયેલા હોવા જોઈએ. સ્મિતને વાંચતા અને સાંભળતા આપણને આવડી જાય, તો કોઈપણ જાતના માનસિક કે શારીરિક રોગનો, આમ ચપટીમાં સામનો કરી શકીએ એવું મેડિકલ સાયન્સ કહે છે. કદાચ, એટલે જ કહેવાયું હશે ને કે 'લાફ્ટ્ર ઈઝ ધ બેસ્ટ મેડિસિન!' સ્મિત જ્યારે ઉદાર બને છે ત્યારે એ 'હાસ્ય' તરીકે ઓળખાય છે અને હાસ્ય જ્યારે ધીર ગંભીર બને છે ત્યારે એ 'સ્મિત તરીકે ઓળખાય છે. સ્મિતને હું મર્યાદાપુરૂષોત્તમ રામ સાથે સરખાવું છું તો હાસ્યને હું પૂર્ણપુરૂષોત્તમ કૃષ્ણ સાથે !

બોજ બની ગયેલી જિંદગીને જીવવાલાયક જીવનમાં તબદિલ કરવી હોય તો સ્મિતને તમારા શ્વાસમાં, તમારા લોહીમાં, તમારા ફેફસાંમાં, તમારા હૃદયમાં જાળવી રાખો. એ જ જીવનના નાના મોટા સંઘર્ષોમાં કોઈને કોઈ સમાધાનનું દર્શન કરાવી દશે ! 'શબ્દપ્રીત' સ્મિતના સાથિયાને વંદન કરતા એટલે તો કહે છે :

**"ખુદના અસ્તિત્વનો બસ આટલો આધાર છે,**
**સ્મિત સમૃદ્ધિ મને વરદાનમાં મળતી ગઈ !"**

**:::: ટહુકો ::::**

**કોઈ ઉમ્મીદ બર નહીં આતી,**
**કોઈ સૂરત નજર નહીં આતી,**
**કાબે કિસ મુંહસે જાઓગે 'ગાલિબ'**
**શર્મ તુઝકો, મગર નહીં આતી**

**- મિર્ઝા ગાલિબ**

# લગ્નેતર સંબંધો અને તેનું ભવિષ્ય...

**વી**સેક વર્ષની છોકરી એક વિધુરને ત્યાં રસોઈ કરવા જતી હતી. છોકરીને આવક થતી હતી અને એ નિમિત્તે વિધુરનો રસોઈનો પ્રશ્ન ઊકલી ગયો હતો. વિધુર રસોઈને વખાણતા પણ ખરા ને છોકરી એથી વધુ ઉત્સાહથી રસોઈમાં પ્રવૃત્ત થતી હતી. એક દિવસ ૬૫ વર્ષના વિધુરને શું સૂઝ્યું કે તેણે છોકરીને આશ્લેષમાં લઈ લીધી. અણધારી હરકતથી છોકરી ડઘાઈ ગઈ, પણ તેને એ હરકત ગમી પણ ખરી. પછી તો તે પણ વિધુર જોડે છૂટથી વર્તવા લાગી અને વાત શરીર સંબંધ સુધી પહોંચી. વિધુરની લગ્નની ઈચ્છા ન હતી, પણ તેને સંબંધનો વાંધો ન હતો. છોકરી પરણવા ઉત્સુક હતી, પણ વિધુર લોકલાજે પણ પરણી શકે એમ ન હતું. બંને વચ્ચેનો ઉંમરનો ૪૫ વર્ષનો તફાવત પણ લગ્નને સહજ બનાવે એમ ન હતો, એટલે સંબંધ તૂટ્યો ને છોકરી હવે ઉદાસ રહે છે. બને કે થોડા સમયમાં કોઈ મુરતિયો મળી જાય અને પરણી જાય અથવા તો તેનો લગ્નમાંથી જ રસ ઊડી જાય. અત્યારે તો છોકરી માટે બધું અનિશ્ચિત છે. વિધુરે છોકરીનો લાભ ઉઠાવ્યો હોય એવ શક્ય છે, કારણ કે તે લગ્ન કરવા રાજી ન હતા. ધારો કે તે લગ્ન માટે રાજી થયા હોત તો પણ એ સંબંધ ટકવામાં તેની ઉંમરે ભાગ ભજવ્યો હોત ને તે થોડા વખતમાં ગુજરી પણ ગયા હોત. એ સ્થિતિમાં પણ છોકરીનું ભવિષ્ય તો ધૂંધળું જ રહ્યું હોત!

આવું બનતું હોય છે. યુવક અને યુવતી અપરિણીત હોય ને



**સ્ત્રી સશક્તિકરણ**

- રવીન્દ્ર પારેખ

સંબંધમાં મુકાય તો તેનો એક ઉકેલ લગ્નમાં આવે, પણ હવે લિવ ઇન સંબંધો પણ વિકસ્યા છે. એમાં પણ બંનેને ફાવે ને લગ્ન કરી લે તો ઠરીઠામ થઈ શકે, પણ કોઈને ન ફાવ્યું ને સંબંધ તૂટે તો ભવિષ્ય અનિશ્ચિત થઈ શકે. આમ લગ્ન શરીર સંબંધનો સુખદ ઉકેલ ગણાય છે, પણ એમાંય ઘણી અડચણો હવે ઊભી થઈ છે. સાચું તો એ છે કે સંબંધ માત્રમાં પારદર્શકતા બહુ જ ઓછી બચી છે. શારીરિક સંબંધો વર્જ્ય છે એવા પિતા-પુત્રી, મા-દીકરો, ભાઈ-બહેન...ના સંબંધો પણ દૂષિત થયાના અનેક ઉદાહરણો મળી રહેતાં હોય, ત્યાં શરીર સંબંધો જ બળવત્તર છે એમ માનવું પડે એ સ્થિતિ છે. આપણે પિતા-પુત્રી, મા-દીકરો, ભાઈ-બહેનના સંબંધોને પવિત્ર ગણ્યા છે, તેથી તે એમાં શરીર સંબંધ વર્જ્ય છે. એ સાથે જ પતિ-પત્નીનો સંબંધ પણ પવિત્ર ગણ્યો છે, એમાં શરીર સંબંધ છે છતાં, તે એટલે કે લગ્નને સમાજે માન્યતા આપી છે, જ્યારે બીજા સંબંધોને સમાજે માન્યતા આપી નથી.

પતિ-પત્ની સિવાયના કોઈ પણ શારીરિક સંબંધને દૂષિત ગણાવાયો છે એ વિચિત્રતા જુઓ કે પતિ-પત્ની સિવાયના શારીરિક સંબંધોનું પ્રમાણ જ આજકાલ વધતું આવે છે. પતિ-પત્ની વચ્ચે છૂટાછેડાનું પ્રમાણ ઓછું નથી, એમાં પણ પ્રેમલગ્નોમાં એનું પ્રમાણ કદાચ વધારે છે, તો એકબીજાનાં પતિ-પત્ની હોવા છતાં પતિને, પત્ની ઉપરાંત પ્રેમિકા હોય કે પત્નીને, પતિ ઉપરાંત પ્રેમી હોય એની નવાઈ રહી નથી. જોકે, એ સંબંધો ગુપ્ત રખાય છે, પણ ક્યારેક તો એ જાહેર થઈ જ જાય છે ને ત્યારે પતિ-પત્ની સિવાયની ત્રીજી વ્યક્તિ અપમાનિત થયા વગર ભાગ્યે જ રહે છે. ઘણીવાર તો પ્રેમિકાને પામવા પતિ, પત્નીની અથવા પ્રેમીને પામવા પત્ની, પતિની હત્યા કરવા સુધી પણ જાય છે. એમ થવાનાં કારણો અનેક હોઈ શકે છે, પણ એટલું સ્પષ્ટ છે કે સમાજ માન્ય લગ્નના સંબંધો ઉપરાંત, લગ્નેતર સંબંધોનું પ્રમાણ ચિંતાજનક રીતે વધતું આવે છે.

બધાં જ લગ્નેતર સંબંધો માટે ઉતાવળા છે એવું નથી. લગ્ન સાવ ખાડે જ ગયાં છે એવું પણ નથી. ઘણીવાર તો સંજોગો જ એવા ઊભા થાય છે કે સાવ અવશપણે સ્ત્રી-પુરુષો લગ્નેતર સંબંધોમાં મુકાય છે. એમ કરવાનો આનંદ હોય એવું પણ દરેક કિસ્સામાં નથી હોતું કે કોઈ પણ પત્ની કે પતિ, તેનાં પાર્ટનરને છેહ દેવા માંગે છે, એવું પણ દરેક કિસ્સામાં નથી હોતું. આવા સંબંધનાં પરિણામોથી એમાં સંડોવાનાર સાવ અજાણ જ હોય એવું પણ નથી. જોખમો જાણવા છતાં કેટલાંક, લગ્નેતર સંબંધોમાં કલ્પના બહાર મૂકાતા હોય છે. સંબંધ ગુપ્ત રહે ત્યાં સુધી તો બધું ઠીક ચાલે છે, પણ ગુપ્તતા નથી રહેતી ત્યારે પરિણામો અનેક જોખમો ઊભાં કરી આપે છે ને મામલો પછી હાથમાં નથી રહેતો. ટૂંકમાં, સુખદ ઉકેલ તો ભાગ્યે જ બચે છે.

લગ્નેતર સંબંધો ટાઈમ પાસ હોય કે કોઈકનો લાભ લેવાની ગણતરીએ જ થતા હોય કે એમાંથી કશુંક કમાવાની દાનત થતા હોય કે નોકરીમાં લાભો મેળવવા બંધાતા હોય, ત્યાં કૈં કહેવાનું નથી. એ અનિષ્ટ જ છે એમ સ્વીકારવાનું રહે. એનાં પરિણામોથી પણ બંને પક્ષ અવગત હોય છે. એમાં એકનો છળવાનો ઇરાદો હોય છે ને બીજો છેતરાય જ એવું સ્પષ્ટ હોય છે, પણ જ્યાં લાગણી કે સંવેદનો કેન્દ્રમાં હોય ત્યાં થોડું વિચારવાનું રહે છે. એમાં પણ જે ખોટું છે તે તો ખોટું છે જ ને એનો બચાવ ન જ હોય, પણ એવા સંબંધમાં એકબીજાની ચિંતા કે એકબીજાનાં પાત્રો માટેની કે કુટુંબ માટેની ચિંતા કે સહાનુભૂતિ ભળેલી હોય તો એ સંબંધ પર એમ જ ચોકડી મૂકીને આગળ વધી જવાનું સહેલું નથી.

થયું છે એવું કે નોકરી-ધંધા નિમિત્તે સ્ત્રી કે પુરુષે ઘરથી દૂર આઠેક કલાક રહેવાનું થાય છે. એમાં અપડાઉન કરવામાં જે સમય જાય તે વધારાનો. રોજિંદા અપડાઉન દરમિયાન કોઈ જ શરૂઆતની ઓળખ વિના ધીમે ધીમે કોઈ કોઈ પાત્રો એકબીજાની નજીક આવતાં હોય છે. એ જ રીતે કોઈ જ ઓળખાણ ન હોય ને ધીમે ધીમે સ્ટાફ એકબીજાના પરિચયમાં મુકાય છે. સાથે કામ કરવાને લીધે કામ સિવાયની પણ ઘરની વ્યક્તિઓની, એમની ખૂબી-ખામીઓની વાતો થતી હોય ને એમાં જ એકબીજાની ખૂબી ખામીઓની વાતો પણ ચર્ચાતી રહે છે. સાથે ચા-નાસ્તો થતાં હોય ને એમ સહવાસ રહ્યાની, સુખ દુઃખની વાતો શેર થતી રહે ને ખબર પણ ન પડે એમ એકબીજાના સુખદુઃખમાં સહભાગી થવાનું બને છે ને એમાં જ એકબીજા પ્રત્યેની લાગણી પણ ફૂટતી આવે છે ને એમ વાત આગળ વધતી રહે છે. એમાં કોઈ ગણતરી કે પ્લાનિંગ ન હોય, બધું સાવ અનાયાસ જ બનતું જાય ને એવી પરિસ્થિતિ આવે કે બેમાંથી કોઈ ઓચિંતું રજા પર ઊતરી પડે ને જે ઓફિસમાં હોય એને, એના વગર કૈં ખૂટતું લાગે કે એની ચિંતા થાય કે ચેન ન પડે ત્યારે ભાન પડે કે પતિનું કે પત્નીનું સ્થાન કોઈ લઈ લીધું છે ને એની સાથે સમય વિતાવવાનું મન વધતું જાય છે. ઘર દૂર થતું જાય, ઘરથી દૂર રહેવાનું વધતું જાય ને એને માટે ખરુંખોટું કૈં પણ કરવું પડે તો તે પણ મન કમને કરવાનું ગમતું જાય છે ને થોડા વખત પર જે વ્યક્તિ સાવ અજાણી હતી તે બધી જ જાણીતી વ્યક્તિઓને પાછળ ધકેલીને એકદમ સામે આવી જાય છે ને એને હજાર પ્રયત્નો છતાં નકારવાનો જીવ નથી ચાલતો.

આવું ઘણાંને ઘણું બધું થતું હશે. આવી બે વ્યક્તિઓ અપરિણીત હોય તો, તો એનો ઉકેલ લગ્નમાં આવી શકે, પણ બેમાંથી એક અપરિણીત હોય તો અપરિણીત માટે તો લગ્નનો ઉકેલ બચે છે, પણ જે પરિણીત છે તેની સ્થિતિ કફોડી થાય છે. તે પરિણીત હોવાથી પતિ કે પત્નીને છોડી ન શકે કે ન તો અપરિણીતને બીજે પરણવા દઈ શકે. જો બંને પરિણીત હોય તો ન પતિને કે પત્નીને છોડી શકે કે ન તો નવી વ્યક્તિ વગર ચલાવી શકે. આને કારણે જે કશ્મકશ ઊભી થાય છે કે જે તનાવ પેદા થાય છે તે તો જે વેઠે તે જ જાણે. ઘણીવાર આનો અંત છૂટાછેડા, આત્મહત્યા કે હત્યામાં આવતો હોય છે. આમાંનું કૈં પણ સુખદ નથી. જે અગંભીર કે અસંવેદનશીલ છે તેને તો બહુ વાંધો નથી આવતો, પણ ગંભીર છે, સંવેદનશીલ છે તેની સ્થિતિ તો અનેક રીતે અસહ્ય થઈ પડે છે. કોઈ પણ લગ્નેતર સંબંધને જસ્ટિફાય ન જ કરાય, પણ તેને અવગણી શકાય એવું પણ નથી હોતું. એવી સ્થિતિમાં જે એમાં સંડોવાય છે એમને ભાગે સુખ સોયની ટોચ જેટલું જ આવતું હશે, પણ સરવાળે તો પારાવાર પીડા જ હાથ લાગે છે. વધારે શું કહેવું?

મોબાઈલ નંબર : ૯૩૭૭૯૩૯૧૨૩
ઈ-મેઈલ : ravindra 21111946@gmail.com

# બુલડોઝરથી કરવામાં આવતા નિવાસસ્થાનોના ખાત્માને કારણે માતૃભૂમિમાં પણ દુશ્મનાવટભર્યું વાતાવરણ ઊભું થાય છે

**'ઝૂંપડપટ્ટીની નાબૂદી'થી લઈને બહુસંખ્યક મુસ્લિમોના સમર્થિત નિકાલ સુધીની, ઈરાદાપૂર્વક કરવામાં આવતી નિવાસસ્થાનોની નાબૂદી, એક ભયાનક અને વિનાશક વારસાને જન્મ આપે છે**





**ભા**રતીય શહેરી વિકાસ અને પુનઃવિકાસના આયોજન માટે થઈને શહેરી આધારરૂપ વ્યવસ્થાની ઉત્પાતને લાંબા સમયથી સામાન્યકૃત બનાવી દેવામાં આવી છે. હમણાં સુધી જેને નિકાલ, વિસ્થાપન અને ઝૂંપડપટ્ટીને હટાવવા તેમજ પોતાની અંગત સંપત્તિમાંથી સામાન્ય નાગરિકોએ બનાવેલા ઘરોને તોડી નાખીને નાશ કરવાનો સમાવેશ થાય છે. ભારતના મેટ્રોપોલિટન શહેરોને, સિંગાપોર અથવા ન્યુ યોર્ક જેવા બનાવી દેવાના દાવાને નામે, રાજ્ય દ્વારા લોકોને તેમના ઘરોમાંથી કાઢી મૂકવામાં આવે છે. રાષ્ટ્રનિર્માણ માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટના નામે આ વ્યૂહરચના નાના શહેરો અને ગ્રામીણ અને જંગલોના અંતરિયાળ વિસ્તારોમાં પણ ફેલાઈ ગઈ છે. એવું માનવામાં આવે છે કે, ૨૦મી સદીના ઉત્તરાર્ધમાં લોકશાહી તરફના માનવ અધિકાર આધારિત વૈશ્વિક વ્યવસ્થાને પગલે નિર્દયતાના છૂપા જાહેર પ્રદર્શનો અસ્વીકાર્ય બની ગયા હતા. સત્ય એ છે કે નિકાલ અને અપમાનને માત્ર નવઉદાર ન્યાયિક-રાજકીય માળખામાં ફિટ કરવા માટે સ્વીકાર કરવામાં આવ્યો હતો.

ભારતના અત્યાધુનિક ન્યાયશાસ્ત્ર મુજબ, 'ઝૂંપડપટ્ટીની મંજૂરી'માં દેખીતી રીતે જીવનનો અધિકાર, આજીવિકા અને પર્યાપ્ત આવાસ જેવા તમામ મહત્વપૂર્ણ અધિકારોને જરૂરી મંજૂરી છે. પરંતુ સરકાર જાણીજોઈને લોકો પાસે રહેલી જમીન છીનવી લેવા માટેના પગલાંને પ્રદાન કરે છે. વિદેશી આક્રમણકારો અને વસાહતીઓ પહેલાં જે રીતે જમીનો હડપ કરતા એ જ રીતે સ્થાનિક અને સ્વદેશી સાર્વભૌમ અને નેતાઓ આ રીતને ઉપયોગમાં લઇ રહ્યાં છે. વસાહતીરાજ પછીના ભારતમાં રાષ્ટ્રવાદી અને લોકશાહી રીતે ચૂંટાયેલા રાજકીય નેતાઓએ લાંબા સમયથી બિનસાંપ્રદાયિક, વૈજ્ઞાનિક અને પ્રગતિશીલ ભાષાનો ઉપયોગ રાજ્યની બર્બરતાને છુપાવવા માટે કર્યો હતો અને હિંસક રીતે તેના પોતાના જ નાગરિકોના રહેઠાણોનો નાશ કર્યો હતો. રાજ્ય દ્વારા ઈરાદાપૂર્વક કરવામાં આવતા લોકોના શહેરી રહેઠાણોના વિસ્તારોને નષ્ટ કરવાના આ વિનાશને શહેરી હત્યા તરીકે ઓળખવામાં આવે છે. ભારતમાં કરવામાં આવતો આ શિક્ષાત્મક વિધ્વંસ વધારે પડતો મુસ્લિમોને નિશાન બનાવે છે. આવી તોડફોડ એ નિકાલ, વિસ્થાપન અને ભૌતિક વિસર્જન કરતાં અત્યંત ક્રૂરતા, દ્વેષપૂર્ણ હિંસા અને માનવ ગૌરવ અને સાંસ્કૃતિક વારસાની સ્પષ્ટ અવગણના છે.

**સમુદાયને ભૂંસી નાખવા માટે ચલાવવામાં આવતી આ પ્રથા**

એક અત્યંત અસંસ્કારી પ્રથા છે. કાયદેસર ન હોવા છતાં આ પ્રથાને રાજ્ય તંત્ર સમર્થન મળે છે અને ન્યાયિક અને રાજકીય વક્રપટુતા (એવું વચન જેને પાળવાનું નથી)ના સંયોજન દ્વારા તેને વાજબી ઠેરવવામાં આવે છે. ૨૦૧૯માં જે અન્યાયી નાગરિકતા સુધારો અધિનિયમ પસાર કરવામાં આવ્યો તે પછી જ મુસ્લિમોને નિશાન બનાવીને શિક્ષાત્મક વિધ્વંસ કરવામાં આવી રહ્યો છે. નાગરિકતા સુધારો અધિનિયમનો આ કાયદો, મુસલમાન સિવાયના, પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશના નાગરિકો કે જેઓ ૩૧ ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ અથવા તે પહેલાં ભારતમાં પ્રવેશ્યા હતા તેમને ભારતીય નાગરિકત્વનો ઝડપી માર્ગ પ્રદાન કરે છે. નાગરિકતા સુધારા કાયદા સામે વિરોધ કરવાના અધિકારનો ઉપયોગ કરીને વિરોધ દર્શાવી રહેલા મુસલમાનો વિરુદ્ધ બદલાની ભાવનાથી ૨૦૧૯-૨૦ની શિયાળા ઋતુમાં, હિંદુત્વ સમર્થકોએ ઉત્તર પ્રદેશ અને દિલ્હી પોલીસની રક્ષણાત્મક અને રહેમનજર હેઠળ, મુસ્લિમોના ઘરો મિલકતો અને શૈક્ષણિક સંસ્થાઓમાં બેફામ હિંસા ફેલાવી હતી. તે પછી રાજકીય પ્રેરણા લઈને સંપૂર્ણપણે મનસ્વી થઈને મુસ્લિમોની મિલકતો તોડી પાડવાના કિસ્સાઓ વધી જવા પામ્યા છે. આ તોડફોડ કાયદાનું ઉલ્લંઘન કરે છે તેવી અસંખ્ય અરજીઓ, ઉચ્ચ અદાલતોમાં અને ભારતની સર્વોચ્ચ અદાલતમાં કરી હોવા છતાં તેમના દ્વારા પણ ન્યાયિક ઈનકાર કરવામાં આવ્યો છે. ઘરો તોડી પાડતા પહેલા અનુસરવા માટેના માર્ગદર્શિકાના સમૂહની દરખાસ્ત કરતા બુધવારે કોર્ટનો નિર્ણય પણ ભારતમાં ગરીબોના આવાસના અધિકારની સતત તીવ્રતાની અચોક્કસતાના પરિચિત માર્ગને અનુસરે છે. અદાલતના અધિકારીઓને યોગ્ય પ્રક્રિયાને અનુસરવા માટેના નિર્દેશોએ આ વલણને રોકવા માટે કંઈ કર્યું નથી. મોટે ભાગે માનનીય અદાલતો યોગ્ય પ્રક્રિયાના રૂપરેખાને કેવી રીતે વ્યાખ્યાયિત કરે છે તે મહત્વનું નથી, અંતિમ પરિણામ ન્યાયિક રીતે અધિકૃત નિકાલ છે. બહુમતીવાદીને ખુશ કરીને તેમની વ્યવસ્થા પકડી રાખવા અને મુસ્લિમોને પાઠ શીખવવાના સ્પષ્ટ ઉદ્દેશ્ય સાથે હાથ ધરવામાં આવેલ, મુસ્લિમ ઘરો અને પૂજા સ્થાનોનો નાશ સેલફોન કેમેરામાં રેકોર્ડ કરવામાં આવે છે અને રાષ્ટ્રના 'પવિત્ર' ભૂગોળને શુદ્ધ કરવામાં આવી રહ્યું છે તેવા પુરાવા તરીકે વાયરલ થાય છે. સ્વ-ઘોષિત 'રાષ્ટ્રવાદીઓ' આ ધ્વંસને 'રાષ્ટ્રવિરોધીઓના નિકંદન કાઢીને તેમને મિટાવી દેવાના દિવસ' તરીકે ઉજવે છે. દરેક દાખલાનો અર્થ ૧૯૯૨માં અયોધ્યામાં બાબરી મસ્જિદ શહીદીની રીપ્લે તરીકેનો છે, જ્યાં ન્યાયતંત્રે જમીન વિવાદના લાંબા અને ત્રાસદાયક રાજકીય રૂપાંતરણમાં નિર્ણાયક ભૂમિકા ભજવી હતી. ભારતને તેના '૧૦૦૦ વર્ષના વિદેશી શાસનના એક યા બીજા સ્વરૂપે' ડિકોલોનાઈઝ કરવાના હિંદુ રાષ્ટ્રવાદી દાવા છતાં, વસવાટ અને શહેરી હત્યા એ લોકો સામે આક્રમણ, વસાહતીકરણ અને યુદ્ધની નિશ્ચિતપણે ઐતિહાસિક નીતિ છે. દક્ષિણ એશિયામાં, મિલકતો તોડી પાડવી અને જમીન હડપ કરી લેવી એ બ્રિટિશ-ભારતીય વસાહતી રાજ્યની નીતિઓ હતી. આ નીતિને કારણે તેણે ભારતના રાજવી અને સામાન્ય લોકો પર પોતાનું વર્ચસ્વ જમાવ્યું હતું. બીજા વિશ્વયુદ્ધના અંત તરફ વિશ્વના અન્ય ભાગો જેમ કે જર્મનીમાં ડ્રેસ્ડન, જાપાનમાં હિરોશિમા અને નાગાસાકી પર બોમ્બ ધડાકા અને વિયેતનામ, બોસ્નિયા, ચેચન્યા, લેબેનોન, અફઘાનિસ્તાન, લેબેનોન અને ઈરાકમાં શહેરો અને ઘરોનો વિનાશ જેવી ક્રિયાઓ હતી. આ નીતિ હકીકતમાં, તેમણે નાગરિક વસ્તીને અને શહેરી માળખાને મહત્તમ નુકસાન પહોંચાડવા માટે તકનિક નિષ્ણાતો અને રાજદ્વારીઓની મદદથી ઈરાદાપૂર્વક વિકસાવી હતી. ડોમિસાઈડ (ઘર તોડીને કરવામાં આવતી હકાલપટી) અને અર્બિસાઈડ (શહેરને તોડી પડવું) પણ પ્રચારના એવા ઉપકરણો છે જેમાં ઘરવિહોણાં લોકો અને વતન વગરના થઇ ગયેલાના લોકોની સાથે અમાનવીય અને માનવતાથી સંપૂર્ણ વંચિત વ્યવહાર કરવામાં આવે છે. ઈઝરાયેલે પેલેસ્ટીનીના ઘરો અને જમીનોને કાટમાળમાં ફેરવીને ડોમિસાઈડ (ઘર તોડીને કરવામાં આવતી હકાલપટી) અને અર્બિસાઈડ (શહેરને તોડી પડવું) આ લાંબા ઈતિહાસને બુલડોઝરની તૈનાતગી સાથે વિનાશની ટેકનોલોજીના ઉત્ક્રાંતિમાં એક નવા સીમાચિહ્ન સુધી પહોંચાડ્યો છે.

ભારતના લોકો ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન આદિત્યનાથને બુલડોઝર બાબા તરીકે અને મધ્ય પ્રદેશના મુખ્ય પ્રધાન શિવનાથસિંહ ચૌહાણને બુલડોઝર મામા તરીકે ઓળખવાનું શરૂ કર્યું, તેના ઘણા લાંબા સમય પહેલાં, યહૂદી વસાહતોને વિસ્તૃત કરવાની તેમની નીતિને કારણે ઈઝરાયેલના એરિયલ શેરોન 'બુલડોઝર' તરીકે જાણીતા બન્યા હતા.

ઈઝરાયેલે બુલડોઝરમાં તકનીકી સુધારો કરીને 'D9R કેટરપિલર બુલડોઝર' બનાવ્યું. આ બુલડોઝર બખ્તરને તેણે યુદ્ધ સમયે પેલેસ્ટીની લોકો સામે ઉપયોગ કર્યો છે.

**ઈઝરાયેલી સંરક્ષણ દળોએ પેલેસ્ટિનિયન પ્રદેશોમાં યુદ્ધ સમયના**

ડોમિસાઈડ (ઘર તોડીને કરવામાં આવતી હકાલપટી) અને અર્બિસાઈડ (શહેરને તોડી પડવું) હત્યા બંને માટે આ સુધારેલા બુલડોઝરનો ઉપયોગ કર્યો છે. શું તે માત્ર સંયોગ હોઈ શકે કે ભારતના હિંદુત્વના સર્વોપરીઓએ મુસ્લિમો અને લઘુમતીઓને આ પવિત્ર પૃથ્વી પર ઉધઈ અથવા કેન્સર તરીકે વર્ણવીને તેમના માટે મૃત્યુ સમાન રાજનીતિ અપનાવી છે? રાષ્ટ્રીય સરકારો કે જેમને માટે પોતાના નાગરિકો તેમજ બીજા-વર્ગના નાગરિકો પર બોમ્બ મારવાનું મુશ્કેલ લાગે છે તેમને માટે બુલડોઝર એ એક અનુકૂળ અને નવીનતમ તકનિક છે.

વિધાનસભાઓ અને ઉચ્ચ અધિકારીઓ જેને કાયદેસર ગણે અને અદાલતો જેને સુવિધા આપે છે તે બુલડોઝરનો ઉપયોગ કરીને માનવ મિલકતો અને રહેઠાણોનો નાશ કરવો એ રાજ્યનું તેના જ લોકો સામે એક પ્રકારનું યુદ્ધ જ છે. ઉત્તર પ્રદેશના અલ્હાબાદમાં, જૂન ૨૦૨૨માં એક મુસ્લિમ કાર્યકર જે શાંતિપૂર્ણ વિરોધનું આયોજન કરી રહ્યો હતો તેના પરિવારના ઘરને તોડી પાડવામાં આવ્યું હતું. આ ઘટનાને ન્યૂઝ ચેનલો પર પ્રચંડ ટિપ્પણી સાથે જીવંત પ્રસારણ કરવામાં આવી હતી.

ડિમોલિશનના સમયગાળા દરમિયાન, શહેરમાં કાર્યકર્તાના પરિવારના તમામ સભ્યોની પોલીસે અટકાયત કરી લેવામાં આવી હતી. ઘરની આજુબાજુમાં કોઈ વકીલ કે કાર્યકરોને મંજૂરી આપવામાં આવી ન હતી. અન્ય એક ઉદાહરણમાં, મધ્યપ્રદેશમાં જુલાઈ ૨૦૨૩માં, હિન્દુ ધાર્મિક સરઘસ પર થૂંકવાના આરોપમાં બે સગીરોના ઘરો તોડી પાડવામાં આવ્યા હતા. આ બંને કિસ્સાઓમાં, બુલડોઝર થકી હિંસાનો ભોગ બનેલાઓએ માત્ર તેમના ઘરો જ ગુમાવ્યા ન હતા પરંતુ મહિનાઓ સુધી જેલમાં રહેવું પડ્યું હતું. દિલ્હીમાં, જ્યાં પોલીસ અને દિલ્હી ડેવલપમેન્ટ ઓથોરિટી બંને કેન્દ્ર સરકાર હેઠળ કાર્ય કરે છે ત્યાં ડઝનેક ઐતિહાસિક અને નવી મસ્જિદોને યોગ્ય પ્રક્રિયા વિના નજીવી ફરિયાદોના આધારે તોડી પાડવામાં આવી છે. મુસ્લિમોની માલિકીની મિલકતોને ખાસ કરીને મિશ્ર રહેણાંક વિસ્તારોમાં નિશાન બનાવવામાં આવી હતી.

આ વર્ષની શરૂઆતમાં એક અહેવાલમાં, એમ્નેસ્ટી ઈન્ટરનેશનલે એ પણ પુરાવો આપ્યો હતો કે ગુજરાત અને મધ્ય પ્રદેશમાં મુસ્લિમ બહુમતી ધરાવતા વિસ્તારોમાં, મિલકતો તોડી પાડવાનું કામ કરવામાં આવ્યું હતું. કેન્દ્ર અને રાજ્યોમાં ભાજપ સરકારો માટે, શક્તિવિહીન લોકોના નિકાલ માટેનું આ રાષ્ટ્રવાદી મોડલ 'વિશ્વ-કક્ષાના શહેરોના નિર્માણ' માટે બિનસાંપ્રદાયિક, શહેરી, ઝૂંપડપટ્ટી ક્લિયરન્સ મોડલ કરતાં ચોક્કસપણે વધુ ઉપયોગી છે. આ શહેરો રાષ્ટ્રવાદી જગ્યાઓ પણ હતા અને રાષ્ટ્રીય આર્થિક વિકાસ માટેના એન્જિન તરીકે સ્થાન પર ગૌરવને આમંત્રિત કરવા માનવામાં આવે છે. લઘુમતીઓને નિશાન બનાવવા માટે મુક્તિના વ્યાપક પ્રસાર સાથે, બુલડોઝરની છબી લોકપ્રિય સંસ્કૃતિનો એક ભાગ બની ગઈ છે. સમાજના બહુમતીવાદી અને સર્વોચ્ચતાવાદી વર્ગોમાં સ્વીકૃતિ પ્રાપ્ત કર્યા પછી, ડોમિસાઈડ (ઘર તોડીને કરવામાં આવતી હકાલપટી) હવે કપટી રીતે સામાન્ય થઈ ગઈ છે અને તેનો પ્રતિકાર કરવો અત્યંત મુશ્કેલ છે. અયોધ્યામાં નવા રામ મંદિરના ઉદ્‌ઘાટનના સમયગાળા દરમિયાન મધ્યમ વર્ગ અને પ્રમાણમાં સમૃદ્ધ રહેવાસીઓના દુકાનો અને ઘરો તોડી પાડવામાં આવ્યા હતા જેને કારણે શહેરની ભાગદોડમાં પરિવર્તન આવ્યું હતું. ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, આસામ, ઉત્તરાખંડ, હરિયાણા, મહારાષ્ટ્ર અને રાજસ્થાનમાં ભાજપ સરકારો દ્વારા સંચાલિત વિસ્તારોમાં મ્યુનિસિપલ વહીવટીતંત્ર અને પોલીસ, પીડિતોને શું સજા કરવામાં આવી રહી છે તે અંગે જાહેરમાં ચર્ચા કરવામાં શરમાતા નથી. જ્યારે બુલડોઝર મુખ્ય પ્રધાન તરીકે બિરદાવવામાં આવેલા સરકારના સુકાનમાંથી મુક્તિ મેળવવામાં આવે છે, જેઓ વિનાશ માટે તેમના આકર્ષણ માટે લોકપ્રિય છે. વસાહતી સંસ્થાનવાદી અને નિયો-સામ્રાજ્યવાદી રાજ્યોની વ્યૂહરચના દ્વારા પ્રદાન કરવામાં આવેલી પ્રેરણા તેમને બુલડોઝિંગને કાયદાના શાસન અને સભ્યતાનો પાઠ વિશે વાત કરવાની મંજૂરી આપે છે. ડોમિસાઈડ (ઘર તોડીને કરવામાં આવતી હકાલપટી) અને અર્બિસાઈડ (શહેરને તોડી પડવું)ને ઘણીવાર નરસંહાર અને મનુષ્યવધ કરતાં ઓછી ભયાનક ગણવામાં આવે છે. પરંતુ જો અસરગ્રસ્ત લોકોના પત્રકારત્વ, સાહિત્યિક અથવા સમાજશાસ્ત્રીય અહેવાલો પર ધ્યાન આપવામાં આવે, તો તે સ્પષ્ટ છે કે તેમાંના ઘણાને લાગે છે કે તેમના ઘરોના વિનાશથી બચવા કરતાં મરી જવું વધુ સારું છે. જેનું દુઃખ અને અપમાન અમાનવીય છે. ડોમિસાઈડ (ઘર તોડીને કરવામાં આવતી હકાલપટી)ને, ભલેને ગુનાની સજા તરીકે ગણવામાં આવે પણ તે ગુનો કરનાર વ્યક્તિ સાથેના ઘરના સહ-નિવાસીઓને પણ દંડિત કરીને તમામ લોકોને સામૂહિક સજા આપે છે. વર્ચસ્વ અને નિયંત્રણ માટે ઐતિહાસિક વસાહતી વ્યૂહરચના તરીકે ઘરોનો વિનાશ અને વાસ્તવિક સાંસ્કૃતિક વારસાને તોડી પાડવો એ શક્તિશાળીની તિરસ્કાર દર્શાવે છે. વસાહતી ડોમિસાઈડ (ઘર તોડીને કરવામાં આવતી હકાલપટી) અને અર્બિસાઈડ (શહેરને તોડી પડવું)માં મૂળ રહેવાસીઓ અથવા લઘુમતીઓને સંસ્કારી ન હોવાનું જણાવી તેમની નિંદા કરવી, તેમના રહેઠાણ-ઘર, પૂજા સ્થાનો, સ્મશાનભૂમિનો નાશ કરવો, તેમને તેમના સ્થાપત્ય વારસાથી વંચિત કરે છે. ડિકોલોનાઈઝેશન માટેના ઉચ્ચ આહ્‌વાન હોવા છતાં, પોસ્ટ-કોલોનિયલ રાજ્યો તેમજ નિયો-વસાહતીકારો તેમના વસાહતી પુરોગામીઓની શિક્ષાત્મક તર્કસંગતતાને જાળવી રાખે છે. ડોમિસાઈડ (ઘર તોડીને કરવામાં આવતી હકાલપટી)ની હિંસા વ્યાપક અને ગહન છે. આ બધું વ્યવસ્થા, કાયદાનું શાસન, રાષ્ટ્ર નિર્માણની આડમાં કરવામાં આવે છે અને ભારતમાં ખાસ કરીને, ડિકોલોનાઈઝેશન પણ, પ્રભુત્વના સાધન તરીકે કેવી રીતે વિનાશક રીતે અસરકારક ધ્વંસ છે તેનું માપ છે. વસ્તીને ડરાવવાની અને તેમની અસંમતિને દબાવવાની ડોમિસાઈડ એક આસાન પદ્ધતિ છે. આ પદ્ધતિ ઘરોને તો નષ્ટ કરે જ છે સાથે સાથે માતૃભૂમિ પ્રદેશમાંમાં પણ શત્રુતાભર્યા વાતાવરણને ઊભું કરે છે. **- ગઝાલા જમીલ** **(સૌ. : સ્ક્રોલ.ઈન)**

# અમરુ બિન ઉમૈયા

## (રદીઅલ્લાહુ અનહુ) (૭મી સદી)

**અ**મરુ બિન ઉમૈયા બિન ખુવેલદ બિન અબ્દુલ્લાહ બિન અયાસ બિન અબ્દ બિન નાશરહ બિન કા'બ બિન જુદી બિન જમરહ બિન બકર બિન અબ્દે મનાત બિન કનાના, સહાબી હતા નબવી યુગમાં રાજકીય અને રાજદ્વારી સેવાઓ આપી હતી. એમને ઈસ્લામના સૌપ્રથમ એલચી (એમ્બેસેડર) ગણવામાં આવે છે. એમની જન્મતારીખ ખબર નથી, પરંતુ હિજરતથી ૨૫ વર્ષ પહેલા એમનો જન્મ થયો હોવાનું માનવામાં આવે છે, કેમ કે હિજરતના પ્રારંભમાં જે તેઓ એલચી તરીકેની સેવાઓ આપતા નજરે પડે છે, જે આગળ આવશે. એમનું અવસાન હઝરત મુઆવિયા (રદી.)ના ખિલાફત કાળમાં (અર્થાત હિસ ૬૦ની પહેલાના) કોઈ તારીખમાં થયું હોવાનું મનાય છે. ઈબ્ને હજરના મત અનુસાર એમની કુનીયત અબુ ઉમૈયા હતી.

હઝરત અમરુ (રદી.) કબીલા જમરહથી સંબંધ ધરાવતા હતા એ ઉપર આપણે જોયું. આ કબીલો બદર અને એની આસપાસના વિસ્તારમાં વસેલું હતું. ઈબ્ને હબીબના કથન અનુસાર એમના લગ્ન હુઝુર (સ.અ.વ.)ના ફુઈ સુખેલા બિંતે ઉબેદા બિન અલ હારિસ બિન અબ્દુલ મુત્તલીબથી થયા હતા, એટલા માટે એમના સંતાનોને બનુ અબ્દે શમ્સના

**પ્રભાવી વ્યક્તિત્વ**

- મુહમ્મદ સઈદ શેખ

ખલીફાઓમાં ગણવામાં આવે છે. એમના સસરા ઉબેદા (રદી.) પ્રારંભિક મુસલમાંનોમાંથી હતા જેઓ બદરના યુદ્ધમાં શહીદ થયા.

હઝરત અમરુ (રદી.) અબ્દે શમ્સ કુટુંબના સભ્ય હોવાના નાતે એમને બીજા દેશો કે પ્રદેશોમાં વેપારના કારવાં લાવવાની અને શાંતિ કરાર પ્રાપ્ત કરવાની જવાબદારી એમના શિરે હતી. ઈથિયોપિયાના રાજા નજ્જાશીએ એમને પોતાના દેશનો વેપાર પરવાનો આપ્યો હતો. અસસુહેલીનું કથન છે કે એક વર્ગવિગ્રહમાં કોઈ હબસી રાજકુમારને એના કાકાએ કેદ કરી વેચી દીધો હતો અને ઘણા સમય સુધી બદરમાં કબીલા જમરહના ગુલામની હેસિયતથી રહ્યો અને એણે અરબી શીખી લીધી. પછી સમય અને પરિસ્થિતિઓ બદલાઈ તો એ જ ગુલામ પોતાના દેશમાં પાછો ફરી રાજા નજ્જાશી તરીકે ઓળખાયો. મક્કાના આશ્રિતોને એણે જ આશ્રય આપ્યો હતો.

ઈબ્ને સા'દના વર્ણન મુજબ બદર અને ઉહદની લડાઈઓમાં અમરુ બિન ઉમૈયા (રદી.)ને મક્કાવાસીઓ સાથે જોવામાં આવ્યા, પરંતુ ઉહદથી મુશ્રીકો પાછા ફર્યા ત્યારે હિસ ૩માં એમણે ઈસ્લામ સ્વીકારી લીધો હતો.

હિસ ૪માં સિત્તેર મુબલ્લીગ (આમંત્રકો) બઅેરે મઉના મોકલવામાં આવ્યા હતા, જેમને આમીર બિન તુફેલે માર્ગમાં ગદ્દારીથી કતલ કરી દીધા હતા, એમાં હઝરત અમરુ (રદી.) પણ સામેલ હતા અને તેઓ એકમાત્ર વ્યક્તિ હતા જેઓ જીવતા બચી ગયા હતા. ઈબ્ને તુફેલે એમ કહીને એમને છોડી દીધા હતા કે 'મારી માએ એક ગુલામ આઝાદ કરવાની માનતા માની હતી.' તેઓ ચાલતા મદીના પાછા આવી રહ્યા હતા ત્યારે માર્ગમાં બનુ કલ્લાબના બે માણસો કે જેમને હુઝુર (સ.અ.વ.)એ આશ્રય આપી રાખ્યો હતો પરંતુ હ.અમરુને આ વાતની જાણ નહોતી -એમણે બદલાના જોશમાં એ બંનેને કતલ કરી દીધા. જયારે હુઝુર (સ.અ.વ.)ને આ વાતની જાણ થઈ તો આપે એ બંનેના કતલની રકમ આપી હતી.

આજ સમયમાં કેટલાક મુસલમાનોને ઈસ્લામના પ્રચાર પ્રસાર (તબ્લીગ)ના બહાને બોલાવી અર રજીઅ સ્થળે કતલ કરી દેવામાં આવ્યા. એમાંથી એક હઝરત ખુબેબ (રદી.) કે જેઓ ગિરફતાર કરી લેવામાં આવ્યા હતા, મક્કા લઈ જઈ વેચી દેવામાં આવ્યા, જ્યાં જશન મનાવી એમને ખુલ્લેઆમ જંગલિયતથી કતલ કરી દેવામાં આવ્યા અને એમની લાશને સૂળીએ લટકાવી દેવામાં આવી. બદરના યુદ્ધમાં અબુ સુફયાનનો પુત્ર અને સસરા માર્યા ગયા હતા, એણે આ જ સમયમાં એક બદ્દુ (ગ્રામવાસી)ને મદીના મોકલી ધોખાથી હુઝુર (સ.અ.વ.)ને શહીદ કરી દેવાનું ષડ્યંત્ર રચ્યું હતું, પરંતુ આપ (સ.અ.વ.) સાહેબને આ વાતની જાણ થઈ ગઈ હતી. આ સ્થિતિમાં હુઝુર (સ.અ.વ.) સાહેબે હઝરત અમરુ બિન ઉમૈયા અને હઝરત સલમા બિન સલામા (રદી.)ને મક્કા મોકલ્યા કે જેથી હ.ખુબેબ (રદી.)ની લાશને સુળીએથી ઉતારી દફન કરી દે અને અબુ સુફીયાનને કતલ કરી દે. ઈબ્ને સા'દના કથન મુજબ અબુ સુફિયાન તો બચી ગયો પરંતુ હઝરત ખુબેબ (રદી.)ની લાશને ત્યાંથી કાઢી લેવામાં સફળતા મળી હતી. હ. અમરુ (રદી.)એ ત્રણ સ્થાનિકોને કતલ કરી દીધા અને એક વ્યક્તિને જીવતો ગિરફતાર કરી મદીના લાવ્યાં અને હુઝુર (સ.અ.વ.)ને પોતાની કાર ગુઝારી સંભળાવી.

અલ યાકુબીએ લખ્યું છે કે અમરુ બિન ઉમૈયા (રદી.)ને પણ બનું ઝેલમાં પણ એલચી અને આમંત્રક તરીકે મોકલવામાં આવ્યા હતા પરંતુ એમાં એમને કોઈ સફળતા મળી નહોતી.

ઈબ્ને અલ જવ્ઝીના કથન અનુસાર હિસ ૫ અથવા બીજા ઈતિહાસકારોના મત મુજબ હિસ ૬માં મક્કામાં દુષ્કાળ પડ્યો હતો, અહીં સુધી કે જીવતા રહેવા માટે લોકો બલિ ચઢાવેલ પ્રાણીઓના લોહીને પણ રાંધવા માટે વિવશ થઈ ગયા હતા. આ સમયે મક્કાવાસીઓની હમદર્દી માટે હુઝુર (સ.અ.વ.)એ પાંચ સો દીનારની રકમ હઝરત અમરુ (રદી.)ના હાથે મોકલી કે જેથી મક્કાના ગરીબોમાં વહેંચી દેવામાં આવે. અબુ સુફિયાને આનાથી ખિન્ન થઈને કહ્યું હતું કે 'મુહમ્મદ (સ.અ.વ.) સાહેબ અમારા યુવાનોને પથભ્રષ્ટ કરવા માંગે છે.' આ જ બાબત સંદર્ભે બીજા કથન અનુસાર હુઝુર (સ.અ.વ.)એ મક્કાના ત્રણ મોટા સરદારો અબુ સુફિયાન, સુહેલ બિન અમરુ અને સફવાન બિન ઉમૈયા માટે સોનાની કેટલાક કિંમતી ભેટ સોગાદો મોકલી હતી, સુહેલ અને સફવાને તો સ્વીકારવાનો ઈન્કાર કરી દીધો પરંતુ અબુ સુફિયાને લઈને ગરીબોમાં વહેંચી દીધી હતી.

હિસ ૬ના અંતમાં વિશ્વના પ્રસિદ્ધ શાસકોને ઈસ્લામના આમંત્રણ આપતા પત્રો હુઝુર (સ.અ.વ.) સાહેબ દ્વારા લખવામાં આવ્યા હતા, નજ્જાશીના નામનો પત્ર હઝરત અમરુ બિન ઉમૈયા (રદી.)ના હસ્તે મોકલવમાં આવ્યો અને સાથે જ એમને આ કામ પણ સોંપવામાં આવ્યું હતું કે હ. ઉમ્મે હબીબા (રદી.) બિન અબી સુફિયાનનો ગાયબાના રીતે પયગંબર સાહેબ (સ.અ.વ.) સાથે નિકાહ કરાવી દે અને એ બધા જ મુસલમાનો ચાહે મક્કી હોય કે મુહાજિર હોય કે નવ મુસ્લિમ હબસી હોય, બધાને સાથે લઈને મદીના પાછા આવે. હઝરત અમરુ (રદી.)એ આ સેવા ખૂબ જ સરસ રીતે પાર પાડી હતી.

હિસ ૯માં તબુક યુદ્ધમાં દુમતલ જન્દલની લડાઈમાં હ. ખાલિદ બિન વલીદ (રદી.) સાથે હ. અમરુ બિન ઉમૈયા (રદી.) પણ હતા. અકીદરની ગીરફતારીની ખબર અને ગનીમતનો કેટલોક માલ હુઝુર (સ.અ.વ.) સાહેબ પાસે પહોંચાડવા માટે હ.ખાલિદ (રદી)એ હ.અમરુ (રદી)ને નિયુક્ત કર્યા હતા.

લગભગ હિસ ૧૦મા જયારે મુસેલમાં કઝ્ઝાબે જયારે નબુવ્વાતનો જુઠો દાવો કર્યો અને હુઝુર (સ.અ.વ.)ને એક પત્ર લખ્યો તો આનો જવાબ આપવા માટે હ. અમરુ બિન ઉમૈયાને જ નિયુક્ત કરવામાં આવ્યા હતા.

હ. અમરુ (રદી.)એ મદીનામાં ખર્રાતીન મોહલ્લામાં વસવાટ કર્યો અને ત્યાં જ મોટું આયુષ્ય ભોગવી અવસાન પામ્યા હતા.

તેઓ એક ખૂબ જ હોશિયાર માણસ હતા. કુરેશ એમને ખૂબ ચાલાક, બુદ્ધિમાન અને ચપળ સમજતા હતા અને એમનાથી ઘણા ડરતા હતા. એવું કહેવાય છે કે પ્રસિદ્ધ 'દાસ્તાને અમીર હમઝા (રદી.)'માં 'અમરુ ઐયાર'નું પાત્ર એમના જ ચરિત્ર પરથી પ્રેરાઈને રજૂ કરવામાં આવ્યું છે.

**Email. :-msaeed181@gmail.com**
**(મો. ૯૬૨૪૦૪૬૬૭૭)**

**(નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.)**

# બંગાળી મુસ્લિમ કામદારોને ઉપલા આસામના ભાગોમાંથી શા માટે સ્થળાંતર કરવાનું કહેવામાં આવી રહ્યું છે

આ વર્ષે ૨૫ ઓગસ્ટના રોજ ઝકરિયા આલમ આસામના ઉપલા ભાગમાં નમટિયાલી રેલવે સ્ટેશનથી ટ્રેન પકડીને ઘરે પરત ફર્યો હતો. ૩૬ વર્ષીય આ કારીગર તેના ૧૧ અન્ય બાંધકામ કામદારો સાથે હતો, જેમાંથી બધાએ નક્કી કર્યું કે હવે શિવસાગર જિલ્લામાં રહેવું સલામત નથી. અમુક કલાકો પહેલાં, "સ્વદેશી" આસામી હિતોનું પ્રતિનિધિત્વ કરવાનો દાવો કરતી સંખ્યાબંધ સંસ્થાઓએ અલ્ટીમેટમ આપ્યું હતું કે આ જિલ્લામાંથી બંગાળી મૂળના તમામ મુસ્લિમ કામદારોએ સાત દિવસની અંદર આ સ્થાન છોડી દેવું જોઈએ. તેઓએ કહ્યું કે, આ મિયા ખેડા આંદોલન છે. મિયાં એ ઉપલા આસામ જિલ્લામાં બંગાળી મૂળના મુસ્લિમો માટે આસામમાં વપરાતો અપમાનજનક શબ્દ છે, અને સામાન્ય રીતે આ ધમકીને મિયાઓને ભગાડવાની ચળવળ કહેવામાં આવે છે.

ઉપલા આસામના વહીવટી વિભાગમાં નવ જિલ્લાઓનો સમાવેશ થાય છે, તે હાલમાં આસામી રાજનીતિનું કેન્દ્ર છે અને અહીં અનેક વંશીય સમુદાયો રહે છે.

આલમ નમટિયાલીમાં છેલ્લા છ વર્ષોથી, રાજ મિસ્ત્રી અથવા ચણતરના કારીગર તરીકે અનેક બાંધકામ સાઈટ્સ પર કામ કરે છે, અને તે રોજના ૮-૧૨ કલાક કામ કરીને દરરોજ ૭૦૦ રૂપિયા કમાય છે. તે કહે છે કે, અમને અગાઉ ક્યારેય આવી ધમકીઓનો સામનો કરવો પડ્યો નથી. તે હવે મોરીગાંવ જિલ્લાના લહરીઘાટમાં તેના પરિવાર પાસે પાછો ફર્યો છે. તેમણે કહ્યું કે, અમારા એમ્પ્લોયરે અમને કહ્યું કે હવે વધુ જોખમ ન લેવું વધુ યોગ્ય છે અને જ્યારે પણ આ તંગ પરિસ્થિતિ ઓછી થાય ત્યારે અમે પછીથી પાછા આવી શકીએ. તેમણે કહ્યું કે જો તમને કંઈ પણ થશે તો અહીં કોઈ તમારી જવાબદારી લેશે નહીં.

આલમે જણાવ્યું હતું કે, હોજાઈ અને જાગીરોડ જેવા નીચલા આસામના નગરોમાંથી સેંકડો અન્ય બંગાળી મૂળના મુસ્લિમ કામદારો પણ શિવસાગરથી પાછા ફર્યા હતા. તેમણે કહ્યું કે, અમે બધા એક સાથે પાછા આવ્યા છીએ અને ડરને કારણે બધા પાછા ફર્યા છે. આ પ્રદેશમાં કામ કરતા પાંચ કોન્ટ્રાક્ટરોએ સ્કોલને જણાવ્યું હતું કે આ જિલ્લામાં તંગ વાતાવરણના કારણે ૧૦૦થી વધુ કામદારો શિવસાગર છોડી ગયા હતા.

એક ૪૦ વર્ષીય બંગાળી મૂળના મુસ્લિમ કાર્યકર, જે હજુ પણ શિવસાગરમાં છે અને તે આસામી મુસ્લિમો વસવાટ કરે તે વિસ્તારમાં રહે છે, તેણે કહ્યું કે તે એવા ૩૦-૪૦ જેટલા કામદારોને જાણે છે જેમણે આ જિલ્લો છોડી દીધો છે કારણ કે અમે ભયભીત છીએ. જો તેઓ આવીને અમને મારશે તો શું થશે? તેણે કહ્યું કે તે સાત વર્ષથી શિવસાગરમાં રહે છે, તેણે એક આસામી મુસ્લિમ મહિલા સાથે લગ્ન કર્યા છે અને જમીન ખરીદી છે. મારી નીચે ૧૨ કામદારો કામ કરે છે. મને ખાતરી નથી કે મારે તેમને પાછા મોકલવા જોઈએ કે નહીં.

કોન્ટ્રાક્ટર તૈજુલ ઈસ્લામ, જેમણે આલમને શિવસાગરમાં કામ મેળવવામાં મદદ કરી હતી, તેમણે જણાવ્યું હતું કે ભારતીય જનતા પાર્ટીના નેતાના આદેશ પર કથિત રીતે ચરાઈડિયો જિલ્લામાં સ્થળાંતર કામદારોના જૂથ પર હુમલાના સમાચારથી કામદારોની હિજરત શરૂ થઈ ગઈ હતી.

જ્યારે વિપક્ષી નેતાઓએ રાજ્યની વિધાનસભામાં નીચલા આસામના કામદારોને આપવામાં આવતી ધમકીઓનો મુદ્દો ઉઠાવ્યો હતો, ત્યારે મુખ્ય પ્રધાન સરમાએ તેઓને કોઈ ખાતરી આપી ન હતી. તેના બદલે, તેમણે પૂછ્યું હતું કેઃ નીચલા આસામમાંથી લોકોને ઉપલા આસામમાં શા માટે જવાની જરૂર પડે છે? તેનો અર્થ એ છે કે તમે સમગ્ર આસામ પર તમારો કબ્જો લેવાનો આગ્રહ કરો છો... તમે મિયા મુસ્લિમ લોકો સમગ્ર આસામ લેવાનો આગ્રહ રાખો છો.

તેમણે એમ પણ કહ્યું હતું કે, જો ઉચ્ચ આસામમાં રહેતા લોકો ઈચ્છે છે તો ત્યાં મિયા મુસ્લિમો જઈ શકે છે, પણ જો તમે ત્યાં રહેતા લોકોની ઈચ્છા વિરુદ્ધ અપર આસામમાં જશો તો તમારા માટે કોઈ સુરક્ષા રહેશે નહીં.

નાગાંવ જિલ્લાના ધિંગમાં એક આસામી કિશોરી પર સામૂહિક બળાત્કારની ઘટના પછી આ સ્થળાંતરિત ઈંટ ભઠ્ઠાના માલિકોને આ અંગે પૂછતા જોવા મળ્યા હતા, અને આમાંથી ઘણી વ્યક્તિઓ અહીં મજર તરીકે કામ કરે છે.



**જ્યારે વિપક્ષી નેતાઓએ રાજ્યની વિધાનસભામાં નીચલા આસામના કામદારોને આપવામાં આવતી ધમકીઓનો મુદ્દો ઉઠાવ્યો હતો, ત્યારે મુખ્યપ્રધાન સરમાએ તેઓને કોઈ ખાતરી આપી ન હતી. તેના બદલે, તેમણે પૂછ્યું હતું કેઃ નીચલા આસામમાંથી લોકોને ઉપલા આસામમાં શા માટે જવાની જરૂર પડે છે ?**

કામદારોને બહાર કાઢવાનું આહ્‌વાન શરૂ કરવામાં આવ્યું હતું કારણ કે આ ઘટનામાં ત્રણ બંગાળી મુસ્લિમ યુવકો આરોપી હતા. આ ઘટના પર ટિપ્પણી કરતા, મુખ્ય પ્રધાન હિમંતા બિસ્વા સરમાએ કહ્યું હતું કે, એક ચોક્કસ સમુદાય આસામમાં આદિવાસી માટે ખતરો બની ગયો છે. ઉપરના આસામમાં, આ ગુના વિરુદ્ધ લોકોના ગુસ્સાને ઝડપથી બંગાળી મૂળના મુસ્લિમો સાથે જોડી દેવામાં આવ્યો હતો. ઓલ તાઈ અહોમ સ્ટુડન્ટ્સ યુનિયન, વીર લચિત સેના જેવા કેટલાક જૂથોએ બંગાળ મૂળના મુસ્લિમોને ત્યાંથી જવાનું કહીને પ્રતિક્રિયા આપી હતી. ઓલ તાઈ અહોમ સ્ટુડન્ટ્સ યુનિયનના સભ્યોએ કથિત રીતે શિવસાગર અને તિનસુકિયા જિલ્લાઓમાં ઘરોની મુલાકાત લીધી હતી અને તેઓ એ શોધી રહ્યા હતા કે શું ત્યાં શંકાસ્પદ નાગરિકતા ધરાવતા મુસ્લિમો રહે છે.

આવી જ એક ઘટનાના વિડિયોમાં, આ સંસ્થાના સભ્યો મકાનમાલિકો અને અને તેઓએ માલિકોને મુસ્લિમોને રોજગાર ન આપવા કહ્યું હતું. ફેસબુક પર શેર કરાયેલા અન્ય વીડિયોમાં વિદ્યાર્થી સંઘના સભ્યો મુસ્લિમ કાર્યકરોને જિલ્લા છોડી દેવાની ધમકી આપતાં પણ દર્શાવવામાં આવ્યા છે. તેઓ એવી બૂમો પાડતા સાંભળી શકાય છે કેઃ "મિયા જાતી ગો બેક" (મિયા સમુદાય પાછા જાઓ).

આ આસામમાં બંગાળ-મુસ્લિમ સમુદાયને હાંસિયામાં ધકેલી દેવાના નવીનતમ પ્રયાસ તરીકે જોવામાં આવે છે. તેઓને ઘણીવાર "ઘૂસણખોરો" તરીકે દર્શાવવામાં આવે છે અને તેમના પર આરોપ મૂકવામાં આવે છે કે તેઓ સ્વદેશી લોકોના સંસાધનો, નોકરીઓ અને જમીન પર કબજો કરે છે અને આસામી સંસ્કૃતિ અને ઓળખ માટે જોખમ છે.

રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ માટે જવાબદાર, રાજ્યના ગૃહ વિભાગના એક વરિષ્ઠ અધિકારીએ સ્કોલને જણાવ્યું હતું કે સ્થળાંતર કામદારોની મોટા પાયે હિજરતના હાલમાં કોઈ અહેવાલ આવ્યા નથી. ગૃહ વિભાગના અધિકારીએ જણાવ્યું હતું કે, અમને આવી સામૂહિક હિજરત વિશે ખબર નથી કે કોઈ માહિતી નથી. તેમણે એ પણ સ્વીકાર્યું કે રાજ્ય પાસે આંતર-જિલ્લા સ્થળાંતરનો કોઈ ડેટા પણ નથી. તેઓ અમને જાણ કરીને સ્થળાંતર કરતા નથી. તેમણે કહ્યું હતું કે, આ લોકો અહીંથી જવાની ઘટનાઓ અને આવા કામદારોને હેરાન કરવા, અમુક લોકોને માર મારવાના અમુક બનાવો બન્યા હોઈ શકે છે પરંતુ આવી કોઈ મોટી ઘટનાઓ બની નથી.

**'આ લોકો અપર આસામમાં શા માટે જાય છે?'**

લોઅર આસામના સ્થળાંતર કામદારોએ સ્કોલને કહ્યું હતું કે મુખ્ય પ્રધાનના પ્રશ્નનો જવાબ એકદમ સરળ છે, તેઓ અપર આસામમાં પ્રવાસ કરે છે અને ત્યાં જાય છે કારણ કે તેમને ત્યાં નિયમિત કામ મળે છે. જો અમે અમારા ગૃહ જિલ્લામાં કામ કરીએ, તો અમે મહિનામાં ૨૦ દિવસ કામ કરી શકીએ છીએ. આલમે કહ્યું હતું કે, ઉચ્ચ આસામમાં, અમને ૩૦ દિવસ કામ મળી શકે છે કારણ કે ત્યાં બાંધકામ પ્રવૃત્તિઓ વધી રહી છે.

આલમ ૧૭ વર્ષનો હતો ત્યારથી રોજિંદા મજૂર તરીકે કામ કરી રહ્યો છે, તેણે કહ્યું કે તેની પાસે બીજા અન્ય કોઈ વિકલ્પો ન હતા. હું ભણ્યો નથી, મારી પાસે ખેતી કરવા માટે કોઈ જમીન નથી અને અમારું અસ્તિત્વ મારા આ કામ પર નિર્ભર છે. તેણે કહ્યું કે તે કામ શોધવા માટે રાજ્ય છોડવા ઈચ્છતો નથી, કારણ કે તે તેની પત્ની, બાળકો અને વૃદ્ધ માતાપિતાની નજીક રહેવા માંગે છે. આ રીતે, હું જ્યારે ઈચ્છું ત્યારે ઘરે પરત ફરી શકું છું. તે તેના કામમાં આવેલા આવા વિક્ષેપથી ચિંતિત હતો. તે કહે છે કે, હાલમાં હું નિષ્ક્રિય છું, મારી પાસે કોઈ કામ કે કોઈ આવક નથી. આલમે કહ્યું કે, હું ક્યારે ત્યાં પાછો આવી શકું તેની કોઈ ખાતરી નથી. મારા બે બાળકો ખાનગી શાળામાં અભ્યાસ કરે છે અને હું તેમની ફી કેવી રીતે ચૂકવીશ તેની પણ મને કોઈ ખાતરી નથી.

પત્રકારમાંથી ઉદ્યોગસાહસિક બનેલા મનોરમ ગોગોઈએ જણાવ્યું હતું કે ઉચ્ચ આસામમાં મોટાભાગના બાંધકામ મજૂરો બંગાળ મૂળના મુસ્લિમો હોય છે. ગુવાહાટીમાં રહેતા ગોગોઈએ સ્કોલને જણાવ્યું હતું કે, છેલ્લા બે-ત્રણ દાયકાઓથી, રસ્તાઓથી લઈને ઈમારતો સુધીના તમામ પ્રકારના બાંધકામમાં મોટાભાગે સ્થળાંતર કરનારા કારીગરો કામ કરે છે. જો આ કામદારોને ઉપલા આસામમાંથી પાછા મોકલવામાં આવશે, તો દરેક જાહેર અને ખાનગી બાંધકામ પ્રોજેક્ટ પર તેની ખરાબ અસરો પડશે અને તે આસામમાં આ સમુદાયો વચ્ચે વર્ષો જૂની સંવાદિતાને પણ ખલેલ પહોંચાડી શકે છે. ગોગોઈએ કહ્યું કે, રાજકારણીઓ દ્વારા તેમના નિહિત સ્વાર્થ માટે આ પ્રકારના વિભાજન માટેના નિવેદનો કરવામાં આવે છે.

શિવસાગર સ્થિત રોડ કોન્ટ્રાક્ટર સારંગા ગોગોઈએ પણ સ્વીકાર્યું કે અહીંથી ઘણા કામદારો પાછા ગયા છે પરંતુ તેઓની સંખ્યા વધુ નથી. તેમણે કહ્યું કે, સ્થળાંતર કામદારોની સંખ્યાનો ડેટા કોઈએ જાળવી રાખ્યો નથી. માત્ર બંધિત કોન્ટ્રાક્ટર પાસે આવા કામદારોની સંખ્યા વિશેની વિગતો હોઈ શકે છે.

વિપક્ષી નેતાઓએ મુખ્યપ્રધાન અને શાસક ભારતીય જનતા પાર્ટીની આવા કોમી નિવેદનો આપવા અને વિભાજનને વધુ તીવ્ર બનાવવા અને રાજ્ય પર "મિયા દ્વારા કબ્જો કરવા"ની કલ્પના કરવા બદલ ટીકા કરી હતી. રાજ્યના કોંગ્રેસના સંસદસભ્ય પ્રદ્યુત બોરદોલોઈએ જણાવ્યું હતું કે, મુખ્યપ્રધાન હિમંતા બિસ્વા સરમાની આગેવાની હેઠળની ભાજપની આસામ સરકાર આસામમાં સાંપ્રદાયિક અશાંતિ ઊભી કરવા માટે સતત પ્રયાસ કરી રહી છે અને મુખ્યપ્રધાન પોતે તેમાં મુખ્ય પ્રેરક છે, તેથી જ આસામના તમામ વિપક્ષી દળોએ માંગ કરી છે કે તેમને ખરેખર આસામના મુખ્યમંત્રી પદ પરથી તાત્કાલિક સસ્પેન્ડ કરવા જોઈએ.

**- રકીબુઝ ઝમાન**

**(સૌ. : સ્કોલ.ઈન)**

# બિહારના જંગલરાજમાં યૌન શોષણ પીડિતોની હાલત નરકથી પણ બદતર

૩ જુલાઈ ૧૯૯૯ના રોજ પટના મહિલા કોલેજમાં અભ્યાસ કરતી ૨૩ વર્ષની એક યુવતી અને તેના બોયફ્રેન્ડના મૃતદેહ શહેરના એક બંગલાની ગેરેજમાં કારમાંથી અર્ધ નગ્ન અવસ્થામાં મળી આવ્યા હતા. આ ભયાનક ઘટનાએ સમગ્ર બિહારને હચમચાવી નાખ્યું હતું. ફોરેન્સિક પરીક્ષણ અને પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં મહિલાના કપડા અને શરીર પરથી એવા પુરાવા મળી આવ્યા હતા. આવા વિવિધ પુરાવા અને તેની શારીરિક ઈજાઓ પરથી એવું ફલિત થતું હતું કે, તેની પર સામૂહિક બળાત્કાર કરીને બાદમાં તેની હત્યા કરવામાં આવી હતી.

આ ઘટનામાં પૂર્વ મુખ્યપ્રધાન રાબડીદેવીના ભાઈ સાધુ યાદવ અને અન્ય રાજકારણીઓના નામો ખુલ્યા હોવાથી પટના પોલીસે આ કેસને આત્મહત્યા તરીકે ખપાવી દેવાનો પ્રયાસ કર્યો હતો. બાદમાં, કેસ સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન (CBI)ને ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો, જેણે ચાર વર્ષની તપાસ બાદ પણ તેને આત્મહત્યા હોવાનું તારણ કાઢ્યું હતું.

તત્કાલીન ધારાસભ્ય (સાધુ યાદવ)એ તપાસના હેતુઓ માટે માંગવામાં આવેલા તેમના ડીએનએના નમૂના આપવાનો ઈન્કાર કર્યો હતો. તેમજ કેટલાંક સૂચક પ્રશ્નો પ્રત્યે અનુત્તરિત રહ્યા હતા.

ગુનાના ગુનેગારોને દોષિત ઠેરવ્યા વિના ખોટી રીતે આત્મહત્યાનો નિષ્કર્ષ કાઢવામાં આવ્યો હોવાનું વ્યાપકપણે માનીને ૨૦૦૬માં જ્યારે આ કેસની તપાસ પુનઃ ખોલવાની માંગણી કરવામાં આવી ત્યારે મૃતક યુવતીના ભાઈનું અપહરણ થયું હતું. જેના કારણે તપાસમાં પહેલેથી જ ઘેરાયેલી શંકાઓમાં વધુ ઉમેરો થયો હતો.

જ્યારે પીડિતાના ભાઈને તેના અપહરણ વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેણે કહ્યું, "મારું અપહરણ કોણે કર્યું અને શા માટે કર્યું તે વિશે મને જાણ નથી. હું માત્ર એટલું જ જાણું છું કે અપહરણકર્તાઓ દ્વારા મને બિહારના વૈશાલી બ્લોકમાં રાઘોપુર ડાયરામાં એક જગ્યાએ લઈ જવામાં આવ્યો હતો અને બાદમાં મુક્ત કરી દેવામાં આવ્યો હતો."

તેની બહેનના દુઃખદ મૃત્યુને યાદ કરતાં તેણે કહ્યું, "ગુનેગારોએ જે હેતુથી મારી બહેનનું જીવન બરબાદ કર્યું તે માત્ર વાસના હતી. પારુ, મુઝફ્ફરપુરમાં બનેલી બળાત્કાર-હત્યાની ઘટનાનો ભોગ બનેલી યુવતી સહિત ઘણી મહિલાઓ અને છોકરીઓ સતત કોઈનો ભોગ બની રહી છે. આવા અપરાધી કિસ્સાઓને સરકાર દ્વારા ઢાંકી દેવાના કારણે જ આપણા રાજ્યમાં આવી જઘન્ય જાતીય હિંસા થતી રહે છે."

પટનાના આ કેસ પીડિતાના ભૂતપૂર્વ પાડોશીનું કહેવું છે કે, જે ક્ષોભજનક સ્થિતિમાં તેનો મૃતદેહ હતો તે દયનીય છે. આ ભયાનક ઘટનાને ૨૫ વર્ષ થયા હોવા છતાં હજુ પણ માનસની સ્મૃતિમાંથી ઓસરી નથી. તે એક તેજસ્વી, મહત્વાકાંક્ષી યુવતી હતી, જેનું આખું ભવિષ્ય ક્રૂરતાથી છીનવી લેવામાં આવ્યું હતું. આ ઘટનાને પગલે પટનામાં થયેલાં વ્યાપક વિરોધ પ્રદર્શનમાં તેમણે પણ ભાગ લીધો હોવાને તેઓને સ્પષ્ટપણે છે.

આ કેસ સીબીઆઈને સોંપવામાં આવ્યો તે પહેલા બિહાર પોલીસના કેસના તપાસ અધિકારી તરીકે નિયુક્ત કરાયેલા રાજકુમાર કર્ણનો સંપર્ક કરવામાં આવ્યો ત્યારે તેમણે આ પત્રકારને જણાવ્યું હતું કે, "મને તમારા તરફથી ૧ ઓગસ્ટ ૨૦૨૩ના રોજ કોર્ટમાં રજૂ કરવામાં આવતા કેસમાં સીબીઆઈના અંતિમ અહેવાલ વિશે સાંભળવા મળી રહ્યું છે. અમને ક્યારેય અંતિમ રિપોર્ટ મળ્યો નથી."

**ઓગસ્ટ ૨૦૨૪નો મુઝફ્ફરપુરનો રેપ એન્ડ મર્ડર કેસ**

દલિત સમુદાયની એક છોકરીનું ૧૧ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ મુઝફ્ફરપુરના પારુમાં લાલુ છપરા ગામમાંથી તેના ઘરેથી અપહરણ કરવામાં આવ્યું હતું. બીજા દિવસે, તેનો મૃતદેહ છીછરા પાણીમાંથી મળી આવ્યો હતો. કેસની એફઆઈઆરમાં હત્યા અને સામૂહિક બળાત્કાર થયો હોવાનો આરોપ છે. પ્રારંભિક સમાચાર મુજબ, છોકરીને તેના પ્રાઈવેટ પાર્ટ પર અસંખ્ય વાર છરી અને પાવડા વડે ઈજા કરવામાં આવી હતી. આ ઘટના સામે આવ્યા બાદ સમગ્ર બિહારમાં વિરોધ પ્રદર્શન થયા હતા. બિહાર પોલીસે આ કેસમાં અત્યાર સુધીમાં સંજય રાય (યાદવ), પંકજ રામ, મિથિલેશ કુમાર, ચુન્નુ પાસવાન અને મુન્ના રામ નામના પાંચ આરોપીઓની ધરપકડ કરી છે.

સંજય સાથે જોડાયેલા લોકો તેમને વધુ નુકસાન કરશે તેવા ડરથી પીડિત પરિવાર બિહારના બીજા શહેરમાં રહેવા ભાગી ગયો છે. દરમિયાન, સંજયના એક પાડોશીએ આ અપરાધને 'યુવતી અને સંજય વચ્ચેના આંતર-જ્ઞાતિય સંબંધનું પરિણામ' ગણાવીને, છોકરીના પરિવાર દ્વારા ઓનર કિલિંગની ઘટના ગણાવી હતી. જોકે પોલીસ તપાસમાં આવી શક્યતાનો સંકેત મળ્યો નથી. ગામમાં પીડિતાના ઘરની નજીક આવેલું સંજયનું ઘર તોડી પાડવામાં આવ્યું છે. ગ્રામીણોનું કહેવું છે કે, ઘટનાના થોડા દિવસો પછી હજારો લોકો સાથે ગુસ્સામાં ગામમાં ધસી આવેલા બહુજન આર્મીના ગોલ્ડન દાસની આગેવાની હેઠળ ટોળાએ આ તેના ઘરને તોડી પાડ્યું હતું. આ કેસના પ્રારંભિક સમાચાર અહેવાલોમાં છોકરીની ઉંમર ૧૪ વર્ષની હોવાનું નોંધવામાં આવી હતી. જ્યારે આઉટલુકે ગામની તેની શાળાની મુલાકાત લીધી ત્યારે તેનું જન્મવર્ષ ૨૦૦૫ હોવાનું અને ધોરણ ૫માં ભણતી હોવાનું અને મૃત્યુ સમયે તેની ઉંમર ૧૯ વર્ષ હોવાનું ફલિત થયું હતું. છોકરીની માતા જે તેના પરિવારના ૧૫ સભ્યો સાથે છુપાયેલી છે તેણે કહ્યું છે કે, "ઘટનાના થોડા દિવસો પહેલા, સંજયે મારી પાસે આવીને કહ્યું હતું કે, તે મારી પુત્રી સાથે લગ્ન કરવા માંગે છે. પણ મારે મારી દીકરીના લગ્ન અમારા સમાજમાં કરવાના હોવાથી મેં ઈનકાર કર્યો હતો. ત્યારે તેણે મને ગંભીર પરિણામો ભોગવવાની ધમકી આપી હતી."

મૃતક યુવતીની ભાભીએ કહ્યું હતું કે, "સંજય સહિતના તમામ ગુનેગારોને ફાંસીની સજા સિવાય કોઈ ઓછી સજાની માંગણી નથી. અમારો પરિવાર ન્યાય માટે અંત સુધી લડશે. સાથે અમને એ પણ ડર છે કે જો અમે ગામમાં પાછા જઈશું તો આ લોકો અમારા આખા પરિવારને મારી નાખશે."



તેમનો એ પણ આરોપ છે કે, આ પહેલા પણ આરોપી પક્ષના લોકોએ તેમના પરિવારના છોકરીના મોટા ભાઈ અને તેની મોટી બહેનના પતિ એમ બે સભ્યોની હત્યા કરી હતી.

પટના સ્થિત મહિલા અધિકાર કાર્યકર્તા કંચન બાલા કહે છે, છેલ્લા કેટલાક સમયથી મુઝફ્ફરપુર મહિલાઓ સામેની કરુણ હિંસાની આવી ઘટનાઓના કેન્દ્ર તરીકે ઉભરી આવ્યું છે.

તેમણે કહ્યું, "મારી પાસે એવા પણ દાખલા છે કે, જ્યારે બિહારના કોઈ કેસને સીબીઆઈને ટ્રાન્સફર કરવામાં આવ્યો હોય ત્યારે પણ કેસમાં બળાત્કાર અને હત્યાના પુરાવા પ્રતિબિંબિત થતાં હોવાના પુરાવાની તપાસમાં અવગણના કરવામાં આવી હતી. ઘણી વખત કેસને અનુકૂળ રીતે આત્મહત્યા તરીકે ખપાવી દેવામાં આવે છે. ક્યારેક પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં પણ ફેરફાર કરવામાં આવે છે. આ કેસમાં યુવતીના સગાઓનું કહેવું છે કે તેના શરીર (ખાસ કરીને તેના પ્રાઈવેટ પાર્ટ) પર મળેલી ઈજાઓ દર્શાવે છે કે તેની પર નિર્દયતાથી બળાત્કાર કરવામાં આવ્યો હતો." જો કે મુઝફ્ફરપુરના એસ.એસ.પી. રાકેશ કુમારે દાવો કર્યો છે કે, ઈજાઓ માત્ર તેના હાથપગ અને ચહેરા પર જ દેખાતી હતી અને આ રીતે સામૂહિક બળાત્કારની શક્યતાને નકારી શકાય તેમ નથી.

હકીકત એ છે કે, ૧૯૯૯ના પટના બળાત્કાર-હત્યા કેસની તપાસમાં પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં પીડિતાના કપડા પર મળેલા નિશાનોને પાછળથી પરસેવાના નિશાન તરીકે ગણવામાં આવ્યા હતા, જે આવી તપાસમાં ખામી હોવાની શક્યતાની સાક્ષી આપે છે. પટનાના એક મહિલા કાર્યકર્તાએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે, બિહારમાં પોસ્ટમોર્ટમ ટેસ્ટની વિશ્વસનીયતા પર પણ ક્યારેક પ્રશ્નાર્થ રહે છે. તેણી એકવાર રાજ્યમાં એક મહિલા ડૉક્ટરને મળી હતી, જેમણે તેણીને કહ્યું હતું કે, જ્યારે કેસની સુનાવણી થાય ત્યારે કોર્ટમાં હાજરી ટાળવા માટે તે બળાત્કારના પુરાવા વિશે લખવાનું ટાળે છે.

હકીકત એ છે કે, આરોપીની ધરપકડ થઈ ગયા પછી પણ તેના જાતીય ગુનાઓ છુપાવવા માટે તમામ સ્તરે સિસ્ટમ ભૂમિકા ભજવે છે.

પટના સ્થિત સરકારી સંભાળ કેન્દ્રના અધિક્ષક વંદના ગુપ્તાની ધરપકડથી આ હકીકત સ્પષ્ટ થાય છે. વંદના ઉપર તેના તાબામાં આવેલા ગૌ ઘાટ રિમાન્ડ ગૃહની મહિલા કેદીઓએ બળાત્કાર કરાવવાનો આરોપ લગાવ્યો હતો. જે બાદ તેની ધરપકડ કરીને જેલમાં ધકેલી દેવામાં આવી હતી. તેને જામીન મળ્યા બાદ, ITPA (અનૈતિક ટ્રાફિક (નિવારણ) અધિનિયમ), ૧૯૫૬ને અનુલક્ષીને પટનાની બહારની અન્ય સંભાળ સંસ્થામાં તેની બદલી કરી દેવામાં આવી હતી. જેની પુષ્ટિ પીડિતોનાં વકીલ મીનુ કુમારી દ્વારા કરવામાં આવી હતી.

**૨૦૨૨નો ગૌ ઘાટ ઘાટ રિમાન્ડ ગૃહ કેસ**

જાન્યુઆરી ૨૦૨૨માં, ગૌ ઘાટ રિમાન્ડ હોમની એક કેદી ભાગી છુટી હતી. બાદમાં તેણે બિહારમાં મહિલા વિકાસ મંચના કાર્યકરોની મદદથી રિમાન્ડ હોમના અધિક્ષક સામે ફરિયાદ નોંધાવવાનો પ્રયાસ કર્યો હતો. પટના પોલીસે પહેલા એફ.આઈ.આર. દાખલ કરવાનો ઈન્કાર કરી દીધો હતો. આ પછી, ગૃહના અન્ય મહિલા કેદીએ પણ ગૃહના સુપરિન્ટેન્ડેન્ટ પર ગંભીર આરોપો લગાવ્યા હતાં. કેદીઓની ફરિયાદો મહિલા પોલીસ સ્ટેશનમાં એક મહિના પછી ૩ ફેબ્રુઆરીના રોજ નોંધવામાં આવી હતી. પટનામાં પ્રેસ કોન્ફરન્સ યોજાઇ ત્યારે આ કેસ પ્રકાશમાં લાવ્યો હતો. જ્યારે પટના હાઈકોર્ટે આ કેસની સુઓમોટો સંજ્ઞાન લીધું હતું.

એએસપી (સચિવાલય) કામ્યા મિશ્રાની આગેવાની હેઠળ નવ સભ્યોની વિશેષ તપાસ ટીમની રચના ગૌ ઘાટ રિમાન્ડ હોમના સત્તાવાળાઓ સામેના આરોપોની તપાસ માટે કરવામાં આવી હતી. પીડિતાઓના વકીલ મીનુકુમારીના જણાવ્યા મુજબ, "હાઈકોર્ટે એક નિવેદનમાં તપાસને ખોટી ગણાવી છે. અમે આ કેસમાં સીબીઆઈ તપાસ માટે અરજી કરી છે." તબીબી પરીક્ષણોમાં, ગૃહની ઘણી કેદીઓ નશાની હાલતમાં મળી આવી હતી. તેમના શરીર પરના ઈજાના નિશાન મળી આવ્યા હતા. એક પીડિતાએ વીડિયો નિવેદનમાં જણાવ્યું હતુ કે, ગૃહની મહિલા કેદીઓનું ત્યાંના કર્મચારીઓ અને બહારના લોકો દ્વારા ઘણીવાર જાતીય શોષણ કરવામાં આવતું હતું. આ કેસમાં મુખ્ય ગુનેગાર તરીકે એક ગુપ્તાનું નામ આપવામાં આવ્યું હતું. તેની સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૫૪ A (જાતીય સતામણી) અને ૪૫૦ (ઘરમાં અનધિકૃત પ્રવેશ) હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો હતો.

**અરરિયા અને ગયામાં થયેલા બળાત્કારો**

બળાત્કારના બે કિસ્સાઓ વચ્ચે વિરોધાભાસ જોઈ શકાય છે. અરરિયા જિલ્લા એક બળાત્કારની પીડિતા જ્યારે પોતાની ઉપર થયેલા અત્યાચાર સામે ન્યાય મેળવવા માટે લડવાનો નિર્ધાર કર્યો ત્યારે સત્તાવાળાઓએ તેને ન્યાય અપાવવા માટે પગલાં લેવાને બદલે તેને સજા કરાવવાની હદ સુધી લઈ ગયા હતા. ગયા જિલ્લાના એક દૂરના અંતરિયાળ ગામમાં જ્યાં એક બળાત્કાર પીડિતાના પરિવારને ડરાવી ધમકાવીને ભયંકર સમાધાન કરવા માટે દબાણ કરવામાં આવ્યું અને ડરને કારણે તે પરિવાર હંમેશ માટે તેમના ઘરેથી ભાગી ગયો. ૨૦ વર્ષની યુવતીએ અરરિયા મહિલા પોલીસ સ્ટેશન ખાતે તેની ઉપર ૬ જુલાઈના રોજ સામૂહિક બળાત્કાર થયો હોવાની એફઆઈઆર નોંધાવી હતી. જે બાદ કોર્ટે મેજિસ્ટ્રેટ સમક્ષ તેનું નિવેદન નોંધવા માટે કહ્યું હતું. આ તરફ પોલીસે કોર્ટને જણાવ્યું હતું કે, તે જન જાગરણ શક્તિ સંગઠન નામની એક NGOની બે સામાજિક કાર્યકરો સાથે નિવેદન નોંધાવવા આવી હતી. એવો પણ આક્ષેપ કરવામાં આવ્યો હતો કે, તેણીએ પોતાનો અવાજ ઉઠાવ્યો હતો અને નિવેદન જ્યાં સુધી તેને વાંચવા દેવામાં ન આવે ત્યાં સુધી તેના પર સહી કરવાનો ઈનકાર કર્યો હતો. બાદમાં ત્રણેય મહિલાઓ વિરુદ્ધ એફઆઈઆર નોંધવામાં આવી હતી જેમાં ઉલ્લેખ કર્યો હતો કે, આરોપીએ પ્રિસાઈડિંગ ઓફિસરનું અપમાન કર્યું હતું અને તેમની સાથે ગેરવર્તન કર્યુ હતું. જે બાદ જુલાઈ ૨૦૨૦માં અરરિયાની સ્થાનિક કોર્ટે એ બળાત્કાર પીડિતાને કોર્ટની અવમાનના કરવા બદલ તેમજ સરકારી કર્મચારીઓને તેમની ફરજમાં અવરોધ ઊભો કરવા બદલ જેલમાં મોકલી દીધી હતી. જોકે ત્રણેય મહિલાઓને બાદમાં જામીન પર મુક્ત કરવામાં આવી હતી અને બળાત્કાર પીડિતા સામેનો કેસ રદ કરવામાં આવ્યો હતો. આ કેસમાં ફેબ્રુઆરી ૨૦૨૪ના સુપ્રીમ કોર્ટના આદેશમાં જણાવ્યું હતું કેઃ "પટના હાઈકોર્ટે કલમ હેઠળ અપીલકર્તા દ્વારા લાવવામાં આવેલી અરજીમાં ૨૧.૦૪.૨૦૨૨ના રોજ પસાર કરાયેલા અસ્પષ્ટ આદેશમાં સંજ્ઞાન લેતા મુખ્ય ન્યાયિક મેજિસ્ટ્રેટના આદેશને રદ કરવાનો ઈનકાર કર્યો હતો. કોડ ઓફ ક્રિમિનલ પ્રોસિજર ૪૮૨ એ હકીકતને ધ્યાનમાં રાખીને કે, અપીલકર્તાએ જાતીય હુમલાનો ભોગ બનનાર હોવાનો દાવો કર્યો છે, તેના વિરુદ્ધ કાર્યવાહી ચાલુ રાખવી જોઈએ. આ પ્રકારની બાબતમાં અપનાવવામાં આવે છે, જ્યાં આઘાતગ્રસ્ત પીડિત તરફથી વધુ પડતી પ્રતિક્રિયા હોઈ શકે છે. આ કેસમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવી છે, કારણ કે અપીલકર્તાની અપીલ પણ રદ કરવામાં આવશે. જન જાગરણ શક્તિ સંગઠનના એક કાર્યકર્તા, જેઓ હજુ પણ તેના વિરુદ્ધના આરોપને રદ કરવાની રાહ જોઈ રહ્યા છે તે કહે છે, "પોલીસને બળાત્કાર પીડિતા વિશે સૌથી અપમાનજનક તેની હિંમત લાગી હતી. તેનાથી તેમની પિતૃસત્તાક માનસિકતાને ઠેસ પહોંચી હતી. આ મહિલા તે સમયે તેના એક પુરૂષ મિત્ર પાસેથી બાઈક ચલાવવાનું શીખી રહી હતી. એવામાં ચાર અજાણ્યા શખ્સોએ આવીને તેનું અપહરણ કર્યું અને તેની ઉપર બળાત્કાર ગુજાર્યો હતો. જે બાદ તેણે બળાત્કારીઓ સામે લડવા માટે પોલીસ સ્ટેશનમાં બહાદુરીથી ફરિયાદ નોંધાવવા આવી હતી. એક મહિલાની બહાદુરી જોઈને પોલીસના પેટમાં તેલ રેડાયું હતું. તેથી તેઓ તેના બળાત્કારીઓને ઓળખવા અને સજા કરવા માટે એટલી ઉતાવળમાં ન હતા તેઓ તેને અને તેની સાથે આવેલી મહિલા કાર્યકર્તાઓને સજા કરવા માટે વધુ ઉતાવળમાં હતા. આ આપણી પોલીસ છે અને રાજ્યના પિતૃસત્તાક સમાજનો અસલી ચહેરો છે." અરરિયા મહિલા પોલીસ પાસે આ બાબતે કોઈ ટિપ્પણી નહોતી અને બળાત્કારીઓ વિશે કોઈ માહિતી નહોતી.

ગયામાં, પટવાસ ગામમાં સામૂહિક બળાત્કારનો ભોગ બનેલી એક આદિવાસી મહિલાએ ૯ મે, ૨૦૨૨ના રોજ ગુરપા મહિલા પોલીસ સ્ટેશનનો સંપર્ક કર્યો. તે જ ગામના અશોક માંઝી અને ધર્મરાજ માંઝી નામના બે આરોપીઓ વિરુદ્ધ સ્ટેશન પર FIR દાખલ કરવામાં આવી હતી. પોલીસે પુષ્ટિ કરી કે ચાર્જશીટ પણ દાખલ કરવામાં આવી છે. જો કે, જ્યારે આઉટલુકે બળાત્કાર પીડિતાના પરિવાર સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો ત્યારે મંગરા મુંડા નામના ગ્રામીણે કહ્યું કે, જ્યારે આરોપી જેલમાં હતો, ત્યારે તેઓ પીડિતાના પરિવારને ધમકીઓ મોકલતો હતો. મુંડાના જણાવ્યા મુજબ, "આ પછી, સ્થાનિક કોર્ટમાં પીડિતાના પરિવાર અને આરોપી પક્ષ વચ્ચે સમાધાન થયું હતું. કેસને રદ કરવામાં આવ્યો હતો અને પીડિત સ્ત્રી તેના પતિ અને પરિવાર સાથે ૨૦૦૦માં ઝારખંડના ખુંટીથી પટવાસમાં સ્થળાંતર થયો હતો. તેણે ડરને કારણે ગામ છોડી દીધું હતું."

ગામના મુખિયાપતિ રણજીતકુમાર, જેઓ વાસ્તવિક ગામ મુખિયા (ગામના વડા) સરિતા કુમારીના પ્રોક્સી છે, તેમણે પણ બંને પક્ષો વચ્ચેના સમાધાન અંગેના સમાચારની પુષ્ટિ કરી હતી. પટના સ્થિત કાર્યકર્તા પ્રિયદર્શી કહે છે કે, તેમણે ગામના આદિવાસીઓને સમાધાન ન કરવાની સલાહ આપી હતી, પરંતુ આરોપી સતત પડિત પરિવારને ધમકી આપી રહ્યો હોવાથી તેમને નાછુટકે સમાધાન કરવાની ફરજ પડી હતી.

**હજુ ન્યાયના ઈન્તેજારમાં છીએ**

૧૯૮૭માં, પટનામાં મહિલાઓ સામેની હિંસાના કિસ્સાઓને કારણે પટના મહિલા કોલેજ, મગધ મહિલા કૉલેજ, જેડી મહિલા કૉલેજ વગેરે જેવી સંસ્થાઓમાંથી હજારોની સંખ્યામાં ગાંધી મેદાન સુધી વિશાળ સરઘસ કાઢ્યું હતું. ૯૦ના દાયકાની શરૂઆતમાં બિહાર મહિલા અધિકાર જૂથો દ્વારા રચવામાં આવેલા બળાત્કાર વિરોધી મંચના સક્રિય સભ્ય સુધા વર્ગીસ કહે છે કે, "શહેરમાં રહસ્યમય સંજોગોમાં મહિલાઓની હત્યાની બે ઘટનાઓ બની જેણે અમારા અંતરાત્માને હચમચાવી નાખ્યો અને તેને કારણે ખાસ કરીને મહિલાઓ ખૂબ જ ગુસ્સે ભરાઈ હતી. રાજ્યની રાજધાનીમાં આખો દિવસ વરસતા ભારે વરસાદથી પણ ભીડ વિખરાઈ ન હતી અને તેઓ પીડિતો માટે ન્યાયની માંગણી કરતા સૂત્રો પોકારતા રહ્યા હતાં." આજે ન્યાયની માંગણી અવિરત ચાલુ છે. બિહારની પીડિત મહિલાઓ લાંબા સમયથી ન્યાયની રાહ જોઈ રહી છે.

**(સૌ. : આઉટલૂક ઈન્ડિયા.કૉમ)**

# અટલ મનોભાવ : વધતા પડકારોનો સામનો કરવા માટે ભારતીય મુસ્લિમોની સહનશીલતા અને ધીરજ

**મુસ્લિમ સમુદાય ભારતીય સમાજમાં ખાસ કરીને શિક્ષણ, વ્યવસાય, કલા, આરોગ્ય સંભાળ અને સામાજિક કાર્યોમાં સકારાત્મક પરિવર્તન કરવાથી પાછળ હટ્યો નથી. હકીકત એ છે કે આવા ઝેરી વાતાવરણમાં પણ તેઓ માત્ર અસ્તિત્વમાં જ નહીં પરંતુ તેની વૃદ્ધિ કરવા માટે નિર્ધારિત સ્થિતિમાં છે, જે તેમના વતન પ્રત્યેની તેમની વફાદારીની સાબિતી છે.**

તાજેતરના વર્ષોમાં વિશ્વભરમાં મુસ્લિમો અનેક વિકટ સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. પશ્ચિમમાં વધતી જતી ઈસ્લામોફોબિક લાગણીથી લઈને મધ્ય પૂર્વમાં વિરોધ સુધીની આ હારમાળા છે. પેલેસ્ટીનીઓની સ્થિતિસ્થાપકતાની જેમ જ ભારતીય મુસ્લિમોએ પણ ભારતીય બંધારણમાં જોરદાર ધીરજ અને જબરદસ્ત વિશ્વાસ દર્શાવ્યો છે. ભારતની અમુલ્ય સંપતિમાં, વિવિધતા, ધાર્મિકતા, ભાષા અને સાંસ્કૃતિક વિવિધતામાં એકતાને મોખરે ગણવામાં આવે છે. આ જ સંપત્તિ ભારતને સરળ અને રંગીન બનાવે છે. પણ થોડા સમયથી, સમુદાયો વચ્ચે વધતા તણાવ અને તીવ્ર વૈચારિક વિભાજન ભારતની બિનસાંપ્રદાયિકતાની આ રંગીન વિવિધતા હવે દબાણ હેઠળ છે. ધ્રુવીકરણની તીવ્રતા ભારતીય હોવાનો મતલબ શું હોઈ શકે તેના મૂળને ભૂંસી નાખવાની ધમકી આપે છે : તફાવતના આદર પર આધારિત બહુવચનવાદી પ્રોજેક્ટ કે જેણે ઘણી વાર દેશને એક સાથે જોડી દીધો છે.



ભારતને હિન્દુ રાષ્ટ્ર બનાવવાની વિચારધારા થકી, RSS અને BJP ઉત્તરોત્તર રાષ્ટ્રના રાજકીય અને સામાજિક વાતાવરણને એક ચોક્કસ આકાર આપી રહ્યા છે. તેમણે આગળ ધપાવેલા આ વિચારને કારણે મુસ્લિમો માટે વધુ ધાર્મિક અને સાંપ્રદાયિક નફરતને વધારે સાથે મુશ્કેલ બનાવી દીધી છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતમાં આંતરજાતીય અને આંતર-ધાર્મિક સંઘર્ષો વધ્યા છે અને લઘુમતીઓ ખાસ કરીને મુસ્લિમો હંમેશા તેનો મુખ્ય ભોગ બન્યા છે. ૨૦૧૭-૨૦ના સમયગાળા વચ્ચે, નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો (NCRB)ને સાંપ્રદાયિક/ધાર્મિક રમખાણોની ૨,૦૭૬ ફરિયાદોની સંખ્યા મળી છે. જેમાં ૨૦૨૦ના દિલ્હી રમખાણોની ઘટના ભૂતકાળની સૌથી ખરાબ ઘટનાઓમાંની એક છે. આ રમખાણમાં જે ૫૩ લોકોના જીવ ગયા, તેમાંથી ૩૪ (લગભગ ૭૫%) મુસ્લિમ હતા. ૨૦૦થી વધુ લોકોને મધ્યમથી ગંભીર પ્રકારની ક્ષતિઓનો સામનો કરવો પડ્યો હતો અને સેંકડો નિવાસ સ્થાનો, દુકાનો, મસ્જિદો અને વ્યવસાયિક જગ્યાઓ તોડી પાડવામાં આવી હતી. વધુમાં, ૨૦૧૫-૨૦૧૯ની વચ્ચે ગૌ સંરક્ષણના બહાના હેઠળ મોબ લિંચિંગની ઓછામાં ઓછી ૫૦ ઘટનાઓ નોંધાઈ હતી અને જેમાં મુખ્યત્વે મુસ્લિમો પીડિત થયા હતા. ઉત્તરપ્રદેશ, ઝારખંડ અને રાજસ્થાન જેવા કેટલાક રાજ્યોમાં પણ આવી જ ઘટનાઓમાં વધારો નોધાયો છે. ગૌ સંબંધિત હિંસામાં લગભગ ૮૬% મુસ્લિમોના મોત થયા છે. ૨૦૧૮માં સાંપ્રદાયિક હિંસાની ૯૩ ઘટનાઓ બની છે જેમાં ૧૧ લોકોના મોત થયા છે અને ૨૩૮ લોકો ઘાયલ થયા છે. ૨૦૧૬-૨૦૧૮ની વચ્ચેના ગાળામાં એનસીઆરબીએ સાંપ્રદાયિક હિંસાની ૮૫૭ ઘટનાઓ નોંધી હતી. જેમાં ૨૪૮ લોકોના મોત થયા હતાં અને ૬૯૩૩ ઘાયલ થયા હતાં. ધ્રુવીકરણ અને અપ્રિય ભાષણના વધતા સ્તરોને કારણે આવી સંખ્યાઓ ભારતમાં મુસ્લિમો અને અન્ય લઘુમતી જૂથો સામે સાંપ્રદાયિક અને અન્ય પ્રકારની લક્ષિત હિંસાના સતત જોખમો દર્શાવે છે. યુગોથી ભારતીય ભૂમિનો ભાગ હોવા છતાં, રાષ્ટ્રવાદને પ્રોત્સાહન આપવાનો દાવો કરતી આ વિભાજનકારી ચળવળે વારંવાર મુસ્લિમોને 'ઘુસણખોરો' અથવા 'એલિયન' જાતિઓ તરીકે રંગી નાખ્યાં છે. મોટા ભાગના ઉશ્કેરણીજનક સંદેશાવ્યવહારની જેમ, મૂળ લખાણ સશસ્ત્ર સ્વરૂપમાં દેખાય છે અને તે ભેદભાવ, તેમજ હિંસાની હિમાયત કરે છે. એ વાતને આશાસ્પદ અને બિરદાવવા લાયક છે કે આટલી બગડેલી પરિસ્થિતિ બની હોવા છતાં ભારતીય મુસ્લિમોએ ક્યારેય હિંસાનો આશરો લીધો નથી કે તે તરફ વળ્યા પણ નથી. ઉલટાનું આ વખતે તેઓ મજબૂત રહ્યા અને તેમણે તેમનો વિશ્વાસ જાળવી રાખ્યો છે અને આ પડકારોનો સામનો કરવા માટે અપવાદરૂપે સ્થિતિસ્થાપક રહ્યા છે. એ સરાહનિય છે કે, મોટાભાગે તેઓએ તેમના પ્રદર્શનના સ્વરૂપમાં અને તેમની ઝુંબેશમાં અહિંસક અભિગમ અપનાવ્યો છે. સીએએ-એનઆરસી વિરોધી ચળવળમાં મુસ્લિમોમાં પુરૂષો ઉપરાંત મહિલાઓ પણ મોટી સંખ્યામાં હાજરી જોવા મળી હતી, જેઓ ધરણાં કુચ પ્રદર્શન અને સંગઠિત ચર્ચાઓ કરવા શેરીઓમાં ગઈ હતી. દિલ્હીમાં પણ શાહીન બાગના જે વિરોધ પ્રદર્શનો થયા તેમાં પણ આવો જ અભિગમ રહ્યો હતો.

જેમાં મુસ્લિમ માતાઓએ પોલીસના ક્રોધ અને કઠોર વ્યવહાર સામે ઘણા મહિનાઓ સુધી શાંતિપૂર્ણ વિરોધનું નેતૃત્વ કર્યું હતું. મુસ્લિમ સંગઠનોએ પણ સક્રિયપણે તેમના સભ્યો પરના ભેદભાવના દાવાઓમાં કોર્ટ સમક્ષ હસ્તક્ષેપની માંગ કરી છે. અત્યાચાર સામેનો કાનૂની સંઘર્ષ ચાલુ છે અને સુપ્રીમ કોર્ટમાં અરજીઓ દાખલ કરવામાં આવી છે જેમાં દલીલ કરવામાં આવી છે કે, આ કાયદો ભારતીય બંધારણના બિનસાંપ્રદાયિક પાત્ર પર ફટકા સમાન છે. તે પ્રશંસનીય છે કે મુસ્લિમ સમુદાય ભારતીય સમાજમાં ખાસ કરીને શિક્ષણ, વ્યવસાય, કલા, આરોગ્ય સંભાળ અને સામાજિક કાર્યોમાં સકારાત્મક પરિવર્તન કરવાથી પાછળ હટ્યો નથી. હકીકત એ છે કે આવા ઝેરી વાતાવરણમાં પણ તેઓ માત્ર અસ્તિત્વમાં જ નહીં પરંતુ તેની વૃદ્ધિ કરવા માટે નિર્ધારિત સ્થિતિમાં છે, જે તેમના વતન પ્રત્યેની તેમની વફાદારીની સાબિતી છે. વફાદારી, પ્રતિષ્ઠિત રહેવું અને જ્યારે કોઈ આશા બચી હોય ત્યારે આશાને જીવંત રાખવી એ ઈસ્લામિક ભાવનાના મુખ્ય ગુણો અને સિદ્ધાંતોમાંનો એક છે. ધૈર્ય રાખવું, અથવા 'સબ્ર' હોવું એ ઈસ્લામિક માન્યતાની મુખ્ય ચાવી છે. કુર્આન વારંવાર એ વાત પર ભાર મૂકે છે કે, મુશ્કેલ સમયમાં ધીરજ રાખવી કેટલી મહત્વપૂર્ણ છે. સુરા અલ-બકરાહ (૨:૧૫૩)માં, અલ્લાહ આસ્થાવાનોને કહે છે : "ઓ તમે જેઓ આસ્થાવાન છો તેઓ ધીરજ અને પ્રાર્થનાથી જ મદદ માગો. ખરેખર, અલ્લાહ હંમેશા ધીરજની સાથે છે."

આ સ્થાયી વિચારને કારણે મુસ્લિમોને શક્તિ મળે છે અને ગમે તેવી કઠોર પરિસ્થિતિ સામે આવીને ઊભી હોય ત્યારે પણ તેમને અડગ રહેવામાં મદદ કરે છે. સમાજ માટે હકારાત્મક હોય તે રીતે શાંતિપૂર્ણ વિરોધ થકી પ્રતિસાદ આપીને, કાયદા દ્વારા ન્યાયની માંગ કરીને અને સત્તાના દમન અંગેની આ સ્થિતિસ્થાપકતા, અન્ય સમાજોએ પણ અનુકરણ કરીને તેને અનુસરવા જેવી બાબત છે. આમ, ભારતીય મુસ્લિમોનો અનુભવ ઉભરતી નવી બાકાતવાદી વિચારધારાઓના સમયગાળામાં ધીરજ, વફાદારી અને ન્યાય તરફ નિર્દેશ કરે છે. જો કે, સતત ચાલતા સંઘર્ષો પણ ધાર્મિક અને સામાજિક વિભાજનની એકતાની જરૂરિયાતને પ્રમાણિત કરે છે.

આ કટોકટીને એ ન જોવું જોઈએ કે તેઓ ઠીક છે, અને અમારે દબાયેલા લોકો માટે વધુ કરવાની જરૂર નથી, પરંતુ તે બધા ભારતીયો માટે લઘુમતીઓના અધિકારો માટે લડવા માટે જાગૃત કોલ તરીકે કામ કરવું જોઈએ અને લોકો માટે દેશના બિનસાંપ્રદાયિક નિર્માણને જાળવી રાખવાનો પ્રયાસ કરવો જોઈએ. આ પ્રયાસ રાષ્ટ્રને સંગઠિત કરવા અને અસામાજિક શક્તિઓ નિર્માણને ખલેલ પહોંચાડતા અટકાવવા ભારતીય સમાજ અને દેશને તેના નાગરિકો માટે બિનસાંપ્રદાયિક રાષ્ટ્ર બનાવવા માટેનો હોવો જોઈએ. ભારતીય મુસ્લિમો, બુદ્ધિજીવીઓ અને શૈક્ષણિક સંસ્થાઓ પાસે એ સુનિશ્ચિત કરવાની જવાબદારી છે કે ભારતીય બંધારણને ન્યાયના બંધારણ તરીકે અસરકારક રીતે લાગુ કરવામાં આવે અને ભારતના તમામ રહેવાસીઓ માટે સમાન તક અને રાષ્ટ્રની બિનસાંપ્રદાયિક અને બહુલતાવાદી વારસાને જાળવવામાં આવવી જોઈએ. આ જૂથોએ વિભાજનને ઉત્તેજન આપતી વાતોને નકારતા મુદ્દાઓ પર તેમની ચર્ચાઓ ચાલુ રાખવી જોઈએ. બીજા શબ્દોમાં કહીએ તો, તેઓ આવનારી પેઢીમાં સહિષ્ણુતાની ભાવનાને ઉત્તેજન આપી શકે છે અને લોકોને શિક્ષણના તે સ્વરૂપને અપનાવવા માટે સમજાવીને ધીમે ધીમે સમાજનો વિકાસ કરી શકે છે જે ધર્મનિરપેક્ષતા તેમજ તમામ ધર્મોની માન્યતા જેવા વિચારો અને સિદ્ધાંતોને પ્રોત્સાહન આપે છે. સામાજિક ન્યાય હાંસલ કરવા અને દરેક ભારતીય પોતાના રાષ્ટ્રમાં અને ઘરમાં સુરક્ષા અનુભવે તે સુનિશ્ચિત કરવા માટે વિવિધ સમુદાયોમાં જોડાણો વધારવા અને દંતકથાઓ, ધર્માંધતા અને પૂર્વગ્રહને દૂર કરવા માટે કામ કરવાની જવાબદારી મુસ્લિમ નેતાઓ અને શિક્ષકોની છે. મુસ્લિમોએ રાષ્ટ્રના મૂલ્યો અને તેમની માન્યતાઓ પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા જાળવી રાખવી જોઈએ. જ્યારે સમુદાયની સ્થિતિને નુકસાન પહોંચાડે અથવા તેની પ્રતિષ્ઠાને હાનિ કે નુકસાન પહોંચાડી શકે તેવા કોઈપણ કાર્યોથી દૂર રહેવું જોઈએ.

**- સાજીદા એ. ઝુબેર (સૌ. : ઈન્ડિયા ટુમોરો)**

# શિવાજીની સેનામાં ૬૦ હજાર મુસ્લિમ સૈનિકો હતા; તેમને હિંદુ શાસક કહેવા એ તેમની છબી ખરડવા સમાન છે

મહારાષ્ટ્રમાં છત્રપતિ શિવાજી મહારાજનું નામ ખૂબ જ ગર્વ અને સન્માન સાથે લેવામાં આવે છે. દર વર્ષે ૧૯ ફેબ્રુઆરીએ શિવાજી જયંતિ રાજયભરમાં ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવે છે. શિવાજી મહારાજનો રાજ્યાભિષેક ૬ જૂનના દિવસે, ૧૬૭૪ના રોજ પણ ઉજવવામાં આવ્યો હતો. લગભગ ૩૫૦ વર્ષ પહેલાં, હજારો લોકોની હાજરીમાં રાયગઢ કિલ્લામાં શિવાજી મહારાજનો રાજ્યાભિષેક થયો હતો. ઘણા રાજાઓ થયા પણ લોકો તેમને જ યાદ કરે છે જેમણે લોકોના ભલા માટે કામ કર્યું હોય. છત્રપતિ શિવાજી મહારાજ તેમાંના એક છે કારણ કે તેમણે સમાનતા, ભાઈચારો અને ન્યાયના મૂલ્યોના આધારે સ્વરાજની સ્થાપના કરી હતી. તેમના શાસન દરમિયાન તેમણે કોઈપણ જાતના ભેદભાવ વિના લોક કલ્યાણ માટે કામ કર્યું.



આ દિવસોમાં, રાજકીય પક્ષો અને સંગઠનો જેવા નિહિત સ્વાર્થો દ્વારા શિવાજી મહારાજને હિંદુ શાસક તરીકે દર્શાવવામાં આવે છે. શિવાજી મહારાજ જેવા મહાન વ્યક્તિત્વને માત્ર ધર્મના ચોકઠામાં જોવું શું યોગ્ય છે? શિવાજી મહારાજને માત્ર ધર્મના રક્ષક તરીકે જોવું એ તેમનું કદ ઘટાડવા જેવું છે. શિવાજીનું જીવન ઉચ્ચ આદર્શોને અનુસરીને પસાર થયું હતું.

તે સંતો, પીર ઓલિયાઓ અને તમામ ધર્મોનો આદર કરતા હતા. આ કારણોસર, જ્યારે તેમણે સ્થાનિક મરાઠાઓ સાથે સ્વરાજની સ્થાપના કરી, ત્યારે મોટી સંખ્યામાં મુસ્લિમોએ પણ તેમને ટેકો આપ્યો. તે સમયે તેમની સેનામાં રહેલા મરાઠાઓ શિવાજીના માવલે કહેવાતા. તેમણે જે લડાઈઓ લડી તેમાં હજારો મુસ્લિમોએ ભાગ લીધો; તેમના વહીવટમાં પણ માવલે હતા. તેથી જ આજે પણ કોલ્હાપુર, સતારાના મુસ્લિમો ખૂબ જ ધામધૂમથી શિવાજી જયંતિની શોભાયાત્રામાં ભાગ લે છે.

શિવાજી મહારાજના શાસન દરમિયાન લોકકલ્યાણ, ન્યાય અને ભાઈચારાને પ્રાથમિકતા આપવામાં આવી હતી. તેથી જ તેમને અને તેમના શાસનને આજે પણ યાદ કરવામાં આવે છે. શિવાજી મહારાજનો પરિવાર સૂફી સંતોનો ઘણો આદર કરતો હતો. તેમના દાદાએ તેમના બે પુત્રોના નામ શાહજી અને શરીફજી મુસ્લિમ પીર બાબા શાહ શરીફના નામ પરથી રાખ્યા હતા. શિવાજી મહારાજને સૂફી સંત બાબા યાકુત માટે ખૂબ માન હતું. યુદ્ધ મોરચા પર જતા પહેલા તેમણે બાબાના આશીર્વાદ લેવા તેમના દર્શન કર્યા. તેમણે વિવિધ દરગાહ પર તેલના દીવા પણ પ્રગટાવ્યા હતા, જે સૂફીઓના આરામ સ્થળ છે. શિવાજીના શાસનકાળમાં સ્ત્રીઓનું સન્માન થતું હતું. યુદ્ધ દરમિયાન પણ સ્ત્રીને સ્પર્શ કરવાની મનાઈ હતી. એવું લાગે છે કે શિવાજીના દળોના હાથે કલ્યાણના ગવર્નરનો પરાજય થયા પછી, તેમની સુંદર પુત્રવધૂને શિવાજી સમક્ષ રજૂ કરવામાં આવી હતી. એક મહિલાનો લૂંટ તરીકે ઉપયોગ કરવાના તેના જનરલના કૃત્યથી તેમને શરમ આવી. તેમણે મુસ્લિમ મહિલાની માફી માંગી અને તેણીને કહ્યું કે તે તેની માતા જેવી છે અને તેને સંપૂર્ણ રાજ્ય સન્માન સાથે તેના વતન પરત મોકલી. શિવાજી મહારાજને તેમના મુસ્લિમ સૈનિકોમાં અતૂટ વિશ્વાસ હતો. તેમની સેનામાં ૬૦ હજારથી વધુ મુસ્લિમ સૈનિકો હતા. તેમણે એક મજબૂત નૌકાદળ પણ સ્થાપ્યું હતું અને તેની કમાન મુસ્લિમ સૈનિકોના હાથમાં હતી. દરિયા કિલ્લાઓનું સંચાલન પણ દરિયા સારંગ, દૌલત ખાન, ઈબ્રાહિમ ખાન, સિદ્દી મિસ્ત્રી જેવા અનુભવી મુસ્લિમ ગવર્નરોને સોંપવામાં આવ્યું હતું. રુસ્તમોઝમાન, હુસૈન ખાન, કાસિમ ખાન જેવા ઘણા મુસ્લિમ લડવૈયાઓ બીજાપુરનું રજવાડું છોડીને ૭૦૦ પઠાણ સૈનિકો સાથે શિવાજી મહારાજની સેનામાં જોડાયા. સિદ્દી હિલાલ શિવાજી મહારાજના સૌથી નજીકના સરદારોમાંના એક હતા. યુદ્ધમાં તેમની બહાદુરીના કાર્યો પ્રખ્યાત છે.

શિવાજીની સેનામાં વપરાયેલી મોટાભાગની તોપો મુસ્લિમ સૈનિકો દ્વારા ચલાવવામાં આવતી હતી. ઈબ્રાહીમ ખાન મુખ્ય તોપચી હતો; શમા ખાન અને ઈબ્રાહીમ ખાન ઘોડેસવાર ટુકડીના વડા હતા. સિદ્દી ઈબ્રાહિમ શિવાજીના અંગરક્ષકોમાંના એક હતા. અફઝલ ખાન સાથેના મુકાબલામાં સિદ્દી ઈબ્રાહિમે પોતાનો જીવ જોખમમાં મૂકીને શિવાજી મહારાજને બચાવ્યા હતા. બાદમાં શિવાજી મહારાજે તેમને ફોંડા કિલ્લાના વડા તરીકે નિયુક્ત કર્યા. તમામ તથ્યો શિવાજી અને તેમના મુસ્લિમ સહયોગીઓ વચ્ચેના ગાઢ સંબંધની સાક્ષી આપે છે.

જ્યારે શિવાજી આગ્રાના કિલ્લામાં ધરપકડ હેઠળ હતા, ત્યારે મદારી મહેતર નામના મુસ્લિમ વ્યક્તિએ તેમને ભગાડવામાં સૌથી મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. જ્યારે શિવાજી કિલ્લામાંથી છટકી ગયા, ત્યારે મેહતરે તેમનો વેશ ધારણ કર્યો હતો.

તેમના બિનસાંપ્રદાયિક માર્ગોથી, શિવાજી મહારાજે તેમના સાથીદારોના હૃદય જીતી લીધા અને તેઓ તેમના રાજા માટે બલિદાન આપવા માટે હંમેશા તૈયાર હતા.

ફારસી ભાષાના વિદ્વાન કાઝી હૈદર શિવાજીના મુખ્ય કાયદા અધિકારી હતા. વહીવટીતંત્રના પત્રવ્યવહાર અને કરારો અને ગુપ્ત યોજનાઓમાં તેમની મુખ્ય ભૂમિકા હતી. એકવાર એક હિન્દુ સરદારે કાઝી હૈદર પર શંકા વ્યક્ત કરી અને શિવાજીને તેમના પર વિશ્વાસ ન કરવાની સલાહ આપી. શિવાજીએ તેને એકદમ કડક શબ્દોમાં કહ્યું: "પ્રામાણિકતાની પરીક્ષા કોઈની જાતિ (ધર્મ) જોઈને થતી નથી, તે વ્યક્તિના કાર્યો પર આધાર રાખે છે."

શિવાજી મહારાજના રાજ્યાભિષેકની તૈયારીઓ ઘણા સમયથી શરૂ થઈ ગઈ હતી. શિવાજી મહારાજ જ્યારે કામની સમીક્ષા કરવા રાયગઢ પહોંચ્યા ત્યારે મંદિરો સહિત નવી ઈમારતોનું નિર્માણ થઈ રહ્યું હતું. તેમના મહેલમાં પાછા ફર્યા પછી, તેમણે તેમના સરદારોને પૂછ્યું કે તેઓએ ભવ્ય મંદિરો બનાવ્યા છે જ્યારે મુસ્લિમ પ્રજા માટે કોઈ મસ્જિદ કેમ બનાવવામાં આવી નથી. તરત જ, મહેલની બરાબર સામે એક મસ્જિદ બનાવવામાં આવી અને તે આજે પણ ત્યાં ઊભી છે.

આજે શિવાજી અને અફઝલ ખાન વચ્ચેની દુશ્મનાવટને હિંદુ-મુસ્લિમ તણાવની વાર્તા તરીકે રજૂ કરવામાં આવે છે. સત્ય એ છે કે અફઝલ ખાન મૃત્યુ પામ્યા પછી એસ શિવાજી મહારાજે આદેશ આપ્યો કે તેમના શરીરને ઈસ્લામિક વિધિઓ સાથે દફનાવવામાં આવે. અફઝલ ખાન માટે કોંક્રિટની કબર બનાવવામાં આવી હતી; તેમના પુત્રોને માફ કરવામાં આવ્યા હતા.

પોતાના દુશ્મન સામે શાસકનું આવું વર્તન ઈતિહાસમાં ભાગ્યે જ જોવા મળે છે. ઈતિહાસની આ બધી ઘટનાઓ સાબિત કરે છે કે શિવાજી મહારાજ અને મુઘલો વચ્ચેનું યુદ્ધ રાજાઓ વચ્ચે રાજકીય હિતો માટે થયું હતું, ધાર્મિક વર્ચસ્વ માટે નહીં.

**- મુખ્તાર ખાન**
**(સૌ. : આવાઝ ધ વૉઈસ.ઈન)**

# 'ગાય' દ્વેષી અપરાધોની આ ગતિ કાયદો અને વ્યવસ્થાનું ભંગાણ નથી - તે નવી સિસ્ટમનો એક ભાગ છે

આ અઠવાડિયે ગાયની કતલ સંબંધિત ત્રણ અલગ-અલગ દ્વેષપૂર્ણ ગુનાઓ - કલ્યાણમાં ટ્રેનમાં એક વૃદ્ધ મુસ્લિમ વ્યક્તિ પર નિર્દયી હુમલો, હરિયાણામાં એક મુસ્લિમ સ્થળાંતરિત મજૂરનું લિંચિંગ અને ફરીદાબાદ નજીક એક મુસ્લિમ પશુ દાણચોર સમજીને "ભૂલથી" હિંદુ વિદ્યાર્થી પર ગોળીબાર. - પુનરોચ્ચાર કરીએ છીએ કે આપણે જે સમસ્યાનો સામનો કરી રહ્યા છીએ તે કાયદો અને વ્યવસ્થાનું ભંગાણ નથી, પરંતુ કાયદો અને વ્યવસ્થાની સંપૂર્ણ ભેદભાવપૂર્ણ નવી કલ્પનાને અપનાવવાનું છે. એક કેસમાં, કલ્યાણમાં એક વૃદ્ધ મુસ્લિમ વ્યક્તિ પર ત્રણ હિંદુ પુરુષો દ્વારા હુમલો કરવામાં આવ્યો, જેમણે તેના પર ગૌમાંસ વહન કરવાનો આરોપ મૂક્યો હતો, તે જણાવે છે કે હચમચી ગયેલા પીડિતે શરૂઆતમાં પોલીસને આ ઘટનાની જાણ કરવાનો પ્રયાસ કર્યો ન હતો. એવા રાજ્યમાં જ્યાં સેવા આપતા રેલવે પ્રોટેક્શન ફોર્સના કોન્સ્ટેબલ, ચેતન કુમારે પોતાની સર્વિસ બંદૂકનો ઉપયોગ કરીને પોતાના સુપરવાઈઝર અને ત્રણ મુસ્લિમ મુસાફરોને ટ્રેનમાં માર્યા હતા, ત્યારે જ ગયા વર્ષે રેલવે પોલીસનો આ અવિશ્વાસ પાયાવિહોણો નથી. આ તાજેતરના હુમલાના આરોપીઓ પોતે પોલીસ પ્રવેશ પરીક્ષા આપવા માટે મુંબઈ જઈ રહ્યા હતા. નૂહમાં નાસેર અને જુનૈદના ક્રૂર કેસ સહિત દેશભરમાં મુસ્લિમ પુરુષોની અન્ય ઘણી લિંચિંગમાં, પોલીસ પર ટોળા દ્વારા ખરાબ રીતે ઘાયલ પીડિતોનું રક્ષણ કરવાનો ઇનકાર કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. આર્યન મિશ્રાના કિસ્સામાં, હિંદુ વિદ્યાર્થીને ઢોરનો દાણચોર સમજીને "ભૂલ" કરી, સ્વ-શૈલીવાળી "ગાય રક્ષા" લશ્કરે તેને માર્યો તે પહેલાં ૫૦ કિમી સુધી કારમાં તેનો પીછો કર્યો હતો. આ જૂથ દેખીતી રીતે આ વિસ્તારમાં ખુલ્લેઆમ કામ કરી રહ્યું હતું, સૂચના પર કામ કરી રહ્યું હતું, જેમાં પોલીસ દ્વારા કોઈપણ રીતે પ્રતિબંધિત અથવા તેને ઘટાડવાના કોઈ સંકેતો ન હતા.

ઉપ-મહાદ્વીપમાં સાંપ્રદાયિક અને જ્ઞાતિની હિંસામાં પોલીસ દળો ભાગ લે છે અને પ્રભાવશાળી જૂથો સાથે સાંઠગાંઠ કરે છે તે નવી ઘટના નથી. સરહદની બંને બાજુએ ૧૯૪૬-૪૮ના વિભાજન રમખાણોમાં રાજ્ય નિયંત્રિત પોલીસ દળો દ્વારા ભજવવામાં આવેલી ભૂમિકા સારી રીતે દસ્તાવેજીકૃત છે. આઝાદી પછી પણ આ ચાલુ રહ્યું છે. ૧૯૮૭ના હાશિમપુરા હત્યાકાંડમાં, ઉદાહરણ તરીકે, ૪૨ મુસ્લિમ પુરુષોને પ્રોવિન્શિયલ આર્મ્ડ કોન્સ્ટેબલરીના કોન્સ્ટેબલો દ્વારા પકડવામાં આવ્યા હતા અને ટૂંકમાં ફાંસી આપવામાં આવી હતી. ૨૦૧૮માં ૧૬ PAC માણસોને આ ગુના માટે દોષિત ઠેરવવામાં આવ્યા હતા. ૧૯૯૦ના દાયકામાં બિહારમાં જાતિ અત્યાચારોમાં પણ રણવીર સેના અને પોલીસ દળો જેવા શક્તિશાળી બિન-રાજ્ય લશ્કરો વચ્ચે સમાન પ્રકારની સાંઠગાંઠના આરોપો પણ સામેલ હતા અને ૧૯૮૪માં દિલ્હીમાં શીખ વિરોધી પ્રોગ્રામ અને ૨૦૦૨માં ગુજરાતમાં થયેલા પોગ્રોમમાં પોલીસ કાર્યવાહીની સામાન્ય પસંદગી પણ સારી રીતે દસ્તાવેજીકૃત છે.

પરંતુ આજે આપણે જે જોઈ રહ્યા છીએ તે આ કિસ્સાઓથી જટિલ રીતે થોડા અલગ છે.

પ્રથમ, તે જમીન પર રમખાણો ફાટી નીકળ્યા સુધી મર્યાદિત નથી. જેના આવરણ હેઠળ આવા નરસંહાર આચરવામાં આવે છે તેમાં કાયદો અને વ્યવસ્થાનો કોઈ ભંગ થતો નથી. તેઓ રોજિંદા અર્થમાં ચાલુ રહે છે અને આનો અર્થ છે, ચિંતાજનક રીતે, આ બનાવોને નવા સામાન્ય તરીકે જોવામાં આવે છે. આ ઘટનાઓની મીડિયા ફ્રેમિંગમાં વધુને વધુ પ્રતિબિંબિત થાય છે. આર્યન મિશ્રા કેસમાં, મીડિયાએ મુખ્યત્વે ખોટી ઓળખના પાસા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે અને તે હકીકત પર નહીં કે સશસ્ત્ર આતંકવાદીઓ આ વિસ્તારમાં મુક્તિ સાથે કામ કરી રહ્યા હતા અને અન્ય બેમાં,



**આ નવી સિસ્ટમનો સામનો કરવા માટે પોલીસ કાર્યવાહી કરતાં કંઈક વધુની જરૂર પડશે. તેને ભેદભાવની આ પ્રણાલીને સંપૂર્ણ રીતે દૂર કરવાની જરૂર પડશે, જેમાં તેમના હૃદયમાં બેઠેલા ભેદભાવપૂર્ણ કાયદાઓનો સમાવેશ થાય છે.**

મીડિયાએ ગૌમાંસના સેવનના આરોપ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. .

બીજું, હિંસા આચરતા બિન-રાજ્ય લશ્કરો રમખાણો દરમિયાન રચાયેલા અને વિખેરાયેલા સ્વયંસ્ફુરિત જૂથોને પ્રતિબિંબિત કરતા નથી. આ આતંકવાદીઓ સંગઠિત છે, સતત કાર્ય કરે છે અને કાયદાના ઘડતર દ્વારા, આ જૂથો જેની સામે લડતા હોવાનો દાવો કરે છે - સામાન્ય રીતે ગાયની કતલ અથવા આંતર-ધર્મીય લગ્નો માટે તેઓને અમુક ચોક્કસ પ્રમાણમાં જમીન પર કાયદેસરતા આપવામાં આવે છે. આનાથી સ્પષ્ટ થાય છે કે આવા જૂથોના સભ્યો માટે સોશિયલ મીડિયા પર હિંસાનો વીડિયો અપલોડ કરવો કેટલું સામાન્ય છે, તેઓ સંપૂર્ણપણે ભયરહિત છે કે આવા વીડિયોનો ઉપયોગ તેમની વિરુદ્ધ પુરાવા તરીકે કરવામાં આવશે.

ત્રીજું, પોલીસ અને આ જૂથો વચ્ચેની રેખાઓ ઘણીવાર અસ્પષ્ટ હોય છે, કારણ કે તે હકીકત દ્વારા પુરાવા મળે છે કે જ્યાં આ જૂથો ગૌહત્યા અથવા "લવ જેહાદ"ના આરોપી લોકોની જ્યારે હત્યા કરતા નથી, ત્યારે ઘાયલ પીડિતોને પોલીસને સોંપવામાં આવે છે, જે પછી કાર્યવાહી શરૂ કરે છે. ઓછામાં ઓછી જાહેર કલ્પનામાં, પોલીસ અને આ આતંકવાદીઓ દ્વારા અપાતી સજાને જ કાયદેસરની પદ્ધતિ તરીકે જોવામાં આવે છે. આધુનિક રાજ્યો કાયદેસર રીતે હિંસા આચરવાનો એકમાત્ર અધિકાર પોતાના માટે અનામત રાખે છે. આ હિંસાની સીમાઓ પછી (સૈદ્ધાંતિક રીતે ઓછામાં ઓછી) નાગરિકોને આપવામાં આવેલા કાનૂની અધિકારો અને સ્વતંત્રતાઓના માળખા દ્વારા દોરવામાં આવે છે. જો કે આજે આપણે જે જોઈ રહ્યા છીએ તે દેશની પોલીસિંગ સિસ્ટમની ચિંતાજનક જાહેર પુનઃકલ્પના તરફ નિર્દેશ કરે છે, જ્યાં બહુમતીવાદી ધાર્મિક લાગણીઓના પ્રશ્ન પર, કાયદેસર હિંસા પર રાજયનો એકાધિકાર રાજ્ય અને બિન-રાજ્ય અભિનેતાઓના અસ્પષ્ટ ગઠબંધનને સોંપવામાં આવે છે, એટલે કે અનિયંત્રિત નિર્દયતા સાથે કામ કરવા માટે તેઓ મુક્ત છે. આ નવી પ્રણાલીના પ્રાથમિક લક્ષ્યો મુસ્લિમો છે. રાજ્ય દળોના આ અસ્પષ્ટ ગઠબંધન અને "જાગ્રત લોકો" દ્વારા સીધા હુમલાઓ માટે સંવેદનશીલ છે કારણ કે ભારતીય મીડિયા તેમને પુરસ્કૃત કરવાનું પસંદ કરે છે. મહત્ત્વની વાત એ છે કે, પોલીસ અને આ કટ્ટરપંથી લશ્કરો વચ્ચેની રેખાઓની અસ્પષ્ટતાને કારણે રાજ્યની સંસ્થાઓ માટેના ભય અને અવિશ્વાસને કારણે તેઓ તેમની સામે આચરવામાં આવેલા અન્ય અસંબંધિત ગુનાઓ માટે રાજ્યનું રક્ષણ મેળવવામાં પણ અસમર્થ છે. હિંસા પર રાજ્યના એકાધિકારમાં અતિક્રમણ કરવાની શક્તિશાળી જૂથોની આ વૃત્તિ ભારતીય રાજ્યની ઐતિહાસિક રચનામાં ઊંડા મૂળ ધરાવે છે, જે પરંપરાગત રીતે કાયદેસર સત્તાના બહુવિધ સ્તરો સાથે કાર્યરત છે. દાખલા તરીકે, જાતિ સંહિતા અને જાતિ હિંસા સ્થાનિક બિન-રાજ્ય કલાકારો દ્વારા લગભગ સંપૂર્ણ રીતે લાગુ કરવામાં આવી હતી, જેમાં રાજ્ય દ્વારા બહુ ઓછી દખલગીરી કરવામાં આવી હતી. આવી હિંસા, ભલે ગમે તેટલી ક્રૂર અથવા મનસ્વી હોય, જમીન પર ઘણી વાર કાયદેસર તરીકે જોવામાં આવતી હતી. ભારતના બંધારણના ઘડવૈયાઓ આ વલણથી ખૂબ જ વાકેફ હતા અને તેમણે સ્વીકાર્યું હતું કે આધુનિક રાજ્ય બનાવવા માટે તેને અંકુશમાં લેવો પડશે. આ ઉદ્દેશ અસ્પૃશ્યતાના સ્પષ્ટ નિષેધ અને અપરાધીકરણ, તેમજ કાયદા સમક્ષ સમાનતા અને કાયદાના સમાન રક્ષણ સહિત સમાન અધિકારોના કબજામાં પ્રજાસત્તાક નાગરિકોની રચના સહિત બંધારણની કેટલીક જોગવાઈઓમાં પ્રતિબિંબિત થાય છે. જ્યારે આ અધિકારોની જાહેરાત, અને આને આગળ વધારવા માટે કાયદાઓ ઘડવાથી, હંમેશા આ અધિકારોની બાંયધરી આપવામાં આવતી નથી, તેણે આવા જૂથો દ્વારા કરવામાં આવતી હિંસાને કાયદેસર બનાવી દીધી છે.

ગૌહત્યાના સંદર્ભમાં, પ્રક્રિયા પલટાઈ ગઈ છે. ઘણા રાજ્યોએ આ કટ્ટરવાદી લશ્કરોની માંગણીઓના જવાબમાં પશુઓની કતલ પર પ્રતિબંધ લાદ્યો છે, તેમની હિંસાને અસરકારક રીતે કાયદેસર બનાવી છે. હિંદુ જાગ્રત જૂથોના ઉદય પર મોહમ્મદ અલીનો ૨૦૧૪નો ઉત્કૃષ્ટ ભાગ આ જૂથોના સભ્યોના કાયદાના અમલને તેમની "સક્રિયતા"ના અંતિમ પરિણામ તરીકે અને પોલીસને જમીનના કાયદાનો અમલ કરવામાં મદદ કરવા માટે કામ કરતા હોવાના ઘણા ઉદાહરણોની વિગતો આપે છે.

આજે આપણે જે જોઈ રહ્યા છીએ તેનું મુખ્ય કારણ "કાયદો અને વ્યવસ્થાનું ભંગાણ" નથી પરંતુ કાયદો અને વ્યવસ્થાની સંપૂર્ણ નવી પ્રણાલીની જાહેરાત છે જ્યાં મૂળભૂત રીતે ભેદભાવપૂર્ણ કાયદાઓ છે, (જે મુસ્લિમો અને દલિતોના વ્યવસાયો અને ખાદ્ય આદતોને અપ્રમાણસર રીતે લક્ષ્ય બનાવે છે) જેને બહુમતીવાદી ધાર્મિક લાગણીઓના રક્ષણના નામે રાજય દ્વારા ઘડવામાં આવે છે. આ કાયદાઓ પછી સ્વ-શૈલીના જાગ્રત લોકો અને કટ્ટરવાદી લશ્કરો દ્વારા લાગુ કરવામાં આવે છે જે રાજય દળો સાથેની મિલીભગતમાં કામ કરે છે. તેનો સામનો કરવા માટે તદર્થ ધોરણે આ લશ્કરો સામે પોલીસ કાર્યવાહી કરતાં કંઈક વધુ કરવાની જરૂર પડશે. ભેદભાવની આ પ્રણાલીને સંપૂર્ણ રીતે દૂર કરવાની જરૂર પડશે, જેમાં તેમના હૃદયમાં બેઠેલા ભેદભાવપૂર્ણ કાયદાઓનો સમાવેશ થાય છે.

**(લેખક તાલીમ દ્વારા વકીલ છે)**

**- સરયુ પાની**
**(સૌ. : ધ વાયર.ઈન)**